सस्ती जैन ग्रंथमाळा मणको बीजो.

सौ. जडावबाई स्मारक ग्रंथमाळा नं. २

॥ श्रीवीतरागाय नमः ॥

# श्री यशोधर चरित्र.

पुष्पदंत कविकृत हिंदी ग्रंथ उपरथी अनुवादक-
ईश्वरलाल कसनदास कापडिया-सुरत.

प्रकाशक—
मूळचंद कसनदास कापडिया-सुरत.

प्रथमावृत्ति. वीर सं. २४४२. प्रत १०००.

छुटक मूल्य रु. ०-४-० पोस्टेज जुदुं.

सस्ती जैन ग्रंथमाळानुं वार्षिक मूल्य मात्र आठ आना
पोस्टेज साथे.

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

ગુજરાતી ભાષામાં સસ્તી કિંમતે ધાર્મિક ગ્રંથો પ્રકટ કરવાની એક યોજના યાને 'સસ્તી જૈન ગ્રંથમાળા' પ્રકટ કરવાની વ્યવસ્થા કરી આપવાની-પ્રથમ પહેલ અમારા જ્યેષ્ઠ બંધુ **જીવણલાલ કસનદાસ કાપડિયા** તરફથી થઇ હતી, જે દ્વારા **ચેતન-કર્મ ચરિત્ર** નામે પ્રથમ મણકો પ્રકટ થઇ ચુકયો છે અને આ **'યશોધર ચરિત્ર'** નામે બીજો મણકો પણ બોધદાયક વાર્તારૂપે પ્રકટ થાય છે, જે વછરાજ કાવકૃત મૂળ પ્રાકૃત ભાષા ઉપરથી **પુષ્પદંત કવિએ** તેની સંસ્કૃત છાયા ...ી તેનો હિંદી અનુવાદ ટેહરીનિવાસી લાલા ગિરનારીલાલ જૈને ...ની પ્રકટ કરેલો છે, જેની કિંમત રૂ. ૨) છે તેજ ગ્રંથનો આ ...રાતી ભાષામાં અનુવાદ અમારા કનિષ્ટ બંધુ **ઇશ્વરલાલ કસનદાસ** ...પડિયાએ કર્યો છે,

આ ગ્રંથમાં **"અહિંસા ધર્મ"**નું પ્રતિપાદન એટલી તો ઉત્તમ શૈલીથી કરવામાં આવેલું છે કે, ગમે તેવા કઠોર હૃદયનો જીવ-હિંસા કરનાર-કરાવનાર આ ગ્રંથ વાંચે તો તેનું મન પીગળ્યા વગર રહેશે નહિ કેમકે એમાં વર્ણવેલા મુખ્ય પાત્ર **મારિદત્ત રાજાએ** આકાશગામિની વિદ્યા પ્રાપ્ત કરવાને કપટી અને મિથ્યાદૃષ્ટિ **ભૈરવાચાર્યના** ઉપદેશથી **ચંડમારીદેવીને** જીવોના યુગલોનું બળીદાન કરવાનો કરેલો આરંભ ત્યાં રજુ કરેલા નરયુગલ (ક્ષુલ્લક યુગલ) **અભયરૂચિકુમાર** અને અભયમાત ક્ષુલ્લકીએ પોતાનું હૃદયવિદારક ભવાંતર સંભળાવવાથી મારિદત્ત રાજાને જે બોધ થઇ તેણે જીવહિંસાનો નિષેધ કરી મુનિવ્રત સ્વીકાર્યું હતું, તે આખા ચીતારનું રહસ્ય અહિંસા ધર્મનું પ્રતિપાદનજ છે.

વીર સં. ૨૪૪૨
માહા સુદી ૯
તા ૧૨-૨-૧૬

જૈનજાતિસેવક—
**મુળચંદ કસનદાસ કાપડિયા-સુરત.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आ. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
क्र. —

## સૌ. જડાવબાઈ સ્મારક ગ્રંથમાળાનો

# ઉપોદ્ઘાત.

અમારા જ્યેષ્ઠ બંધુ **જીવણલાલ કસનદાસ કાપડિયા (સુરત)**ની સૌ. પત્ની જડાવબાઈ સં. ૧૯૭૦ ના વૈશાખ સુદ ૨ ને દિને ટુંક માંદગીમાં માત્ર ૩૫ વર્ષની વયે સ્વર્ગવાસી થયેલા, જેમના પુણ્યાર્થે કઢાયેલા રૂ૦ ૫૦૦) માંથી **રૂ૦ ૨૦૦) શાસ્ત્રદાન** માટે કાઢી તેનો ઉપયોગ જડાવબાઇના નામની **'સસ્તી જૈન ગ્રંથમાળા'** પ્રકટ કરવાને સોંપવામાં આવેલા, જેથી આ ગ્રંથમાળાની શરૂઆત થઇ પ્રથમ મણકો **ચેતન-કર્મ ચરિત્ર** પ્રકટ કર્યો હતો અને આ બીજો મણકો **'યશોધર ચરિત્ર'** પણ તદ્દન લાગત કિંમતે પ્રકટ કર્યો છે.

પ્રકાશક.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

Serving JinShasan
031070
gyanmandir@kobatirth.org

# सस्ती जैन ग्रंथमाळाना नियमो.

૧. ગુજરાતી ભાષામાં ઘણીજ સસ્તી કિંમતે અને રસીલી તેમજ બોધદાયક ભાષામાં જૈન ગ્રંથો નિયમિત રીતે બહાર પ્રગટ કરે એવા હેતુથી આ ગ્રંથમાળાનું નામ "સસ્તી જૈન ગ્રંથમાળા" રાખવામાં આવ્યું છે.

૨. આ ગ્રંથમાળાનું વાર્ષિક મૂલ્ય પોસ્ટેજ સાથે માત્ર **આઠ આનાજ** છે, જેમાં દર વર્ષે **૪૦૦ પાનાનું વાંચન** ઘેર બેઠાં પુરૂં પાડવામાં આવે છે (એટલે સો સો પાનાનાં ચાર કે બસો બસો પાનાનાં બે કે પછી ઓછાં વધતાં પાનાનાં પુસ્તકોથી ૪૦૦ પાનાનું વાંચન અવશ્ય મળશે.)

૩. વાર્ષિક મૂલ્ય આઠ આના અગાઉથી લેવાય છે એટલે મનીઓર્ડર મોકલવાથી અથવા વી. પી. મંગાવવાથી ગ્રંથમાળાના ગ્રાહકમાં નામ દાખલ કરી બહાર પડેલા મણકાઓ મોકલાય છે.

૪. સર્વે જૈનોને ઉપયોગી થાય, એવાંજ પુસ્તકો આ ગ્રંથમાળા દ્વારા પ્રકટ થાયછે.

મેનેજર, **સસ્તી જૈન ગ્રંથમાળા,** ચંદાવાડી–સુરત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# अनुक्रमणिका.

પ્રકરણ ૧ લું—૧ રાજપુર નગર અને મારિદત્ત રાજા. ૨ કપટી ભૈરવાચાર્યનો પ્રવેશ અને આપબડાઇ. ૩ ભૈરવાચાર્ય પાસે આકાશગમનવિદ્યાની માંગણી. ૪ ચંડમારી દેવી પ્રત્યે હવનનો ઉપદેશ. ૫ સઘળા જીવોનાં જોડાં લાવવાનો હુકમ. ૬ ચંડમારી દેવીને મારિદત્ત રાજાની પ્રાર્થના. ૭ હોમ માટે મનુષ્યના જોડાની માંગણી...૧

પ્રકરણ ૨ જું—૧ સિપાઇઓને ક્ષુલ્લકયુગલનો મેલાપ. ૨ અભયકુમારનું ધૈર્ય અને ક્ષુલ્લકીનો ઉપદેશ. ૩ ક્ષુલ્લકનું જોડું ચંડમારીની હજુરમાં. ૪ ક્ષુલ્લક યુગલનો આશીર્વાદ અને મારિદત્ત મોટા વિચારમાં. ૫ ક્ષુલ્લક યુગલ પ્રત્યે રાજાની વાતચીત ... ... ...૧૦

પ્રકરણ ૩ જું—૧ અવંતિ દેશ અને ઉજ્જયિની નગરીનું વર્ણન. ૨ યશોર્ધ રાજા અને યશોધર પુત્રનો પરિચય. ૩ યશોર્ધ રાજાને વૈરાગ્ય. ૪ યશોધરને રાજ્યગાદીની પ્રાપ્તિ ... ... ૧૮

પ્રકરણ ૪ થું—૧ યશોધર રાજા અમૃતમતિ રાણીમાં આસક્ત. ૨ રાણી અમૃતાદેવીનું નીચ કાર્ય. ૩ કૂબડો અને રાણી અમૃતાદેવી પ્રેમપાસમાં ... ... ... ... ... ... ... ૨૫

પ્રકરણ ૫ મું—૧ ગોપવતીનું દુશ્ચરિત્ર. ૨ વીરવતીનું દુશ્ચરિત્ર. ૩ રક્તા રાણી અને પંગુમાળીની કથા ... ... ... ૩૩

પ્રકરણ ૬ ઠું—૧ યશોધર રાજા મહાન ચિંતવનમાં. ૨ યશોધર મહારાજ મોટા વિચારમાં. ૩ રાજસભામાં એક ઓચિંતી ઘટના. ૪ મિથ્યા સ્વપ્નનું વૃત્તાંત. ૫ મિથ્યા સ્વપ્નનો માતાએ બતાવેલો ઉપાય. ૬ હિંસામય ઉપાય વિરૂદ્ધ યશોધર રાજાનો ઉત્તર. ૭ બળીદાન કરાવવા માટે માતા ચંદ્રમતીનો વિશેષ આગ્રહ. ૮ યશોધર મહારાજનો માતા પ્રત્યે યોગ્ય ઉત્તર. ૯ આપઘાતની તૈયારીમાં અને માતાનો અટકાવ ... ... ... .... .... .... ... ૩૯

પ્રકરણ ૭ મું—૧ યશોધર મહારાજે બનાવટી કૂકડાનું આ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પેલું બળીદાન. ૨ કુળદેવી પ્રત્યે યશોધરની પ્રાર્થના. ૩ દીક્ષા માટે સંકલ્પ અને અમૃતાદેવીની કપટજાળમાં યશોધરનું સપડાવું. ૫ કુહાડાવડે યશોધરનો ઓચિંતો ઘાત. ૬ યશોમતિના વિલાપ માટે મંત્રીઓનું શાંતવન. ૭ માતા-પુત્રની દગ્ધક્રિયા ... ... ૪૯

**પ્રકરણ ૮ મું**—૧ યશોધરનો મોરયોનિમાં જન્મ. ૨ ચંદ્રમતિનો કૂતરાની યોનિમાં જન્મ. ૩ યશોમતિને મોર તથા કૂતરાની ભેટ. ૪ મોર અને કૂતરા ઉપર વિપત્તિ. ૫ મોર અને કૂતરાની દહનક્રિયા. ૬ યશોધરને નોળીઆયોનિની પ્રાપ્તિ. ૭ માતા ચંદ્રમતિને સર્પયોનિની પ્રાપ્તિ. ૮ કર્મની વિચિત્રતા. ... ... ... ... ૫૮

**પ્રકરણ ૯ મું**—૧ મોરને મત્સયોનિ અને કૂતરાને જલજંતુયોનિની પ્રાપ્તિ. ૨ સંશુમારનો ઘાત. ૩ મચ્છ અમૃતારાણીની હજૂરમાં. ૪ પિતૃતૃપ્તિ માટે મચ્છનું બળીદાન. ૫ માતા અને પુત્રને બકરા-બકરીની યોનિની પ્રાપ્તિ ૬ પોતાનાજ વીર્યથી પોતનોજ જન્મ થાય કે? ૭ યશોમતિએ કરેલો બકરા-બકરીનો ઘાત. ૮ બકરીના બચ્ચાનું ચયેલું જતન. ૯ ભેંસના બળીદાન માટે યશોમતિની પ્રતિજ્ઞા. ૧૦ બળીદાનના પ્રસાદનું બ્રાહ્મણોને ભોજન! ૧૧ બકરાને જાતિસ્મરણ. ૧૨ બ્રાહ્મણભોજન પિતૃઓને પહોંચે કે? ૧૩ સડેલા માંસની શંકા. ૧૪ કોઢી અમૃતમતિની અપાર દુર્ગંધ. ૧૫. અમૃતાની દયાજનક સ્થતિ. ૧૬ તીવ્ર પાપનું પ્રત્યક્ષ ફળ. ૧૭ અમૃતાની માંસ માટે માંગણી. ૧૮ માંસ માટે બકરાના પગનો ઉપયોગ ... ... ૬૫

**પ્રકરણ ૧૦ મું**—૧ ચંદ્રમતિને મહિષપર્યાયની પ્રાપ્તિ. ૨ રાજા દ્વારા પાડાનો થયેલો ઘાત. ૩ જીવતા પાડાને પકવવાનો કરૂણાજનક દેખાવ. ૪ પાડા અને બકરાના માંસનું બ્રાહ્મણોને ભોજન. ૫ અગણિત જીવોના ઘાત માટે રાજાને ફિટકાર. ૬ માતા-પુત્રને કૂકડાયોનિની પ્રાપ્તિ. ૭ કૂકડા-કૂકડી બંધનયુક્ત અવસ્થામાં. ૮ યશોમતિનો કૂકડા-કૂકડી પ્રત્યે મોહ. ૯ કોટવાલને મુનિરાજનાં દર્શન. ૧૦ મુનિરાજના પધારવાથી કોટવાલને લાગેલા અપશુકન. ... ...૭૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**પ્રકરણ ૧૧ મું**—૧ કોટવાલ અને મુનિરાજ વચ્ચે પ્રશ્નોત્તર. ૨ મુનિરાજનો ઉત્તમ ઉપદેશ ... ... ... ... ... ૮૪

**પ્રકરણ ૧૨ મું**—૧ કોટવાલની શંકાઓ અને તેનું સમાધાન. ૨ વીતરાગનું સ્વરૂપ ... ... ... ... ... ... ૮૭

**પ્રકરણ ૧૩ મું**—૧ મુનિમાર્ગનું વૃત્તાંત જાણવાની કોટવાલની ઇચ્છા. ૨ ધર્મનું ફળ. ૩ કોટવાલની વિશેષ શંકાઓ અને તેનું સમાધાન ... ... ... ... ... ... ... ... ૯૪

**પ્રકરણ ૧૪મું**—૧ કોટવાલની વિશેષ શંકાઓનું સમાધાન. ૨ કૂકડા–કૂકડીના આગલા ભવની યાદ. ૩ યશોમતિદ્વારા કૂકડા–કૂકડીનો ઘાત. ૪ કૂકડા–કૂકડીનો જીવ કુસુમાવળીના ગર્ભમાં. ૫ મુનિરાજના મેળાપથી રાજા યશોમતિને ક્રોધ. ૬ કલ્યાણમિત્રનો ઉપદેશ. ૭ કલ્યાણમિત્રે મુનિની કરાવેલી ઓળખાણ. ૮ યશોમતિએ કરેલો પશ્ચાતાપ. ૯ રાજાના વિચારની મુનિરાજને ખબર. ૧૦ યશોધર અને ચંદ્રમતિના જીવની ગતિ વિષે પૂછપરછ. ૧૧ અમૃતાદેવીનો જીવ છઠ્ઠા નર્કમાં ... ... ... ... ... ... ૧૦૨

**પ્રકરણ ૧૫મું**—૧ રાજા યશોમતિને થયેલો પશ્ચાતાપ. ૨ કલ્યાણમિત્રદ્વારા દીક્ષાની માંગણી. ૩ રાણીઓમાં માંહોમાંહે વાતચીત. ૪ રાણીઓનો હાહાકાર. ૫ યશોમતિ અને રાણીઓનો મેલાપ. ૬ અભયરૂચિ અને અભયમતિ મુનિની હજૂરમાં. ૭ માતા કુસુમાવળીનું પુત્ર–પુત્રીને સંબોધન. ૮ બાળકો પ્રત્યે કુસુમાવળીની વાતચીત. ૯ આગલા ભવોની યાદ. ૧૦ કુમાર અભયરૂચિને રાજ્યપ્રાપ્તિ. ૧૧ રાજા યશોમતિનું દીક્ષાગ્રહણ. ૧૨ અભયરૂચિ અને અભયમતિ ક્ષુલ્લક પદમાં. ૧૩ ક્ષુલ્લકનું કર્તવ્ય. ૧૪ સમ્યક્ત્વના આઠ અંગોનું વર્ણન. ૧૫ સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ. ૧૬ ચાર અનુયોગોનું સ્વરૂપ. ૧૭ સમ્યક્ચારિત્રનું સ્વરૂપ. ૧૮ અહિંસા અણુવ્રત અને તેના અતિચાર. ૧૯ સત્ય અણુવ્રત અને તેના અતિચાર. ૨૦ અચૌર્ય અણુવ્રત અને તેના અતિચાર. ૨૧ શીલવ્રત અને તેના અતિચાર. ૨૨ પરિગ્રહપરિમાણવ્રત અને તેના અતિચાર. ૨૩ ગુણવ્રતનું સ્વરૂપ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને નામ. ૨૪ દિગ્વ્રતનું ફળ અને અતિચાર. ૨૫ અનર્થદંડનું સ્વરૂપ અને ભેદ. ૨૬ અનર્થદંડના પાંચ અતિચાર. ૨૭ ભોગોપભોગપરિમાણવ્રતનું સ્વરૂપ. ૨૯ વ્રતનું લક્ષણ. ૨૯ યમ અને નિયમરૂપ વ્રતનું સ્વરૂપ. ૩૦ નિયમ કરવાની વિધિ. ૩૧ ભોગોપભોગવ્રતના અતિચાર. ૩૨ ચાર શિક્ષાવ્રતનાં નામ. ૩૩ દેશાવકાશિક શિક્ષાવ્રત. ૩૪ દેશાવકાશિક વ્રતના કાળની મર્યાદા તથા અતિચાર. ૩૫ સામાયિક શિક્ષાવ્રત. ૩૬ સામાયિકની વિધિ. ૩૭ સામાયિકના યોગ્ય સ્થાન. ૩૮ સામાયિક કરતી વખતે શું વિચાર કરવો જોઇએ? ૩૯ સામાયિકના અતિચાર. ૪૦ પ્રોષધોપવાસ શિક્ષાવ્રત. ૪૧ પ્રોષધોપવાસને દિવસે શું શું ત્યાગ કરવું જોઇએ? ૪૨ ઉપવાસના દિવસનું કર્તવ્ય. ૪૩ પ્રોષધ અને ઉપવાસનું સ્વરૂપ. ૪૪ પ્રોષધોપવાસના અતિચાર. ૪૫ વૈયાવ્રત નામનું શિક્ષાવ્રત. ૪૬ દાનનું ફળ અને દાનના ભેદ ૪૭ વૈયાવ્રતના ભેદમાં ભગવાનની પૂજા પણ છે. ૪૮ શ્રાવકની અગીઆર પ્રતિમા. ૫૦ ક્ષુલ્લકવ્રત ધારણ કરવાની પ્રેરણા. ૫૧ દ્વાદશ અનુપ્રેક્ષા (બાર ભાવના) નું સ્વરૂપ ... ... ... ... ... ૧૧૨

પ્રકરણ ૧૬મું—૧ અભયરૂચિ ક્ષુલ્લકપદમાં ... ... ૧૬૪

પ્રકરણ ૧૭ મું—૧ મારિદત્ત અને ચંડીકા સત્ય ધર્મમાં તત્પર. ૨ બળીદાનની હિંસામય સામગ્રીનો નાશ. ૩ વનની સુંદરતા ૪ તપોવનમાં ક્ષુલ્લક યુગલનો આદર. ૫ ક્ષુલ્લક મહારાજનો ચંડમારીને ઉપદેશ. ૬ ચંડિકાની ક્ષુલ્લક મહારાજને પ્રાર્થના. ૭ રાજાને ચંડિકાનો આદેશ. ૮ ચંડિકાનું અદ્રશ્ય થવું અને મારિદત્તરાજાનું ક્ષુલ્લક પ્રત્યે નિવેદન. ૯ જિનદીક્ષા માટે મારિદત્તરાજાની માંગણી. ૧૦ મારિદત્તરાજા સુદત્તાચાર્યની હજૂરમાં... ... ... ૧૬૬

પ્રકરણ ૧૮ મું—૧ મુનિ, રાજા વગેરેના ભવાંતરનું કથન. ૨ મિથુલાપુરીનું કથાંતર. ૩ અભયરૂચિ, મારિદત્ત વગેરેને મોક્ષ પ્રાપ્તિ. ... ... ... ... ... ... ... ... ૧૭૭

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લલિતમુનિના લોટ નં. ૭૬

॥ श्रीवीतरागाय नमः ॥

# श्री यशोधर चरित्र.

## प्रकरण १ लुं.

### राजपुर नगर अने मारिदत्त राजा.

**અ**નેક દ્વીપ અને સમુદ્રોથી વીંટલાયલો અને અનેક સંપદાઓનું સ્થાન એવા **જંબુદ્વીપના** ભરતક્ષેત્રમાં **યોધેય** નામનો **દેશ** છે, જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચાર પુરૂષાર્થોનાં ઉપકરણરૂપ જિનમંદિર, જિનબિંબ વગેરેની ઉત્પત્તિનું સ્થાન છે અને સમસ્ત પૃથ્વીના આભરણ જેવો અને સંપદાનું મંદિર છે. વળી આ દેશમાં પક્ષિયોના વિલાસયુક્ત પાણીના સરોવરો અત્યંત શોભનીય દેખાય છે, કુકવિયોની માફક ભ્રમરાઓનો સમુહ ભ્રમણ કરે છે કેમકે કુકવિયોનું હૃદય પણ શ્યામ છે અને ભ્રમરો પણ શ્યામ છે, તેમજ પુષ્પ ફળફળાદિ સહિત મનોહર બાગ-બગીચા, વન વગેરે એવા શોભાયમાન થઇ રહ્યા છે કે જાણે પૃથ્વીરૂપ કામિનીને નવીન યૌવનજ પ્રાપ્ત થયું હોય. એ બગીચાઓમાં મિષ્ટ અને સ્વાદિષ્ટ ફળ એવા માલુમ પડે છે કે જાણે પુણ્યરૂપ વૃક્ષોનાં મિષ્ટ ફળજ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ યોધેય દેશમાં સુંદર રૂંવાટાવાળી દુધથી ભરેલાં સ્તનવાળી અને ઉન્નત, ગંડસ્થળવાળી ગાય, ભેંસ અને બળદોનો સમૂહ વિચરે છે, તેમજ આ દેશમાં રસથી ભરેલા, પવનથી હાલતા શેરડીના વૃક્ષો એવા દેખાય છે કે જાણે નૃત્યજ કરી રહ્યા હોય! વળી આ દેશના ખેતરોમાં પોપટ વગેરે પક્ષિયોના મનોહર શબ્દ અને ખેડુતોની પુત્રીઓનું રમણિક ગાયન સાંભળીને પુરૂષો એવા મોહિત થઇ જાય છે કે આગળ ગમન શકતા નથી ઈત્યાદિ આ દેશની શોભાનું કેટલું વર્ણન કરીએ ? વિધાતાએ સ્વર્ગલોકની ઈર્ષા કરીને જાણે બીજું સ્વર્ગજ બનાવ્યું છે.

આ યોધેય દેશના સર્વ નગરોમાં શ્રેષ્ઠ અને અતિ મનોહર **રાજપુર નગર** છે, જે મનોહર બાગ બગીચાઓવડે ઘણું શોભાયમાન દેખાય છે તેમજ ભવ્ય જિનમંદિરો, ધર્મશાળાઓ, વિદ્યાલયો, ઔષધાલયો વગેરેથી પણ આ નગર બહુ શોભાયમાન લાગતું હતું. આવા મનોહર રાજપુર નગરમાં **મારિદત્ત રાજા** રાજ્ય કરતો હતો, જે દાન આપવામાં કર્ણ જેવો, વૈભવમાં ઇંદ્ર જેવો, રૂપમાં કામદેવ જેવો, કાંતિમાં ચંદ્રમા જેવો, પ્રચંડ દંડ કરવામાં યમરાજ જેવો અને બીજા રાજાઓનાં બળરૂપ વૃક્ષોને ઉખેડી નાંખવાને પ્રબળ પવન સમાન હતો. જો કે આ રાજા ધનધાન્યનું રક્ષણ કરવામાં ચાતુર્યતાનો ભંડાર, તેજપુંજ દિવાકર અને પ્રસન્નવદન હતો, પરંતુ **ધર્મજ્ઞાનથી** અજાણ્યો હતો. રાજાની આટલી બધી રિદ્ધિ અને જ્ઞાન છતાં પણ એક ધર્મજ્ઞાન વગર પ્રચુર અંધકાર લાગતો હતો. એ સત્યજ છે કે, **"જ્ઞાનના ઉદય વિના સારભૂત શુભ માર્ગનું અવલોકન કેવી રીતે થઇ શકે ?"**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ મારિદત્ત રાજા કોઇ સમયે તીવ્ર અને પ્રચંડવેગ યુક્ત ઘોડા ઉપર સ્વાર થઇને હવા ખાવા સારૂ ગમન કરતો હતો. કોઇ કોઇ વખતે મદલિપ્ત કપોલ હાથી ઉપર બેસીને ઉચ્છલિત ચિત્તથી અનેક ભંગયુક્ત વનોમાં ફરતો હતો, કોઇ વખતે શિકારીઓ સાથે જઇને મૃગ વગેરે પશુઓની માર્ગપ્રતીક્ષા કરતો હતો, તો કોઇ કોઇ વખતે એકાંત સ્થાનમાં પોતે તાલ બજાવતો અને ગાયન કરતો તથા નૃત્ય જોતો હતો, પરંતુ રાજ્યકાર્યમાં અજાણ્યો અને ધર્મથી પરાંગમુખ હતો. એ તો સત્યજ છે કે, **"ઉત્તમ જ્ઞાતાઓની સોબત વિના ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે?"**

## कपटी भैरवाचार्यनो प्रवेश अने आपवडाई ।

મંત્રીઓ વગેરેની મદદથી પૂર્ણ રાજ્ય કરતા અને પ્રજાનું પ્રતિપાલન કરતા એવા મહારાજ મારિદત્તના ધન ધાન્યથી ભરેલા રાજપુર નગરમાં **ભૈરવાચાર્ય** નામના એક **આચાર્ય** પધાર્યા. આ ભૈરવાચાર્ય જગતને ભયાનક, જુઠું બોલવામાં પરીપૂર્ણ અને સમસ્ત અભક્ષના ભક્ષક હતા, જેઓ આ રાજપુર નગરમાં ફરતા ફરતા અનુકુળ પુરૂષોને પોતાના મતનો ઉપદેશ આપતા હતા. આ કપટવેષી તરેહવાર જાતની ટોપી પહેરીને ગ્રહસ્થોના ઘરોમાં હુંકાર શબ્દ કરતો ભિક્ષાટન કરતો હતો, તેમજ કાનોમાં મુદ્રા ધારણ કરીને બત્રીસ આંગળ પ્રમાણ દંડુકો હાથમાં ઉછાળતો, ગળામાં યોગવૃત્તિ, પગોમાં પાવડી પહેરીને રણશીંગડાનો તડતડ અવાજ કરતો, સિંહના પૂંછડાનો ગુચ્છો લગાવીને રાગતાન કરતો અને પોતાને મહાત્મા જણાવતો લોકોના પૂછ્યા વગરજ પોતાના વખાણ પોતાને મોઢે કરતાં કહેતો હતો કે–મારી નજર આગળ ચાર યુગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વહી ગયા છતાં પણ હું વૃદ્ધ થયો નહીં; નળ, નઘુષ, વેણુ વગેરે મહા પ્રતાપી અને પૃથ્વીના ભોક્તા મોટા રાજાઓ મારી નજર આગળ થયા. **રામ અને રાવણના** યુદ્ધથી ગામમાં રાક્ષસોનું યતન મેં જોયું. બંધુવગ સહિત **યુધિષ્ઠરને** જોયો અને કૃષ્ણની આજ્ઞાથી વિમુખ **દુર્યોધનને** પણ જોયો. હું ચાર યુગ થયાં જીવતો છું એ વાતનો તમે જરાંપણ સંશય ન કરો. હું સઘળા લોકોને શાંતિ કરીશ. મારામાં એટલું બધું સામર્થ્ય છે કે ઘણી ઝડપથી ચાલતા દેવતાના વિમાનને પણ અટકાવી શકું છું. ચંદ્રમાની છાયાને રોકી શકું છું. મને સઘળી વિદ્યા સિદ્ધ છે, યંત્ર, મંત્ર અને તંત્ર તો મારી નજરમાંજ રમે છે વગેરે. આ પ્રમાણે કહીને લોકોને રંજીત કરતો આ ભૈરવાચાર્ય નગરમાં ભ્રમણ કરતો હતો, જેથી એની વાત સઘળા નગરમાં ફેલાઇ જવાથી મહારાજ મારીદત્તને કાને પણ સંભળાઈ. આ વાત સાંભળીને રાજાએ અતિ કૌતુકયુક્ત થઇ અમાત્ય મંત્રીને કહ્યું—“ તમે એકાંતમાં તે ગુણગરીષ્ટ ભૈરવાચાર્યની પાસે જઇને નમ્રતાપૂર્વક તેમને અહીંઆ લઇ આવો ”

**મંત્રી૦**—“ મહારાજ ! આપની આજ્ઞાનુસાર જઇને હું હમણાં તેને અહીંઆ લઇ આવું છું.” આ પ્રમાણે કહી મંત્રીએ ભૈરવાચાર્યની પાસે જઇ વિનયપૂર્વક રાજાની વાત સંભળાવીને કહ્યું—“ અહો મહાત્મન્ ! આપના દર્શનથી મહારાજને જલ્દી શાંતિ આપો ”

**ભૈરવાચાર્ય૦**—“જો રાજાની એવીજ ઇચ્છા છે તો હું જલ્દી આવીને રાજવંશમાં શાંતિ સ્થાપન કરીશ. ” આ પ્રમાણે કહીને તે ભૈરવાચાર્ય મંત્રીની સાથે રાજ્યદરબારમાં આવ્યો, જ્યાં તેજપુંજ નારાયણ સમાન મારિદત્ત રાજા સિંહાસન ઉપર બેઠેલા હતા. અનેક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આડંબરયુક્ત આવેલા ભૈરવાનંદને જોઇને રાજાએ સિંહાસન ઉપરથી ઉઠી તેની સન્મુખ જઇને જમીન સાથે મસ્તક લગાવી તેને નમસ્કાર કર્યા, એટલે મહારાજનું કલ્યાણ થાઓ! વગેરે આશીર્વાદ આપીને પછી ભૈરવાચાર્યે કહ્યું–" રાજન્! હું સાક્ષાત્ ભૈરવ છું, તને જે અભિલાષા હોય તે કહે, હું તે પુરી કરીશ". આ પ્રમાણે સાંભળીને રાજાએ પ્રસન્નચિત થઇને ભૈરવાનંદને ઉંચા આસન ઉપર બેસાડયા અને પોતે તેના પગ આગળ પડીને વિનતિ કરવા લાગ્યો–" મહારાજ ! મારૂં દુઃખ દૂર કરો. આપ સૃષ્ટિસંહારક યોગીશ્વર છો પરંતુ સઘળા માર્ગના મુસાફરો હમેશાં ચિરંજીવ છે. મહારાજ! આપના ચરણોના પ્રસાદથી મારા મનોભિલષિત કાર્યની સિદ્ધ થશે. આપ મારા ઉપર પ્રસન્ન થાઓ, હું આપનો સેવક છું, આપ જે આજ્ઞા કરશો તે શિરોધારણ કરી પુરી કરીશ. "

તે દુષ્ટ યોગીશ્વર મનમાં ખુશી થઇને વિચાર કરવા લાગ્યો કે હું જે જે ઉપદેશ કરીશ, તેથી મારૂં ઇંદ્રિય સુખ પૂર્ણ થશે અને હું જેને ધારીશ તેને ભક્ષણ કરીશ.

## भैरवाचार्य पासे आकाशगमन विद्यानी मांगणी·

**ભૈરવાચાર્ય૦**–"રાજા! મને સઘળી રિદ્ધિઓ ક્ષણમાત્રમાં પ્રાપ્ત થાય છે, મને સઘળી વિદ્યા સિદ્ધ છે, હું સંહાર કરવામાં પૂર્ણ સમર્થ છું, જે કોઇ મારી પાસે ગમે તેવો મહાન પદાર્થ માંગે છે તે પણ તત્કાળ આપું છું. મારી આગળ કોઇપિણ પદાર્થ અલભ્ય નથી.

આ પ્રમાણે યોગીની વાત સાંભળીને મારિદત્ત મહારાજ કહેવા લાગ્યા૦—" હે દેવ ! આકાશમાં ગમન કરવાની મારી અભિલાષા છે. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**ભૈરવાચાર્ય**—"રાજા ! તું કમળના ફુલનો પ્રકાશ કરનાર ચંદ્રમા છે, તું દુર્નિવાર શત્રુઓમાં અકારણ વ્યાખ્યાનદાતા છે. જો એક ચિત્તથી મારો ઉપદેશ ગ્રહણ કરશે તો જરૂર તને આકાશમાં ગમન કરાવીશ"

એ તો સહજ છે કે **જે ગ્રહિત મિથ્યાત્વમાં લપેટાય છે તે જ્ઞાની માણસોના ઉપદેશને ગ્રહણ કરતા નથી.** જે પ્રમાણે આંધળો માણસ સુમાર્ગ કુમાર્ગને જોઇ શકતો નથી અને જે પ્રમાણે અંકુશની પ્રેરણાથી હાથીની સૂંઢ સઘળી બાજુએ ગમન કરે છે તે પ્રમાણે ભૈરવાચાર્યની પ્રેરણાથી મારિદત્તનું ચિત્ત જીવોની હિંસા કરવામાં તૈયાર થતું સઘળી બાજુએ ભ્રમણ કરવા લાગ્યું. જો કે મારિદત્ત વિચારશીલ ભવ્ય પુરૂષ છે, પરંતુ **અશુભ** કર્મના ઉદયને લીધે કુસંગતિના યોગથી **કુમાર્ગ તરફ ગમન** કરવા લાગ્યો.

## चंडमारी देवी प्रत्ये हवननो उपदेश.

આ મારિદત્ત રાજાના પ્રચંડ શત્રુઓનો વિધ્વંસ કરનારી **ચંડમારી** નામે **કુળદેવી** સાંજની વખતે માંસનું અવલોકન કરતી રાજપુર નગરની દક્ષિણ દિશામાં આવેલા મંદિરમાં નિવાસ કરતી હતી. એ ચંડમારી દેવીને લાંબુ માથું, ભયભીત મુખ, વિકાળ દાઢ, સર્પિણીના બંધનયુક્ત લાંબા પહોળા સ્તન, અગ્નિની જ્વાળા સમાન આંખો, લાંબી જીભ, ચર્બીથી ભરેલું કપાળ, ભયંકર ચામડી મોરની ચોટલી સમાન કઠોર અને ઉન્નત કેશ, મુડદાંઓના આંતરડાઓ વડે વિભૂષિત હાથ વગેરે હતાં. આવા ભયંકર રૂપને ધારણ કરવાવાળી ચંડમારી દેવી જીવોને ત્રાસ આપનારી અને જીનેંદ્ર માર્ગનો તિરસ્કાર કરવાવાળી હતી. વળી એ દેવી હિંસક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માર્ગને પ્રગટ કરતી, દયા ધર્મને દૂર ભગાવતી, નગ્ન શરીરે માંસ ભક્ષણ કરવાને મુખ ઉઘાડતી, કપાલ કંબંધ અને ત્રિશૂળને ધારણ કરતી બિરાજમાન હતી અને મારિદત્ત રાજા એજ દેવીનો મોટો ભક્ત હતો.

**ભૈરવાચાર્ય**—"રાજા! જો આકાશમાં ફરનાર મુસાફર થવું હોય અને વિદ્યાધર શત્રુઓને જીતવા હોય, તો જળચર, નભચર અને સ્થળચર જીવોના જોડકાંઓનો ચંડમારી દેવીને માટે હવન (હોમ) કર કે જેથી તારૂં સઘળું કાર્ય સિદ્ધ થશે.

**મારિદત્ત**—"આચાર્ય! આપની આજ્ઞા પ્રમાણે કોટવાલને મોકલીને સઘળી જાતના જીવોના જોડાં બોલાવું છું." આ પ્રમાણે કહીને રાજાએ અમાત્ય મંત્રીને કહ્યું કે કોટવાલને બોલાવીને હુકમ કરો કે સઘળા જીવોના જોડાં લાવીને કુળદેવતા ચંડમારી દેવીના મંદીરમાં એકઠાં કરો."

**મંત્રી**—"મહારાજ! આપની આજ્ઞા પ્રમાણે હું હમણાં કોટવાલને બોલાવીને આપનો હુકમ સંભળાવું છું." આ પ્રમાણે કહીને મંત્રીએ કોટવાલને બોલાવવાને સિપાઇ મોકલ્યો, એટલે સિપાઈ જઇને કોટવાલને બોલાવી લાવ્યો.

**કોટવાલ**—"મંત્રીજી! હું આપની આજ્ઞાનુસાર હાજર થયો છું, આપનો જે હુકમ, હોય તે ફરમાવો."

## સઘળા જીવોનાં જોડાં લાવવાનો હુકમ.

**મંત્રી૦**—"મહારાજે એવો હુકમ કર્યો છે કે જળચર, સ્થળચર અને નભચર એવા સઘળા જીવોના જોડાં ચંડમારી દેવીના મંદીરમાં એકઠા કરવાની સિપાઇઓને આજ્ઞા કરો." **કોટવાળ૦**—"જેવી આજ્ઞા!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હમણાંજ સિપાઇઓને બોલાવીને આપનો હુકમ સંભળાવું છું. " આ પ્રમાણે કહીને કોટવાલે તરતજ સિપાઇઓને બોલાવીને સઘળા જીવોના જોડાં એકઠા કરવાની આજ્ઞા આપી એટલે તે સઘળા હિંસક સિપાઇઓએ સઘળી જગ્યાએ ફરીને સઘળા જીવોના જોડાં ચંડમારી દેવીના મંદીરમાં એકઠા કરીને કોટવાલને સુચના આપી. તે પછી કોટવાલે આવીને રાજાને કહ્યું૦—" મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે સઘળાં જોડાં તૈયાર છે, હવે શું આજ્ઞા છે ? " આ પ્રમાણે કોટવાલની વાત સાંભળીને રાજાએ ભૈરવાચાર્યને કહ્યું " સ્વામી ! આપની આજ્ઞાનુસાર સઘળાં જોડાં એકઠાં થઇ ગયાં છે. "

**ભૈરવાચાર્ય૦**—" રાજા ! હવે માતુશ્રી દેવીના મંદિરમાં જવું જોઇએ. "

**રાજા૦**—" સ્વામી ! જેવી આપની આજ્ઞા ! આ પ્રમાણે કહીને મંત્રી વગેરે સઘળા પરિવાર સહિત રાજા ચંડમારી દેવીના મંદીરમાં ગયો અને ત્યાં જઇને દેવીને પ્રાર્થના કરવા લાગ્યો. "

## चंडमारी देवीने मारिदत्त राजानी प्रार्थना.

રૂધિરથી વ્યાપ્ત અને ચક્ર, ત્રિશૂળ તથા ખડ્ગ ધારણ કરેલી ચંડમારી દેવીને જોઇને રાજા જયજય ધ્વનિપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો—" હે પરમેશ્વરી ! તારા નિર્મળ સ્વભાવથી મારાં પાપોને હર." એ પછી મંદિરમાં ભેગાં કરેલાં બકરાં, કૂકડાં, રીંછ, સાબર, હરણ, હાથી, બળદ, ગધેડા, મેંઢા, ભેંસ, ઘોડા, ઉંટ, સિંહ, ગેંડા, વાઘ, સસલાં વગેરે પશુઓ; કાગડા, મોર, હંસ, બગલાં, ઘૂવડ, મેના, બાજ, ચલીયાં વગેરે પક્ષીઓ, અને મગરમચ્છ, દેડકાં, માંછલાં, સર્પ વગેરે જળચર જીવોના જોડાંઓને જોઇને રાજાએ ભૈરવાચાર્યને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું૦—" મહારાજ ! આપની આજ્ઞાનુસાર સઘળાં જોડાં તૈયાર છે. હવે કાર્યનો આરંભ કરો."

ભૈરવાચાર્ય૦—"રાજા ! સઘળાં જોડાં દેવીના સન્મુખ ભેગાં કરો, હું કાર્યનો આરંભ કરૂં છું." આ પ્રમાણે કહી સઘળાં જોડાં દેવી આગળ ભેગાં કરીને હવન કરવો શરૂ કર્યો.

મારિદત્ત રાજા તે દેવીની આગળ અનેક પ્રકારના પશુપક્ષાદિ વગેરે જીવોના જોડાંઓને પોતાની ઇચ્છા પૂર્ણ કરવાને અને શાંતિ કરવા માટે મારી રહ્યો છે. વિષભક્ષણથી જીવવાની આશા, બળદ પાસેથી દુધની પ્રાપ્તિ, પથ્થરમાંથી અનાજની ઉત્પત્તિ, નીરસ ભોજનથી કાંતિનો વધારો, ઉપશમ ભાવ વિના ક્ષમા અને **પરજીવોને મારીને શાંતિનો વધારો શું થઈ શકે છે?** નહિ! નહિ! કદિ પણ નહિ.

## હોમ માટે મનુષ્યના જોડાની માંગણી.

તે વિકાળ આંખવાળો અવિવેકી મારિદત્ત રાજા જે વખતે પશુઓનો ઘાત કરવાને તૈયાર થયો, તે વખતે ભૈરવાચાર્ય સઘળાં જોડાંઓને જોઇને રાજાને કહેવા લાગો– "રાજન્! તમે સઘળાં જોડાં તો ભેગાં કર્યાં, પરતુ **મનુષ્યનું જોડું તો બોલાવ્યુંજ નહી.**"

**રાજા**—" મહારાજ ! આપની આજ્ઞાનુસાર મનુષ્યનું જોડું પણ બોલાવી મંગાવું છું." આ પ્રમાણે કહીને રાજાએ તરત કોટવાલને બોલાવ્યો અને હુકમ કર્યો કે સારામાં સારા મનુષ્યનું જોડું તરત લઇ આવો.

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

કોટવાલ૦—"આપની જેવી આજ્ઞા !" એમ કહીને કોટવાલે સિપાઇઓને બોલાવીને કહ્યું કે અતિ મનોજ્ઞ મનુષ્યના જોડાંને જલ્દી લઇ આવો. તે પછી કોટવાલના સિપાઇઓ મનુષ્યનું જોડું શોધવાને માટે નદી, તળાવ, વન, નગર, બાગ, પર્વત, ગુફા વગેરે સ્થળોએ ફરવા લાગ્યા.

# प्रकरण २ जुं.

## सिपाईओने क्षुल्लक युगलनो मेलाप.

આવી હિંસાના સમયમાં વૃક્ષોની ડાળીઓથી ઘેરાયલા અને મોર, પોપટ વગેરે પક્ષીઓના સમૂહથી પૂર્ણ પાર્થિવાનંદ નામના મનોહર વનમાં સંઘ સહિત **શ્રી સુદત્ત આચાર્ય** પધાર્યા હતા,

કામદેવને જીતનારા શ્રી સુદત્તાચાર્યે તે વનને જોઇને એવો વિચાર કર્યો કે અહિંયા ફળો અને પાંદડાંઓનો નાશ થાય છે, માટે આ વનમાં સમ, દમ અને યમી સત્ય પુરૂષોએ રહેવું યોગ્ય નથી.

આ પ્રમાણે વિચાર કરીને ઉગ્ર તપથી દિપ્યમાન તે સુદત્તાચાર્યવર્ય ત્યાંથી નીકળીને યમસ્થાન તુલ્ય એક સ્મશાન સ્થળ આગળ પહોંચ્યા. એ સ્મશાન મુંડદાંઓના સમુહ અને અતિ ભયંકર શબ્દ કરતા કાગડા અને ગીધ પક્ષિયોથી વ્યાપ્ત થઇ રહ્યું હતું, એ સ્મશાન નકામા ઝાડોનાં સૂકાં પાદડાંઓ, તથા રાક્ષસોના મુખમાંથી નીકળતો ઉષ્ણ શ્વાસ અને શૂળીએ ચઢાવેલા મૃતકોના કલેવરથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અત્યંત ભયંકર હતું. વળી એ સ્થાન ચોરોના સમૂહથી વ્યાપ્ત અને માંસભક્ષી પક્ષિઓ તથા રાક્ષસોના કિલકિલાટ શબ્દથી પણ ભયંકર થઇ રહ્યું હતું. એ સ્થાન ચીતાની અગ્નિમાં નાંખેલા શ્યામ કેશના સંયોગથી નીકળતા ધૂમાડાની ગંધથી પલાયમાન સ્વાનોથી છવાયલું હતું. વળી આ સ્મશાનમાં કોઇ જગ્યાએ પવનના જોરથી ચીતામાંની રાખ ઉડી રહી હતી, કોઇ જગ્યાએ મરેલા માણસોના હાડકાં પડેલાં હતાં, એવા ભયવાન સ્થાનમાં મુનિ, આર્જિકા, શ્રાવક અને શ્રાવિકા એવા ચતુર્વિધ સંઘ સહિત શ્રી સુદત્તાચાર્ય પ્રાસુક અને પવિત્ર શિલા ઉપર બિરાજ્યા અને મહા તપશ્ચરણ કરતા શરીરનું શોષણ કરતા હતા.

હવે એજ સ્મશાન સ્થળમાં જિનદિક્ષા પાળતા એક ક્ષુલ્લક યુગલ કામદેવનાશક પરમ ઇશ્વર–ગુરૂને જોઇ નમસ્કાર કરી તેમને પૂછીને ભિક્ષાને માટે નગર તરફ જતા હતા.

એ ક્ષુલ્લકો વિવિધ લક્ષણયુકત ગાત્ર, પ્રહર્ષિત વદન, કમળદળ સમાન નેત્ર, જિનચરણોના ભકત, વિષયોથી વિરકત, જૈનધર્મમાં પૂર્ણ આસકત, પોતાના શરીરની કાંતિથી સૂર્યને પણ આચ્છાદિત કરતા, હાથમાં પાત્ર લઇને નગર તરફ જતા હતા, એવા સમયમાં નિર્મળ અને તીક્ષ્ણ તરવાર હાથમાં લઈ પાપ કર્મ કરવામાં તૈયાર રાજાના સિપાઇઓ ત્યાં આવી પહોંચ્યા. તેઓ આ બાળવયના ક્ષુલ્લકોને જોઇ કહેવા લાગ્યા–" અહો ! હે બાળયુગલ ! ઉભા રહો ! તમારૂં મળવું ઘણું અઘરૂં હતું, તે સ્હેજમાં મળી ગયા. " એમ કહીને તેઓ ક્ષુલ્લકની પાસે ગયા અને ત્યાં દુઃખનાશક, પાપવિઘાતક, સુંદર ગાત્ર અને લાવણ્ય પૂરિત શરીર ક્ષુલ્લકને જોઇ સિપાઇઓ પરસ્પર વાત કરવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક-"ભાઇ! સાચું બોલજે, જોકે સઘળે શોધત તોપણ કોઇ જગ્યાએ આવું રૂપવાન યુગલ મળી શક્ત ખરૂં કે? કદાપિ નહિ."

**બીજો**-મિત્ર! એને લઇ જવાથી રાજા ઇનામ તો જરૂર આપશે. ભાઈ! એના હાથ પગ કેવા સુકોમળ છે! એનું સૌમ્ય વદન કેવું હૃદયગ્રાહી છે! હવે જલ્દી લઇને ચાલો, વિલંબ કરવાનો વખત નથી.

**ત્રીજો**-ભાઇ, જુઓ તો સહી! આપણે બધાએ એને ઘેરી લીધા છે, પરંતુ એના મુખ ઉપર જરાપણ ચિંતા દેખાતી નથી.

**બીજો**-" ભાઇ, તું પણ ખરેખર મૂર્ખજ છે. શું ધૈર્યવાનો વિપત્તિમાં પણ કદી ચિંતાવાન દેખાય છે? કદાપિ નહિ. અરે ભાઇ! તમે સઘળા મૂર્ખના સરદાર છો, કેમકે જેમ તેમ કરતાં તો ઇચ્છિત વસ્તુ મળી, તેમાં પણ વળી પોતપોતાની ગપ હાંકી રહ્યા છો અને નકામી વાર લગાડો છો. હવે એને તાકીદે ચંડિકાના મંદીરમાં લઇ ચાલો."

આ પ્રમાણે સઘળા સિપાઇઓ ક્ષુલ્લકના જોડાને ઘેરીને પશુઓના કળકળાટ યુક્ત અને સ્ત્રીઓના નૃત્યથી પૂર્ણ ચંડિકાના મંદિર તરફ લઇ જવા લાગ્યા.

આ પ્રમાણે ક્રુરભાવયુક્ત સિપાઇઓએ ભયંકર વચન કહીને પોતાના શરીરની કિરણમાળા વડે સ્ફુરાયમાન ત્રણ ભુવનના ચંદ્રમા રૂપ બાળયુગલ ( ક્ષુલ્લક )ને પોતાના પંજામાં સપડાવ્યા.

જે સમયે ચંડકર્મા સિપાઇઓએ ક્ષુલ્લક અને ક્ષુલ્લકીને હાથેથી પકડયા પછી હોમમાં તેમનું મસ્તક કાપવાની તેમને વાત કરી તે સાંભળીને મદનવિજેતા **અભયકુમાર** નામના ક્ષુલ્લક મહારાજે પોતાની **ભગિની ક્ષુલ્લકીને** નીચે પ્રમાણે બોધ કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



ક્ષુલ્લકયુગલનું સિપાઈઓદ્વારા પકડાવું અને ક્ષુલ્લક અભયરૂચિકુમારનો ચંદ્રમુખી ક્ષુલ્લકીને ઉપદેશ.

[ જુઓ પાનું ૧૩ ]

( સોલાપુરનિવાસી શેઠ હરીભાઇ દેવકરણ ગાંધી તરફથી પ્રાપ્ત. )

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## અભયકુમારનું ધૈર્ય અને ક્ષુલ્લકીનો ઉપદેશ.

ક્ષુલ્લક—"બ્હેન ! આવા અવસરમાં મરણની શંકા કરીને જરા પણ ભય રાખવો નહીં, પરંતુ ભગવાન વીતરાગ અરિહંતદેવને પોતાના હૃદયસ્થાનમાં સ્થાપન કરીને એ પ્રમાણે વિચાર કર કે—પૂર્વ ભવમાં જે કર્મોનો સંચય કર્યો છે તેના ઉદયથી શારીરિક કષ્ટ અવશ્ય થાય છે, તે માટે કોઇપણ મારા શરિરનું છેદન ભેદન કરો. મારા શરીરમાંથી રસ, ચરબી અને લોહીનું પાન કરો, માંસનું ભક્ષણ કરો, પરંતુ ચીર કાળથી જે શાંતિભાવનો અભ્યાસ કર્યો છે તેજ પ્રમાણે મનમાં શાંતિ રાખવી. એ પ્રમાણે કરવાવાળા મુનિયોઅષ્ટગુણવિશિષ્ટ દેવપર્યાયને પ્રાપ્ત થાય છે. બ્હેન ! કોઇ રૌદ્ર રાજા તથા ક્ષુદ્ર સિપાઇ જો આપણા પૌદ્‌ગલિક શરીરનો ઘાત કરે તો સુખેથી કરો, પરંતુ જ્ઞાનપૂર્વક હમારા આત્માનો ઘાત કદિપણ કરી શકવાના નથી. આવા સમયમાં જૈનધર્મનેજ શરણ રહેવું યોગ્ય છે."

આ પ્રમાણે પોતાના ભાઈ ક્ષુલ્લકના ઉપદેશપૂર્ણ વચન સાંભળીને તે ચંદ્રમુખી ક્ષુલ્લકી કહેવા લાગી—"ભાઇ ! આપે જે જિનસૂત્રાનુસાર નિર્મળ અને પવિત્ર ઉપદેશ કર્યો તે સર્વથા યોગ્ય છે. મેં આપના કહ્યા પહેલાંથીજ એવો વિચાર કરી રાખ્યો છે કે મારા આ નાશવાન શરીરનો કોઇપણ ઘાત કરો કે જે જીવતરને હું તૃણ સમાન ગણું છું. મેં ચીરકાળથી જે ઉપશમનો અભ્યાસ કર્યો છે, તેનેજ નિજ હૃદયમાં ધારણ કરીને કર્મોદયના ફળનો ભોગ કરીશ.

આ પ્રમાણે બન્ને ભાઈ બ્હેન (ક્ષુલ્લક-ક્ષુલ્લકી) પરસ્પર વાર્તાલાપ કરતા અને જિનેંદ્રનું સ્મરણ કરતા યમરાજ સમાન તે સિપાઇયોની સાથે ચંડમારી દેવીના મંદીરમાં આવી પહોંચ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ક્ષુલ્લકનું જોડું ચંડમારીની હજુરમાં.

પેલા મંદિરમાં તે ભૈરવાચાર્ય મોટી બૂમો પાડતો, ધનુષ્ય ઉડાવતો, લોહદંડને ઘૂમાવતો, લાંબા મોરના પીછાંના ગુચ્છાવડે સુશોભિત વસ્ત્રોને અને તાંબા પિત્તળના ઘરેણાંઓને ધારણ કરતો, કમરે વસ્ત્ર લપેટી હાથમાં તીક્ષ્ણ છરી લઇ પોતાના ગુરૂભાવને પ્રકટ કરતો, પોતાનું મહત્વ દેખાડતો, સઘળા શરીરે હરણનું ચામડું લપેટી પગે અને કમરે બાંધેલા ઘુઘરાઓવડે ઝનકાર શબ્દ અને થપથપ શબ્દ કરતો, પોતાના કેશોને છુટા રાખી પિશાચ સમાન પૂર્ણ માંસ ભક્ષી જેવો, ચંડિકાના ચરિત્રનું ગાન કરતો અને નૃત્ય કરતો અપૂર્વ દેખાવનો થઈ રહ્યો હતો. તે સમયે ચંડિકાના નિવાસમાં આરક્તનેત્રા ભયાનકગાત્રા, યોગિની શાકિની અને ડાકિનિયો મુખમાં મસ્તકના ટુકડા ધારણ કરીને નૃત્ય કરતી હતી. તે દેવીનું મંદિર કે જેમાં પશુઓનું લોહી સીંચાયલું, પશુઓના હાડકાંઓની માળાઓ લટકતી, પશુના જીવ્હામય પાત્રથી પૂજન વગેરે થતું, પશુઓની ચર્બીથી દીપકનો પૂર્ણ પ્રકાશ થતો અને પશુઓના ચામડાંના ચંદરવાઓ બાંધેલા હતા. આવા અપૂર્વ દેખાવદાર!! દેવીના મંદિરમાં યોગિનીઓ અનેક પ્રકારની ક્રીડા કરતી મહા ભયાનક દેખાવ બતાવી રહી હતી.!!!

સિંહની માફક આસન લગાવીને દેખાવમાં ભયાનક, નેત્રમાં વિદ્યુત સમાન સુશોભિત, હાથની માફક દાંતના આગલા ભાગ વડે ઉગ્ર ખડ્ગ સહીત અને માંસલોલુપ મારિદત્ત રાજા તે દેવીગ્રહમાં બિરાજમાન હતો. રાજાએ શાંતમુદ્રાયુક્ત અભયરૂચિ કુમાર ક્ષુલ્લક અને ચંદ્રમુખી ક્ષુલ્લકીને જોઇ ઉભા થઇ હાથ જોડીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે કહ્યું–" શ્રીમાન્ ક્ષુલ્લક મહારાજ અને ક્ષુલ્લકીજીને સવિનય નમસ્કાર હો. "

ક્ષુલ્લક૦— " હે શુદ્ધ વંશની લક્ષ્મીરૂપ કમલિનીના હંસ ! હે રાજરાજેશ ! હે ગુણશ્રેણીયુક્ત યોગિરાજ ! હે સ્નેહપૂર્ણ દાતા ! હે ફલવાળા વૃક્ષના જેવો નમ્ર ! હે કલાકુલ-કલિત કલાધરા હે જલથી ભરેલા સમુદ્ર સમાન ગંભિર ! હે રાજા આપને ધર્મવૃદ્ધિ થ.ઓ ".

## क्षुल्लक युगलनो आशीर्वाद अने मारिदत्त मोटा विचारमां.

આ પ્રમાણે બાળ યુગલનો શાંતિપૂર્ણ આશીર્વાદ સાંભળીને મહારાજ મારિદત્તના હૃદયનો સઘળો રોષ જતો રહ્યો. તે વખતે રાજા પોતાના મનમાં વિચારવા લાગ્યો–" આહાહા ! કેવું અનુપમ રૂપ વિધાતાએ બનાવ્યું છે ! ધન્ય છે આ સરળ સુકોમળ આંગળી અને દેદિપ્યમાન આરક્ત નખોથી પૂર્ણ હાથ પગની જોડ કેવી અપૂર્વ શોભાયમાન થઇ રહી છે! હા, દુષ્ટ વિધાતા ! આ બન્ને સુકમાર બાળક ક્યાં આવી ગયા ! એ બન્ને બાળક આનંદયુક્ત, પ્રશંસા યોગ્ય, વિદ્યાધરોના ઇંદ્રિ અથવા નાગેંદ્ર પાતાળ ભેદીને આવ્યા છે અથવા આ મધ્યલોકની લક્ષ્મીને જોવાને માટે સ્વર્ગમાંથી સુરેંદ્ર અથવા પ્રભાવાન ચંદ્રમા આવ્યા છે અથવા બાળકનો વેષ ધારણ કરીને મુરારી મહાદેવ અને કામદેવ એ એમાંથી કોઇ આવ્યા છે અથવા પરિગ્રહભંગ અને લિંગરહિત કોઇ અન્ય દેવ છે અથવા અવ્યક્ત રૂપ ધારણ કરીને ધુતિ, ધૈર્ય, કાંતિ, કીર્તિ, લક્ષ્મી, શાંતિ, શકિત, બુદ્ધિ અને સિદ્ધિની પૃથ્વી છે અથવા યશનું સ્થાન, ગુણોની શ્રેણી, દુઃખનાશક કવિયોની વાણી, અને પુણ્યની ભૂમિ છો આ ઉપરાંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વદન શાંતિ મૂર્તિ ચંડમારી દેવીજ મનુષ્યનું રૂપ ધારણ કરીને મારી ભક્તિની પરીક્ષા કરવાને આવી છે અથવા મારા કોઇ સંબંધી દિક્ષા ગ્રહણ કરીને સંસાર પાર ઉતરવાને અહીંઆ ઉપસ્થિત થયા છે." આ પ્રમાણે અનેક પ્રકારે વિચાર કરીને રાજાએ ફરીથી ક્ષુલ્લક મહારાજને પ્રશ્ન કર્યો.

## क्षुल्लक युगल प्रत्ये राजानी वातचीत.

**રાજા**—"અહો મહાનુભાવ ! આપ કોણ છો? શું રાજ્યભ્રષ્ટ થઇને શત્રુઓના ભયથી નગર તજીને ન્હાસતા અહીંઆં આવ્યા છો ? અથવા કોઇ જગ્યાના રાજપુત્ર છો, જે રૂષ્ટ થઇને ગુપ્ત રીતે વેષ બદલીને અહીંઆં આવ્યા છો ? અને આ શાંતિ મૂર્તિ મહારૂપવતી કુલાનંદદાયિની કન્યા કોની પુત્રી છે ? અહો ! આ બાલ્યાવસ્થામાં વ્રતપૂર્વક દિક્ષા, પરઘર ભિક્ષા અને મહાન ગુણોની પરીક્ષા, એજ પ્રમાણે એકથી એક વધારે અદ્‌ભૂત દેખાય છે. હે કુમાર! હે મુનિ! આ હમારા શુદ્ધ અને કીર્તિગૃહ શ્રેષ્ઠનગરમાં આ કુમારી સહિત આપ કેવી રીતે પધાર્યા, એ આપનું પાપનાશક અને સુખદાયક વર્ણન કહો."

**ક્ષુલ્લક મહારાજ૦**—"રાજા ! જેમ આંધળાની આગળ નૃત્ય, બહેરાની આગળ ઉત્તમ ગાયન, ઉજ્જડ ખેતરમાં બીને વાવવું, નપુંસક પુરૂષ આગળ તરૂણ બાળાના કટાક્ષોનું નિક્ષેપન, મીઠા વગરનું વિવિધ પ્રકારનું ભોજન, અજ્ઞાનીઓમાં તીવ્ર તપનું આચરણ, નિર્બળની શરણ, શુભ ધ્યાનરહિત પુરૂષને સમાધિમરણ, અપાત્રને દાન, મોહરૂપી ધૂળથી ઘેરાયલા મનુષ્યને ધર્મનો બોધ અને જંગલમાં રૂદન જેમ વૃથા છે તે પ્રમાણે **આપની આગળ મારૂં ચરિત્ર કહેવું વ્યર્થ** છે કેમકે જે ગુરૂ મસ્તકમાં શૂળ સમાન જીનેંદ્રથી પ્રતિકુળ પુરૂષની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



હોમ માટે ક્ષુલ્લકનું જોડું, ચંડમારીદેવી, ભૈરવાચાર્ય, મારિદત્ત
રાજા વગેરેની હજૂરમાં [ જુઓ પાનું ૧૪ ]
( સોલાપુરનિવાસી શેઠ હરીભાઇ દેવકરણ ગાંધી તરફથી પ્રાપ્ત. )

'Jain Vijaya' Press—Surat.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગમ શુદ્ધ વચનોવડે પરમાગમનું કથન કરે છે તે શુદ્ધ ધી અને દુષને સર્પના મુખમાં આપીને તેનો નાશ કરે છે. **હે રાજન્! જે** પ્રમાણે મૂર્છિત પુરૂષને શીતળ જળ અને પવનથી સચેત કરવામાં આવે છે, તે પ્રમાણે ઉપશાંત હૃદયને ધર્મોપદેશ આપવામાં આવે છે, પરંતુ જે પ્રમાણે સૂકા ઝાડને વાવવું નકામું છે તે પ્રમાણે **અવિનયીને સંબોધવું પણ નકામું છે.**"

રાજા! મારૂં જે ચરિત્ર છે તે ધર્મવિધાનો ઉપદેશ છે અને ઉત્તમ પુરૂષોને સાંભળવાયોગ્ય છે, તે માટે જો મારૂં ચરિત્ર સાંભળવા ઇચ્છતા હો, તો શાંત ચિત્તથી સાંભળો.

આ પ્રમાણે **અભયરૂચિ કુમાર-ક્ષુલ્લક**નાં વચન સાંભળીને ઉપશાંતહૃદય થઇને મહારાજ મારિદત્તે ભંભા, ભેરી, દુંદુભિ અને પ્રચંડ ઢોલતાસાનો અવાજ બંધ કરાવીને મનુષ્યોનો કલકલાટ પણ બંધ કરાવી દીધો અને પછી હિંસાના વિનોદનું નિરાકરણ કરીને ફરીથી ક્ષુલ્લક મહારાજને વિનયપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો.

**મારિદત્ત૦**—"હે દયાપાળક! હે સ્વામી! આપની આજ્ઞાનુસાર આ વખતે સઘળી સભા શાંત થઇ રહી છે. જુઓ, સર્વ મનુષ્ય વિનયયુક્ત આપની વાણીની અભિલાષાથી કેવા બેઠા છે! જાણે પ્રવીણ ચિત્રકારના બનાવેલાં ચિત્રજ છે. હવે આપ આપનું ચરિત્ર સંભળાવો.

**ક્ષુલ્લક૦**—રાજા! જો આપની પૂર્ણ અભિલાષાજ છે, તો હું મારૂં ચરિત્ર કહું છું તે એક ચિત્તથી સાંભળો.

P.P. Ac. Gunratnasuri M.S.  Jun Gun Aaradhak Trust

# प्रकरण ३ जुं.

## अवंति देश अने उज्जयिनी नगरीनुं वर्णन.

ક્ષુલ્લક૦—આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પૃથ્વીના તિલક જેવો **અવંતી** નામનો દેશ છે. આ દેશ ધનવાનો, વિદ્વાનો અને ખેડુતો વગેરેના સુંદર ઘરોથી શોભાયમાન છે. આ દેશના ખેડુતોની સ્ત્રીઓના સુંદર કર્ણપ્રીય ગીતોને સાંભળી મુસાફરો એવા મોહિત થઇ જાય છે કે ત્યાંથી જરા પણ ખસવાનું મન થતું નથી. આ દેશની સ્ત્રીઓ જળથી ભરેલા ઘડાઓ મસ્તક ઉપર મૂકીને હારદોર ચાલતી એવી દેખાય છે કે જાણે જિનરાજના જન્માભિષેકને માટે ક્ષીરસમુદ્રમાંથી જળ ભરીને જતી દેવાંગનાઓની હારજ છે. આ દેશમાં તંદુલોના કણોવડે સુગંધિત પવનયુક્ત ખેતરોની કયારીઓમાં પોપટો ચુમચુમ શબ્દ કરે છે. આ દેશમાં ગાયોનાં ટોળાં પશુભાષા બોલતાં શેરડીના સાંઠાઓ ખાય છે.

હે રાજા ! આ અવંતિ દેશમાં ગાયોના પાછલા ભાગને પોતાની જીભવડે ચાટતા બળદોનો સમૂહ અત્યંત મનોહર દેખાય છે. જયાં મંથર ગમન કરતી અને પોતાનાં પુંછડાવડે સારસ પક્ષીઓને ઉરાડતી ભેંસો ફરે છે. જે દેશમાં કાહલ જાતિના વાજીંત્રોના શબ્દમાં આસક્તચિત્ત વ્યભિચારીણી નાયકા ગૃહકાર્યને છોડીને સંકેતને માટે વૃક્ષોના સમુહમાં પહોંચે છે. જે દેશની પતિભક્તા નારીઓ પોતાના ઘરના બારણામાં બેસી પોતાના પ્રાણનાથોની વાટ જોતી અત્યંત શોભે છે. જે દેશના મુસાફરો માર્ગમાં દહીં, દુધ, ઘી અને ચોખા વગેરે ઉત્તમ પદાર્થોને મેળવી આસ્વાદન કરતા સુખપૂર્વક ગમન કરે છે. જે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેશની સ્ત્રીઓ પોતાના મકાનના ઝરૂખાઓમાંથી પોતાના ચંદ્રવદનને બતાવી મુસાફરોને મોહિત કરે છે. જે મનોહર દેશના પશુઓ ખુશ મિજાજમાં રહેતા ઘાસને છોડીને ધાન્યના ખેતરોમાં ચરે છે. એવા રમણિક અવંતિ દેશમાં સ્વર્ગપુરી સમાન **ઉજ્જયિની નગરી** છે.

એ નગરીમાં મરકટ મણિના કીરણોથી વ્યાપ્ત અને સ્ફુરાયમાન હરિત પૃથ્વીતળમાં મૂઢબુદ્ધિ હાથીઓ લીલા ઘાસની આશાથી અને રસની ઇચ્છાનું ચિંતવન કરતા, મહાવતના હુકમ પ્રમાણે મંદગતિથી ગમન કરે છે, એટલે એ નગરીના રાજમાર્ગમાં હરિત મરકત મણિઓ જડેલી છે, જેથી લીલા ઘાસની આશંકા ઉત્પન્ન થવાથી હાથી આગળ ચાલતા નથી; પરંતુ ઘાસના રસની લોલુપ્તાથી તે ખાવાની ઇચ્છા કરતા ઉભા રહે છે, પરતુ મહાવતના હુકમથી ધીમે ધીમે આગળ ચાલે છે.

હે રાજન્! આ ઉજ્જયિની નગરીના ઘરોમાં જડેલી ચંદ્રકાન્ત મણિઓની કાંતિ આકાશમાં કેવી શોભા વિસ્તારે છે કે જાણે ઉછળતી ધવલકીર્તિજ છે. આ નગરીમાં પીળા મણિઓના રાગથી લિપ્ત મૃગલોચના કેશરનો તિરસ્કાર કરે છે કેમકે પિત્તમણિની પીળાશથી તે સ્ત્રી પોતેજ પીળી દેખાય છે, તોપછી કેશરને શું કામ અંગીકાર કરે? આ નગરીમાં ચીરકાળથી પરદેશ ગયા છે પતિ જેમના એવી સ્ત્રીઓ સવારમાં પોતાના મુખને મણિઓની ભીંતમાં જોતી મ્લાન મુખ થઇ જાય છે કેમકે ભર્તાર વિના અમારા મુખમંડળને કોણ જોશે, જેથી આ અમારો શણગારજ નકામો છે. વળી અત્રેના ઘરોમાં રત્ન અને મુક્તાફળોના રંગની ચારે તરફ સુગંધિત પુષ્પોની કયારીઓ કેવી અનુપમ શોભા વિસ્તારી રહી છે! એ નગરીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહેવાસીઓ બીજાઓને સુખી કરતા પોતે વૃદ્ધિરૂપ થઇ રહ્યા છે. તેમજ એ નગરના સઘળા લોકો ચોર વગેરેના ઉપદ્રવથી રહિત નિરાંતે ઉંઘે છે.

એ નગરીના રાજમાર્ગમાં ગમન કરતા હાથીઓના મદથી કર્દમ થઇ રહે છે. વળી જ્યાં અનેક પ્રકારના સેંકડો બજાર છે, જેમાં સેંકડો દુકાનો પોતાની શોભા વિસ્તારતી કેવી હારદોર દેખાય છે! હે રાજન્! એ મોટી નગરીનું વર્ણન હું ક્યાંસુધી કરૂં?

## यशोर्ध राजा अने यशोधर पुत्रनो परिचय.

એ નગરીમાં **યશોર્ધ** નામનો મોટો પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. એ રાજા મોટો ન્યાયવાન અને સત્યવાદી હતો. યૌવનાવસ્થામાં આરૂઢ એ રાજા એવો શોભતો હતો કે જાણે ગુણોનો મેલાપ, તપનો પ્રભાવ, પુણ્યનો સાગર, કળાનો સમૂહ, કુળનો ભૂષણ, યશનો નિધાન, ન્યાયનો માર્ગ અને જગતનો સૂર્યજ છે. એ પ્રજાપાલક રાજા અનાથોને ચિંતામણી સમાન, શત્રૂરૂપ પર્વતને ચૂર્ણ કરવાને વજ્રપાત સમાન અને મંડલીના રાજાઓના મુગટોમાં ચૂડામણિ સમાન શોભતો હતો. એ પૃથ્વીપાલ રાજાને કામની વિદ્યા, કામની શક્તિ, કામની દિપ્તિ, કામની કીર્તિ, કામના બાણોની પંક્તિ અને કામના હાથની વીણા સમાન **ચંદ્રમતિ** નામની રાણી હતી. એ મહારાણીની કૂખે સુવિવેકી **યશોધર** નામનો (હું) પુત્રરત્ન ઉત્પન્ન થયો.

હે રાજન્! જ્યારે હું બાલ્યાવસ્થામાં આવ્યો, ત્યારે પ્રથમ તો હું મારી ઉમરના બાળકોની સાથે ઘરમાંજ બાળક્રીડા કરવા લાગ્યો. પછી જ્યારે ભણવાલાયક થયો ત્યારે મારા માતાપિતાએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને યોગ્ય અધ્યાપકની પાસે બેસાડ્યો. ત્યાં પહેલાં તો સ્વર, વ્યંજન અને બારાખડી શીખીને પછી ક્રમપૂર્વક વ્યાકરણ, કોષ, ન્યાય, કાવ્ય, છંદ, અલંકાર વગેરે શીખ્યો; પછી મેં જ્યોતિષ, સામુદ્રિક, અને વૈદકનો અભ્યાસ કર્યો. તે પછી ગાયનવિદ્યા તથા નવરસયુક્ત નૃત્યકળા અને વાજીંત્ર વગાડવાની વિદ્યામાં પણ જાણીતો થઇ ગયો. પછી રત્નપરીક્ષા, હાથી, ઘોડા, બળદ વગેરે પશુઓની પરીક્ષાના શાસ્ત્રોનું અધ્યયન કર્યું. પછી ચિત્રકળા અને કાષ્ટકર્મમાં પણ પ્રવિણ થયો. તે પછી હાથી ઘોડા ઉપર બેસતાં, ધનુર્વિદ્યા, યુદ્ધકળા, મલ્લવિદ્યા, જળમાં તરવું વગેરે અનેક પ્રકારની કળાઓ પણ શીખ્યો. હે રાજા! જે વખતે મેં લાવણ્યરૂપ જળથી સીંચેલી તરૂણતામાં પદાર્પણ કર્યું તે વખતે જો કે અંગસહિત હતો તો પણ કામદેવસમાન દેખાતો હતો. જ્યારે મારા પિતાએ મને રૂષ્ટપુષ્ટ ઉમરલાયક થયેલો જોયો ત્યારે રૂપલાવણ્યની નદી સમાન પાંચ રાજપુત્રિઓની સાથે મને પરણાવ્યો. હું પણ સુખસાગરમાં એવો મગ્ન થયો કે જતા સમયને જરાપણ જાણ્યો નહી.

## यशोर्धं राजाने वैराग्य.

હવે એક સમયે મારા પિતા યશોર્ધ મહારાજ ચંદ્રમાના કિરણ સમાન સફેદ બાલને જોઇ ચિંતવન કરવા લાગ્યા—" હા કષ્ટ! રતિની સંપત્તિને મથવાવાળી અને દુર્ભાગ્યની રાશી એવી જરા (ઘડપણ) દાસીએ શું મારા વાળને ગ્રહણ કરી લીધા? અથવા આ સફેદ વાળ ઉત્કટ અને દુષ્ટ કાળાગ્નિ વડે બળેલા તારૂણ્ય રૂપ વનની ભસ્મની કણિકા છે? એજ પલિત વાળ મારી વૃદ્ધાવસ્થાને સૂચવે છે. આ વૃદ્ધાવસ્થામાં મુખમાંથી નીકળતી લાળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવી જણાય છે કે જાણે પુરૂષના શરીરમાંથી શક્તિજ લાળનું રૂપ ધારણ કરીને નીકળી રહી છે તથા વૃદ્ધના મુખમાંથી જે દંતપંકિત પડે છે, તે જાણે પાપોદયથી પુણ્યની સૃષ્ટિજ પડી રહી છે. આ અવસ્થામાં કામિનીની ગતિ સમાન મંદ દૃષ્ટિ થઇ જાય છે તે વખતે હાથમાં લાકડી સ્થિર રહેતી નથી. એ સત્યજ છે કે નવી આવેલી ઘડપણરૂપી સ્ત્રીના સંસર્ગથી લાકડીરૂપી સ્ત્રી કેવી રીતે સ્થિર રહી શકે ! આ ઘડપણ અવસ્થામાં કુકવિના કાવ્યની માફક પગ પણ ચાલતા નથી, એટલે જે પ્રમાણે ખોટા કવિના કાવ્યના પદ ચાલતા નથી તે પ્રમાણે વૃદ્ધ પુરૂષના પગ પણ ચાલતા નથી. વૃદ્ધ પુરૂષના શરીરમાંથી જે લાવણ્યતા જતી રહે છે તે એવી જણાય છે કે જાણે ઘડપણરૂપી નદીની લહેરોથી ધોયેલા છે.

આ પ્રમાણે ચિંતવન કરીને યશોર્ધ મહારાજ વિચારવા લાગ્યા કે દેશ, ખજાનો, શાસ્ત્ર, સેના, મંત્રી, ગઢ અને મિત્ર એવા સાત અંગ રાજ્યના તથા બે હાથ, બે પગ, નિતંબ, પૃષ્ટિ, અને મસ્તક એવા આઠ અંગ શરીરના છે, તે કોઇના પણ ઘરમાં હમેશાં સ્થિર રહેતા નથી તે માટે ઉત્તમક્ષમા, માર્દવ આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન અને બ્રહ્મચર્ય એવા **દશ ધર્મનું પાલન** કરૂં છું, તથા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ એવા **પાંચ મહાવ્રતોનું** આચરણ કરૂં છું.

યશોર્ધ મહારાજ વળી પણ વિચારવા લાગ્યા કે મેં મારી અજ્ઞાનતાથી વિષયભોગોમાં મગ્ન થઇને અને મારા કુટુંબીઓના સ્નેહમાં તલ્લીન થઇને આટલો વખત ફોકટ ગુમાવ્યો. મેં એવાતનો જરાપણ વિચાર ન કર્યો કે પંચેંદ્રિયોના વિષય ઝેર ભરેલા ભોજનની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માફક પ્રાણઘાતક અને કુગતિમાં લઇ જવાવાળા છે. એ સિવાય મેં એનો પણ વિચાર ન કર્યો કે પુત્ર, મિત્ર વગેરે સઘળો કુટુંબસમૂહ સ્વાર્થપરાયણ છે. એમના સ્નેહમાં ફસીને ઉચિત વિચાર ન કરતાં પાપ કાર્યોમાં તત્પર થઇ રહ્યો હતો, પરંતુ હવે સઘળાં કાર્યોનો ત્યાગ કરી જિનદિક્ષા ગ્રહણ કરીને મહા તપશ્ચરણ કરી સંસારભ્રમણથી મુક્ત થઇ જઇશ, વગેરે વિચાર કરીને મહારાજ યશોધેં સઘળા રાજકર્મચારીઓને બોલાવી પોતાના મનની વાત સંભળાવી, તે વખતે સઘળા કર્મચારીઓ જોકે પોતાના હૃદયમાં ઘણા દુઃખી થયા, પરંતુ મહારાજને દૃઢ પ્રતિજ્ઞાવાળા જોઇ કંઇપણ કહેવાનું સાહસ કર્યું નહીં, પણ મહારાજની આજ્ઞાનુસાર સઘળી સામગ્રી એકઠી કરી અને પછી યશોધર નામના પુત્રને (મને) બોલાવીને રાજ્યાસન ઉપર બેસાડયો.

## यशोधरने राज्यगादीनी प्राप्ति.

હે રાજન્! મારા પિતા યશોર્ધ મહારાજે જે વખતે મારા હાથમાં રાજ્યપટ્ટ સોંપ્યું તે વખતે બીજા સઘળા રાજાઓને બોલાવી તેમની સાથે મારો હસ્ત મેળાપ કરાવીને કહ્યું કે આ વિસ્તૃત રાજ્ય આપના ભરોસાપર છે, વગેરે કહીને મારા પિતા જૈનપંથના મુસાફર બનીને વનમાં ગયા, અને જૈનાચાર્યની પાસે જિનેશ્વરી દિક્ષા ગ્રહણ કરી.

મારા પિતા તો કામરૂપી મદના વિઘાતક થઇ મહા તપશ્ચરણ કરતાં મોક્ષપ્રાપ્તિને માટે પ્રયત્ન કરવા લાગ્યા અને મેં જુના મંત્રીઓની સહાયતાથી ન્યાયશાસ્ત્ર અને **રાજવિદ્યા** વડે ઇંદ્રિયવિજયી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. **ત્રયીવાર્તા** નામની વિદ્યાથી બ્રાહ્મણ, ક્ષ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રી, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વર્ણોના આચારવિચાર જાણ્યા. **દંડનીતિ** નામની વિદ્યાથી ખોટા મદયુક્ત દુષ્ટોના યોગ્ય દંડનું સ્વરૂપ જાણ્યું, અને **વાર્તા** નામની વિદ્યાથી ધનાદિ કમાવાની રીતિ નીતિનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. તે પછી **લોકનીતિ** અને ધર્મના જાણકાર વૃદ્ધ પુરૂષોની સોબતથી જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી એવા **સાત વ્યસનનો ત્યાગ** કરીને ક્રોધ, માન, માયા અને લોભ એ **ચાર કષાયોને** છોડી દીધા. હે રાજન્! તે સમયે જોકે હું કામવિનોદનું નામમાત્ર સેવન કરતો હતો, તોપણ દર્પોત્પાદક અંગોથી નિશ્ચિત દૂર રહેતો હતો. લડાઇ, ટંટો, કેદ, આશ્રય વગેરે રાજ્યના અંગોનું જ્ઞાન મંત્રીઓ દ્વારા જે સમયે મારા હૃદયમાં સ્ફુરાવા લાગ્યું તે વખતથી મૃત્યુસમૂહ કંપિત ગાત્ર થતો પોતાના કાર્યમાં તૈયાર થવા લાગ્યો. જે મારાથી ડરતા હતા, તેઓ નગરગામ છોડીને જંગલમાં રહેવા લાગ્યા. જે રાજાઓ દુષ્ટ મંત્રીઓના બ્હેકાવાથી યુદ્ધમાં મારી સામે થયા તેઓનો ચંચળ વીજળીની માફક નાશ થઇ ગયો, અને જેઓ નરમ સ્વભાવનાં હતા તેઓ સુખપૂર્વક પોતાનું જીવન ગાળવા લાગ્યા.

હે રાજા! રણસંગ્રામમાં દુર્નિવાર તલવારની ધારથી પરમંડળના રાજાઓનો મેં નાશ કર્યો, અને ચારે દિક્ષાઓમાં ફેલાતા મારા તેજથી સૂર્ય અને ચંદ્રમાને જીતી લીધા. એ તો તમે પણ જાણો છો કે, જે પ્રતાપવાન અને રાજ્યકાર્યનો જાણકાર રાજા હોય છે તે સ્વરાજયનો રક્ષક અને પ્રજાનો પાલક હોય છે. હું પણ તે સમયે ન્યાયપૂર્વક રાજ્ય કરતો સ્વજન અને પરજનોમાં પ્રતિષ્ઠાપાત્ર બની સુખપૂર્વક જીંદગી ગાળતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

I-3298



# प्रकरण ४ थुं.

## यशोधर राजा अमृतमति राणीमां आसक्त.

હે રાજન્! તે યશોધર રાજા (હું) પોતાની સ્ત્રીના પ્રેમમાં આસક્ત ચિત્ત થઇ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે મારી પ્રિય ભાર્યા **અમૃતમતિ** મારા હૃદયમાં વાસ કરતી નેત્રના ટમકાર માત્ર વિયોગથી ગભરાઇ જાય છે, તો હું પણ તે પ્રિયા સહિત ભોગ ભોગવીશ. હવે ચાહે રાજ્યનો નાશ થઇ જાય, ચાહે લક્ષ્મીપર વજ્રપાત થાય, અને ચાહે લજ્જાનો પણ નાશ થઇ જાય, પરંતુ તે હૃદયવાસિનીથી એક ક્ષણુ માત્ર પણ જુદો નહિ થાઉં. નહીં! નહીં!! એમ નહીં કરૂં, પણ ગુણોના સમૂહવાળા અને યશ તથા જયનું ધામ એવા મારા **યશોમતિ પુત્રને** રાજ્યસિંહાસન ઉપર બેસાડી તેનેજ રાજ્યકારભાર સોંપીને પછી મારી ઇચ્છાપ્રાપ્તિને માટે અમૃતમતિને ઘેર જઇને તે પ્રિયતમા સાથે ભોગવિલાસ કરીશ અને તેનીજ સાથે ઇચ્છિત ભોજન પણ કરીશ. તે સુકોમળ ક્ષીણ-ગાત્રા મનોહરમુખી પ્રિયા સહિત નિર્જન વનમાં પણ રહેવું ઉત્તમ, સઘળા સુખોનું કારણ અને લક્ષ્મિનો વિલાસ છે. પ્રિયતમા વિના સ્વર્ગમાં રહેવું પણ સારૂં નથી વગેરે અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો.

**હે મહારાજ મારિદત્ત!** જે વખતે યશોધર મહારાજ ઉપર પ્રમાણે વિચાર કરતા હતા, એટલામાં સાંજનો સમય થવા લાગ્યો, તે વખતે સૂર્ય અસ્ત થવાથી દિશારૂપી સ્ત્રીએ રાતાં વસ્ત્ર ધારણ કર્યાં. જે પ્રમાણે મહાન યોદ્ધાઓ રણસંગ્રામમાં શસ્ત્રોના પ્રહારથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તપ્ત થઈને પડતી અવસ્થાને પ્રાપ્ત થઇ જાય છે તે પ્રમાણે સૂય પણ આઠ પહોર તપીને પછી અસ્ત પામ્યો. તે પછી જગત મંડળમાં તારારૂપ પુષ્પો અને ચંદ્રમારૂપી ફળવડે નમ્રીભૂત થતી સાંજ ચારે દિશાઓમાં પ્રસરી ગઇ. સૂર્યાસ્ત વખતે જે અંધકાર ફેલાયો હતો તેનો ચંદ્રના કીરણોના પ્રકાશથી નાશ થવા લાગ્યો. આકાશ મંડળમાં ઉદય થતો ચંદ્રમા લોકોની નજરે એવો દેખાવા લાગ્યો કે જાણે અંધકારના સમૂહને નાશ કરવાવાળું ચક્ર અથવા ઇંદ્રિની લક્ષ્મિના મુખનું મંડનજ છે. તે પ્રકાશમૂર્તિ ચંદ્રમા ગગનમાં પ્રકાશ પાડતો એવો જણાતો હતો કે જાણે કીર્તિરૂપી સ્ત્રીનું મુખમંડલ અથવા સ્ત્રીને સુખ આપવાવાળું અમૃતનું ઘર અથવા પરમાત્માના યશનો ઢગલો અને રાત્રિરૂપી નાયિકાના કપાળનું તિલકજ છે. તે ચંદ્રોદય જો કે સઘળા લોકને આલ્હાદકારક અને શાંતિકર્તા થાય છે પરંતુ પતિ વગરની દુઃખી અને જારરક્તા વ્યભિચારિણી સ્ત્રીઓને સંતાપકારી થાય છે. તે આકાશરૂપી ક્ષેત્રમાં ઉદય થતો ચંદ્રમા ખેડુતની માફક અત્યંત શોભવા લાગ્યો કેમકે આકાશ નક્ષત્રો વડે ભરેલું છે અને ખેતર ધાન્યથી પૂર્ણ છે. આકાશમાં મેષ, વૃષ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન એવી **બાર રાશીઓ** સુશોભિત હોય છે અને ખેતરમાં ચણા, ઘઉં, જવ, અડદ અને મગ, વગેરે અરાઢ પ્રકારના ધાન્યની રાશીઓ ઉન્નત દેખાય છે.

**હે રાજન !** ચંદ્રમાની ચાંદનીથી વ્યાપ્ત સઘળું જગત એવું દેખાતું હતું કે, જાણે રાત્રિરૂપી સ્ત્રીએ ચંદ્રમારૂપી ઘડામાંથી નીકળી અમૃતમય દુધની ધારાથી જગત્‌ને શુભ્ર વર્ણજ કર્યું છે. તે વખતે મહારાજ યશોધરના હૃદયમાં પોતાની પ્રિયાના મેળાપની લાલસા થવાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સિપાઇને હુકમ કર્યો કે, તમે અમૃતમતિ મહારાણીના મહેલમાં જઇને ખબર કરો કે, મહારાજ પધારે છે.

સિપાઇએ અમૃતમતિના મહેલમાં જઇને મહારાજનો હુકમ સંભળાવી દીધો અને પછી મહેલમાંના સઘળા માણસોને હુકમ સંભળાવીને યશોધર મહારાજની પાસે આવીને કહેવા લાગ્યો—શ્રીમન્મહારાજાધિરાજની જય થાઓ. શ્રી પૃથ્વીનાથ! સ્વર્ગ સમાન મહારાણીના મહેલમાં પધારો.

આ પ્રમાણે સિપાઇના કહેવાથી મહારાજ યશોધર (હું) તરત જવાને તૈયાર થયા. જતી વખતે એક સેવક હાથમાં મસાલ લઇને આગળ ચાલતો હતો, અનેક સેવકો ચમર ઉરાડતા હતા, અનેક પુરૂષો માંગલિક શબ્દોમાં યશગાન કરતા જતા હતા, અને અનેક માણસ હાથમાં તરવાર લઇને મારી આગળ પાછળ ચાલતા હતા. આ પ્રમાણે ચાલતો ચાલતો હું મણિમય શિખરયુક્ત અમૃતાદેવીના મહેલમાં પહોંચ્યો. એ રમણીય મહેલ રત્નજડિત દિવાલોથી મનોહર દેખાતો હતો, અનેક પ્રકારના વાંજીત્રોના હૃદયગ્રાહી શોરથી આનંદિત થઇ રહ્યો હતો, પુષ્પોની માળાઓની સુગંધીથી લુબ્ધ ભ્રમરાઓના ગણગણાટથી પૂરિત થઈ રહયો હતો, અને લટકતી મોતીઓની માળાઓ અને રત્નજડિત ચિત્રોવડે અપૂર્વ છટા દેખાઇ રહી હતી.

એ મહેલમાં જઇને મેં શુદ્ધ સ્ફટીકથી જડેલો રત્નોજવાળા ...મનો પહેલો ખંડ એવો જોયો કે જાણે વિશુદ્ધ આકાશજ છે. ...ાંથી આગળ જતાં પુષ્પમણિના સુંદર સમૂહથી ભરેલો અને મુકતા...ોથી જડિત બીજો ખંડ જોયો. ત્યાંથી આગળ જતાં પદ્મરાગ મણિ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓથી શણગારેલો ત્રીજો ખંડ જોયો. તે પછી મરકતમણિ અને નીલ રત્નોની કાંતિના સમૂહથી વ્યાપ્ત ચોથા અને પાંચમા ખંડને જોયા પછી સુવર્ણ નિર્મિત અતિ શોભાયુક્ત છઠ્ઠા ખંડમાં પહોંચીને પોપટ, હંસ, મોર અને મેના વગેરે પક્ષીઓના મનોહર શબ્દ સાંભળીને ચિત્ત પ્રસન્ન કર્યું. ત્યાંથી પદ્મરાગમણિ અને પીતરત્નો વડે શણગારેલા **સાતમા ખંડનું અવલોકન** કરી વિધાતાની શિલ્પ વિદ્યાની પ્રશંસા કરી, તે પછી ત્યાંથી પણ આગળ જઇ ચંદ્રકાંત મણિની શિલાઓના તેજથી વ્યાપ્ત **ગૃહચક્રા નામના આઠમા ખંડમાં પહોંચીને હૃદયને શાંત કર્યું.**

**હે રાજન!** જે વખતે મેં તે અતિ સુંદર મહેલના સાત ખંડને જોયા તે વખતે મારી બુદ્ધિ એવી કંપાયમાન થવા લાગી કે જાણે નરકમાંજ પ્રવેશ કર્યો છે, પણ જ્યારે રત્નકાંતા ગૃહચક્રા નામના આઠમા ખંડમાં પહોંચ્યો ત્યારે મોક્ષપ્રાપ્તિની માફક આનંદ થયો. જો કે આઠ કર્મોનો નાશ થઇનેજ મોક્ષ પ્રાપ્ત થાય છે, પરંતુ હું કર્મોથી લપેટાયલો અને પાપકર્મથી ભરેલો છતાં પણ સર્વાંગગ્રહણી પોતાની પ્રિયાના પ્રેમ આલિંગનની લાલસાથી રોમાંકુરિત હૃદયવાળો અને સ્વેદપૂર્ણગાત્રવાળો થઇને આનંદમાં મગ્ન થઇ ગયો.

**હે પૃથ્વીનાથ!** તે વખતે કામના ઉદ્વેગથી પ્રજવલિત થતા મારા સઘળા શરીરમાં વિષવાળા સર્પની માફક એવી કંપારી ઉત્પન્ન થઇ કે પ્રિયાના મહેલમાં પહોંચવું દુર્ભાગ્ય થઇ ગયું. પછી જેમ તેમ પડેલા દરવાજામાં પ્રવેશ કર્યો કે મૃદુભાષિણી વિનયનમ્ર દાસીએ મને જોઈ જયકાર શબ્દ કર્યો, તે પછી સફેદ જાંગથી આચ્છાદિત નવીન કમળસમાન નવાં અને સફેદ વસ્ત્રોથી આચ્છાદિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોમળ ગાત્રવાળી દાસીના હાથનું અવલંબન કરીને મેં મેહેલમાં પ્રવેશ કર્યો.

**પ્રજાપાલક!** તે મહેલમાં પ્રવેશ કરતી વખતેજ દૈવે મારી બુદ્ધિને હરણ કરી લીધી. તે વખતે મેં મારી પ્રિયાના મુખના સુગંધિત સ્વાદયુકત વચનોને સાંભળીને નાક અને કાનને આનંદિત કર્યા, તે મંજુભાષિણીનું અત્યુત્તમ સુંદર રૂપ જોઇને નેત્રતૃપ્તિ કરી, તે ચંદ્રવદનના હોઠની મીઠાસના આસ્વાદનથી જીભને સંતોષિત કરી અને તે સુકોમળગાત્રાના શરીરના સ્પર્શથી સઘળું શરીર સુખથી પૂર્ણ કર્યું. આ પ્રમાણે તે ચંદ્રાનનાના સંભોગથી પાંચે ઇંદ્રિયોની તૃપ્તિ થઇ, તે વખતનો આનંદ અને હર્ષ અપૂર્વ હતો.

**હે રાજન્!** તે વખતનું અવલોકન, સંભાષણ, દાન, આલિંગન, વિશ્વાસ, પ્રિયતમાનો મેળાપ અને રતિક્રીડા જે મને અમૃતાદેવીના સંસર્ગથી પ્રાપ્ત થયું તેવું કોઇને પણ પ્રાપ્ત થયું હશે નહી! તે વખતનું હાસ્યરસમિશ્રિત કામોત્પાદક મંજુભાષણ, હૃદયગ્રાહી મુખનો વિકાર, ચિત્તાકર્ષકભાવ, ભ્રમર અને આંખના નિક્ષેપગુરૂપ વિભ્રમ અને રતિક્રીડાના સમયનો રસાસ્વાદ અપૂર્વ દેખાતો હતો.

## રાણી અમૃતાદેવીનું નીચ કાર્ય.

**ન્યાયમૂર્તિ!** સઘળી ક્રીડાથી નિશ્ચિંત થઇને જ્યારે હું તે સિંહકટી, કમલદલનેત્રા, પીનોન્નતકુચા, ભ્રમરવિનિંદીતકેશા, ચંદ્રવદની, ગજગમની પ્રિયાના રૂપનું સ્મરણ કરતો આંખો બંધ કરીને સૂઇ ગયો હતો, એટલામાં તે પરપુરૂષરતા (મારી સ્ત્રી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમૃતાદેવી ) મારી પાસેથી ઉઠીને ધીમેધીમે જવા લાગી. હું પણ તરતજ ઉઠીને જોવા લાગ્યો કે અડધી રાત્રે આ ક્યાં જાય છે, એવો વિચાર કરીને **હાથમાં તરવાર લઇને ગુપ્તરીતે તેની પાછળ** ગયો અને જોયું તો તે એક કૂબડા (ખૂંધા)**ની સામે હાથ જોડીને ઉભેલી હતી !!**

**પૃથ્વીનાથ** ! તે કૂબડો પુરૂષાર્થમાં અનુદ્યમી, સર્વેને નીંદનીય, કાષ્ટ સમાન ગાત્રવાળો, લાંબા દાંતોથી દંતાલુ મુખ, તુંબડા જેવું પેટ, સૂક્ષ્મ અને કઠોર હૃદયવાળો, લાંબા કેશોથી ભયાનક, બીજા પુરૂષોના ખાસડાંનો રક્ષક, એંઠુંજુઠું અન્ન ખાવાવાળો એવા મહા કુરૂપ કૂબડાએ જે વખતે અમૃતાદેવીને જોઇ, ત્યારે તે વક્રદ્રષ્ટિથી હુંકાર શબ્દ કરતો કહેવા લાગ્યો—"હે સદ્‌ભાવરહિત દાસી ! તેં આટલો વખત કેમ કર્યો, રોજની માફક જલ્દી કેમ નહિ આવી ?" વગેરે અડબડતો હાથમાં ચાબૂક લઇને તે સાલંકારા (આભૂષણયુકત સુંદરી)ને મારવા લાગ્યો, તે પછી તેનો ચોટલો પકડીને જમીન ઉપર નાંખી લાતો મારતો હતો તે વખતે કૂબડાને પગે લાગીને અમૃતાદેવી નમ્ર ભાવથી કહેવા લાગી—"સ્વામિ ! આજે ઘરના કામકાજમાં નવરાશ ન મળવાથી આટલું મોડું થયું. નાથ ! આપ કામદેવ સમાન મારા હૃદયમાં વાસ કરો છો, જેથી આપ ગુસ્સે થવાથી મારા છત્ર, ચમર, આસન, મહેલ, હાથી, ઘોડા, રથ, પયાદા, વસ્ત્ર, આભૂષણ વગેરે સઘળું નકામું છે."

**પ્રાણવલ્લભ** ! આપના વિના કુંકુમનું વિલેપન, રત્નસુવર્ણ જડિત આભૂષણ, ઉત્તમ મોંઘા વસ્ત્ર અને મુકતાહાર વગેરે સઘળું અગ્નિજ્વાળા સમાન સર્વ અંગને દગ્ધ કરે છે. હે વિધાતા ! તેં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને મોટા કુળમાં ઉત્પન્ન કરીને મારા ભર્તાર કેમ ન બનાવ્યા ? અને જો એવું નહી કર્યું તો મને જીવતી શું કામ રાખી ? ”

**પ્રિયવર** ! આપની ગેરહાજરીમાં જે વખત વ્યતીત થાય છે, તેને હું એમ માનું છું કે પૂર્વસંચિત પાપકર્મના ઉદયનું ફળ આજે ભોગવું છું. આ પ્રમાણે કૂબડાને પ્રાર્થના કરતી અમૃતાદેવી ફરીથી કૂબડાનું મન પ્રસન્ન કરવાને માટે **પ્રતિજ્ઞા** લેવા લાગી કે જો કદાચ **યશોધર રાજા મૃત્યુને પ્રાપ્ત થઈ જાય, તો હું નૃત્ય કરીશ,** અને ચૈત્ર માસમાં નૈવેદ્યથી કાત્યાયિની દેવીની પૂજા કરીશ.

## कूबडो अने राणी अमृतादेवी प्रेमपाससां.

મારિદત્ત મહારાજને ક્ષુલ્લકજી વળી પણ કહેવા લાગ્યા—“હે રાજન ! અમૃતાદેવી ઉપર પ્રમાણે નમ્ર વચનો વડે પોતાના યાર કૂબડાને સંતોષિત કરીને ગાઢ આલિંગન કરવા લાગી. તે સમયે બન્ને જણા પ્રેમસાગરમાં નિમગ્ન થઇને ભય લજ્જાને એકદમ ભૂલી ગયા ! !

તે વખતે તે બન્નેની અવસ્થા જોવાથી મારો ક્રોધ સમાયો નહિ અને તરતજ સંગ્રામના લોહીની તરસી, દુશ્મનોના મસ્તકોને કાપનાર અને વિદ્યુત્ સમાન ઝળહળતી તરવાર મ્યાનમાંથી કાઢીને જેવો તે બન્નેને મારવાને તૈયાર થયો કે તે વખતે મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે **જે તીક્ષ્ણ તરવારથી પ્રબળ વીરોની સેનાનો નાશ** કર્યો, જે તરવારથી રાજાઓને હરાવ્યા, જે તરવારથી મહા ભયકંર સિંહોનો નાશ કર્યો **તે તરવારથી** આ ગરીબોને **કેમ મારૂં ?** જે તરવાર રણસંગ્રામમાં શત્રુઓના મસ્તક પર પડી, તે ગરીબોના મસ્તક પર કેમ પડે ? વગેરે વિચાર કરીને મેં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષમારૂપ જળથી ક્રોધાગ્નિને શાંત કરીને મારી તરવારને મ્યાનમાં ઘાલીને હું ત્યાંથી ચાલતો થયો. અને તે વિચિત્ર મહેલમાં જઇને ગુપ્ત રીતે પથારીમાં સૂઇને તે હૃદયવાસિની ચારૂહાસિની દુષ્ટાના ચરિત્રોનું સ્મરણ કરવા લાગ્યો કે–હા! ધિક્કાર તારી બુદ્ધિપર! તેં તારા મનમાં જરા પણ વિચાર ન કર્યો કે કયાં મારૂ ક્ષત્રિય કુળ અને કયાં તે રંક વંશ, કયાં તું સમુદ્રાંત પૃથ્વીના પતિની પ્રાણવલ્લભા અને કયાં તે હાથી ઘોડાઓનાં એઠાં અન્નથી આજીવિકા કરવાવાળો કૂબડો? હા! દુષ્ટણી! તેં એમ પણ વિચાર ન કર્યો કે મારો પતિ રાજાધિરાજ છે અને નવયૌવન પુત્ર હોવા છતાં આવા નીચ, રંક, દરિદ્રી ઉચ્છિષ્ટભોજી, મલિન ગાત્ર, કૂબડાની સાથે કેમ રમણ કરૂં છું? હા! અમૃતાણી તારી બુદ્ધિ એકદમ નષ્ટ થઇ ગઇ, તને આ નીચ કામ કરતાં જરાપણ લાજ નહિ આવી, પરંતુ એ પણ સત્ય છે કે જે વલ્લરીની વેલ આમ્રવક્ષની ડાળીપર વળગીને આમ્રફળને સ્પર્શ કરે છે, તેજ વેલ કાંટાના ઝાડની ડાળીપર વીંટળાઇને ચુંબન કરે છે. જે ઝાડની ડાળી ઉપર હંસ બેસે છે તેનાજ ઉપર બગલું પણ બેસે છે, જે કમળ સૂરજના કિરણોના સ્પર્શથી પ્રફુલ્લિત થાય છે તેનોજ દેડકો પગેથી પ્રહાર કરે છે.

હે રાજન! ઉપર પ્રમાણે વિચાર કરતાં કરતાં યશોધર મહારાજા (હું) ગોપવતી, વીરવતી, રક્તા વગેરે દુરાચારિણી સ્ત્રીઓના ચરિત્ર સ્મરણ કરવા લાગ્યા.

---



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું.

## ગોપવતીનું દુશ્ચરિત્ર.

કોઈ એક ગામમાં મહાન વ્યભિચારીણી કુલટા **ગોપવતી** નામની સ્ત્રી પોતાના ભર્ત્તાર સહિત રહેતી હતી. એક સમયે એના ભર્ત્તારે એના ચરિત્રથી વ્યાકુળ થઇને બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યા, અને પોતે નવી સ્ત્રી સાથે ભોગવિલાસ કરવા લાગ્યો. આ ન સહન થવાથી તે દુષ્ટ ગોપવતી અત્યંત ક્રોધાયમાન થઈ અને એક દિવસ જ્યારે તેનો ભર્ત્તાર નવી સ્ત્રી સાથે સૂતેલો હતો ત્યારે તેને જોઇ તે ગોપવતીએ વિષધારિણી સર્પિણીની માફક ફુંકાર કરતી તીક્ષ્ણ તરવારથી પોતાની 'શોક'નું મસ્તક કાપીને કોઇ જગ્યાએ છુપાવી રાખ્યું.

એ પછી એનો ભર્ત્તાર પોતાની નવી સ્ત્રી મરી જવાથી તેની દહનક્રિયામાંથી પરવારીને ભોજનને માટે ગોપવતીના ઘરમાં ગયો અને ત્યાં મરી ગયલી સ્ત્રીના શોકથી ઉદાસ મોંઢે બેઠો અને ભોજનમાં અરૂચિ કરવા લાગ્યો.

પોતાના ભર્ત્તારની આવી દશા જોઇને ગોપવતી પોતાની 'શોક'નું મસ્તક ભોજનની થાળીમાં મુકીને કહેવા લાગી,—" આ ભક્ષણ કરો ". આવું કર્તુક જોઇને તે ભર્ત્તાર ભયભિત થઇને ત્યાંથી ન્હાસવા લાગ્યો, પરંતુ તે દુષ્ટ રાક્ષસીએ તેને ન્હાસવા દીધો નહીં અને તીક્ષ્ણ તરવારથી ભર્ત્તારનું મસ્તક કાપી લીધું અને પછી નિશ્ચિંત થઇને મનગાન્યો વ્યભિચાર કરવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## વીરવતીનું દુષ્ચરિત્ર.

એક **સુદત્ત** નામના પુરૂષે એક **વીરવતી** નામની સ્ત્રી સાથે લગ્ન કર્યાં અને કેટલાક દિવસ પછી તે સ્ત્રીને તેડવાને માટે સાસરે ગયો. વીરવતી એક **અંગારક** નામના **ચોર** ઉપર આસક્ત હતી. સુદત્તના જવાથી તે સ્ત્રીને અંગારકની પાસે જવાનો વખત મળતો નહોતો, જેથી તે રાત દિવસ વ્યાકુળ રહેતી હતી. એક દિવસ કોઇ અપરાધને લીધે અંગારકને સ્મશાનમાં શૂળીએ ચઢાવવામાં આવ્યો. આ વાતની ખબર વીરવતીને પડેલી હતી, પરંતુ દિવસના અવકાશ ન મળવાથી રાતની વખતે જ્યારે એનો ભર્ત્તાર નિદ્રામાં ઘુરાટવા લાગ્યો ત્યારે અડધી રાત્રે ગુપ્ત રીતે સ્મશાનમાં પોતાના પ્રેમી આસકની પાસે જઇને **શૂળીની નીચે મુડદાંઓનો ઢગલો કરીને** તેના ઉપર ઉભી થઈ અને તે ચોરને આલિંગન કર્યું !!! પછી જે વખતે તે અંગારકે એના અધરામૃત (હોઠની મીઠાશ) નું પાન કર્યું તે વખતે અંગારકનો જીવ જવાથી તેના દાંત બંધ થઈ ગયા અને નીચે જે મુડદાંઓનો ઢગલો બનાવ્યો હતો તે ખસી ગયો, જેથી **વીરવતીનો હોઠ કપાઇને અંગારકના મોંઢામાં રહી ગયો.**

પછી વીરવતી મોઢું છુપાવીને જે પ્રમાણે ગુપ્ત રીતે આવી હતી તેજ પ્રમાણે પોતાને ઘેર જઇને ભર્ત્તારની સાથે સૂઇ ગઇ. તે પછી તે દુષ્ટ વ્યભિચારીણીએ યુક્તિપૂર્વક પોકાર કર્યો કે-"હાય ! હાય !! મારા પતિએ મારો હોઠ કાપી લીધો." એનો પોકાર સાંભળીને મોહોલ્લાના સઘળા લોકો એકઠા થઇ ગયા. જ્યારે સવાર પડી ત્યારે રાજદરબારમાં જઇને રાજાને સઘળી વાત સંભળાવી એટલે રાજાએ સુદત્તને ગુન્હેગાર જાણીને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. જ્યારે રાજાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સિપાઇઓ સુદત્તને શૂળીએ ચઢાવવાને લઇ જવા લાગ્યા, તે વખતે એક **વીરભદ્ર** નામનો પુરૂષ કે જે વીરવતીના દુશ્ચરિત્રને સારી રીતે જાણતો હતો, તેણે રાજાને સઘળી વાત જણાવી અને કહ્યું—" મહારાજ ! જો તમને મારી વાત જુઠી લાગતી હોય તો **મરેલા અંગારકનું મોઢું જુઓ, જેમાં વીરવતીના હોઠનો કકડો જરૂર હશે.** આ વાત સાંભળીને રાજાની આજ્ઞાનુસાર મરેલા અંગારકનું મોઢું જોયું, તો તેમાંથી હોઠનો કકડો નીકળ્યો. પછી રાજાએ વીરવતીનું દુશ્ચરિત્ર જાણીને સુદત્તને છોડી દીધો અને તેની જગ્યાએ **વીરવતીને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો.** તે વખતે સઘળા લોકો કુલટા વીરવતીનું સાહસ જોઇ અત્યંત આશ્ચર્ય થયા કે–જુઓ ! આ દુષ્ટણીએ પોતાનાં દુષ્ટકર્મ છુપાવવાને માટે બિચારા નિરાપરાધ સુદત્તને અપરાધી ઠરાવ્યો, પરંતુ **હમેશાં સત્યનોજ જય થાય છે અને દુષ્કર્મી અસત્યવાદીને યોગ્ય દંડ મળે છે** જો એ પ્રમાણે ન હોય તો અસત્યવાદીઓની સંખ્યા એટલી બધી વધી જાત કે જેનો છેડો આવત નહી. દુષ્કર્મીઓને તેઓના અપરાધ પ્રમાણે દંડ અવશ્ય મળેજ છે, એ કારણથી કરીને અનેક લોક અન્યાયથી દૂરજ રહે છે.

## रक्ता राणी अने पंगु माळीनी कथा.

અયોધ્યા નગરીમા **દેવરતિ** નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજા **રક્તા** નામની રાણી ઉપર એવો આસક્ત હતો કે સઘળું રાજ્યકાર્ય છોડીને તેની સાથે નિવાસ કરતો હતો. એક દિવસ મંત્રીએ આવીને રાજાએ કહ્યું કે આપના આ પ્રમાણે ભોગમાં આસક્તચિત્ત રહી નિવાસ કરવાથી સઘળી પ્રજા અન્યાય માર્ગે વર્તવા લાગી છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે ક્યાં તો પ્રજાનો ત્યાગ કરો અથવા તો ઘર તજીને વનમાં વાસ કરો. ત્યાંજ આપને માટે સઘળી ભોગસામગ્રી એકઠી કરી આપવામાં આવશે, કેમકે આપના અહિંયા રહેવાથી સઘળા લોકોના હૃદયમાં અનેક પ્રકારના ઉદ્વેગ ઉત્પન્ન થાય છે અને લોક અનેક પ્રકારના ગપાટા મારતા અન્યાય કાર્ય કરવાને તૈયાર થઈ રહ્યા છે.

આ પ્રમાણે મંત્રીનાં વચન સાંભળીને તે રકતામાં આસકત રાજા વનમાં નિવાસ કરવાને તૈયાર થઇ ગયો અને શહેર બહાર નદીના કિનારા ઉપર કે જ્યાં રાજાનો મોટો બાગ હતો, ત્યાં સઘળી સામગ્રી એકઠી કરીને રહેવા લાગ્યો. એ રાજાના બાગની પાસે વનમાં એક પંગુ ( પાંગળો ) માળી રહેતો હતો, જે મિષ્ટ સ્વરથી ઘણું સારૂં ઉત્તમ ગાયન ગાતો હતો. એક દિવસ એ પંગુ માળીનું ગાયન સાંભળીને રકતારાણી એના ઉપર આસક્ત થઈ અને તેને એકાંતમાં બોલાવીને કહેવા લાગી કે હું તારા ઉપર ઘણીજ પ્રસન્ન થઈ છું, તું મારી સાથે ભોગવિલાસ કર અને દરરોજ ઉત્તમ પ્રકારનું ભોજન કર્યા કર.

આ સાંભળીને પંગુએ કહ્યું —" સ્વામિની ! આપની આજ્ઞા માથે ચઢાવું છું, પરંતુ રાજા અહિંયા હોવાથી એ કામ મારાથી થઇ શકશે નહિ, કેમકે એમાં જીવ ખોવાનો ભય છે. જો કદાચ રાજાએ આપણું દુષ્કર્મ જોઈ લીધું, તો આપણે બન્ને માર્યા જઇશું "

આ પ્રમાણે સાંભળીને રાણીએ કહ્યું —" તું એ વાતમાં જરાપણ ભય ન રાખ, કેમકે મેં રાજાને મારવાનો ઉપાય પહેલેથીજ શોધી રાખ્યો છે. હવે તું એક કામ કર. એક ફુલનો હાર તંતમાં પરોવીને બનાવીને તારી પાસે રાખ અને જ્યારે હું મંગાવું ત્યારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તું લાવીને આપજે." આ પ્રમાણે કહીને પંગુને વિદાય કર્યો અને પોતે ઉદાસમુખ કરીને રાજાની પાસે રૂદન કરવા લાગી !! રાજાએ મધુર સ્વરથી પૂછ્યું—" હે પ્રિય પ્રાણવલ્લભા ! તું આજ રૂદન કેમ કરે છે? એનું કારણ શું છે?"

આ સાંભળી રાણીએ ગદ્‌ગદ્‌ સ્વરથી કહ્યું—" પ્રાણપતિ ! આજ આપનો જન્મ દિવસ છે. જ્યારે આપણે નગરીમાં રહેતા હતા ત્યારે એ દિવસે કેવો મોટો ઉત્સવ થતો હતો અને જો આજે આપણે નગરીમાં હોત, તો શું તે ઉત્સવ ન થાત! પણ ઉત્સવ તો દૂર રહ્યો પરંતુ આપ તો અહીંયા નગરીથી ઘણે દૂર નદીના કીનારા ઉપર નિર્જન સ્થાનમાં વાસ કરો છો."

રાણીના આવાં સ્નેહપૂર્વક વચન સાંભળીને રાજાએ કહ્યું—" પ્રાણેશ્વરી ! જો તારી એવીજ ઇચ્છા છે તો અહિંઆ પણ સઘળું થઇ શકે છે, કેમકે પ્રિય વસ્તુનો સમાગમ થવાથી નિર્જન વન પણ સ્વર્ગ સમાન છે. જેમ કરવાની ઇચ્છા હોય તેમ કરો. આ પ્રમાણે સાંભળી રાણીએ ઉતમ પ્રકારનો આહાર તૈયાર કરાવીને રાજા સહિત ભોજન કર્યું અને પછી નદીના કીનારા ઉપર વિનોદપૂર્વક બેસીને **તાંતના સુતરથી બનાવેલો ફુલનો હાર** પંગુ માળી પાસે મંગાવીને હાસ્યપૂર્વક **રાજાના ગળામાં** નાંખ્યો અને તરતજ ફાંસીનું સટકીયું ખેંચીને **રાજાને નદીમાં** નાંખી દીધો !!!

હે રાજા ! તે દુષ્ટણીએ તો રાજાને મરી ગયલો જાણી નદીમાં નાંખી દીધો હતો પરંતુ આયુકર્મના યોગથી તે જીવતો બચી ગયો અને નદીના પ્રવાહમાં વહેતો વહેતો ચંપાપુરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરીના કિનારે પાર ઉતર્યો. જેવો ત્યાંથી નીકળ્યો કે ત્યાં બેઠેલા સીપાઇઓ રાજાને લઇ ચાલવા લાગ્યા. પ્રથમ તો રાજાએ જાણ્યું કે એક આપત્તિમાં છુટયો કે બીજી વિપત્તિમાં ફસી ગયો છું, પરંતુ તે સીપાઇઓએ કહ્યું કે અહીંઆનો રાજા વગર સંતાને મરણ પામ્યો, જેથી મંત્રીઓએ નિમિત્તજ્ઞાનીને પૂછ્યું કે અહીંનો રાજા કોણ થશે? ત્યારે નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે અયોધ્યા નગરીનો દેવરતિ નામનો રાજા નદીના પ્રવાહમાં વહેતો આ નગરીમાં આવશે, તેજ આ રાજ્યાસન ઉપર બેસીને પ્રજાનું પાલન કરશે.

આ પ્રમાણે **નિમિત્તજ્ઞાનીના** કહેવા પ્રમાણે અમે અહીંયા બેઠા હતા અને હવે આપને લઇ જઇને રાજ્યગાદી ઉપર બેસાડીશું. આ સાંભળીને રાજા મનમાં સંતોષ પામ્યો અને પછી ત્યાંનો રાજા બનીને ન્યાયપૂર્વક રાજ્ય કરવા લાગ્યો, પરંતુ સ્ત્રીના નામથી એવો વિરક્ત થઇ ગયો કે તેનું નામ પણ સાંભળવું રૂચતું નહોતું.

હે રાજા! પેલી રક્તા, રાજાને નદીમાં નાખીને પોતે નિર્ભય થઇ પેલા પંગુ માળીની સાથે ઇચ્છાપૂર્વક ભોગવિલાસ કરવા લાગી અને તે પછી પોતાના પ્રાણવલ્લભ પાંગળાને ખાંધ ઉપર બેસાડીને ફરવા લાગી. પાંગળો પોતાની ગાયનવિદ્યાથી લોકોને રંજાયમાન કરીને પૈસા ઉઘરાવતો હતો. આ પ્રમાણેના દુષ્ટ રક્તાના વર્તનથી તેનું સતીત્વ પ્રગટ થયું!!! એટલે જે એને જોતા હતા તે પોતાના મોઢેથી તેની પ્રસંશા કરતા કહેતા હતા કે–જુઓ, પોતાના સ્વામીને ખાંધ ઉપર બેસાડીને ફરે છે! આ પ્રમાણે તે બન્ને જણ ફરતા ફરતા ચંપાપુરીમાં આવ્યા. ત્યાં **પંગુના ગાયનની અને રક્તાના સતીત્વની પ્રસંશા** સઘળા નગરમાં થવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દિવસ રાજમંત્રીઓએ રાજાની આગળ તેની પ્રસંશા કરી, તે સાંભળી રાજાએ કહ્યું કે જોકે હું સ્ત્રીના નામથી અત્યંત વિરક્ત છું, પરંતુ તમારા કહેવાથી પડદાની અંદર રહીને તેનું ગાયન સાંભળી લઇશ, એમ કહીને જેવું તેનું ગાયન સાંભળ્યું કે તરત માલુમ પડી ગયું કે **આ તેજ દુષ્ટ રક્તા રાણી પોતાના પ્રેમીને ખાંધ ઉપર ઉંચકી પોતાના સતીત્વને પ્રગટ** કરે છે. તે પછી રાજાના હૃદયમાં આ દુષ્ટાનું ચરિત્ર જોઇને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને જિનદિક્ષા લઇને મહા કઠણ તપ કરવા લાગ્યા. સ્ત્રીઓનું ચરિત્ર ઘણું ભયંકર છે વગેરે.

# प्रकरण ६ ठुं.

## यशोधर राजा महान चिंतवनमां.

મારિદત્ત મહારાજને ક્ષુલ્લક મહારાજ વળી પણ કહેવા લાગ્યા—"હે રાજન્! આ પ્રમાણે વ્યભિચારીણી સ્ત્રીઓના દુશ્ચરિત્રનું ચિંતવન કરતો હું સૂઈ રહ્યો હતો એટલામાં તે જારિણી અમૃતાદેવી પોતાના પ્રેમી કૂબડા સાથે રમીને મ્લાનમુખી થઇને મારી પાસે આવતી મને એવી જણાઇ કે જાણે વિષથી ભરેલી સર્પિણીજ છે અથવા મૃતકભક્ષિણી ડાકણજ મારી પાસે આવી છે.

તે વખતે જો કે તે મારી પાસે સૂઇ રહી હતી. તોપણ હું મારા હૃદયમાં એમ ચિંતવન કરવા લાગ્યો કે, જે પ્રમાણે ખુજલીને ખજવાળવાથી પહેલાં સુખ દેખાય છે અને પછી દુઃખ થાય છે તેજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રમાણે વિષયસેવનમાં પણ સુખ દુઃખ છે, શરિરની જે લાવણ્યતા છે તે અશુચિ રસને ઉત્પન્ન કરવાવાળી છે, સ્નેહનું જે બંધન છે તે દુઃખનું કારણ છે, ગાયનવિદ્યાનો જે પ્રકાશ છે તે ગાવાના ચાળાથી દુઃખી થતો રૂદન કરે છે, જે પ્રિય સંભાષણ છે તે મર્મને દોડવાવાળું છે, સ્ત્રીના રૂપનું અવલોકન છે તે કામ જ્વરને વધારનારૂં છે, પ્રિયાનું આલિંગન છે તે શરિરને પીડા કરનારૂં છે, સ્ત્રીના અનુબંધમાં જે રાગ છે તે દુઃખપૂરિત કારાગ્રહ છે અને જે પ્રેમ છે તે ઈર્ષાની અગ્નિ છે, એમાં દગ્ધ થતો પુરૂષ આકુલિત થાય છે અને સ્ત્રીસેવનથી ઉત્પન્ન થયલું કામ છે તે સ્ત્રીઓના હાથની તીક્ષ્ણ તરવાર છે, તેના વડે દુષ્ટ વ્યભિચારિણી પરપુરૂષરતા સ્ત્રી પોતાના પતિનો ઘાત કરીને પછી પોતે પણ મરણને પ્રાપ્ત થઇ સંસાર વનમાં પરિભ્રમણ કરે છે વગેરે. જે જીવને બાધાકારક વિસ્તીર્ણ અને ઉત્કૃત દુઃકૃષ્ટનું ઘર અને ગરિષ્ટ દુઃખ છે એવા ઇંદ્રિયજનિત સુખનું પંડિતો કદાપિ સેવન કરતા નથી.

**પૃથ્વીનાથ**! યશોધર મહારાજ સૂતા સૂતા વળી પણ વિચારવા લાગ્યા—" આ **મનુષ્યનું જે શરિર છે તે રોગોનું સ્થાન છે,** કેમકે આ શરિર ધોયાથી પણ પવિત્ર થતું નથી તેમ સુગંધિત કર્યાથી સોરમવાળું પણ થતું નથી, પરંતુ શરિરના સંસર્ગથી ઉત્તમ સુગંધિત પદાર્થ પણ દુર્ગંધમય થઈ જાય છે. આ ક્ષણભંગુર શરિર પુષ્ટ કર્યા છતાં પણ બળવાન થતું નથી, પ્રસન્ન કર્યા છતાં પણ આપણું થતું નથી, મંડન કરેલું નીચ થઇ જાય છે, ભૂષિત કરેલું પણ અશોભિત રહે છે, અનેક પ્રકારે સાફ કર્યા છતાં પણ મલિન રહે છે, અનેક મંત્રોથી મંત્રેલું છતાં પણ ભયભીત રહે છે, દિક્ષાથી દિક્ષિત થયેલું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ ક્ષુધાને માટે અનેક પ્રયત્ન કરે છે, અને ઉત્તમ શિક્ષા આપવા છતાં પણ અવગુણોમાં રમણ કરે છે, શાંતિરૂપ કરેલું પણ દુઃખિત થાય છે, નિવારણ કરેલું પણ પાપમાં પડે છે, ધર્મશિક્ષા આપવા છતાં પણ ધર્મથી વિમુખ રહે છે, આ નાશવાન ગાત્ર તેલથી મર્દન કર્યા છતાં પણ રૂક્ષ રહે છે, બરોબર સેવન કરવા છતાં પણ પ્રચુર રોગથી ગ્રસિત થઇ જાય છે, અલ્પ આહાર કરવા છતાં પણ અજીર્ણથી વ્યાપ્ત થઇ જાય છે, વાયુનાશક તેલથી મર્દન કરવા છતાં પણ વાયુરોગથી પીડિત થાય છે, શીતળ પદાર્થોનું સેવન કર્યા છતાં પણ પિત્તથી વ્યાકુળ થાય છે, રૂક્ષ (લુખું) અને તીક્ષ્ણ (તીખા) પદાર્થોના સેવનથી પણ કફવડે વ્યાકુળ રહે છે, અનેક પ્રકારે ધોએલું છતાં પણ કોઢથી ગળે છે. બહુ તે શું વિચાર કરવો! **આ શરીર અનેક પ્રકારે રક્ષણ કર્યા છતાં પણ યમરાજના મુખમાં જાય છે.** જો કે આ શરિર ઉપર પ્રમાણે વિપરિત પ્રવર્તે છે, તોપણ **રાગી પુરૂષ આ શરિરને માટે અનેક પ્રકારનાં પાપકર્મો કરવાને તૈયાર થાય છે.**

આ પ્રમાણે મારા જેવો મૂર્ખ મનુષ્ય પોતાની સ્ત્રીને વશ રહી પાપકર્મ કરી મરીને નર્કમાં જાય છે.

આ પ્રમાણે ચિંતવન કરતા **યશોધર મહારાજ વળી પણ વિચારવા લાગ્યા** કે—આ શરિરની આવી અવસ્થા છે અને જેને માટે અનેક પાપકર્મ કરૂં છું તે પ્રિયતમાની આવી દશા છે તો હવે મારે પણ સઘળાં કાર્યોનો ત્યાગ કરવો જોઇએ. માટે હવે **સવાર થતાંજ** નગર, પરિવાર અને રાજ્યલક્ષ્મિનો ત્યાગ કરીને ગહન વન અને સઘન પર્વતોની **ગુફાઓનો આશ્રય** કરૂં, અને દેવેંદ્ર, ધરણેન્દ્ર અને નરેંદ્રોવડે પૂજ્ય **મુનિલિંગ** ધારણ કરીને મહા તપ કરીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજન્! આ પ્રમાણે ચિંતવન કરતા કરતા સ્હવાર પડી ગઇ, તે સમયે સૂર્ય પોતાના રક્ત કિરણોના સમૂહથી ઉદય થતો અશોક વૃક્ષના નવીન પત્રની માફક સુશોભિત થતો હતો. તે સૂર્ય ઉદય થતી વખતે એવો દેખાતો હતો કે જાણે આકાશદેવીએ લોકોને રંજાયમાન કરવાને સિંદૂરનું તિલકજ ધારણ કર્યું છે.

પૃથ્વીપતિ! તે સમયે પ્રભાત સંબંધી વાજીંત્રોનો માંગલિક સાદ સાંભળીને હું બીછાનામાંથી ઉઠયો અને પછી સ્નાન વગેરે નિત્ય ક્રિયાથી પરવારીને મેં એવો વિચાર કર્યો કે જ્યારે મેં આ શરિરથીજ મમત્વ છોડયું તો આ રત્નજડિત આભૂષણો અને મોઘાં વસ્ત્રો સાથે શું પ્રયોજન છે? આ શરિરના સંસ્કારથી કામની વૃદ્ધિ થાય છે, જે કામદેવનું ફળ મને પ્રત્યક્ષ મળી ચુક્યું છે, માટે એ ધારણ કરવું ઉચિત નથી. આ પ્રમાણે વિચાર કરી જેવો સઘળા આભૂષણો કુટુંબીઓને આપી દેવાને માટે તૈયાર થયો કે મનમાં બીજો વિચાર ઉપસ્થિત થયો.

## यशोधर महाराज मोटा विचारमां.

શ્રીમાન્! મેં વિચાર કર્યો કે જો આ વખતે સઘળાં આભૂષણ કાઢી નાંખીશ તો સઘળા મહેલમાં આ વાત ફેલાઇ જશે કે મહારાજે કંઈ પણ અમનોજ્ઞ જોયું છે, જેથી ઉદાસચિત્ત થઇ આભૂષણોનો ત્યાગ કર્યો છે તથા મારી સભાની પંડિતમંડળી સઘળી વાતની જાણકાર છે તેમના આગળ આ ભેદ કોઇ પ્રકારે છાનો રહેશે નહિ. એ સિવાય આ વાત અનેક રૂપ ધારણ કરીને સઘળા નગરમાં ફેલાઇ જશે, જેથી પ્રજાના મનમાં અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન થવા લાગશે. આમ છતાં પણ જો અમૃતાદેવી આ વાતને જાણશે તો પોતે મરશે અને મારા નાશને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે કાવત્રું રચશે વગેરે વિચાર કરીને મેં પહેલા પ્રમાણે વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં, જે મને એવા જણાતા હતા કે જાણે સઘળાં દુઃખોનો સમૂહજ મારા સઘળા શરીરમાં ભરાઇ રહ્યો છે.

## राजसभामां एक ओचींती घटना.

**રાજન્!** સર્વ શુભાશુભ, જીવન, મરણ, લાભ, અલાભ, સુખ, દુઃખ, અને શત્રુના ઘાતના જાણકર જે વિપુલ બુદ્ધિના ધારક તથા સઘળી ઋદ્ધિનો સમૂહ જેના હાથમાં છે એવા **યોગીશ્વર પણ સ્ત્રિયોના ચરિત્રને જાણી શક્તા નથી તો બીજા પુરૂષોની તો વાતજ શું ?** હાથી બાંધી શકાય છે, પરંતુ પરપુરૂષાશક્ત સ્ત્રીના ચિત્તને કોઇપણ ગ્રહણ કરી શકતું નથી.

નૃપવર ! આ પ્રમાણે વિચાર કરી હું પોતાના હૃદયમાં ઉદાસભાવ ધારણ કરતો રાજસભામાં ગયો અને રત્નજડિત સિંહાસન ઉપર બેઠો; તે વખતે મારી આસપાસ સિપાઇઓ ચમર ઉરાડતા હતા, સભામંડપમાં નૃત્યકારિણી નૃત્ય કરતી હતી, નાચનારા અનેક કૌતુકો કરતા હતા, વીણા, વાંસલી, મૃદંગ વગેરે વાજીંત્રોની ગુંજાર થઇ રહી હતી, એક તરફ ભાટ લોકો પ્રભાતની સ્તુતિ કરતા હતા. રાજન્ ! તે સમયે સઘળી સમાજ જો કે સુખી હતી, પરંતુ મને તો દુઃખજ જણાતું હતું.

**તે** સમયે વિદ્વાન પંડિતોએ સરસ કથા કહેવાનો આરંભ કર્યો, જેથી મારા મનમાં હર્ષ ઉત્પન્ન થવા લાગ્યો, તેવામાં ચોપદારોએ બીજા રાજા, મંત્રી, ભટ વગેરેને સભામાં દાખલ કર્યા. તે સઘળાઓએ મને નમસ્કાર કર્યા અને પછી ચોપદારોએ સઘળાને યોગ્ય સ્થાને બેસાડ્યા. તે વખતનો દેખાવ જોકે અપૂર્વ હતો પરંતુ મને વૈરાગીને તે જરા-પણ રૂચિકર થયો નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવા સુશોભિત સભામંડપમાં **મારી માતા ચંદ્રમતિનું પધારવું થયું.** તે વખતે મેં તપશ્ચરણનો ઉપાય મનમાં ધારીને **મિથ્યા સ્વપ્નનું વૃત્તાંત** માતાની આગળ કહ્યું.

## મિથ્યા સ્વપ્નનું વૃત્તાંત.

**મે કહ્યું**—"હે માતા ! આજ રાત્રે ઊંઘમાં મેં એક ભયાનક સ્વપ્ન જોયું. એક મહા ભયાનક વિકરાળ પુરૂષ હાથમાં દંડ લઈ મારી સામે ઉભો રહીને કહે છે કે–તું જિનરાજની દિક્ષા જલ્દી ગ્રહણ કર, નહીતો તને તારી તલવાર સહિત નષ્ટ કરીને યમપુરમાં પહોંચાડી દઇશ, એમ કહીને તે તરત અદ્દશ્ય થઇ ગયો.

**હે માતા !** પેલી ભીમમૂર્તિ જોકે મારી આંખ સન્મુખ નૃત્ય કરી રહી છે, પરંતુ એથી મને કંઇપણ સારૂં લાગતું નથી. **કોની પૃથ્વી, કોનું રાજ્ય, કોની સ્ત્રી અને કોનો પુત્ર ?** મારે કોઈ સાથે કંઈપણ પ્રયોજન નથી, હવે તો ફક્ત આત્મકલ્યાણજ ઇષ્ટ છે, જેથી સઘળા પરિગ્રહનો ત્યાગ કરીને દુઃસહ ઇંદ્રિઓના બળનો વિજય કરીશ અને જિનદિક્ષા ધારણ કરીને મહા તપ કરીશ.

હે માતા ! રાત્રે મેં જે નિકૃષ્ટ સ્વપ્ન જોયું છે, તેથી એવો નિશ્ચય ઠર્યો છે કે મારા **યશોમતિ** નામના પુત્રને રાજ્યાસન ઉપર બેસાડવો.

હે માતા ! દુષ્ટ સ્વપ્નની શાંતિને માટે જિનદિક્ષા ગ્રહણ કર્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી.

## મિથ્યાસ્વપ્નનો માતાએ બતાવેલો ઉપાય.

આ પ્રમાણે સાંભળી મુનિગુણઘાતિની અને મિથ્યાત્વવિષદૂષિત મારી **માતા ચંદ્રમતી** કહેવા લાગી–" હે પુત્ર ! ચિંતિત મનોરથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને સમસ્ત આશાઓને પુરવાવાળી કુલદેવતા **ચંડમારીને** સઘળા જીવોના **યુગલોનું બળીદાન** આપવાથી દુઃખ, કલેશ, કલહ અને નઠારાં સ્વપ્ન વગેરે સઘળા કષ્ટની શાંતિ થાય છે, તો તેમ કરવાથી તારી પણ શાંતિ જરૂર થશે તે માટે હે પુત્ર ! તું પણ કુળદેવતાની સેવામાં તૈયાર થઇને શાંતિકર્મ કરવાનો ઉપાય કર ! ! !

## हिंसामय उपाय विरुद्ध यशोधर राजानो उत्तर.

**હે રાજન્–!** જે વખતે મારી માતાએ ઉપર પ્રમાણે દયારહિત વચનો કહ્યાં, તે વખતે કરૂણાથી કંપિત હૃદયવાળો હું કહેવા લાગ્યો–" હે જનની ! મહા પાપનું કારણ એવો પ્રાણિઓનો વધ કેવી રીતે કરવો ! કેમકે **જીવહિંસા સમાન બીજું કોઇ પાપ નથી.** જેઓ પર જીવને દુઃખ દઇને પોતાની રક્ષાની ઇચ્છા કરે તેઓ અગ્નિથી શીતળ થવાનું ચાહે છે. એ તો દેખીતુંજ છે જે બીજાનો ઉપકાર કરે છે તેનું ભલું થાય છે અને **જે બીજાનું બુરૂં કરે છે તેનું બુરૂંજ થાય છે** અને તેનું ભલું ત્રણ કાળમાં પણ થઈ શકતું નથી, કેમકે જીવવધમાં પ્રત્યક્ષ પાપ છે, અને પાપનું ફળ દુઃખ છે, તો એનાથી શાંતિ કેવી રીતે થશે ? કદી થશે નહીં.

**માતુશ્રી !** જે જીવનો ઘાતક થાય છે,તેનો તે જીવવડે અનેક પ્રકારે ઘાત કરવામાં આવે છે, એ માટે પાપરૂપી જહાજમાં બેસીને વિઘ્નરૂપી નદીને પાર કેવી રીતે જઇ શકાય છે? એ સિવાય બીજી પણ એક વાત છે કે જો જીવવધમાંજ ધર્મ હોય અને એનાથીજ વિઘ્નોની શાંતિ થઇ જાય તો પાપ કયા કાર્યમાં થશે ? '**अहिंसा परमो धर्मः**' આ વાક્યને સઘળા મતવાળા માને છે અને દરારોજ બોલે છે. આ વાક્યની વિરૂદ્ધ કોઇપણ નથી, તોપછી જીવવધમાં ધર્મ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થાય છે એવું કહેવાવાળો કોણ હશે? આ લોકમાં અને પરલોકમાં જીવહિંસા ભયકારી છે. દુઃખવડે પણ ન જાવાય એવી **આયુના ક્ષયમાં ચંડમારી દેવી શું કરી શકે છે?**

**હે માતા!** પૂર્વ કાળમાં અસંખ્ય મહાપુરૂષ કાળને શરણ થઇ ગયા, તો શું તે વખતે ચંડમારી દેવી નહોતી? અને નૈવેદ્ય અને પશુઓનો સમૂહ નહોતો? અથવા મદ્ય માંસનું ભક્ષણ નહોતું? અથવા આ રીતના જાણકાર શું નહોતા કે જે ચંડમારીને પશુ તથા મદ્ય વગેરેનું બળીદાન કરી સંતુષ્ટ કરી લે અને મરણથી બચી જાય! આથી એમજ નિશ્ચય થાય છે કે **ચંડમારીમાં એવી શક્તિ નથી કે કોઈ જીવને મરણથી બચાવી શકે** અને તેને શાંતિપ્રદાન કરી શકે. સંસારમાં સગળા જીવો પોતપોતાના કર્માનુસાર સુખ દુઃખ ભોગવે છે. કોઇપણ કોઇનો ઉપકાર કરતું નથી, શુભાશુભ કર્મજ અપકાર અને ઉપકાર કરે છે.

## બળીદાન કરાવવા માટે માતા ચંદ્રમતીનો વિશેષ આગ્રહ.

**રાજન્!** આ પ્રમાણે મારાં વચન સાંભળીને માતા ચંદ્રમતી કહેવા લાગી—"પ્રિય પુત્ર! સઘળા જગતમા ધર્મરૂપ વૃક્ષનું મૂળ વેદ ધર્મ છે! માટે વેદમાં બતાવેલા માર્ગ પ્રમાણે ચાલવુંજ ઉચિત છે, અને વેદમાં દેવતાઓને માટે પશુઓનો ઘાત કરવો પ્રશંસનીય અને પૂજ્ય બતાવેલો છે, એથી જીવવધમાં પુણ્ય માન્યું છે અને એ પ્રમાણે કરવાવાળા મહા પુરૂષ સ્વર્ગના અધિકારી માનવામા આવ્યા છે!! જે પશુનો ઘાત અને માંસ ભક્ષણ કરે છે તે સ્વર્ગ અને મોક્ષમાં જાય છે!! આ પ્રમાણે બ્રહ્માએ વર્ણન કર્યું છે તે પ્રમાણે વિપુલમતિના ધારક સુરગુરૂ તથા ભૈરવાચાર્ય કહે છે।!!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રિયપુત્ર ! ઉપર કહ્યા પ્રમાણે તું ચંડમારીને પશુઓનું બળીદાન કરી શાંતિ સ્થાપન કર, એથી તારી ક્રાંતિ, તુષ્ટિ, પુષ્ટિ વધીને ઉજ્વળનેત્રા વિજયલક્ષ્મી તારા હૃદયમાં હમેશ વાસ કરશે, એ મહાદેવીની સન્મુખ જીવોનો હવન કરવાથી તારા સઘળા શત્રુઓ ત્રાસયુક્ત થઇ તારે પગે પડશે અને તારો યશ સઘળે પથરાઈ જશે !!!

## यशोधर महाराजनो माता प्रत्ये योग्य उत्तर.

હે રાજન્ ! મારી માતા ઉપર પ્રમાણે ઉપદેશ કરીને જ્યારે મૌન થઇ ગઇ ત્યારે મેં ફરી કહ્યું૦—"પ્રિય માતા ! તેં જે કહ્યું તે સઘળું અનુચિત અને મિથ્યા છે, કેમકે જે હિંસામાર્ગના પ્રવર્તક અને હિંસાના ઉપદેશને સાંભળનારા છે તે મહા ઘોર પાપ કરવાવાળા મહા પાપી છે અને જે પુરૂષ તીક્ષ્ણ તરવારની ધારથી પશુઓનો ઘાત કરે છે તે નિકૃષ્ટ અને પાપીષ્ટ છે. જે પુરૂષ ગરીબ પશુઓને બાંધીને ત્રાસ આપે છે અને તેનો વધ કરીને તેના માંસનું ભક્ષણ કરે છે તથા મદ્યપાન કરી દેવતાની ભક્તિમાં લીન થઇ નૃત્ય કરે છે, ગાયન કરે છે અને વાજીંત્ર વગાડે છે તે પુરૂષ મહા પાપને લીધે રત્નપ્રભા વાલુકા પ્રભા, પંક પ્રભા, ધૂમ પ્રભા, તમ પ્રભા અને મહાતમ પ્રભા એવા સાત નરકોની પૃથ્વીમાં ઉત્પન્ન થઇને તાડન, મારન, શૂળીરોહણ વગેરે અસંખ્ય દુઃખને પાત્ર બને છે, અને એવાં દુઃખમાંથી જ્યારે નીકળીને હિંસક તિર્યંચ થઇ અતિ રૌદ્ર દુઃખરૂપ કુયોનિમાં ભ્રમણ કરી કંઇ પુન્યના યોગથી કદાચ મનુષ્યપર્યાય ધારણ કરે છે, તો ક્ષુધાવંત, ગુંગો, પાંગળો, બહેરો, આંધળો, નિર્બળ, દીન, દરિદ્રી, દુઃખથી પીડિત, ક્ષીણગાત્ર,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નપુંસક, શક્તિહીન, તેજ રહિત, અવિવેકી, પશુઓનો ઘાતક, ચાંડાલ, માછી, કલાલ વગેરે હિંસક ક્રૂર પરિણામી થાય છે, તે પછી મરીને સિંહ, વાઘ, બિલાડા વગેરે પશુ તથા સર્પ, વીંછી વગેરેની યોનિમાં ભ્રમણ કરી મહા ઘોર વેદના ભોગવે છે. પશુઓનો વધ કરવાથી અને પારકી હિંસાથીજ જો ધર્મ ઉત્પન્ન થતો હોય તો બહુગુણી અને મુક્ત મુનિઓને પાપી જીવ કેમ નમસ્કાર કરે છે!"

યશોધર મહારાજ વળી પણ કહેવા લાગ્યા—"જો મંત્રથી સંસ્કારપૂર્વક તીક્ષ્ણ તરવારની ધારથી પશુઓનો વધ કરો, અગ્નિમાં હવન કરો, દેવતા અને પિતૃઓનું તર્પણ કરો, માંથું મુંડાવીને ભગવાં વસ્ત્ર ધારણ કરો, અનેક નદી સરોવરોમાં સ્નાન કરીને રાખવાળું શરીર કરો, મોટી જટા ધારણ કરો, પંચાગ્નિ તપ કરો, ધૂમ્રપાન કરો, નગ્ન મુદ્રા ધારણ કરો, વન પર્વત અને ગુફાઓમાં વાસ કરો, આતાપન, ચાંદ્રાયણ અને શુદ્ધોદનાદિ વ્રતોને ધારણ કરો, વગેરે અનેક દુર્દ્ધર તપોનું આચરણ કરો, પરંતુ જો જીવદયા ન રાખો તો સઘળું નિષ્ફળજ, એટલુંજ નહિ પણ ઘોર વેદનાયુક્ત નરકનાં દુઃખ સહન કરી અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કરવું પડે છે."

## आपघातनी तैयारीमां अने मातानो अस्कार.

રાજન્! હજારો શાસ્ત્રોનો સાર એજ છે કે હિંસા કરવામાં પાપ છે અને જીવદયામાંજ ધર્મ છે. જે પુરૂષ જીવનો સંહાર કરે છે, તે અનેક જન્મમાં અનેક રોગોથી પીડાય છે અને જે પરજીવને તાડન મારણાદિ દુઃખ દે છે તે અનેક ભવમાં અનેક દુઃખ ભોગવે છે વગેરે કહીને મેં કહ્યું—'હે માત! હું પણ અમર નથી તો પછી આ નાશવાન શરીરને માટે પર જીવનો ઘાત કેમ કરાય," એમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહીને તીક્ષ્ણ તરવાર મ્યાનમાંથી કાઢી જેવો મેં કુંડલમુગટ યુકત મારા મસ્તકને કાપવાનો વિચાર કર્યો કે માતાના હાહાકાર શબ્દ કરવાથી પાસે ઉભેલા માણસોએ મારી તરવાર પકડી લીધી. તે પછી વૃદ્ધ માતા ચંદ્રમતિ મારા ચરણોમાં પડીને કહેવા લાગી—"હે પુત્રરત્ન! મેં જો કે અસત્ય કહ્યું, પરંતુ જીવ ચેતનત્વગુણવિશિષ્ટ છે અને શરીર અચેતન છે, માટે શરીરનો ઘાત કરવાથી પૌદ્ગલિક શરીરને આ વાતનો બોધ નથી થતો કે હું કપાઇ જાઉં છું અથવા મારા શરીરમાં કોઇ જાતની પીડા થાય છે, એ સિવાય **શરીરનો નાશ થવામાં નિત્ય આત્માનો નાશ થતો નથી,** તે માટે હે પુત્ર! આપણા વંશપરંપરાથી ચાલતો આવેલો જે માર્ગ **તેનેજ સ્વીકાર** કરવો ઉચિત છે ઇત્યાદિ.

## प्रकरण ७ मुं.

### यशोधर महाराजे बनावटी कूकडानुं आपेलुं बळीदान.

**પ**છી મારી માતાને મેં કહ્યુ—"હે માતા! જો કે એ કાર્યમાં અધર્મ છે તોપણ તારી આજ્ઞાનું પ્રતિપાલન કરીશ, અને પછી તપશ્ચરણ ધારણ કરીશ. આ પ્રમાણે જ્યારે મેં કહ્યું ત્યારે માતા ચંદ્રમતિ મારા ચરણો ઉપરથી મસ્તક ઉઠાવીને હર્ષપૂર્વક ઉભી, અને કારીગરને બોલાવીને દેવીના બળીદાન માટે **માટીનો (કૃત્રિમ) કૂકડો લાવવાનો હુકમ કર્યો.**

જે વખતે મારી માતાએ લેપકારને કૂકડો લાવવાનું કહ્યું કે તરત તે લેપકાર માટીથી બનાવેલો સારી જાતનો કૂકડો લઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવ્યો. તે કૂકડાનો રૂપ રંગ એવો મનોજ્ઞ દેખાતો હતો કે જાણે પોતાની ઉત્કટવર્ણયુક્ત પાંખોથી હમણાં ગગનમાં ઉડી જશે. તે કૂકડે ગર્દન ઉંચકી ચાંચ ખોલેલો એવો જણાતો હતો કે જાણે પ્રભાતમ્ શબ્દો બોલીને સઘળા લોકોને જાગૃતજ કરે છે.

નૃપવર! ચિત્રકારે તે કૂકડો એવો ઉત્તમ રંગ દઇને બનાવ્યો હતો કે જેને જોવાથી કોઈ નહિ કહી શકે કે આ બનાવટી કૂકડે છે, પણ વિધાતાની ચિત્રકારીની ઉત્તમતા જણાતી હતી. જે વખતે મારી નજર તે કૂકડા ઉપર પડી કે મારી માતાના હુકમથી ઢોલ મૃદંગ, ઝાંઝ વગેરે વાજીંત્રોના શબ્દથી ગગન ગાજવા લાગ્યું, સાથે અનેક પ્રકારના સુગંધિત પુષ્પોનો સમૂહ, દુધ, દહીં, ચંદન વગેરે સામગ્રી એકઠી થઇ ગઇ.

પછી મારી માતાએ કહ્યું—"પ્રિય પુત્ર! હવે વિલંબ કરવાનો સમય નથી, પરંતુ તારી દેહ કુળદેવતાને બળીદાન આપવું જોઇએ. આ પ્રમાણે માતાની આજ્ઞાનુસાર ઉઠીને હું સઘળી મંડળી તથા પૂજન કરનારા વિપ્રોની સાથે મહોત્સવપૂર્વક કુળદેવતાના મંદિરમાં ગયો. ત્યાં હમે બન્ને મા દિકરાએ દેવીની પ્રદક્ષિણા કરીને લઇ ગયેલી સામગ્રી-વડે દેવીનું પૂજન કર્યું. પછી દેવી ઉપર પેલો કૂકડો ઉતારીને દેવી આગળ તેને તીક્ષ્ણ છરીથી મારીને તેના શરીરમાંથી નીકળેલા લાલ પાણીને લોહી છે એમ માની દેવીના ગાત્રનું સિંચન કર્યું, અને બળીદાન માટે શરીરમાં માંસ છે એમ સંકલ્પ કરી દેવી આગળ તે કૂકડો ચઢાવી દીધો. પછી હમે બન્ને મા દિકરાએ હાથ જોડીને દેવીને પ્રાર્થના કરી કે—હે માતા! આ અપૂર્ણ કાર્ય પૂર્ણ થાઓ. આ પ્રમાણે ત્રણ વખત કહ્યા પછી સઘળા પૂજારી બ્રાહ્મણોએ તે કૂકડાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘી સાકર વગેરેમાં મેળવીને સઘળાને વહેંચી દીધો. તે હમે સઘળાએ તથા બ્રાહ્મણોએ **માંસ માની માતાનો પ્રસાદ ખાધો!!!**

આ પ્રમાણે પ્રસાદ ખાવાથી હમોને સંકલ્પી હિંસા અને કલ્પના માત્ર માંસ ભક્ષણનો દોષ લાગવાથી પાપનો બંધ થયો.

## कुळदेवी प्रत्ये यशोधरनी प्रार्थना.

રાજન્! તે પછી મેં સમતાભાવથી દેવીને નમસ્કાર કરીને કહ્યું કે હે માતા! તને જોઇને મનુષ્ય સંતોષપૂર્વક દુઃખથી મુક્ત થઇ જાય છે. હે દેવી! તારી કૃપાથી મને જંઘાબળ, બાહુબળ અને અચળ જીંદગી થાઓ. હે સુરેશ્વરી! મહાન જંગલમાં અતિ દુઃખ વખતે અને પ્રિયવિયોગમાં મારી રક્ષા કરો. આ પ્રમાણે વિનતિ કરતો દેવીને શરણે થયો, પરંતુ પાસે આવતા મરણને જરાપણ જાણ્યું નહિ.

## दिक्षा माटे संकल्प अने अमृतादेवीनुं अजब विघ्न.

તેપછી હર્ષપૂર્વક રાજ મહેલમાં જઇને મારા પુત્ર યશોમતિને સુવર્ણના કળશોથી અભિષેક કરાવીને રાજ્યાસન ઉપર બેસાડયો. **રાજન્!** જે વખતે હું સઘળા કાર્યથી નિશ્ચિંત થઇને તપ માટે વનમાં જવાને તૈયાર થયો કે એટલામાં **રાણી અમૃતમતિ** પોતાના મનમાં વિચારવા લાગી કે રાત્રે કૂબડા સાથે મેં જે ક્રિયા કરી તે સ્વામીને જણાઇ ગઇ, અને તેથીજ તેઓ રાજ્ય ત્યાગ કરીને તપશ્ચરણ કરવાની ઇચ્છા કરે છે કેમકે મે મહારાજના મનની વાત તેમના શરીરની આકૃતિ ઉપરથી જાણી લીધી છે.

આ પ્રમાણે ચિંતવન કરતી અમૃતાદેવી પોતાના હૃદયમાં દ્રઢ સંકલ્પ કરી મારી પાસે આવી કહેવા લાગી—"હે સ્વામી! આજે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિક્ષા ગ્રહણ કરવાનો જે દઢ સંકલ્પ કર્યો છે તે ઘણો ઉત્તમ છે-પરંતુ મારી એક પ્રાર્થનાનો સહર્ષ સ્વીકાર કરીને પછી વનમાં પધારજો. પ્રાણપતિ ! મેં આજે રાજ્ય દરબારના સઘળા કારભારીઓ અને નગરના લોકોને ભોજન માટે આમંત્રણ કર્યું છે, માટે આપ પણ પધારીને દેવતાનો પ્રસાદનું ભોજન ગ્રહણ કરો. પછી આપણે બન્ને, જિનદિક્ષા ગ્રહણ કરીશું. કેમકે આપના વિના મારી આ જીંદગી ક્યાં અને કેવી રીતે ધારણ કરી શકું ?

પ્રાણનાથ ! આજનો દિવસ સબુર કરો, કાલે સ્હવાર થતાંજ જેમ કામદેવને રતિ, ઇંદ્રને શચિ, નારાયણને લક્ષ્મિ, રામચંદ્રને સીતા અને મહા મુનિને શુદ્ધબુદ્ધિ સાથે હોય છે, તે પ્રમાણે હું **આપના ચરણોની દાસી આપની સાથેજ વનમાં આવીશ,** અને તપશ્ચરણ ધારણ કરી વ્રત નિયમ વગેરે પાળીશ.

**પ્રિયપતિ!** આપના વિના સઘળા લોકો મારા યૌવનને આંગળી બતાવીને જોશે, એટલે સઘળા લોક એમ કહેશે કે આનો પતિ તો સઘળા પરિગ્રહનો ત્યાગ કરીને વનવાસી થઇ ગયો અને એ તો ઘરમાં રહીને સુખભોગ કરી રહી છે.

**હે મારિદત્ત !** ભવિતવ્ય મોટું બળવાન છે, કેમકે મારા ચરણોમાં પડેલી અમૃતાદેવીના . સ્નેહપૂર્વક વાકયોને સાંભળી જો કે મારૂં ચિત્ત વિરક્ત થઇ ગયું હતું તોપણ ભવિતવ્યાનુસાર ફરીથી તેના પ્રેમના ફાંસામાં સપડાઇ ગયો.

## अमृतादेवीनी कपटजाळमां यशोधरनुं सपडावुं.

તે વખતે ફરીથી અજ્ઞાની થઇ હું તે પરપુરૂષાસક્ત દુષ્ટણીના રાતના કર્મોને સ્વપ્ન સમાન જોવા લાગ્યો અને તે પછી ચરણોમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડેલી અમૃતાદેવીનો કોમળ હાથ પકડી કહેવા લાગ્યો—'પ્રિયા! ઉઠ. હું તારી ઇચ્છા પૂર્ણ કરીશ." આ સાંભળી તે કપટકળાની ભરેલી મનમાં આનંદ થઇ અને રસોઇદારને ઉત્તમ ભોજન બનાવવાનો હુકમ કરી કહેવા લાગી—" હવે રસોઇને કેટલીવાર છે ? જલ્દી તૈયાર કરો.

રસોઇદાર૦—" સ્વામિની! ભોજન તૈયાર છે. ફક્ત મહારાજ પધારે એટલીજ વાર છે."

આ પ્રમાણે રસોઇદારનું વચન સાંભળી હર્ષિત થઇને કહેવા લાગી—" પ્રાણપતિ! રસોઇ તૈયાર છે, જમવાને માટે જલ્દી પધારો, કેમકે આપ જમી જશો તે પછી બીજા લોકોને જમાડીશ."

આ પ્રમાણે અમૃતાદેવીનાં પ્રેમપૂર્ણ વચન સાંભળી હું હર્ષિત થઇ કર્મનો મોકલેલો તેના મેહેલમાં ગયો, અને ત્યાં પાંચ જાતની ધ્વજાઓથી પૂર્ણ સ્ફટિક ભૂમિમાં સુકોમળ ઉજ્વળ આસન ઉપર માતા સહિત બેઠો. તે સમયે મારી સામે મૂકેલા સુવર્ણના થાળ એવા દેખાતા હતા કે જાણે તારાઓથી ઘેરાયલું આકાશમંડળજ છે. તે કનકમય થાળમાં અનેક પ્રકારની ભોજન સામગ્રી સુકવિના કાવ્યની માફક ઘણી મનોજ્ઞ દેખાવા લાગી તથા ભોજન વખતનો દેખાવ પણ ઘણો સુંદર જણાતો હતો.

રાજન્! તે રસોઇઆએ તપાવેલું ઘી, દુધ અને ઉત્તમ દહીં મારી થાળમાં પીરસ્યું, જે એવું દેખાવા લાગ્યું કે જાણે દુષ્ટગ્રહણીના સંગમમાં યમપુરનો માર્ગજ એકઠો થયો છે. તે પછી પરમંડલીક રાજાઓની માફક મારા ઘાતક ગોળના લાડુ પણ લાવવામાં આવ્યા. તે તીવ્ર ઝેરવાળા લાડુ તે અમૃતાદેવીએ મને પ્રેમપૂર્વક આપ્યા અને કહ્યું—" પ્રાણનાથ! આ લાડુ મારી માતાએ મોકલ્યા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે મેં આપને ખાવાને માટે રાખી મુકયા હતા, તે આજ આપને અર્પણ કરૂં છું, માટે આપ સર્વથી પહેલાં આ અમૃતમય અતિ સ્વાદિષ્ટ લાડુનો સ્વાદ લો. તે પછી અનેક મસાલાદાર શાક, દાળ વગેરે પણ પીરસ્યાં.

નૃપવર! તે દુષ્ટ સ્ત્રીના ચરિત્રથી જો કે હું વિરક્તચિત્ત હતો, પરંતુ ફરી તેની સ્નેહપૂરિત મોહની વાતોમાં મોહિત થઇને જ્ઞાનશૂન્ય થઇ ગયો. તે વખતે મને કંઇપણ વિચાર રહ્યો નહિ અને સઘળાં ઉત્તમ ભોજનને છોડીને હમે **મા દિકરાએ પ્રથમ તે ઝેરવાળા લાડુજ ખાધા.** તરતજ તે લાડુના ઝેરની વેદનાથી હમારૂં બન્નેનું શરીર ધુમવા લાગ્યું. જ્યારે મેં જાણી લીધું કે આમાં મોટો દગો છે ત્યારે મારા મુખમાંથી વૈદ્ય! વૈદ્ય!! વૈદ્યને જલ્દી બોલાવો! આટલાજ શબ્દ નીકળ્યા કે તરત મૂર્છિત થઇને બેભાન થઇ ગયો તે વખતે તે દુષ્ટ કપટવેષા અમૃતા "હા નાથ! હા નાથ!" શબ્દ કરતી પોકારવા લાગી અને માયાપૂર્વક રૂદન પણ કરવા લાગી અને પછી મારા શરીર ઉપર ચઢીને તે દુષ્ટાએ મને ખૂબ માર્યો.

## કુહાડાવડે યશોધરનો ઓચીંતો ઘાત.

**પૃથ્વીનાથ!** પછી તે દુષ્ટણીએ વિચાર્યું કે જો કદાચ વૈદ્ય આવી પહોંચશે, તો મારૂં કપટ ખુલી જશે, માટે એવો ઉપાય કરવો જોઇએ કે જેથી વૈદ્યના આવવા છતાં પણ મારો માયાચાર પ્રગટ થાય નહી. આ પ્રમાણે વિચાર કરી તે અમૃતાએ તીક્ષ્ણ કૂહાડાવડે મારા ગળામાં ઘા કરીને મને માર્યો, અને પછી લોકદેખડામણું કરવાને માટે હા નાથ! હા પ્રાણવલ્લભ! વગેરે પોકાર કરીને રૂદન કરવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ દુષ્ટણીનો પોકાર સાંભળીને સઘળા લોકો એકઠા થઇ ગયા. હે રાજન-! જે પુરૂષ વ્યભિચારીણી કુલટાનાં વચનોનો વિશ્વાસ કરે છે તે મારી માફક નાશ પામે છે. આ વાતની ખબર મારાં **પુત્ર યશોમતિને** પડતાં તે તરતજ **મૂર્છિત** થઇને જમીન ઉપર પડયો. પછી થોડીવારે સચેત થઇને પોકારવા લાગ્યો-હા નાથ! હાય તાત! આપના વિના સઘળું જગત અંધકારમય દેખાય છે. હાય પિતા! આપના જવાથી મારા સુખની છાયા જતી રહી. હાય! સ્વામિ! આપના વિના આ રાજ્ય શૂન્ય થઇ ગયું. પૃથ્વીનાથ! હવે આ અવંતી નગરીનો રાજા કોણ થશે? **હાય પિતૃવર!** આપના વિના આ રાજ્ય મને રૂચિકર થયું નહિ, પરંતુ ઉલ્ટું દુઃખદાયક થઇ ગયું. હાય તાત! આ વિસ્તીર્ણ રાજ્યપર વજ્રઘાત થાઓ, મને કંઇપણ પ્રયોજન નથી વગેરે પોકાર કરી રૂદન કરવા લાગ્યો, અને પોતાના હાથથી પોતાના છાતી માથું કૂટવા લાગ્યો.

## યશોમતિના વિલાપ માટે મંત્રીઓનું શાંતવન.

પૃથ્વીનાથ! તે સમયે મારા પુત્રની આવી અવસ્થા જોઇ વૃદ્ધ મંત્રી, સેનાપતિ વગેરે કારભારીઓ તેને શાંત પાડવાને માટે કહેવા લાગ્યા—હે રાજાધિરાજ! જે બનવા સર્જીત હતું તે બન્યું; હવે આ દુઃખસહિત અશ્રુપાતને રોકીને સમાધાનચિત્ત થાઓ. આ અસાર સંસારમાં જેટલા મહાપુરૂષ થયા તે સઘળા કાળને શરણે થઇ ગયા છે. આ પૃથ્વી ઉપર મહારાજ નલ, નહુષ, સગર, માંધાતા વગેરે મોટા મોટા પ્રતાપી રાજા થયા, પરંતુ સઘળાજ કાળને વશ થઇ ગયા છે. આ પૃથ્વી ઉપર નારાયણ, પ્રતિનારાયણ, હલધર, ચક્રવર્તિ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કામદેવ વગેરે ત્રણ ખંડ અને છ ખંડ પૃથ્વીના નાથ અનેક પ્રતાપી મહારાજા થયા, જેઓએ પૃથ્વી ઉપર અનેક અદભૂત કાર્યો કર્યાં તેઓ પણ યમરાજના મુખમાં ગયા છે. ચિરંજીવ ! જે જન્મ ધારણ કરે છે તે મરણને સાથે લઈ આવે છે, તે માટે **સંસારની ક્ષણભંગુર અવસ્થા જાણીને શોકનો ત્યાગ કરો,** અને સમાધાન ચિત્તથી તમારા પિતા અને દાદીની વિધિપૂર્વક દગ્ધક્રિયા કરો.

## माता-पुत्रनी दग्ध क्रिया.

સઘળા લોકોએ આ પ્રમાણે સંબોધવાથી મારો પુત્ર યશોમતિ શોકનો ત્યાગ કરીને પોતાના પિતા અને દાદીની દગ્ધક્રિયા કરવાની તૈયારી કરવા લાગ્યો અર્થાત્—ઉત્તમ ચંદરવા, સ્થંભ, ઝાલર અને ક્ષુદ્ર ઘંટ સહિત વિમાન બનાવીને તેમાં બન્ને શબને સ્થાપન કર્યાં અને પછી નગારાં, ઢોલ શંખ વગેરે વાજીંત્રોના અવાજ થવા લાગ્યા. આ સમયે સઘળા લોકોના મુખમંડળની કાંતિ નષ્ટ થઇ ગઇ હતી, પરંતુ તે દુષ્ટ અમૃતમતિએ જોકે બહારની રીતથી રૂદન વગેરે બહુ વિલાપ કર્યો, તોપણ એના મુખની શોભા વધારે આનંદમયી થવા લાગી.

પૃથ્વીનાથ ! જે પ્રમાણે સૂર્યની પાછળ સાંજ ચાલે છે તે પ્રમાણે મારા શોકથી સઘળી સ્ત્રીઓ શોકસૂચક રક્ત વસ્ત્ર ધારણ કરીને અનેક લોકોની સાથે મારા શબની પાછળ ચાલતી હતી. રાજન્! મારા શબની સાથે જતા સઘળા લોક એવા દેખાતા હતા કે જાણે ચંદ્રમાની સાથે અનેક તારાઓનો સમૂહજ ચાલે છે. આ પ્રમાણે ચાલતા, રૂદન કરતા અને છાતી કૂટતા સઘળા લોકો મહાકાળ નામના યક્ષના મંદિરની દક્ષિણ દિક્ષા તરફ **સ્મશાનમાં** ગયા, જ્યાં નગરના સઘળા લોક, બીજા ગામના રાજાઓ અને અનેક સિપાઇઓ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વગેરે આવ્યા, પરંતુ મલિન ભાવને ધારણ કરવાવાળી દુષ્ટ પાપિણી કૂબડામાં આસક્તચિત્ત અમૃતા આવી નહિ.

શ્રીમાન્! તે સ્મશાનમાં સિપાઇઓ વગેરે રાજાના મરણના શોકથી છાતી માથું કૂટવા લાગ્યા, તથા કેટલાએક લોકો સંસારથી વિરક્ત થઇને જિનદિક્ષા ધારણ કરવા લાગ્યા. આ પ્રમાણે મોટા મેળાવડા સમક્ષ યશોમતિ પુત્રે બંન્નેનો **અગ્નિસંસ્કાર** કર્યો. પછી અગ્નિમાં બળતાં બાકી રહેલા હાડકાંઓને ગંગાજીમાં નંખાવ્યા! અને ત્યાર બાદ મારા નામથી અનેક વિપ્રોને ભેગા કરીને અનેક ગાયો તથા રત્ન સુવર્ણના હાર વગેરે આભૂષણ, ઉત્તમ મોંઘા વસ્ત્ર, ભમર, છત્ર, સિંહાસન વગેરે અનેક પ્રકારનું **દાન** આપ્યું, તથા આંધળા, લૂલા, લંગડા, નિરાધાર, દરિદ્રિ વગેરે જીવોને અન્ન વસ્ત્ર આપ્યાં અને સઘળા લોકોને ઉત્તમ ભોજન આપીને સંતોષિત કર્યા.

પૃથ્વીનાથ! મારે નિમિત્તે યશોમતિએ અનેક પ્રકારનું દાન કર્યું, તોપણ હું સઘળી યોનિયોમાં ઉત્કૃષ્ટ મનુષ્ય પર્યાય પ્રાપ્ત કરી શક્યો નહિ. જુઓ! સંસારી જીવ મિથ્યાત્વ કર્મના ઉદયથી કેવા મોહિત થઈ રહ્યા છે કે જેને એ વાતનું જરાપણ જ્ઞાન નથી કે જીવ પોતાનાજ શુભ અશુભ ભાવોથી અનેક પ્રકારનાં કર્મ બાંધીને સંસારમાં ભ્રમણ કરે છે, અને તેને માટે બીજા પુરૂષો ગમે તેટલું દાન પુન્ય કરે, પરંતુ ઉલ્ટો મિથ્યાત્વનો બંધ થાય છે. એ સંબંધમાં અજ્ઞાની જીવો પ્રત્યક્ષ જોવા છતાં પણ ભુલ ખાઇ રહ્યા છે, કેમકે **પિતાના ખાવાથી પુત્રનું પેટ ભરાતું નથી, તેજ પ્રમાણે પુત્રના ભોજન કરવાથી પિતાની તૃપ્તિ થતી નથી.** જ્યારે પાસે રહેલા પેટની તૃપ્તિ થતી નથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો અન્ય યોનિમાં ગયેલાને માટે જે આપવામાં આવે તે તેની પાસે કેવી રીતે પહોંચી શકે ? વિષયમાં આસક્ત જીવ જ્યાં સુધી સમ્યક્-દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થઇ તેનું ચિંતવન કરતો નથી ત્યાં સુધી આ ઘોર સંસારમાંજ ભ્રમણ કર્યા કરે છે.

# प्रकरण ८ मुं.

## यशोधरनो मोर योनिमां जन्म.

પ્રજાપતિ! એ તો નિશ્ચયજ છે કે સઘળા જીવ પોતાના કર્માનુસાર સંસારમાં ભ્રમણ કરીને અનેક યોનિમાં ઉત્પન્ન થાય છે, તેજ પ્રમાણે હું પણ મારા કર્માનુસાર મરીને હિમવન પર્વતની દક્ષિણ દિશામાં આવેલા ક્ષુદ્ર વનમાં મોરને પેટે ઉત્પન્ન થયો. આ વન સિંહ, વાઘ, હાથી, રીંછ, હરણ વગેરેના સમૂહથી ભયાનક છે. આ વનમાં વાઘો હરણોનો શિકાર કરે છે, સિંહ મદોન્મત્ત હાથીઓની સાથે યુદ્ધ કરે છે, સર્પ નોળીઆની સાથે યુદ્ધ કરે છે, કોઇ કોઇ જગ્યાએ ભીલોના ટોળાંઓ મુસાફરોને લૂંટવાને ભેગાં થઇ રહ્યાં છે, કોઇ કોઇ જગ્યાએ હાથીઓનાં ટોળાંને જતા જોઇ સિંહ નાસી જાય છે તથા કસ્તુરીને માટે હરણોને મારવાને અનેક દુષ્ટ માણુસો ફર્યા કરે છે.

રાજન્! તે ભયાનક વનની અંદર મોરના તીવ્રાગ્નિયુક્ત પેટમાં હું ઉત્પન્ન થયો. જે પ્રમાણે દુષ્ટોનાં વચનોથી સજ્જનો દગ્ધ થાય છે તે પ્રમાણે મોરના પેટમાં હું દગ્ધ થવા લાગ્યો. જે પ્રમાણે તપેલા કઢાયાની અંદર નારકી દુઃખી થાય છે તે પ્રમાણે હું પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુઃખી થયો. પછી મારી મોર માતાએ મને પેટમાંથી કાઢી કૂતરા બિલાડા વગેરે હિંસક જીવોના ભયથી કાંટાવાળા ઝાડોની અંદર છુપાવી રાખ્યો, અને પછી દિવસ પુરા થયેથી મને ઈંડામાંથી બહાર કાઢયો. જ્યાં સુધી હું ચાલવા અને ઉડવા યોગ્ય ન થયો ત્યાં સુધી મારી માતા મને પોતાની ચાંચથી ખવાડતી હતી, જેથી મારૂં પેટ ભરાતું હતું. આ પ્રમાણે દિવસ વિતાડતો હતો કે એક દિવસ જંગલમાં ફરતી મારી માતાને કોઇ દુષ્ટ ભીલે મારી નાંખી, અને મને જીવતોજ પકડી લીધો, પછી તે **ભીલ** હમને બન્નેને વસ્ત્રમાં બાંધીને પોતાને ઘેર ચાલતો થયો. રાજન્! તે વખતે હું અનેક પ્રકારે રૂદન પણ કરતો હતો, તોપણ તે દુષ્ટ શિકારીના હૃદયમાં જરાપણ દયા આવી નાહ.

નૃપરાજ! તે ભીલે ગામમાં જઇને મારી મરેલી માતાને તો કોટવાલને વેચી દીધી અને મને પોતાને ઘેર લઇ જઇને પીંજરામાં ગોંધી દીધો. પછી મને આવો દુઃખી જોઇને તે ભીલની સ્ત્રી ભીલણીએ પોતાના પતિને કહ્યું–" રે દુષ્ટ પાપીષ્ટ! તું આ બાળકને કેમ લાવ્યો? એને મારવાથી શું થશે? એનો એક કોળીઓ પણ થશે નહિ, શું એનાથી તારૂં પેટ ભરાઇ જશે? તું મોટા મોરને તો કોટવાલને આપી આવ્યો અને નાનું બાળક અહિં લાવ્યો છે, હવે શું તને ભક્ષણ કરૂં? અરે નીચ! હવે તું મારી આગળથી ચાલ્યો જા, તારૂં મુખ મને નહિ બતાવ!"

આ પ્રમાણે ભીલણીના કટુક વચન સાંભળીને ભીલ કહેવા લાગ્યો–" અરે દુષ્ટણી! તું કેમ ઘભરાય છે! હમણા જઇને આ બચ્ચાંને પણ વેચી આવું છું અને તેનું જે કંઇ દ્રવ્ય મળશે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમાંથી અન્ન લાવીને તને આપું છું. પછી તું સારી પેઠે તારૂં પેટ ભરી લેજે. આ પ્રમાણે કહી તે ભીલે મને કોટવાલની પાસે લઇ જઇને થોડા પૈસા લઇ મને આપી દીધો. પછી કોટવાલે મને માર્યો નહિં, પરંતુ મારૂં પાલનપોષણ કર્યું અને મારી સારીરીતે રક્ષા કરી.

નૃપશ્રેષ્ઠ! પાપી જીવોનું શરીર પણ આહારથીજ બંધાયલું છે. મ્હેં કોટવાલના ઘરમાં પેટપુરતું ભોજન કર્યું, જેથી મને પાંચ રત્નોની માળા સમાન પીંછાનો ગુચ્છો નીકલ્યો, તથા મારૂં સઘળું શરીર ઘણું શોભાયમાન થયું, જે જોઇ કોટવાલે હર્ષિતચિત્ત થઇ મનમાં વિચાર્યું કે ઉજ્જૈની નગરીમાં જઇ રાજા **યશોમતિને** **આ બાળક ભેટ કરીશ।**

## चंद्रमतिनो कूतरानी योनिमां जन्म.

હવે ચંદ્રમતિ નામની મારી માતાનો જીવ એજ ઉજ્જૈની નગરીમાં કૂતરાની યોનિમાં ઉત્પન્ન થયો. રાજન્! મારી માતા ચંદ્રમતિ કે જે વિષ્ણુની ભક્ત બ્રાહ્મણોના ભોજન કરેલામાંથી બચેલા માંસને ભક્ષણ કરવાવાલી, દરરોજ ચંડિકાદેવીને પૂજવાવાલી, દેવીને માટે અનેક ગરીબ પશુઓને મારવાવાળી, ગંગા નદિના જળને પવિત્ર માનવાવાળી, બકરા હરણ વગેરે ગરીબ પશુઓવડે કુળદેવી અને કુળ પિતૃઓની તૃપ્તિ કરવાવાળી, અને જીવમાત્રના રક્ષક જૈન મતાનુયાયી નિર્ગ્રંથ મુનીઓની નિંદા કરવાવાળી હતી તે પોતાના અશુભ કર્મોને લીધે કૂતરાની યોનિમાં ઉત્પન્ન થઇ. તે કૂતરો મહા બળવાન, પવન સમાન વેગનો ધારક, ચંચળ અને કુટિલ વજ્ર સમાન કર્કશ નખવાળો હતો. તે ચંચળ અને વાંકી પૂંછડીવાળો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહા વિકાળ કૂતરો મહારાજ યશોમતિની ભેટમાં આવ્યો અને તેજ દિવસે કોટવાલે મને (મોરને) પણ લઇ જઇને રાજાને આપ્યો.

## यशोमतिने मोर तथा कूतरानी भेट.

રાજન્! અમને બંન્નેને જોઇ રાજા યશોમતિ ઘણા હર્ષિત થયા. પછી કૂતરાને કૂતરાના પાળકોને સોંપ્યો અને મને મેહેલમાં રાખ્યો. તે પછી મારા પુત્ર યશોમતિએ મારા સઘળા શરીર ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો અને અત્યંત પ્રશંસા કરતો પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યો કે, જેવો આ મોર મનોજ્ઞ છે તેવોજ આ કૂતરો પણ મનોરંજક છે. એ કૂતરો તો સિંહ સમાન બળવાન પોતાના વેગથી હરણોના સમૂહનો ઘાતક છે, તથા મને એવો જણાય છે કે આ કૂતરાની સન્મુખ વિષ્ણુ મહારાજનો અવતાર સૂકર પણ બચી શકે નહિ.

## मोर अने कूतरा उपर विपत्ति.

આ પ્રમાણે અનેક પ્રકારે ચિંતવન કરીને કૂતરાને તો સોનાની સાંકળોથી બાંધ્યો અને મને મેહેલોની વચમાં છોડી દીધો. હું (મોર) આકાશમાં ઉડતો મહેલના શિખરો ઉપર રમવા લાગ્યો, તે સમયે આકાશમાં ગર્જના કરતા અને ગ્રીષ્મરૂપ રાજાને નસાડવાને ઇંદ્રનું ધનુષ ધારણ કરતું એવું મેઘમંડલ (વરસાદ)ને જોયું.

રાજન્! તે વખતે હું વર્ષાકાળનો આડંબર જોઇ આનંદિત થઇ નૃત્ય કરવા લાગ્યો અને તે પછી આગલા જન્મનું અશુભ ચિંતવન કરી અશ્રુપાત કરતો રૂદન કરવા લાગ્યો અને તેજ વખતે એકદમ પૃથ્વીઉપર પડયો, અને ત્યાં આસક્ત અમૃતારાણીને જોઇ. પૂર્વ જન્મના વૈરથી તરતજ હું તેના ઉપર પડયો અને મારા તીક્ષ્ણ નખવડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે અમૃતાનો ઘાત કરવા લાગ્યો. તે વખતે તે અમૃતા લોહીની ધારાથી વ્યાપ્ત ઘણી દુઃખી થઇ બન્ને હાથ ઉંચા કરીને હાહાકાર કરતી પૃથ્વી ઉપર પડી. પછી તે દુષ્ટાએ તરતજ ઉઠીને મણિની માળાથી મારો પગ ભાંગી નાંખ્યો. મારો પગ ભાંગી જવાથી મને જાતિ સ્મરણ થયું અને વિચાર કરવા લાગ્યો કે જે વખતે હું સમર્થવાન રાજા હતો તે વખતે તો એનો ઘાત ન કર્યો, પરંતુ આ વખતે એનાં ઉપર પ્રહાર કર્યો તેથી હું બહુ દુઃખી થયો. રાજન્ ! આ પ્રમાણે વિચાર કરતો જોકે મારો પગ ભાંગી ગયો હતો, તોપણું જેમ તેમ કરીને ત્યાંથી ન્હાસવા લાગ્યો, પરંતુ અમૃતાના કહેવાથી અનેક દાસીઓ મારી પાછળ દોડી આવી અને જેના હાથમાં જે આવ્યું તે લઇને મને મારવા લાગી. કોઇ દાસીએ ક્રોધપૂર્વક પાવડી ફેંકીને મારી, કોઇએ ચમરની દાંડી, કોઇએ લાકડી, કોઇએ હાથથી મારીને દોડો ! પકડો ! જવા ન પામે વગેરે બૂમ પાડતી અનેક દાસીઓ મારી પાછળ લાગી, તોપણ હું ન્હાસતોજ ગયો પરંતુ દૈવે પ્રાણ બંચવા દીધો નહિ. આખરે મારી માતાના જીવ કૂતરાએ આવીને મારી ગરદન પકડી લીધી; જેથી હું (મોર) પ્રાણ રહિત થઇ ગયો.

જે માતા મને જરાપણ દુઃખ થવામાં દુઃખી થઇ જતી હતી, તે માતાના જીવ કૂતરાએ મને ગરદનમાંથી એવો પકડયો કે રાજા યશોમતિએ (મારા પુત્રે) ઘણું એ છોડાવવા માંડ્યો, પરંતુ તે દુષ્ટ કૂતરાએ મને છોડયો નહિ, ત્યારે આખરે યશોમતિએ તેના મસ્તક ઉપર એવી જોરથી ડાંગ મારી કે તરતજ તે કૂતરાના મસ્તકના બે ટુકડા થઇ પ્રાણ નીકળી ગયો.

પૃથ્વીનાથ ! જુઓ, કર્મની ગતિ કેવી વિચિત્ર છે કે માતાના જીવ કૂતરાએ પુત્રના જીવ મોરને માર્યો, અને પૌત્રે દાદીના જીવ કૂતરાને માર્યો. રાજન્ ! તે વખતે મારા મૃતક શરીરને જોઇ યશોમતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિલાપ કરવા લાગ્યો કે, હાય મોર! હાય, ઘરની લક્ષ્મીનું આભૂષણ! ત્હારા વિના મેહેલના શિખર અને ધ્વજાઓની શોભા કયાં? હા શિખરાજ! તારા વિના ઘરની વાવડીમાં વસતા સર્પ કેવી રીતે નાશ પામશે? હા પ્યારા! ત્હારા વિના નૃત્ય કોણ કરશે? વગેરે મોરના શોકથી પત્યો નહિ કે એટલામાં કૂતરાનું મૃતક શરીર જોઇ ફરી દુઃખિત થઇ વિલાપ કરવા લાગ્યો.

યશોમતિ મહારાજ કહેવા લાગ્યા—"હે કૂતરા! તું અન્ન પાણી કેમ લેતો નથી? અહિંયા કેમ સૂઇ રહ્યો છે? શુ મારા એકજ દંડથી રીસાઇને સૂઇ ગયો? આ જો! સોનાની થાળમાં દૂધમાં મેળવેલું ઉત્તમ ભોજન તૈયાર છે તેને કેમ ખાતો નથી? હે કૂતરા! તારા વિના અરણ્યમાં ઝડપથી દોડનારાં હરણો સ્વેચ્છાચારી થઇ રહ્યા છે, માટે આ સમયે ત્હારા વિના હરણોને મારવામાં કોણ સમર્થ થશે?

## मोर अने कूतरानी दहन क्रिया.

રાજન! યશોમતિએ આ પ્રમાણે ચિંતવન કર્યા પછી જે પ્રમાણે યશોધર (મારો) અને ચંદ્રમતિનો અગ્નિસંસ્કાર કર્યો હતો તે પ્રમાણે મોર અને કૂતરાની દહન ક્રિયા કરી અને પછી તેજ પ્રમાણે પિંડદાન, વિપ્રભોજન વગેરે સઘળું કાર્ય કર્યું.

જુઓ! મોહને વશ થઇ સુપુત્રો વસ્ત્ર આભુષણ, ભોજન વગેરે સામગ્રી એવી ઇચ્છાથી બ્રાહ્મણોને આપે છે કે મારા મૃત્યુ પામેલા માતપિતાની પાસે પહોંચી જશે, પરંતુ ત્યાં જતાપણ પહોંચતી નથી. બ્રાહ્મણોની વાક્જાળમાં ફસાઇને લોકો એવું કરે છે, એમાં કંઇ પણ આશ્ચર્ય નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## યશોધરને નોળીયા યોનિની પ્રાપ્તિ.

રાજન્! જે વખતે હું મરી ગયો કે તરતજ સુવેલગિરીના પશ્ચિમ ભાગમાં મોટા અરણ્યની વચમાં નોળીના ગર્ભમાં ઉત્પન્ન થયો. આ વન એવું ભયાનક હતું કે જેમાં બાવળ, ખેર વગેરે કંટક સૂકા ઝાડો સિવાય બીજા ઝાડ ઉત્પન્ન થતાં નહોતાં. આ વનમાં પાણીનું નામ નિશાન નહોતું, પરંતુ પવનના જોરથી ધૂળ અને સૂકાં પાંદડાં ઉડતાં દેખાતાં હતાં. એવા નિર્જન અને ભયંકર વનમાં ભૂખ તરસથી પીડિત સૂકા સ્તનવાળી નોળીના પેટે જેવો મારો જન્મ થયો કે હું પણ તેના દુધ રહિત સ્તનોને જીભથી ચાટવા લાગ્યો, પરંતુ દુધ વિના મારી તૃપ્તિ કેવી રીતે થઇ શકે? પછી ભૂખના તાપથી દુઃખી થતો હું એક તુચ્છ સર્પને જોઇ તેને તરત ગળી ગયો. તે વખતે તે સર્પનો સ્વાદ મને ઘણો સ્વાદિષ્ટ લાગવાથી મેં અનેક સર્પોનું ભક્ષણ કર્યું! અને એજ પ્રમાણે હમેશાં સર્પોનું ભક્ષણ કરીને મોટો થવા લાગ્યો.

## માતા ચંદ્રમતિને સર્પ યોનિની પ્રાપ્તિ.

રાજન્! મારી માતાનો જીવ કૂતરાની પર્યાયમાંથી મરીને તેજ વનમાં સૂક્ષ્મ જંતુઓનો ભક્ષક ભયંકર સર્પ થયો. એ સર્પ એક દિવસ વનમાં ક્રીડા કરતો હતો કે મેં તેની પૂંછડી મુખમાં પકડીને ખાવા માંડી. જેવી મેં તેની પૂંછડી કાપી કે તરતજ તેણે ફરીને વિકરાળ ફેણથી મારા મુખમાં વિષાગ્નિ છોડી દીધી અને પછી સઘન દાંતોને કચકચાવતો મારી પીઠના ચામડાં અને હાડકાંને ખાઇ ગયો, જેથી મારા શરીરમાંથી લોહીની ધારા વહેવા માંડી. આવી અવસ્થા જોઇ ફરીથી મેં ઉછળીને તેને એવો કરડી ખાધો કે તે તરતજ મરી ગયો, અને હું પણ તેના ઝેરના તાપથી બળીને ભસ્મ થઇ ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कर्मनी विचित्रता.

**નૃપરાજ ! આ સંસારમાં એવો કોણ જીવ છે કે જે કર્મની ગતિને રોકી શકે ?** એજ કર્માનુસાર અસંખ્ય જીવ એક બીજાના ભક્ષક બની રહ્યા છે. જે પ્રમાણે સ્થાવર જંગમ જીવોને એકેંદ્રિય ત્રિઇંદ્રિય અને ચતુરિંદ્રિય જીવ ભક્ષણ કરે છે, તે પ્રમાણે પંચેન્દ્રિય જીવ વિકલેંદ્રિય જીવોનો ઘાત કરે છે. એ પ્રમાણે પૂર્વના વેરથી એકબીજાનો ઘાત કરીને મૃત્યુ પામે છે, તે પ્રમાણે મારી માતાનો જીવ સર્પ અને મારા જીવ નોળીઆએ પરસ્પર એકબીજાનો ઘાત કરીને યમપુરીનો માર્ગ લીધો, અને કુયોનિમાં ઉત્પન્ન થઇને દુ:ખ ભોગવ્યું.

# प्रकरण ९ मुं.

## मोरने मत्सयोनि अने कुतराने जलजंतुयोनिनी प्राप्ति.

**અભયરુચિકુમાર** ક્ષુલ્લક મારિદત્ત મહારાજને કહેવા લાગ્યા. " રાજન્ ! સુશોભિત ઉજ્જયનિ નગરીમાં સિપ્રા નામની સ્વચ્છ નદી છે. હું તે નિષ્ઠુર સર્પના ઘાતથી મરણ પામીને ફરી એ સિપ્રા નદીમાં માછલીના ગર્ભમાં આવીને રહ્યો અને પછી માછલીને પેટે જન્મ ધારણ કરીને ક્રમપૂર્વક મોટો થતો મોટા મોટા મગરમચ્છોને મારવામાં સમર્થ તથા આકાશમાં ઉછળવું, નીચા પડવું, જળમાં ફરવું અને ઉલ્લંઘન કરવું વગેરે કાર્યમાં ઘણો પ્રવીણ થઇ ગયો. એ પ્રમાણે સિપ્રા નદીના અતિ નિર્મળ સ્વચ્છ અને ચંચળ જળમાં ફરતો, તરતો અને માછલાંઓને ગળતો કાળ વ્યતિત કરવા લાગ્યો.

**પૃથ્વીનાથ** ! મારી માતાનો જીવ કે જે સર્પ હતો, તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારા ઘાતથી મરીને ઘોર કર્માનુસાર તેજ સિપ્રા નદીમાં જળજંતુઓનો અધિપતિ **સંશુમાર** થયો. તેણે દૈવયોગથી મને જોઇ પૂર્વના વૈરથી જેવો તીક્ષ્ણ નખ અને દાંતથી મને પકડી ચીરવાનો પ્રારંભ કર્યો કે એટલામાં મહારાજ યશોમતિના મહેલોની કોમળાંગી ચંદ્રવદના દાસી પોતાના પગવડે ઝનકાર કરતી પાણીમાં તરવાને ઉત્સાહિત થતી સુંદર વસ્ત્ર આભૂષણોથી શોભિત દિવ્ય સુગંધથી પૂર્ણ વિનોદપૂર્વક નદીના સ્વચ્છ જળમાં રમવા લાગી. રાજન્! તે વખતનો દેખાવ અપૂર્વ હતો, અર્થાત્ તે મદમાતી દાસીઓમાંથી કોઈ ડુબકી મારી ઘણે દૂર નીકળતી, કોઇ પરસ્પર એક બીજાપર પાણીની છાલકો ઉરાડતી અને કોઇ જળમાં તરવા લાગી.

આ પ્રમાણે જળમાં તરતાં તરતાં એક દાસીએ બીજી દાસીને ધક્કો માર્યો, જેથી દૈવની વિચિત્રતા જુઓ કે તે મારા ઉપરજ આવીને પડી. તે વખતે સંશુમાર કે જેણે મને પકડી રાખ્યો હતો તેણે મને તો છોડી દીધો, પરંતુ તરતજ તે દાસીને પકડીને નખ અને દાંતોથી પીડવા લાગ્યો.

**રાજન્!** આ જોઇને બીજી સઘળી દાસીઓ પાણીમાંથી નાસી ગઇ. તે પછી રાણીના સિપાઇઓએ રાજા યશોમતિની પાસે જઇને કહ્યું કે–મહારાજ! આપની માનિતી **કુબ્જીકા દાસીને** જળમાં રમતી વખતે માંસલુબ્ધ સંશુમાર નામના જળજંતુએ નખ અને દાંતથી ચાવી નાંખી છે. આ સાંભળી રાજાએ ક્રોધિત થઇને કહ્યું–"આવું હિંસક જંતુ કોને પ્રિય હોય? જેણે સૂકર, ભાંસર વગેરે વનવાસી જીવોને જળપાન કરતી વખતે ભક્ષણ કર્યા તથા સ્નાન કરતા અનેક નરનારીઓને દુઃખી કર્યા, એવા મહાદોષની ખાણ સંશુમાર જંતુને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જલ્દીથી મારી નાંખો. આ પ્રમાણે કહી અનેક યોદ્ધાઓ સહિત મહારાજ યશોમતિએ નદી આગળ જઇને માછીઓને હુકમ કર્યો કે આ નદીમાંથી જેમ બને તેમ તાકીદે સંસુમારને પકડો.

## संशुमारनो घात.

મહારાજ યશોમતિના ક્રોધયુક્ત શબ્દોથી આકાશ ગાજી રહ્યું-તે સાંભળીને તરતજ અનેક માછીઓ સિપ્રા નદીમાં પડ્યા, અને ખૂબ મેહેનતે તે ઉછળતા કૂદતા સંસુમારને પકડી નદીની બહાર લાવીને જમીન ઉપર નાંખ્યો. રાજન્! તે સંસુમારને જોઇ ક્રોધિષ્ટ ભાવથી રાજાએ હુકમ કર્યો કે આ દુષ્ટ જંતુને અગ્નિમાં બાળી નાંખો. આ હુકમ સાંભળી સિપાઇઓએ તે સંસુમારનો હવન કર્યો.

## मच्छ अमृताराणीनी हजूरमां.

**રાજન્!** હું દુઃખમાંથી છુટી નદીમાં ક્રીડા કરતો બેઠો હતો કે એટલામાં મારવાનો કલકલાટ શબ્દ કરતા માછીઓ આગળ આવ્યા, અને મારા ઉપર મોટી સઘન જાળ નાંખી, જેથી હું તે જાળમાં ફસાઇ ગયો. તે વખતે જે પ્રમાણે તીવ્ર મોહના ઉદયથી સંસારી જીવ દુઃખી થાય છે તે પ્રમાણે હું જાળમાં ફસાઇને માછીઓના પ્રહારથી દુઃખી થવા લાગ્યો.

**પૃથ્વીનાથ!** જે વખતે માછીઓએ મને જાળમાં પકડીને નદીના કિનારા ઉપર લાવીને મુકયો, તે વખતે એક પુરૂષે કહ્યું કે, આ મચ્છને મારવો નહિ, કેમકે એને મારવાથી ઘણી દુર્ગંધ ફેલાશે, એમ કહી મને મારા **પૂર્વભવના પુત્ર યશોમતિને** બતાવ્યો. યશોમતિએ મારૂં શરીર જોઈ આગમવેદી બ્રાહ્મણોને મારૂં શારીરિક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લક્ષણ-વર્ણન કરવાનું કહ્યું, જેથી તે વિપ્રો મારા શરીરને આમતેમ ફેરવી જોઇ **સામુદ્રિક શાસ્ત્રથી મારૂં લક્ષણ કહેવા લાગ્યા-**

આ પાંડુરોહિત જાતનો મચ્છ નદીના પ્રવાહમાં સન્મુખ તરે છે તથા આ મચ્છ દેવ અને પિતૃજનોના બલિદાનને યોગ્ય છે. એમ કહી વેદબ્રાહ્મણ કહેવા લાગ્યા કે, શ્રી વિષ્ણુ ભગવાને જગતના રક્ષાને માટે મત્સ્યાવતાર ધારણ કરીને છ અંગયુક્ત વેદને સમુદ્રમાં કાઢ્યો, તેથી બ્રાહ્મણોએ મચ્છને અતિ પવિત્ર માન્યો છે વગેરે કહીને વિપ્રોએ મહારાજને સલાહ આપી કે એ મચ્છ મહારાણી અમૃતાદેવી-ના મેહેલમાં મોકલવો જોઇએ. આ સાંભળી રાજાએ તરતજ મને સિપાઇઓ સાથે અમૃતાના મહેલમાં પહોંચાડી દીધો.

## પિતૃતૃપ્તિ માટે મચ્છનું બળીદાન.

**રાજન્** ! મારા ત્યાં પહોંચવાથી બ્રાહ્મણોનું પ્રયોજન સિદ્ધ થઇ ગયું. બ્રાહ્મણોએ અમૃતાને કહ્યું કે-હે માત! આ **રોહિત મચ્છ** સઘળા મચ્છોમાં ઉત્તમ માનેલો છે, તે માટે એની પૂંછડીનું પિતૃઓ-ના નામથી જો વિપ્રોને ભોજન આપવામાં આવે તો પિતૃઓની તૃપ્તિ અવસ્ય થશે.

**પૃથ્વીનાથ** ! તે સમય "**ब्रह्मवाक्यं जनार्दनः**" ની કહેવતને માનતી અમૃતાએ મારી **પૂંછડી કપાવી સૂંઠ મરચાં તેલ વગેરેમાં પકાવીને વિપ્રોને આપી.** તે સઘળા બ્રાહ્મણો પેટ-પૂર્ણ ભોજન કરીને આશીર્વાદ આપી પોતાને ઘેર ચાલ્યા ગયા ! ! !

તે પછી મારા બાકી રહેલા શરીરને અનેક જાતના મસાલામાં મેળવી ધગધગતા તેલના કઢાયામાં પાકવાને નાંખ્યું. હે રાજન્ ! તે વખતની વેદના તો હુંજ જાણું છું અથવા કેવળી ભગવાનજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણી શકે. જે વખતે હું તે તેલમાં પાકી રહ્યો હતો તે સમયે મને જાતિસ્મરણ થવાથી મેં સઘળા પરીવારને ઓળખી લીધો, જેથી એક તો માનસિક દુઃખ અને બીજું શારીરિક કષ્ટ એવાં બન્ને દુઃખનો અનુભવ ગ્રહણ કર્યો.

રાજન્ ! આપ પણ એ વાતનો અનુભવ કરી શકશો કે જે સમયે અજાધ મરચાં વગેરે મસાલામાં મને મેળવીને તેલમાં પકાવ્યો તે વખતની વેદના શું નરકની વેદનાથી ઓછી હતી ? કદાપિ નહિ. પરંતુ નર્કમાં તો ફક્ત તપ્ત તેલમાંજ પકાવવામાં આવે છે પણ મને તો હળદ, મરચાં, સૂંઠ, પીપર વગેરે તીક્ષ્ણ મસાલામાં મેળવીને પકાવ્યો જેથી એક તો અગ્નિની વેદના અને બીજી મસાલાની ! એટલું છતાં પણ પાકી રહેવાની પરીક્ષાને માટે લોખંડના નોકદાર ખીલાઓથી વારંવાર ગોદા ખાવા વગેરે કષ્ટનું વર્ણન ક્યાં સૂધી કરૂં ?

રાજન્ ! મારા પાકી રહ્યા પછી અંદર ખૂબ જીરૂં મરચાં મીઠું વગેરે નાંખીને રસોઇદારો મારા શરીરનો સ્વાદ ચાખવા લાગ્યા. તે પછી મારા પાકેલા ગાત્રને કડછાઓ વડે હલાવીને બ્રાહ્મણોએ ખાધું, તે પછી મારા પુત્ર યશોમતિ, મારી સ્નેહવતી અમૃતમતિનો જાર કૂબડો વગેરે સઘળા પરીવારે તે ગાત્રનું ભોજન કર્યું.

પૃથ્વીનાથ ! જોઇ સંસારની વિચિત્રતા કે પિતૃને (મારે) નિમિત્તે મનેજ ભક્ષણ કર્યો. આ સઘળાં અશોભન કર્મ જીવ્હાલંપટી માંસભક્ષી વિષયાશક્ત બ્રાહ્મણોનાંજ છે, કેમકે વિપ્રોના ઉપદેશથી સઘળા અજ્ઞાન લોક હિંસાકર્મને ધર્મ માની અંગીકાર કરે છે, જેથી એ સઘળો દોષ બ્રાહ્મણોના ઉપરજ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## माता अने पुत्रने बकरा-बकरीनी योनिनी प्राप्ति.

તે પછી મારી માતાનો જીવ સંશુમારના શરીરમાંથી નીકળી પાર્શ્વ ગામમાં બકરી થઈ, અને હું પણ મચ્છની પર્યાયમાંથી પ્રાણ ત્યાગી દૈવયોગથી તેજ બકરીના ગર્ભમાં ઉત્પન્ન થઇ બકરો થયો. પછી હું ક્રમપૂર્વક મોટો થઇ જ્યારે યૌવનપ્રાપ્ત થયો, ત્યારે કામાંધ થઇ મારી માતા બકરીની સાથે મૈથુનકર્મ કરવા લાગ્યો. તે સમયે ટોળાંના સ્વામી બકરાએ ઈર્ષ્યાયુક્ત ક્રોધના આવેશમાં મને માર્યો, જેથી હું મરણ પામીને મારાજ વીર્યથી તેજ બકરીના ગર્ભમાં બકરો ઉત્પન્ન થયો.

## पोतानाज वीर्यथी पोतानोज जन्म थाय के?

અહિંયા કોઇને શંકા ઉત્પન્ન થશે કે, **પોતાનાજ વીર્યથી પોતાનોજ જન્મ કેવી રીતે થઈ શકે?** એનું સમાધાન એવી રીતે છે કે, જે સમયે સ્ત્રીનું રૂધિર અને પુરૂષના વીર્યનો સંયોગ થાય છે તે સમયથી સાત દિવસ સુધીમાં તેમાં જીવ આવે છે તે સંયોગ સાત દિવસ સુધી મળેલો રહે છે, અને જો સાત દિવસની અંદર જીવની ઉત્પત્તિ ન થાય તો તે જુદો થઇને ખરી પડશે. એજ પ્રમાણે જે સમયે બકરીનું રૂધિર અને બકરાના વીર્યનો સંયોગ થયો તેજ વખતે બકરાનું મરણ થયું, જેથી તે તરતજ તેના ગર્ભમાં જઇને ઉપસ્થિત થઇ ગયો, એથીજ ફરી બીજી પર્યાયમાં પણ બકરોજ થયો.

**રાજન્!** તિર્યંચોમાં લજ્જા હોતી નથી, પણ માતાને સ્ત્રી બનાવી લેવી સહજ છે, એજ પ્રમાણે મેં પણ માતાની સાથે ભોગ કર્યો! જે વખતે મને એ વાત યાદ આવે છે, ત્યારે મને બહુ દુઃખ થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## यशोमतिए करेलो बकरा बकरीनो घात.

જ્યારે હું ફરી બકરીના ગર્ભમાં આવ્યો અને ક્રમ પ્રમાણે મોટો થવા લાગ્યો, તે સમયે એક વખત યશોમતિ મહારાજા શિકાર કરવાને માટે વનમાં પધાર્યા અને હરણો માટે સઘળા વનમાં ફર્યા પરંતુ જ્યારે એક પણ હરણ મળ્યું નહિ ત્યારે પાછા ફરતાં માર્ગમાં મારી માતા બકરી અને ટોળાંનો નાયક બકરો એ બન્નેને મૈથુનકર્મમાં તત્પર થઇ રહેલાં જોયાં. તે સમયે યશોમતિ મહારાજે ક્રોધના આવેશમાં પોતાના ભાલાની નોકથી બન્નેનો ઘાત કર્યો અને પછી પાસે આવીને જોવા લાગ્યા.

## बकरीना बच्चानुं थयेलुं जतन.

બકરા બકરી બન્ને ભાલાના ઘાથી રૂદન કરતા મૃત્યુ પામ્યાં તથા ગર્ભવાસમાં રહેતા મારા આઠે અંગ કંપાયમાન જોયા, તે સમયે યશોમતિ રાજાએ મને બકરીના પેટમાંથી કઢાવીને બકરાના પાળક ભરવાડને સોંપ્યો તેણે યત્નપૂર્વક બીજી બકરીઓનું દુધ પીવાડીને મારૂં પાલન પોષણ કર્યું, જેથી હું તેના ઘરમાં મોટો થવા લાગ્યો, પરંતુ હું પશુયોનિ સંબંધી અજ્ઞાનદશામાં મુગ્ધ થઇ માતા, બ્હેન, બેટી વગેરે સાથે મૈથુન સેવન કરતો ટોળાંનો નાયક થઇ સુખપૂર્વક રહેવા લાગ્યો.

## भेंसना बळीदान माटे यशोमतिनी प्रतिज्ञा.

હવે એક દિવસ યશોમતિ મહારાજે કુળદેવતાની સન્મુખ એવી રીતે પ્રાર્થના કરી કે હે માત ! તારી કૃપાથી જો મને હરણનો લાભ થશે, તો તને ઘોડા સમાન વેગવાન ભેંસનું બળીદાન આપીશ, આ પ્રમાણે કહીને રાજાને શિકારને માટે જંગલમાં ગયા અને ત્યાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તરતજ શિકારનો લાભ થયો. પછી પાછા ઘેર આવ્યા અને દેવીને માટે ભેંસ મંગાવી તેને મારીને તેના માંસથી દેવીને તૃપ્ત કરી, તે સમયે રસોઇદારોએ મને લાવીને ત્યાંજ બાંધી દીધો, જેથી દૈવયોગથી એક માણસે કોઇ જંતુનું માંસ લાવીને મારી પાસે નાંખ્યું, જેને સુંધીને હું તરતજ ખાઇ ગયો, ત્યારે ફરીથી મને લાંબી દોરીથી એવો બાંધ્યો કે જે પ્રમાણે સંસારી જીવ કર્મના બંધનથી બંધાઇ જાય છે.

## વળીદાનના પ્રસાદનું બ્રાહ્મણોને ભોજન !

તે પછી યશોમતિ રાજા બ્રાહ્મણોને નિમિત્તે માંસરસ, ઘી અને દુધના ભોજનને માટે દેવીની આગળ ભેંસનું બળીદાન કરીને કહેવા લાગ્યો–" હે પરમેશ્વરી ! હે કાત્યાયિની ! મારા ઉપર પ્રસન્ન થાઓ, એમ કહી માંસ ઉત્તારણ કરીને બળીદાન આપવા લાગ્યો.

રાજન્ ! અજ્ઞાની માણુસ હિંસાકર્મ કરતા જરા પણ ડરતા નથી. મિથ્યામાર્ગીઓના હૃદયમાં એ વાતનો પૂર્ણ વિશ્વાસ થઇ રહ્યો છે કે દીન પશુઓનો ભોગ આપવાથી દેવી પ્રસન્ન થઈ સઘળાં કાર્યની સિદ્ધિ કરે છે! હા! ધિક્કાર થાઓ તે મૂર્ખોની બુદ્ધિ ઉપર કે જે પરજીવોનો ઘાત કરી પોતાના કાર્યની સિદ્ધિ માને છે.

તે પછી બીજા પુરૂષોને બહુ ઘીથી ભરેલું ભેંસનું માંસ આપ્યું, તથા ક્ષુધાના વિકારને દૂર કરવાવાળા ભોજનનેયોગ્ય અનેક રસયુક્ત મદિરા અને મગની દાળ પણ આપ્યાં, ત્યાર પછી અનેક વસ્ત્ર અને ગાયોનું દાન આપીને મહારાજે કહ્યું–" આ મારૂં સઘળું દાન સ્વર્ગમાં રહેતા મારા પિતાની પાસે પહોંચજો !!!"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## बकराने जातिस्मरण.

રાજન્ ! તે સમયે ભૂખ અને તરસથી પીડિત હું (બકરો) તેજ જગ્યાએ સખ્ત રસીથી બાંધેલો ઉભો હતો, તે મહારાજ યશોમતિના વાક્યોથી જાતિસ્મરણ થવાથી પોતાના હૃદયમાં વિચારવા લાગ્યો કે આ વખતે તો હું વસ્ત્ર અલંકાર વગર ભૂખ્યો તરસ્યો રસીથી બંધાયલો છું. મારા પુત્રે ગર્ભરહિત અનેક પ્રકારનું દાન કર્યું જે હું પાસે હોવા છતાં પણ મને કંઈ મળ્યું નહિ તો બીજા દૂરના જીવોને કેવીરીતે મળતું હશે ?

## ब्राह्मणभोजन पितृओने पहोंचे के ?

રાજન્ ! તે વખતે મારા સઘળા કુટુંબીઓ અનેક રસયુક્ત સામગ્રીનું ભોજન કરે, અને હું ત્યાંજ ભૂખ અને તરસથી પીડિત સઘળાના મુખ તરફ જોઉં, પરંતુ કોઇએ એમ પણ કહ્યું નહિ કે એક કોળીઓ એને પણ આપો ! જ્યારે મારે નિમિત્તે અસંખ્ય ધનનું દાન કરવામાં આવ્યું ! અને પાસે હોવા છતાં મને કંઇપણ ન મળ્યું, ત્યારે મને નિશ્ચય થયો કે **સઘળું દાન બ્રાહ્મણોની પેટ-પૂંજાને માટેજ થાયછે, બીજા કોઈ જીવને પહોંચી શકતું નથી.**

શ્રીનાથ ! જ્યાં મારો પુત્ર યશોમતિ પોતાની માતા સહિત ભોજન કરતો પાસે બેઠેલા લોકોને રંજિત કરી રહ્યો હતો, તે વખતે મેં સઘળા કુટુંબ પરીવારને જોયા, પરંતુ મારી પ્રિયા અમૃત-મતિ જોવામાં આવી નહિ, એટલામાં સડેલા માંસની ખરાબ દુર્ગંધ આવી, તે સમયે એક દાસીએ બીજી દાસીને કહ્યું—"પ્રિય ભગિની ! સડેલા ભેંસના માંસની કેવી દુર્ગંધ આવે છે કે જેથી નાક ફાટી જાય છે ! બ્હેન ! આવી નઠારી ગંધ કયાંથી આવી ?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## सडेला मांसनी शंका.

**બીજી દાસી૦**–" અરે મૂઢ ! તું તો ભોળીજ છે. સડેલી ભેંસની કદી એવી ગંધ હોય છે? બ્હેન, એ તો માછલીના સડેલા માંસ જેવી માલુમ પડે છે. આહા ! આ તો નાક ફાટી જાય છે !"

**ત્રીજી દાસી૦**–" અરે ! ચાલો અહિંથી, આ મહા દુર્ગન્ધથી તો ઉલ્ટી થઇ જશે. હાય હાય ! આ ગંધ કયાંથી આવી ? બ્હેન મને તો એવું માલૂમ પડે છે કે **મહારાણી અમૃતમતિના** કોઢથી આ નઠારી ગંધ આવે છે."

## कोढी अमृतमतिनी अपार दुर्गंध.

**એક દાસી૦**–" સાંભળો ! હું એક ખરી વાત કહું છું, પણ તમે સઘળી પ્રતિજ્ઞા કરો કે કોઇએ મારૂં નામ દેવું નહિ. સઘળીએ પ્રતિજ્ઞા કર્યા પછી તે દાસી કહેવા લાગી કે આ દુષ્ટણી અમૃતાએ પોતાના પ્રિય જાર કૂબડાને માટે ભોજનમાં ઝેર આપીને પોતાના ભર્તાર યશોધર મહારાજ અને સાસુ ચંદ્રમતિને મારી નાંખ્યા છે, જેના પાપથી નાક, ઓડ, હાથ, પગ વગેરે સર્વ અંગ કુષ્ટરોગ (કોઢ)થી ગળાઇ રહ્યા છે, તેનીજ આ મહા દારૂણ દુર્ગંધ આવે છે.

## अमृतानी दयाजनक स्थीति.

રાજન્ ! ઉપર પ્રમાણે દાસીના વચનોથી મારૂં પણ ચંચળ ચિત્ત ઘરની વચમાં સૂતેલી અમૃતા (મારી સ્ત્રી)ની તરફ ગયું. તે સમયે મેં અમૃતાના મુખને જોયું તો તે ભોજન સમયે માંસનું પિંડ હોય તેવુંજ મને જણાયું. સઘળા અવયવોથી રહિત અસુર ગાત્ર અમૃતાને મેં બહુવાર સૂધી જોઇ, પરંતુ તેને ઓળખી શકયો નહિ, કેમકે તેનો ચ્હેરો બિલ્કુલ બદલાઇ ગયેલો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૃથ્વીનાથ ! તે સમયે રાણીની દશા જોઇને એમજ નિશ્ચય થતું હતું કે આ વખતે આ પરપુરૂષાસક્ત વ્યભિચારીણી ઉપર ગુસ્સે થઇને વિધાતાએ એની આ અવસ્થા બનાવી છે. જે જે અંગને પ્રિય જાર કૂબડાએ પોતાના હાથથી સ્પર્શ કર્યો હતો, તે સર્વ ગાત્ર વિધાતાએ ક્રોધિત થઇને જારકર્મનું ફળ પ્રત્યક્ષ બતાવવાને માટે નષ્ટભ્રષ્ટ કરી દીધા છે.

## तीव्र पापनुं प्रत्यक्ष फळ.

**રાજન્ !** અતિ તીવ્ર પાપનું ફળ પ્રત્યક્ષ થાય છે. અને જો એમ ન હોત તો સઘળો સંસાર પાપથી ભયભીત કેમ થતે ? પરંતુ પ્રત્યક્ષ જોવા છતાં પણ દુષ્ટ માણુસોને બોધ થતો નથી તે તેમના ભવિતવ્યનો દોષ છે. હું આ પ્રમાણે વિચારમાં લીન હતો કે એટલામાં તે પાપિણી અમૃતાએ બૂમ પાડીને રસોઇદારને કહ્યું-અરે ! આ ભેંસનું માંસ તો મને ભાવતું નથી, મારે માટે સૂકર અથવા હરણનું માંસ જલ્દી લાવીને આપો, તેને હું રૂચિપૂર્વક ખાઇશ.

## अमृतानी मांस माटे मांगणी.

આ પ્રમાણે રાણીની બુમ સાંભળીને પાસે બેઠેલા મહારાજ યશોમતિએ કહ્યુ-" આ સમયે સૂકર અથવા હરણનું માંસ મળવું તો કઠણ છે, પરંતુ બકરાનું માંસ પણ ભદ્ર લોકોએ પવિત્ર અને મિષ્ટ કહ્યું છે, માટે હે રસોઇદાર ! તું આ બકરાના પાછલા પગને કાપી પકાવીને માતાને ખાવાને આપ.

રાજન્ ! તે વખતે પાસે ઉભેલો હું રાજાની આજ્ઞા સાંભળીને કંપાયમાન થતો મારા હૃદયમાં વિચારવા લાગ્યો-" હઃ ! કેવું કષ્ટ છે કે મારોજ પુત્ર મારો પગ ભંગાવીને મારી સ્ત્રીને ખાવાને માટે આપવાની આજ્ઞા આપે છે, તો હવે મારી રક્ષા કોણ કરી શકે ? એ પ્રમાણે કર્મની ગતિ વિચારતો હું સંતોષપૂર્વક ચૂપ ઉભો રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

### માંસ માટે બકરાના પગનો ઉપયોગ.

પછી મહારાજ યશોમતિની આજ્ઞા તોડવામાં અસમર્થ રસોઇદારે તીક્ષ્ણ છરીથી મારો પગ કાપી ઉત્તમ મસાલા સહિત ઘીમાં પકાવીને અમૃતાને આપ્યું, જેને તે દુષ્ટણીએ રૂચિપૂર્વક ભક્ષણ કર્યું.

**પૃથ્વીનાથ**! માંસભક્ષી જીવ્હાલંપટી બ્રાહ્મણોની વાતો માનીને જે મનુષ્ય હિંસાકર્મ કરે છે તે અવશ્ય તીવ્ર વેદનાયુક્ત નર્કમાં જઇને અનેક કષ્ટ સહન કરે છે અને અનંતકાળ પર્યંત કુયોનિયોમાં ભ્રમણ કરી અસંખ્ય દુઃખ ભોગવે છે.

રાજન્! તે વખતે હું એક પગ કપાઇ જવાથી તીવ્ર વેદના સહન કરતો ત્રણે પગે ઉભો રહી દશે દિશાઓ તરફ જોઇ વિચાર કરવા લાગ્યો—"હવે હું કોનો આશરો લઉં? જ્યારે મારા પુત્રેજ આજ્ઞા કરીને **કરીને મારો પગ કપાવી નાંખ્યો, તો હવે કોની શરણે જાઉં?**

## પ્રકરણ ૧૦મું.

### ચંદ્રમતિને મહિષ પર્યાયની પ્રાપ્તિ.

**મ**હારાજ મારિદત્ત! હવે આપને બીજું કથાંતર સંભળાવું છું. માતા ચંદ્રમતિનો જીવ બકરી થઇને પાપ ફળ ભોગવી મરણ પામીને અમરસિંધુ દેશમાં ભેંસને પેટે **ભીમવલી** પાડો થયો. એક દિવસ ફરતો ફરતો તે પાડો સિપ્રા નદીના જળમાં મગ્ન થઇ પડી રહ્યો હતો, તે સમયે મહારાજ યશોમતિની સ્વારીનો ઘોડો જળ પીવાને માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવ્યો. તે સમયે તે ઘોડાને જોઇ જાતીય વેરથી ક્રોધિષ્ટ થઇ તે પાડાએ પોતાના મસ્તક અને શીંગડાથી ઘોડાને ઘાયલ કર્યો. પછી સિપાઇઓએ જેમ તેમ કરી તે પાડાને બાંધી મહારાજ યશોમતિ પાસે લઇ જઇને કહ્યું–મહારાજ ! આપના સ્વારીના ઘોડાને આ દુષ્ટે માર્યો છે, જેથી એ ગુન્હેગાર છે માટે આપ જે આજ્ઞા કરો તે પ્રમાણે શિક્ષા કરવામાં આવે.

## રાજાદ્વારા પાડાનો થયેલો ઘાત.

**રાજન્ !** ઘોડાના મરણની વાત સિપાઇઓને મોઢેથી સાંભળીને રાજા યશોમતિ પ્રથમ તો સ્તબ્ધ થઇ ગયા, પછી ક્રોધિત થઇને હુકમ કર્યો કે-આ અશ્વઘાતક દુષ્ટ પાડાને એવી રીતે રીબાવી રીબાવીને મારો કે જેથી બહુ વખતે એનો જીવ જાય. તે પછી રસોઇદારને બોલાવીને કહ્યું કે, આ પાડાને જીવતોજ પકાવો, કે જેથી એને ઘોડાને મારવાનો અપરાધ યાદ રહે. આ પ્રમાણે મહારાજની આજ્ઞા મુજબ રસોઇદારોએ તરતજ તે પાડાના નાકમાં દોરી નાંખીને તેનું મુખ અને પગોને બાંધી લોઢાના કઢાયામાં નાંખી દીધો અને પછી કઢાયાની નીચે ખૂબ અગ્નિ સળગાવ્યો, અને પેલા કઢાયામાં સૂંઠ, મરચાં, અળધ વગેરે તીક્ષ્ણ પદાર્થો નાંખી અંદર જળ પણ સીંચ્યું.

## જીવતા પાડાને પકવવાનો કરુણાજનક દેખાવ.

**રાજન્ !** એક તો અગ્નિની તીવ્રવેદના અને બીજું તીક્ષ્ણ પદાર્થોની બળતરા, જેથી તે પાડો તડફડતો જીભ કાઢીને બરાડવા પાડવા લાગ્યો. પાણી વગર શોષિત જેમ તેમ બરાડતા તે પાડાએ કઢાયામાંનું જળ પીધું, જેથી તેના મર્મસ્થાનોનો ઘાત થઇ આંતરડાઓ નીકળવા માંડયાં. જેવો તેવો પાકયો કે રસોઇદારોએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તીક્ષ્ણ શસ્ત્રથી છુંદીને તે પાડાનું માંસ ચંદ્રમતિના નિમિત્તે બ્રાહ્મણોને ખાવા આપ્યું.

### पाडा अने बकराना मांसनुं ब्राह्मणोने भोजन

રાજન્ ! મારી માતા ચંદ્રમતિનો જીવ-પાડાની તો આ અવસ્થા થઇ. હવે મારી શું અવસ્થા થઇ તે પણ સાંભળી લો. જે જગ્યાએ પાડાની દુર્દશા થઇ રહી હતી તેજ જગ્યાએ રક્ષા રહિત પગની વેદનાથી પોકારતો મને (બકરાને) જોઇ રાજાની આજ્ઞાનુસાર સિપાઇઓએ પકડીને પ્રાણઘાતક અગ્નિમાં નાંખી દીધો અને જેમ જેમ હું પાકતો ગયો તેમ તેમ મને કાપી કાપીને મારી (યશોધર મહારાજની) તૃપ્તિને નિમિત્તે બ્રાહ્મણોને આપતા જતા હતા અને બ્રાહ્મણો તેને સ્વાદથી ખાઇને આશીર્વાદ આપતા હતા.

### अगणित जीवोना घात माटे राजाने फिटकार.

રાજા મારિદત્ત ! સંસારની વિચિત્રતા અને બ્રાહ્મણોની સ્વાર્થ પરાયણતા જોઇ ! કે મારી માતા અને મારી તૃપ્તિને માટે હમારા બન્નેના શરીરનો ઘાત કરી બ્રાહ્મણોનું પેટ ભર્યું. ધિક્કાર છે આ કપટ ચાતુર્યતાને કે જેના ઉપદેશથી અસંખ્ય જીવોનો ઘાત થાય છે ! એ પણ એક અંધેરજ છે કે પેટ ભરાય કોઇનું અને તૃપ્તિ થાય બીજાની પરંતુ અજ્ઞાની મૂર્ખ માણસો આવા નિંદ્ય ઉપદેશને સાંભળી, તેમ કરવા મંડી જઇ પોતાનું અકલ્યાણ કરે છે.

### माता-पुत्रने कूकडा योनिनी प्राप्ति.

શ્રીમાન્ ! તે સમયે અગ્નિની તીવ્ર વેદના સહન કરતા હમારા બન્નેના ( પાડા અને બકરાના ) પ્રાણ એક સાથે નીકળી ગયા, અને ત્યાંથી ઉજ્જયિની નગરીની પાસે માતંગ ભીલોના નગરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાંડાલના વાડામાં કૂકડીના ગર્ભમાં ઉત્પન્ન થઇ, હમે બન્ને બાળક નવીન રૂપના ધારક ઇંડામાંથી બહાર નીકલ્યા.

રાજન્ હમારા બન્નેનો જન્મ થયા પછી હમારા પિતા કૂકડાને એક બિલાડાએ એવો પકડયો કે તેના કંઠનું હાડકું ભાંગવાથી તે મરી ગયો. ત્યાર પછી કેટલેક વખતે હમારી માતાને પણ બિલાડાએ ભક્ષણ કરી. પછી હમે બન્ને કૂકડા કૂ કૂ શબ્દ કરતાં તે ચાંડાલના અમનોજ્ઞ ઘરના આંગણામાં ફરવા લાગ્યા, તે સમયે ઘરની સ્ત્રીને હમારો શબ્દ સહન ન થવાથી તેણે એક લાકડીથી હમારા બન્નેના પગ ભાંગી નાંખ્યાં. આટલું કરીને પણ તે સંતોષ ન પામી, પરંતુ હમારા બન્નેના પગ બાંધીને માંસલિપ્ત અને કલેવરપૂર્ણ ઘરમાં હમને ચામડાના ઢાંકણની નીચે ગોંધ્યા. તે સમયે હમે ઉદયાગત કર્મફળ ભોગવતા દુર્દ્ધર ઘરમાં કાળક્ષેપ કરવા લાગ્યા.

## कूकडा-कूकडी बंधनयुक्त अवस्थामां.

રાજન્ ! પૂર્વે જે વખતે હું યશોધર નામનો મંડલેશ્વર રાજા હતો તે સમયે મેં જે પ્રમાણે અનેક રાજાઓને કેદી બનાવી કારાગ્રહમાં પૂર્યા હતા, તે પ્રમાણે હમે બન્ને ચાંડાલના દુર્ગંધપૂર્ણ ઘરમાં પગ બાંધેલા પૂરાયા હતા.

પૃથ્વીનાથ ! આ જીવ જે વખતે પરજીવને દુઃખ દેતો કુત્સિત કર્મ કરેછે તે વખતે તેને આ વાતનો જરા પણ વિચાર થતો નથી કે આ દુષ્કર્મનું મને શું ફળ મળશે ! પરંતુ જ્યારે તે કર્મનું ફળ ભોગવે છે ત્યારે એવો વિચાર ઉત્પન્ન થાય છે કે, મેં પૂર્વ અવસ્થામાં જે અશુભ કર્મ કર્યાં હતાં તેનાથીજ આ અસંખ્યગણા દુઃખના પાત્ર બનવું પડયું છે. તે વખતે પશ્ચાતાપ કરે છે કે હાય ! પૂર્વે જો પાપકર્મ ન કરત તો આ દુઃખ જોવું પડત નાહ વગેરે અનેક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકારે પીડિત થાય છે. એજ પ્રમાણે હમે બન્ને કૂકડા ચંડાળના ઘરમાં પડ્યા પડ્યા પશ્ચાતાપરૂપ અગ્નિથી સંતપ્ત થઇ રહ્યા હતા.

રાજન્ ! તે ચંડાલના ઘરમાં ઘણું દુઃખ પડવાથી હમે બન્ને કૂકડા બીજા પ્રાણીઓને મારી ભક્ષણ કરી ક્રીડા કરતા રહેતા હતા. આ પ્રમાણે રહેતા રહેતા એક દિવસ હમારા ભાગ્યોદયથી હમને કોટવાલે જોયા. તેણે પ્રસન્નચિત્ત થઇને ચંડાળને સાંથી હમને બોલાવીને હમારા શરીર ઉપર સ્નેહપૂર્વક હાથ ફેરવ્યો, જેથી હમને એવો આનંદ થયો કે જાણે પૂર્વ જન્મના પુત્ર યશોમતિનોજ હાથ ફર્યો હોય.

## यशोमतिनो कूकडा कूकडी प्रत्ये मोह.

રાજન ! એક દિવસ હમે બન્ને કોટવાલના બારણાં આગળ રમતા હતા એટલામાં દૈવયોગથી મહારાજ યશોમતિની સ્વારી ત્યાંથી જતી હતી. હમને બન્નેને સ્નેહભરી નજરે જોઇને રાજા યશોમતિ કોટવાલને કહેવા લાગ્યા—આ બન્ને કૂકડા શારીરિક લક્ષણોની પરીક્ષા કરવાથી ઘણા ઉત્તમ જણાય છે, તે માટે એ બન્ને બચ્ચાંને ઘરમાંના પાણી અને અન્નથી તૃપ્ત કરી એનું યત્નપૂર્વક પાલનપોષણ કરો જ્યારે એ યુવાન થશે, ત્યારે પોતાની ચાંચ અને તીક્ષ્ણ નખોથી શત્રુવર્ગનો ક્ષય કરશે. એ બન્ને બાળક યુવાન અવસ્થામાં પોતાના પગથી પૃથ્વીને ખોદતા અને રાતી આંખ કરતા જ્યારે યુદ્ધ કરશે તે સમયે જતા મુસાફરોના ચિત્તને મોહિત કરી નાંખશે તે વખત હમે પણ એના યુદ્ધની કુશળતા જોઇશું, માટે તમે એને યત્નપૂર્વક રાખો."

આ પ્રમાણે રાજાનો હુકમ સાંભળીને કોટવાલે હમને પોતાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘરમાં એક પાંજરામાં રાખ્યા અને જ્યારે રાત્રિ પૂર્ણ થઇ ત્યારે પ્રભાત સમયે હમને બન્નેને એક સુંદર વનમાં કે જ્યાં રાજા હાજર હતા, ત્યાં લઇ ગયા.

રાજન્! તે રમણિક સુંદર વનની અંદર એક બાગમાં મહારાજ યશોમતિનો શોભાયમાન સ્વચ્છ મેહેલ હતો, જેને જોવાથી એવું જણાતું હતું કે જાણે દેવવિદ્યાધરોને રમવાને માટે માયામયી મેહેલજ નિર્માણ કર્યો છે.

તે યશોમતિ રાજાના મેહેલના બારણા આગળ હમને બન્નેને પિંજરા સહિત રાખવામાં આવ્યા. તે શોભાયમાન મેહેલની પાસેજ અશોક વન અપૂર્વ શોભા આપી રહ્યું હતું.

## कोटवालने मुनिराजनां दर्शन.

રાજન્! ભવિતવ્યાનુસાર તે ચોરનિવારક પરસ્ત્રીલંપટોને વિઘ્નરૂપ અને હિંસામાં પ્રવર્તક રાજાના કોટવાલે અશોકવૃક્ષની નીચે પ્રાસુક શિલા ઉપર ધ્યાનારૂઢ બેઠેલા એક **મુનિરાજને** જોયા. તે મુનિરાજ આલોક અને પરલોકની આશાના બંધનથી રહિત, રાગદ્વેષાદિ દોષોથી વિરક્ત, શુભ મન, શુભ વચન અને શુભ યોગ એવા ત્રણ **શુભ યોગોવડે યુક્ત,** પરંતુ મન, વચન અને કાયના અશુભ યોગોથી વિરક્ત, માયા, મિથ્યા અને નિદાન એવા ત્રણ **શલ્યોના નાશક,** લોકત્રયને જીતનાર, કામદેવનું ખંડન કરી લોકત્રયનું મંડન કરનાર, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરિત્ર એવા **ત્રણ રત્નોવડે વિભૂષિત,** ક્રોધ, માન, માયા અને લોભ એવા **ચાર કષાયને ભસ્મ કરવાને અગ્નિસમાન;** આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એવી **ચાર સંજ્ઞાઓથી** દૂર રહેનાર; ઈર્યા, ભાષા,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એષણા, આદાનનિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન એવી **પાંચ સમિતિના પ્રતિપાલક**, તથા પાંચ મિથ્યાત્વ, બાર અવ્રત, પચ્ચીસ કષાય અને પંદર યોગ એવા **સત્તાવન આશ્રવોના નિરોધક;** અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા **પાંચ મહાવ્રત પાળવામાં ધુરંધર;** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એવાં **પાંચ પરમેષ્ઠીના ભાવના પ્રકાશક**, તથા પાંચ પરમેષ્ટીમાં પાંચમાં પદના ધારક સાધુઓના નાયક; દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એવા **પાંચ આચારના ધારક**, પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાય એવા **પાંચ સ્થાવર તથા** બેઇંદ્રિય, તિઇંદ્રિય, ચોઇંદ્રિય અને પંચેંદ્રિય એવા **ત્રસકાયના જીવોની દયામાં તત્પર**, સપ્ત ભયરૂપ અંધકારનો નાશ કરવામાં **સૂર્ય** સમાન; જ્ઞાન, પૂજા, કુળ, જાતિ. બળ, ઋદ્ધિ, તપ અને શરીર એવાં **આઠ મદને દૂર કરવામાં આદરયુક્ત**, તથા આઠમી પૃથ્વી ( મોક્ષ ) માં જવાને તત્પર **સિદ્ધના આઠ ગુણોમાં તલ્લીન;** નવધા બ્રહ્મચર્યના ધારક તથા બ્રહ્મ (આત્મા)ના જાણકાર, ઉત્તમક્ષમાદિ **દશ ધર્મના પ્રતિપાળક**, સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એવી પાંચ ઇંદ્રિય; મન, વચન અને કાય એવાં ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુ એવા **દશ પ્રાણના ધારક: જીવોના રક્ષક** ઇત્યાદિ **અનેકાનેક** ગુણોના ભંડાર શ્રી મુનિરાજને જોયા.

**એ મુનિરાજે** શ્રાવકોની અગ્યાર પ્રતિમાઓનું વિચારપૂર્વક **વિસ્તારથી વર્ણન** કર્યું તથા બાર પ્રકારના તપ અને તેર પ્રકારના ચારિત્રનું પ્રતિપાદન કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S.		Jun Gun Aaradhak Trust

## મુનિરાજના પધારવાથી કોટવાલને લાગેલા અપશુકન!

ક્રોધ, માન, માયા અને લોભની સેના સહિત જે કામદેવે ત્રણ જગતને જીતી લીધું, તે કામદેવને પોતાના તપશ્ચરણરૂપ અગ્નિથી જેણે ભસ્મ કરી નાંખ્યા એવા નગ્ન મુદ્રાધારક શાંતિ મૂર્તિ શ્રી આચાર્યવર્યને જોઈ રોષચિત્ત થઇ તે કોટવાલ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો–" આ દુગ્ધ, ગર્વિષ્ટ, પાપિષ્ટ, મલિનગાત્ર અને ક્લેશિત નગ્ન મુનિએ આ મારૂં અતિ ઉત્તમ સ્થાન અપવિત્ર કર્યું તેથી મોટા અપશુકન થયા, તે માટે મહારાજ યશોમતિના સ્થાનમાંથી આ સાધુને જરૂર કાઢી મૂકીશ, પરંતુ આ વખતે ઉદાસીન ભાવથીજ રહેવું યોગ્ય છે, અને પછી થોડો વખત રહીને આ સાધુને એવો અટપટો પ્રશ્ન પૂછીશ કે જેનો એનાથી ઉત્તરજ નહિ અપાય ! પછી શું છે ? તરતજ મૂર્ખ બનાવીને આ વસ્ત્ર રહિતને કાઢી મૂકીશ.

આ પ્રમાણે વિચાર કરીને માયાવી કપટાચારી યમરાજ તુલ્ય કોટવાલે શ્રી મુનિરાજને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી ધ્યાન પૂર્ણ થવાથી મુનિરાજે જો કે અવધિજ્ઞાનને લીધે એ વાત જાણી લીધી હતી કે આ અભક્ત દુષ્ટચિત્ત છે, તોપણ સમભાવી મુનિએ તેને જિનેંદ્ર કથિત ધર્મની વૃદ્ધિ થાઓ એવો આશીર્વાદ આપ્યો. જેમને તૃણ અને કંચન સમાન છે એવા મહા તપસ્વીઓ પોતાના નિંદક તરફ કદિ માત્સર્ય ભાવ બતાવતા નથી અને પ્રશંસકથી હર્ષ પણ માનતા નથી, એવા મહામુનિઓને શત્રુમિત્રમાં સમાન દૃષ્ટિ હોય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# प्रकरण ११ मुं.

## कोटवाल अने मुनिराज वच्चे प्रश्नोत्तर.

**અભયરૂચિકુમાર-ક્ષુલ્લક** મહારાજ મારિદત્તને કહેવા લાગ્યા—"હે રાજન્! જે વખતે સમભાવી મુનિરાજ '**ધર્મવૃદ્ધિ થાઓ**' એવા શબ્દો બોલ્યા તે વખતે 'ધર્મ' એવો શબ્દ સાંભળીને કોટવાલે કહ્યું—"ઋષિરાજ! આપે જે ધર્મવૃદ્ધિરૂપ આશીર્વાદ આપ્યો તે તો મસ્તકે ચઢાવ્યો પરંતુ વીર **શુરવીર યોદ્ધાઓના મતમાં તો ધનુષ્યજ ધર્મ છે**, તથા તેના પ્રત્યંચા ગુણ અને શત્રુવિધ્વંસન નિમિત્તે જે બાણ છોડવામાં આવે છે તેજ મોક્ષ છે, એ સિવાય કોઇ ધર્મ નથી, કોઇ ગુણ નથી અને કોઇ મોક્ષ નથી, તો જ્યારે મોક્ષજ નથી તો મોક્ષસંબંધી સુખ કેમ કહેવાય? એ કારણથી પંચેંદ્રિયોના વિષય-સેવનમાં જે આનંદ છે તેજ સુખ છે, અને તેજ સુખને હું સુખ માનું છું.

**મુનિરાજ!** તમે આ જંગલમાં રહીને શું કરો છો? આ દુર્બળ શરીર તેના ઉપર પણ વસ્ત્ર નહીં, ધાબળી નહીં, પગમાં જોડા નહીં, માથા ઉપર પાઘડી નહીં, તમારા આઠે અંગ ક્ષીણ, ખેદખિન્ન તથા મળલિપ્ત પ્રક્ષાલ રહિત ગાત્ર અને આંખો કપાળમાં પેસી ગઇ છે. રાત્રિ દિવસમાં એક ક્ષણમાત્ર પણ નિદ્રા લેતા નથી. આ પ્રમાણે **આંખો બંધ કરીને કોનું ધ્યાન કરો છો?** એથી તો મારા સરખા મનુષ્યોને ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. આ કૃત્યથી આપને શું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાભ થશે ? એનાથી ઉત્તમ તો એજ છે કે આ મિથ્યા આડંબરને છોડી વિષયભોગોનું રુચિપૂર્વક સેવન કરો."

## મુનિરાજનો ઉત્તમ ઉપદેશ.

આ પ્રમાણે કોટવાલની વાત સાંભળીને મુનિરાજે કહ્યું–"ભાઇ! જીવ અને કર્મ બન્નેનો વિભાગ કરી પરમાત્મામાં લીન થઇ અજર, અમર અને શાસ્વત સ્થાન જે નિર્વાણ છે, ત્યાં જવાની ધારણા રાખીને બેઠા છીએ અને તે તરફજ ધ્યાન લગાડેલું છે."

"પ્રિયમિત્ર! તમે જે દુર્ગંળ, મલિન અને વસ્ત્રરહિત શરીરની નિંદા કરી તે શરીર આ સંસારમાત્રમાં ભ્રમણ કરતા પુરૂષ, સ્ત્રી, નપુંસક, સૌમ્ય, શાંતિ અને અતિ પ્રચંડ થયું. યમદૂત જેવા રાજા, પયાદા, સેવક, દીન, દરિદ્રી, રૂપવાન, કુરૂપ, ધનવાન, ઉજ્વલ ગાત્ર, નીચકુળ, ઉત્તમ ગોત્ર, બળહીન અને અતુલબળી પણ અનેક વાર થયું. **આ ભ્રમણસ્વભાવી સંસારમાં એવી કઇ પર્યાય છે કે જેને આ જીવે ન ધારણ કરી હોય?** મનુષ્ય-ભવમાં આર્ય, મ્લેચ્છ, દરિદ્રી અને ધનવાન થયો, પછી ક્ષત્રિય, બ્રાહ્મણ થઇને ચંડાલ થયો, આ સંસારની ગતિ ઘણી વિષમ છે. આ ચતુર્ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરતા ભયાનક વનમાં માંસાહારી ક્રૂર પશુ થયો, ઘાસ ખાનાર **તિર્યંચ** થયો, પછી રત્નપ્રભાદિ નર્કોની ભૂમિમાં મહા દુઃખને સહન કરવાવાળો **નારકી** થયો, ત્યાર બાદ જલચર, થલચર અને નભચર તિર્યંચ થઇને **પાપાચારી** દેવ થયો. આ પ્રમાણે જન્મ મરણરૂપ ભ્રમણમાં પડી રત્નત્રયરહિત અનંત શરીર છોડયાં અને અનંત શરીર ધારણ કર્યાં. એજ પ્રમાણે જીવતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મરતાં દુઃખને સહન કરતા અને પાપફળ ભોગવતા અનંતાનંત કાળ વીતી ગયા.

હે કોટવાલ ! આ સંસારમાં જે જે દુઃખ મેં સહન કર્યાં તે સઘળાને હું જાણું છું અને તેથીજ ઇંદ્રિયજનિત વિષયસુખોથી વિરક્ત થઇ ભિક્ષાભોજન કરૂં છું, અને તે પણ આત્માને કષ્ટ આપતો અલ્પ આહાર લઉં છું. નિર્જન વનમાં નિવાસ કરી મૌનપૂર્વક રહું છું. કદાચિત ધર્મનો ઉપદેશ પણ આપું છું. મોહથી જુદો થઈ નિદ્રા પણ લેતો નથી. સામ્ય જળથી ક્રોધાગ્નિને શાંત કરતો, વિનયથી માનને ન્હસાડતો અને સરળ ભાવથી કપટને દૂર કરતો સંતોષથી લોભનો તિરસ્કાર કરૂં છું, તથા હાસ્ય અને લીલા વિલાસ કરતો નથી. ઉદ્વેગને છોડી તપાગ્નિથી મદનના વેગને ભસ્મ કરૂં છું. ભય રહિત થઈ શોક કરતો નથી, પરંતુ હિંસારંભના આડંબરથી ઘણો દૂર રહી પોતાના આત્માના ધ્યાનમાં મગ્ન રહું છું.

હે નરરક્ષક ! હું સ્ત્રીને જોવામાં આંધળો, ગીત સાંભળવાને બહેરો, ખોટા તીર્થમાં જવાને પાંગળો અને વિકથા કરવાને મૂગો છું. જીવને આધારભૂત જે શરીર છે તે જો કે અચેતન છે, તોપણ બળદોવડે ચલાવેલા ગાડાની માફક ચેતનવડે ચલાવેલા ચેતન જેવુંજ દેખાય છે. જે પ્રમાણે બળદ વિના ગાડું ચાલી શકતું નથી, તે પ્રમાણે પુદ્ગળ પરમાણુઓનો પિંડ જે શરીર છે, તે ચેતન–જીવ વિના ચાલી શકતો નથી, એ કારણથી જીવ જુદો છે અને શરીર જુદું છે, એવો વિચાર કરી હું નિર્ગ્રંથ મુનિ થયો, માટે બીજાં કાંઇની અભિલાષા કરતો નથી પરંતુ ફક્ત મોક્ષની ઇચ્છા કરતો ધ્યાનારૂઢ રહું છું. હું વનમાં રહી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આર્ત્ત-રૌદ્ર કુત્સિત ધ્યાનથી વિરક્ત થઇ ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનના યોગથી આત્માને જોઉં છું. જો કે હું શરીરની સ્થિરતાને માટે આહાર લઉં છું, પરંતુ તેમાં દ્દઢતા રાખતો નથી તથા ઇંદ્રિયોના બળને જીતી પાપાસ્ત્રવને વિસર્જન કરૂં છું. આ હાલતમાં મને જે આનંદ છે તે લોકત્રયમાં નથી.

# પ્રકરણ ૧૨ મું.

## કોટવાલની શંકાઓ અને તેનું સમાધાન.

આ પ્રમાણે શ્રી મુનિરાજનાં વચન સંભળીને કોટવાલે કહ્યું—"મુનિવર્ય ! તમે કહ્યું તે સાચું છે, પરંતુ **દેહ અને આત્માને** જુદા કહો છો તે યોગ્ય નથી; કેમકે જેમ ગાયના શીંગડામાંથી દુધ ઝરતું નથી અને છત્ર વિના છાયા થતી નથી તેમ જીવ વિના મોક્ષ થતો નથી. તમારા સરખા જે તપાગ્નિથી આત્માને સંતપ્ત કરે છે, તેઓ ફક્ત દુઃખજ ભોગવે છે, માટે જેમ હું કહું તેમ કરો તો અવશ્ય સુખ પ્રાપ્ત થશે. જે પ્રમાણે ફૂલથી સુગંધ જુદી નથી તે પ્રમાણે આત્મા પણ શરીરથી જુદો નથી, પરંતુ જેમ ફૂલનો નાશ થવાથી સુગંધનો પણ વિનાશ થાય છે તેમ દેહનો નાશ થવાથી આત્માનો અભાવ થઇ જાય છે, તે માટે દેહને કષ્ટ આપવાથી આત્મા દુઃખી થાય છે.

આ પ્રમાણે કોટવાલનું કહેવું સાંભળીને **શ્રી મુનિરાજે** કહ્યું. "હે કોટવાલ ! આત્મા અને શરીરનું જુદાપણું પ્રત્યક્ષ રીતે સિદ્ધ છે. જે પ્રમાણે ચંપાનું ફૂલ તેલમાં નાંખવાથી તેની સુગંધ જુદી થઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાય છે પરંતુ ફૂલ તો જેવું તેવુંને રહે છે તે પ્રમાણે દેહથી આત્મા જુદો થઇ જાય છે.

**કોટવાલ**૦—જ્યારે તમે દેહથી આત્માને જુદો માનો છો તો દેહમાં આત્માને આવતા જતા કોઇએ જોયો છે? જો તમેજ જોયો હોય તો કહો કે મેં આત્મા જોયો છે! આ શરીર લોહી અને હાડકાના ઘરરૂપ ગર્ભાંતરમાં વૃદ્ધિને પ્રાપ્ત થતું જોઇએ છીએ, ત્યાં બીજો જીવ કયાંથી આવી જાય છે? "

આ પ્રમાણે સાંભળી સંયમ અને નિયમના ભંડાર તથા શાંતિમદ શ્રી મુનિરાજ કહેવા લાગ્યા–" હે કોટવાલ! તમે કહ્યું કે જીવ આવતો જતો દેખાતો નથી, એ વાત તો સાચી છે કે પોતાના અમૂર્તત્વ ગુણના સંબંધથી યથાર્થ રીતે જીવ દેખાતો નથી, પરંતુ નજરે ન જણાયાથી શું વસ્તુનો અભાવ થઇ જાય છે? કદાપિ નહિ.

**મિત્રવર!** જે પ્રમાણે દૂરથી આવેલો શબ્દ આંખો વડે જણાતો નથી, પરંતુ કાન વડે જણાઇ જાય છે, તેજ પ્રમાણે સંસારમાં અનેક યોનિયોમાં આવેલો આત્મા જો કે પોતાના સૂક્ષ્મત્વ ગુણથી જણાતો નથી, પરંતુ **અનુમાન જ્ઞાનથી** અવશ્ય જણાઇ જાય છે. એનું મુખ્ય કારણ એજ છે કે જે ઇંદ્રિયનો જે વિષય છે, તે તેજ ઇંદ્રિયવડે જણાય છે. એક ઇંદ્રિયના વિષયને બીજી ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી. જેમ નાકનો વિષય ગંધ છે તે આંખ, કાન, જીભ અને સ્પર્શ ઇંદ્રિયવડે જણાતો નથી, સ્પર્શઇંદ્રિયનો વિષય સ્પર્શન છે તે જીભ, નાક, આંખ અને કાનવડે જણાતો નથી, આંખનો વિષય જે વર્ણ છે તેને સ્પર્શ, જીભ, નાક, અને કાન જાણી શકતા નથી, જીભનો વિષય જે સ્વાદ છે તે સ્પર્શ, નાક, કાન અને આંખવડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જણાતો નથી, અને કાનનો વિષય જે શબ્દ છે, તેનો બીજી ઇંદ્રિયો વડે બોધ થઇ શકતો નથી.

**પ્રિયવર** ! આ તો મૂર્તિમાન પદાર્થનું સ્વરૂપ કહ્યું અર્થાત્ મૂર્તિક ઇંદ્રિયોનો વિષય પણ મૂર્તિકજ હોય છે, અને મૂર્તિવંત વિષયને મૂર્તિક ઇંદ્રિયજ ગ્રહણ કરી શકે છે, પરંતુ અમૂર્તિકને જાણી શકતી નથી.

**કોટવાલ** ! આ જીવ નામક પદાર્થ અમૂર્તિક છે, તે અમૂર્તિક માત્ર જ્ઞાનનો વિષય છે અર્થાત્ જીવદ્રવ્યનો ફક્ત જ્ઞાનવડે બોધ થાય છે. એજ હેતુથી શ્રી કેવળી ભગવાન તે અમૂર્તિવંત જીવદ્રવ્યને પ્રત્યક્ષ જાણે-જુએ છે. આ પ્રમાણે શરીરમાં રહેવા છતાં પણ દેહથી જુદા જીવ નામના પદાર્થની સિદ્ધિ છે.

આ પ્રમાણે શ્રી મુનિરાજનાં વચન સાંભળીને કોટવાલ કહેવા લાગ્યો-"મુનિવર્ય ! આપનું આ કથન તો મેં માન્યું, પરંતુ હવે કહો કે આ જીવને અનેક યોનિઓમાં કોણ પ્રાપ્ત કરે છે અને કોણ એને લઇ જાય છે ?"

**મુનિરાજ**૦- "આ ચૈતન્ય આત્માને અનેક યોનિયોમાં લઇ જનાર **અચેતન કર્મ છે, તેજ આ જીવને ચાર ગતિ અને ચોર્યાસી લાખ યોનિયોમાં નાચ નચાવે છે.** તેજ કર્મના બંધથી ચતુર્મુખી **બ્રહ્માએ** રંભાદ્વારા તપભ્રષ્ટ થઇને પોતાના મસ્તક ઉપર ગધેડાનું મુખ ધારણ કર્યું, અને પછી તેનોજ ઘાત કરવાથી મહાદેવ મહાવ્રતી થયા. કોટવાલ ! આ લોકમાં **કર્મોદયજ બળવાન** છે. જે પ્રમાણે લોહચુંબક પાષાણવડે આકર્ષિત થયલું લોખંડ નૃત્ય કરવા લાગી જાય છે, તેજ પ્રમાણે જીવને રાગદ્વેષાદિ ભાવોવડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુદ્ગળપરમાણુ કર્મસ્વરૂપ થઇને ચતુર્ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરાવે છે. કર્મપ્રકૃતિઓ દ્વારા સંકોચ અને વિસ્તારને ગ્રહણ કરતો આત્મા આ જગતમાં સૂક્ષ્મ જંતુ થઇને હાથી પણ થાય છે, જેથી આ જીવ જીવશરીરપ્રમાણ વર્ણવેલો છે. **મિત્રવર !** જો આ જીવ ભૂવંલોક પ્રમાણ સર્વગત નિશ્ચલ અને ક્રિયગુણવર્જિત સર્વથા માનવામાં આવે, તો તેને ભાવોત્પાદ અને ભીપણ કર્મબંધ કેવી રીતે થશે ? કેમકે જે શુદ્ધ જીવ હોય છે તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહની અને અંતરાય એવા ચાર ઘાતિયા કર્મ તથા આયુ, નામ, ગોત્ર અને વેદની એવા ચાર અઘાતિયા કર્મ એ પ્રમાણે **આઠ કર્મોનો** બંધ કેવી રીતે કરે ? તથા ગુરૂપણું શિષ્યપણું કોને થાય ?

આ ઉપરથી એમ સિદ્ધ છે કે આ જીવ પોતાના ભાવવડે બાંધેલા કર્મોથીજ અનેક કાર્ય કરી ફરીથી કર્મબંધ કરે છે. જો શરીરનેજ આત્મા માનશો, તો શરીર જડ હોવાથી આત્માને પણ અચેતન માનવો પડશે, અને જ્યારે આત્મા અચેતન થયો, તો શય્યાસનનું સ્પર્શન, અનેક રસોનો સ્વાદ, અનેક ગંધોને સુંઘવી, અનેક શબ્દોને સાંભળવા અને અનેક જાતોને જોવી કોને હોય ? તે માટે દેહને આત્મા માનવો સર્વથા વિરૂદ્ધ છે. **દેહ સ્થિત હોવા છતાં પણ આત્મા દેહથી જુદો અને જ્ઞાની છે.**

**ચાર્વાકમતવાળાનો** જે બૃહસ્પતિ નામનો ગુરૂ છે તે પૃથ્વી અપ, તેજ, વાયુ, અને આકાશ એ પદાર્થોને બ્રહ્મ, હરિ, હર, ઇશ્વર અને શિવ એવાં પાંચ નામ આપી ફરી કહે છે કે, ઉપલા પાંચ પદાર્થોના સમુદાયથી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુણ વિશિષ્ટ જીવ છે. આ પ્રમાણે ચાર્વાકનું કહેવું તદ્દન ખોટું છે કેમકે તે જીવને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચમાં એક પણ વર્ણન કર્યું નહિ, પણ ફક્ત પાંચ ઇંદ્રિયોવડે સ્પર્શાદિ પાંચ ગુણોને જાણે છે, આ પ્રમાણે મેં સુખપૂર્વક સાંભળ્યું છે.

**જીવ અનાદિનિધન છે,** ચૈતન્યગુણયુક્ત છે અને અમૂર્તિક છે. એ કારણથી સ્પર્શાદિ પાંચ ગુણ જીવમાં નહિ, પણ તેજ જીવ સંસારઅવસ્થામાં દેહ ધારણ કરી પાંચ ઇંદ્રિયોવડે ઉપલા પાંચ ગુણોને જાણે–જુએ છે. એ સિવાય ચાર્વાક વળી એમ પણ કહે છે કે જે આંખવડે દેખાય છે તેજ પ્રત્યક્ષ હોવાથી પ્રમાણભૂત છે, અને જે આંખથી જોયા વિના બીજા પદાર્થને માનવા તે ગધેડાને શીંગડા માનવા જેવું છે, વગેરે કથન કરવાવાળા સર્વથા એકાંતવાદી પણ મિથ્યાવાદી છે, કેમકે કોઇ પિતા અથવા દાદાએ ઘરમાં રાખેલું દ્રવ્ય જ્યાંસૂધી દેખાતું નથી ત્યાં સૂધી શું તે નથી ? જ્યારે કાનથી સાંભળી લીધું કે અમુક જગ્યાએ દ્રવ્યનો ભંડાર છે, પરંતુ આંખથી જોયો નહિ તો શું ત્યાં દ્રવ્ય નથી ? અથવા તે ચાર્વાક મતાનુયાયી તે દ્રવ્યને શું ગ્રહણ નહિ કરશે ?

જે ગર્વથી મહાન વિષયકષાયરૂપ રસમાં લંપટ જે પ્રત્યક્ષવાદી છે તે પરમાણુ આદિક સૂક્ષ્મ પદાર્થ, રામ રાવણાદિ અંતરિત અને મેરૂ આદિક દૂરસ્થ એ પ્રમાણે વર્તમાન થવા છતાં પણ માનતા નથી. એ સિવાય નેત્રઇંદ્રિયના વિષય વિના અન્ય ઇંદ્રિયના વિષયને પણ ગ્રહણ નહિ કરતા હશે અર્થાત્ તે પુરૂષ ગીત વાજીંત્ર સાંભળવા છતાં પણ બ્હેરા છે તથા કામિનીના સ્તનયુગલના આનંદથી પણ અજાણ્યા રહેતા હશે, અને શત્રુને હાથે તરવારથી ઘા થવા છતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ તેની પીડાથી દુઃખી નહિ થતા હશે, અને ગામ નગરોનું બળી જવું પણ જોયા વિના માનતા નહિ હશે. જે પ્રત્યક્ષવાદી દેહરહિત આત્માને ન માનતાં આ **અચેતન દેહનેજ આત્મા માને છે** તેઓ તેમાં મોટી ભૂલ કરે છે.

**કોટવાલ !** જે રાગી દ્વેષી છદ્મસ્થ જ્ઞાની કર્મોદય સહિત અમૂર્તિક આત્માને મૂર્તિક માને છે અને અદેહ પરમાત્માને જગતના કર્તા માને છે, તેમનું કથન પ્રમાણભૂત નથી, પણ જે સર્વજ્ઞ **વીતરાગ અને હિતોપદેશી છે, તેમનુંજ વચન સત્ય છે.**

શરીર રહિત ( સિદ્ધ પરમેસ્ટી ) ઉત્પન્ન થતા નથી, મરતા નથી, કરતા નથી, ધરતા નથી અને કંઇ હરતા નથી, કેમકે અશરીરી પ્રભુ ભવસંસારમાં ભ્રમણ કરતા નથી. અશરીરી પરમાત્માનું સ્વરૂપ ઉપર પ્રમાણે જાણવું અને જે સર્વજ્ઞ વીતરાગ હિતોપદેશક શરીર સહિત ભગવાન છે તેમનું સ્વરૂપ નીચે પ્રમાણે જાણવું અને શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

## વીતરાગનું સ્વરૂપ.

જે ઇંદ્ર, પ્રત્યેંદ્ર, ચંદ્ર, ધરણેંદ્ર, નરેંદ્ર, ચક્રેંદ્ર, વિદ્યાધરેંદ્ર વગેરેથી પૂજનિક એક હજાર આઠ લક્ષણો સહિત કેવલજ્ઞાન નેત્રના ધારક અષ્ટપ્રાતિહાર્યથી બિરાજમાન, ધર્મચક્રવડે શોભિત, જ્ઞાનાવરણ દર્શનાવરણ, મોહની અને અંતરાય એવા ઘાતીચતુષ્ટથી વિમુક્ત, પણ અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય એવા અનંત ચતુષ્ટયના ધારક શ્રી **અરહંતકેવળીના** મુખથી આત્માનું સ્વરૂપ સાંભળેલું છે, તે આત્મા દ્રવ્યાર્થિક નયવડે નિત્ય અને પર્યાયાર્થિક નયવડે અનિત્ય છે, અને જે એકાંતવાદી આત્માને સર્વથા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિત્યજ માને છે તેમના શાસનમાં આત્મા જન્મમરણાદિ સઘળાં કાર્યોથી રહિત આકાશવત્ નિર્લેપ અને અક્રિયજ કહેવાશે જ્યારે આત્મા અક્રિય થયો, તો નિત્ય કૂટસ્થ થઇ જશે, તો તેમાં અસંખ્ય દોષોનો ઉત્પાદ થશે, એ કારણથી આત્મા કોઇ વખતે નિત્ય અને કોઇ વખતે અનિત્ય છે.

શ્રી આપ્ત ભગવાને આત્માને અનેકરૂપે વર્ણન કર્યો છે અને જે અદ્વૈતવાદી ભટ્ટ જીવને એકજ કહે છે અર્થાત્ ભટ્ટ કહે છે કે જે પ્રમાણે પાણીથી ભરેલા અનેક ઘડાઓમાં એકજ ચંદ્રમાનું બિંબ પ્રતિબિંબિત થઇ અનેક રૂપ દેખાય છે તે પ્રમાણે **જીવ એક હોવા છતાં પણ અનેકરૂપ દેખાય છે.** આ પ્રમાણે ભટ્ટનું કહેવું સર્વથા વિરુદ્ધ છે કેમકે જો જીવ એકજ હોત, તો કોઇ જીવ હાસ્ય કરતો અને કોઇ અનેક રૂદન કરે છે એજ પ્રમાણે એક અનેક રડે છે તો અનેક હસે છે, એક શયન કરે છે તો અનેક જાગૃત રહે છે, અનેક દયા પાળે છે તો અનેક હિંસા કરે છે, કોઇ સ્વસ્થ રહે છે તો કોઇ યુદ્ધ કરે છે, અનેક શંકા ઉત્પન્ન કરી શિષ્ય બને છે તો એક ગુરૂ સઘળાનું સમાધાન કરે છે, એક રાજ્ય કરે છે, તો અનેક દાસકર્મ કરે છે, કોઇ ક્રિયામાં મગ્ન છે, તો કોઇ કર્મ કરવામાં તૈયાર છે. જો ચંદ્રબિંબ સમાન પણ માનશો, તો અનેક ઘડાઓમાં પ્રાપ્ત થવા છતાં પણ એકજ પ્રકારનું દેખાય છે, ઘટસ્થ બિંબમાં અને ચંદ્રબિંબમાં કંઇ ફેર નથી, તેજ પ્રમાણે સઘળા જીવ એકજ પ્રકારના દેખાતા નથી, પરંતુ એક બીજાથી પ્રતિકુળ કર્મ કરતા જણાય છે, જેથી એમ સિદ્ધ થાય છે કે જીવ એક નથી પણ અનેક છે અને બૌદ્ધ મતવાળા જગતને ક્ષણિક માને છે તેઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહે છે કે સઘળું જગત ક્ષણમાં ઉત્પન્ન થાય છે અર્થાત્ જે પ્રથ
સમય છે તે બીજા સમયમાં રહેતા નથી, એ કારણથી જગતનું હો
ન હોવું સરખુંજ છે.

બૌદ્ધના કથનાનુસાર જો જગત નથી, તો તે પાત્ર
પતિત માંસરસના રસિક બૌદ્ધ તપશ્ચરણ કેમ કરે છે? અને
આત્માને વિજ્ઞાનસ્કંધ માને છે તે બુદ્ધ ગુરૂ હઠગ્રાહી છે
જો ત્રણે લોક ભ્રાંતિરૂપ ક્ષણિકજ હોત, તો એક બીજાના કાર્યન
જાણકાર કેવી રીતે થતે? જો ચૈતન્ય : આત્મા ક્ષણધ્વંસી હોત, તે
છ માસની વેદનાના જાણકાર કેવી રીતે થતે? વળી પણ બૌદ્ધ કહે
કે જે છ માસની વેદનાને જાણે છે તે પૂર્વ વાસના અનુસાર જાણે
છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે જ્યારે સઘળું જગત ક્ષણિક છે.
તો શું વાસનામાં ક્ષણિકત્વ નહોતું? એ સિવાય વિજ્ઞાન, વેદના, સંજ્ઞા,
સંસ્કાર અને રૂપ એવા પાંચ સ્કંધોથી જુદો છે વગેરે હેતુઓથી
સિદ્ધ થયું કે આત્મા હમેશાં ક્ષણિક નથી પરંતુ કોઇ વખતે ક્ષણિક
અને કોઇ વખતે ધ્રુવ છે.

## प्रकरण १३ मुं.

### मुनि मार्गनुं वृत्तांत जाणवानी कोटवालनी इच्छा.

**આ** પ્રમાણે શ્રી મુનિરાજનાં વચન સાંભળી કોટવાલે પોતાને માથે હાથ મુકીને મુનિની સ્તુતિ કરી, અને મુનિએ કહેલાં વાક્યોને પ્રમાણભૂત જાણી સ્વીકાર કર્યો. અને પછી કહેવા લાગ્યો—"હે જગતારક ! આપ મુનિમાર્ગનું વૃતાંત્ત મને સમજાવો, હું તેને યથાશક્તિ પાળીશ."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ધર્મનું ફળ.

મુનિરાજ૦–" હે કોટરક્ષક ! તું શ્રી સર્વજ્ઞ વીતરાગ અને હિતોપદેશક શ્રી જિનરાજકથિત **ધર્મનું સેવન કર,** કેમકે એકજ ધર્મથી સ્વર્ગ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ધર્મથી મનુષ્ય થાય તો તે નારાયણ, બલભદ્ર, વિદ્યાધરેશ, ચક્રવર્તિ થાય છે, વળી એનાથીજ ધરણેંદ્ર, ઇંદ્ર અને અહિમેંદ્ર પદ પ્રાપ્ત થાય છે. પ્રિય મિત્ર! એજ ધર્મને ધારણ કરવાથી જેના ચરણકમળોના દાસ ઈંદ્રાદિક દેવ જેનો જન્માભિષેક ક્ષીર સમુદ્રના જળથી કરે છે. એવું **જિનેંદ્ર પદ** પ્રાપ્ત થાય છે. એજ ધર્મના ફળથી મનુષ્યપર્યાય ધારણ કરી ઉત્તમ ધનવાન ગ્રહસ્થ થાય છે, અને ત્યાં ચંદ્રવદની દેવાંગના સમાન સ્ત્રીરત્નની પ્રાપ્તિ થઇને સંસારિક સુખનો અનુભવ પ્રાપ્ત કરે છે. રત્નોના કિરણોના સમૂહથી વ્યાપ્ત, જાળીઓ વડે રોનકદાર, જરૂખાઓ વડે મનોહર, સુવિચિત્ર દીવાલોથી શોભાયમાન અને પાંચ સાત માળના મેહેલો પણ એજ ધર્મથી પ્રાપ્ત થાય છે. એ ધર્મના ફળથી મદોન્મત્ત હાથી, પવનના જેવા વેગવાળા ઘોડા, રથ, પાલખી વગેરે અનેક આસન; ધ્વજા, છત્ર, ચામર સિંહાસન વિગેરે રાજ્યચિન્હ, મહા બળધારી અનેક સિપાઇઓ અને મોટી સેનાના ધણી થઇને આનંદ પૂર્વક કાળ વ્યતીત કરે છે. **આ સંસારમાં ધર્મ સમાન બીજો મિત્ર નથી** અને એથી ઉલટું પાપ સમાન દુઃખદાયક શત્રુ બીજો કોઇ નથી. જે પરજીવની હિંસા કરે છે અને બીજા જીવોને દુઃખ દે છે, તે પાપી ગણાય છે અને તેજ **પાપના ફળથી આ જીવ ચતુર્ગતિ સંસારમાં ભ્રમણ કરતો અનેક કુયોનિયોમાં અસંખ્ય દુઃખોનો પાત્ર બને** છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે હિંસક છે તે સંસારરૂપી વનમાં ભટકતો કદાચ કોઇ પુન્યના યોગથી મનુષ્યપર્યાય ધારણ કરે, તોપણ દુઃખી, દરિદ્રિ, દીન, મલિનગાત્ર, દુર્બળ, ભિખારી થઇ આયુપર્યંત દુઃખ ભોગવતો કાળ વ્યતીત કરે છે. જે હિંસાદિ પાપકર્મથી જો કદાચ મનુષ્ય પર્યાયમાં સ્ત્રી થાય, તો મલિનગાત્રા, યારો સાથે રમનારી, પર પુરૂષાશક્ત, વ્યભિચારિણી, પરધન હરવામાં પ્રવિણ, દુર્ભાગણી, દુષ્ટણી, કઠોર, નિર્લજ, પાપકર્મમાં લીન, સ્નેહ રહિત, દુર્ગંધ શરીર, શોભા રહિત, દરિદ્રી અને કર્કશભાષિણી થાય છે. પાપકર્મથી જો ગ્રહસ્થ પણ થાય તો ઉપર બતાવ્યા પ્રમાણે અવગુણવાળી સ્ત્રી, મહામૂર્ખ પુત્ર, તે ઉપરાંત પોતે દરિદ્રિ, ઘરમાં ખાવાને અન્ન મળે નહિ, વસ્ત્ર પણ ફાટાં તુટાં, વગેરે ઘણી રીતે દુઃખી થાય છે.

**આ સંસાર માત્રમાં દુઃખ છે તે સઘળા પાપરૂપ વૃક્ષનાં ફળ છે,** માટે હે કોટવાલ ! આ પ્રમાણે જાણીને જેમ બને તેમ **જેમાં જીવનો વધ થવાનો સંભવ ન હોય એવા ધર્મને ધારણ કરો.**

## કોટવાલની વિશેષ શંકાઓ અને તેનું સમાધાન.

આ પ્રમાણે શ્રી મુનિરાજનું કથન સાંભળીને કોટવાલ હાસ્યપૂર્વક કહેવા લાગ્યો—"મુનિ મહારાજ ! **ભૂત** નામનો બ્રાહ્મણ એ પ્રમાણે કહેતો હતો કે જે પુરૂષ પશુઓનો ઘાત કરી માંસ ભક્ષણ કરે છે તે સ્વર્ગમાં અસંખ્યાત કાળ સુધી સુખભોગ કરે છે."

**મુનિરાજ૦**—"મહાશય ! જે નિશ્ચય શુદ્ધ જ્ઞાન છે તે ઇંદ્રિય વર્જિત અતીંદ્રિય છે, તથા તેજ જ્ઞાન જીવના નિજ સ્વભાવમય છે, પણ પરાધીન નથી. તે સાધનક્રમ પ્રતિ સ્ખલિત રહિત છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેથી અતિંદ્રિય જ્ઞાનના ધારક શ્રી કેવળી ભગવાને જે પ્રતિપાદન કર્યું છે તે સર્વથા સત્ય છે અને અન્યથાપણાનો લેશ પણ નથી, કેમકે વસ્તુસ્વભાવના યથાર્થ કથનમાં પ્રથમ તો સર્વજ્ઞ હોવા જોઇએ અને કદાચ સર્વજ્ઞ પણ થયા અને જો રાગદ્વેષથી મલિન થયા તો-પણ તે સત્ય કહી શકતા નથી. એ કારણે જે સર્વજ્ઞ અને વીતરાગ હિતોપદેશક ગુણ સહિત છે તેજ આપ્ત છે. અને તેમનુંજ કહેલું વચન પ્રમાણભૂત છે. આપ્ત ભગવાને ચૈતન્યગુણવિશિષ્ટ અમૂર્તિક જીવનું સ્વરૂપ જે પ્રમાણે પ્રતિપાદન કર્યું છે, તેને ઇંદ્રિયજનિત જ્ઞાનના ધારક સ્વપ્નમાં પણ જાણી શકતા નથી, કેમકે જે ઇંદ્રિયજનિત જ્ઞાન છે તે મૂર્તિક છે, એ મૂર્તિક જ્ઞાન અમૂર્તિક વસ્તુને જાણનાર કેવી રીતે થઇ શકે ?

કોટવાલ ! તમારા જે દેવ છે તે ઇંદ્રિયજનિત જ્ઞાનના ધારક છે, જેથી તે ઇંદ્રિયજનિત જ્ઞાનથી વસ્તુસ્વભાવને જન્માંતરમાં પણ જોઇ-જાણી શકતા નથી. જે પ્રમાણે મદોન્મત્ત મૂર્છાવાન અને સૂતેલા પુરૂષના મુખમાં કૂતરો મૂત્રક્ષેપણ કરી જાય છે અને તે તેને જાણી શકતો નથી તે પ્રમાણે અતીંદ્રિય જ્ઞાન વિનાના છદ્મસ્થ જ્ઞાતા ત્રૈકાલિક વસ્તુને કદાપિ જાણી શકતા નથી. વ્યાસજીએ જો કે "મહાભારત" નામનો ગ્રંથ પ્રગટ કર્યો, પરંતુ અતીંદ્રિય જ્ઞાન વિનાના હોવાથી અસત્ય કથન કર્યું છે તે મિથ્યા છે, કેમકે છદ્મસ્થને વસ્તુનું ખરૂં જ્ઞાન હોતું નથી; જેથી લોકમાં અગ્રમાર્ગમાં શીતળાનું સ્થાપન તથા સૂર્યચંદ્રાદિ ગ્રહોની ગતિમાં ગણિતપણું તેમજ ત્રિલોકગત ત્રણ કાળની સ્થિતિ સ્થાને ગ્રહણોમાં સૂર્ય ચંદ્રમાના ગ્રહણ વગેરેનું નિરૂપણ થઇ શકતું નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે મૂઢબુદ્ધિ સર્વજ્ઞને અતીંદ્રિય અનિંદિત જ્ઞાનમય જાણતો નથી તે નિંદિત પંચેદ્રિયમાં લીન થઇને નરકોમાં વૈતરણી નદીના જળનું પાન કરે છે.

**ભ્રાતૃવર!** વેદને માનવાવાળા વેદની ઉત્પત્તિ આ પ્રમાણે કહે છે કે, અશરીરી પરમાત્માની ઇચ્છાનુસાર ચારે વેદ પોતાની મેળે ઉત્પન્ન થયા છે. આ પ્રમાણે કહેવાવાળાને જરાપણ લજ્જા આવતી નથી, કેમકે જ્યારે વેદ સ્વયંસિદ્ધ છે તો આકાશમાં શબ્દોની પંકિત એકઠી થઇને પોતાની મેળે પુસ્તકમાં કેવી રીતે લખાઇ ગઈ? આ કથન હમેશાં વિરૂદ્ધજ નહિ પણ અસંભવ જણાય છે.

**મિત્રવર!** એ પુદ્ગળના સંઘટનથી ઉત્પન્ન થયેલો શબ્દ આકાશમાં ગમન કરવાથી લોકોને સંભળાય છે, તે શબ્દના બે પ્રકાર છે, એક અક્ષરાત્મક અને બીજો અનક્ષરાત્મક છે, તેમાં પશુ અને વંશાદિ વડે ઉત્પન્ન થએલો શબ્દ અનક્ષરાત્મક છે અને આઠ સ્થાનોના સંબંધથી ઉત્પન્ન થએલો મનુષ્યનો શબ્દ અક્ષરાત્મક બુદ્ધિવાનોએ ભાષારૂપ પરિણમન કર્યો છે.

**હે કોટરક્ષક!** જે મૂઢબુદ્ધિ વેદને સ્વયંસિદ્ધિ કરે છે તેજ દેવને શરીરરહિત તથા પાંડવોને દેવપુત્ર કહે છે, અર્થાત્ યમનો પુત્ર યુધિષ્ટર, ઇંદ્રનો પુત્ર અર્જુન, પવનનો પુત્ર ભીમ, અસ્વનીકુમારનો પુત્ર નકુલ, અને વરૂણના પુત્રને સહદેવ કહે છે. જે નિત્ય, નિરંશ અને અખંડ છે, તેનાં અંશકલ્પના કેવી રીતે થઇ શકે? જે પુરૂષ જ્યારે ઉપર મુજબ કથન કરતા લજ્જાસ્પદ ન થઈ અપકીર્તિથી ભયભીત નથી થતા, તેજ કંસ નામના શત્રુની હિંસાથી વાસુદેવને સ્વર્ગ સુખના ભોક્તા બતલાવે છે. આ ઉપરથી એમ જણાય છે કે વેદ જુદો છે, પુરાણ બીજું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, દેવ બીજા, પૂજ્ય બીજો, અને આ કથન કરવાવાળો પણ બીજો છે.

મિત્ર! આ પ્રમાણે કુમારિલ્લ ભટ્ટના કથનથી પૂર્ણ થાઓ, કેમકે એ સઘળું કથન અસત્ય હોવાથી ધર્મથી વિપરીત અને અધર્મનું પોષક હમેશાં અસંભવ છે. વેદમાં કરેલું કથન મેં જાણ્યું, તેમાં હરણોનું મરણ પ્રકાશિત કર્યું છે. એક વેદે નિશ્ચય કરીને ભીલ્લ કુળનું પોષણ કર્યું અને બીજાએ બ્રાહ્મણોનું પાલન કર્યું છે.

જો મીન (માછલાં) ભક્ષી અને સ્નાન કરવાથી પવિત્ર થતા બ્રાહ્મણ અને બગલાંજ પૂજ્યપદને પ્રાપ્ત થઇ જશે તો ષટ્કાયના પ્રાણિઓના રક્ષક, સંયમના પ્રતિપાલક અને સમભાવયુક્ત મુનિયોની પૂજા-વંદના કોણ કરશે? હે! કોટવાલ! તમેજ પોતાના હૃદયમાં વિચાર કરીને જુઓ કે નદીની અંદર રહીને માંછલીઓને ભક્ષણ કરતું બગલું કેવીરીતે પવિત્ર થઇ શકે? એજ પ્રમાણે જે બ્રાહ્મણ જિહ્વાલંપટી-માંસભક્ષી છે તે પૂજ્ય કેવીરીતે થઇ શકે? પાપકર્મના ઉદયથી મેંઢી, બકરી, હરણી, અને ગાય વગેરે પશુ જાતિ સઘળા ઘાસ ખાનારા છે, પણ તેઓ કોઇપણ જીવના ઘાતમાં પ્રવૃત્તમાન થતા નથી તેજ નિરપરાધી દીન પશુઓનો ઘાત કરી પોતાને ઉચ્ચકુળવાળા અને પવિત્ર માનીને ભોળા જીવો પાસે પોતાની પૂજા કરાવે અને કહે કે, હમને પરમેશ્વરે આ વિપ્રકુળમાં એજ માટે ઉત્પન્ન કર્યા છે કે હમે ગમે તેવું નીચ કર્મ કરીએ, તોપણ પૂજ્ય છીએ અને જે હમારી નિંદા કરે છે તે જ્યાંસુધી સૂર્ય ચંદ્રમાનો ઉદય છે ત્યાંસુધી નર્કમાં વાસ કરે છે તથા જે હમારા વચનોને દૂષણ લગાડે છે તે વૈતરણીના જળનું પાન કરે છે, તે માટે હમારૂં કહેલું વાક્ય છે તે જનાર્દન ભગવાનતુલ્ય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોટવાલ ! હવે આપજ કહો કે આ વિપ્રોનું કહેલું વાકય કયાંસુધી સત્ય માનવામાં આવે ? કેમકે પ્રથમ તો પોતે કહે છે કે ગાય દેવતા છે અને તેની પૂંછડીમાં તેત્રીસ કરોડ દેવતા રહે છે, જેથી ગાયનું છાણું અને મૂત્ર બન્ને પવિત્ર છે, અને પછી પોતેજ ઉપદેશ કરે છે કે ગોમેધ યજ્ઞમાં ગાયનો હવન કરવાથી મનુષ્ય સ્વર્ગલોકમાં જાય છે. એ સિવાય બીજુ પણ કહે છે કે જે પુરૂષ સૌદામિની યજ્ઞમાં મદિરાનું પાન કરે છે, તે સંસારસાગરથી પાર ઉતરી જાય છે, વગેરે કયાંસુધી કહીએ ? વિપ્રોનું કથન હમેશાં અસત્ય અને વિરૂદ્ધતાયુક્ત છે.

**ભવ્યવર ! હવે તમે વેદમાર્ગનો ત્યાગ કરીને શ્રી ઋષભનાથ ભગવાને પ્રકાશિત કરેલા ધર્મને અંગીકાર કરો.** શ્રી ઋષભદેવસ્વામીએ દયામય ધર્મનું પ્રરૂપણ કરીને પછી તેજ દયામયી ધર્મના **મુનિ** અને **ગ્રહસ્થ** એવા બે ભેદ પાડ્યા છે, તેમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, અને ત્રણ ગુપ્તિ એમ તેર પ્રકારના ચરિત્રયુક્ત મુનિધર્મ મહાદુર્દ્ધર છે અને પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ **બાર વ્રતરૂપ શ્રાવકધર્મ** છે, તેનું તમે પાલન કરો; કેમકે આ શ્રાવકધર્મમાં એકદેશ હિંસાનો ત્યાગ છે, માટે તમે હિંસા, જૂઠું, ચોરી, કુશીલસેવન અને પરિગ્રહની તૃષ્ણા, એવા પાંચ પાપોનો એકદેશ ત્યાગ કરીને અહિંસા, સત્ય, અચૌર્ય, સ્વદારસંતોષ, અને પરિગ્રહનું પ્રમાણ, એવાં પાંચ અણુવ્રતને ધારણ કરો. વળી એ સિવાય રાત્રિભોજન, મધ, માંસ, દારૂ તથા ઉમરડો, કઠુમર, પીપલ, વડ અને પાકરફળ એવાં પાંચ ઉદંબર ફળનો ત્યાગ કરી દશે દિશાઓનું પ્રમાણ અને ભોગોપભોગની સંખ્યા કરીને આઠ મદોને

ત્યાગ કરી દેવો જોઇએ. એ સિવાય અન્ય કુશાસ્ત્રોને સાંભળવાનો ત્યાગ, વર્ષાઋતુમાં ગમન કરવનો નિષેધ, જીવઘાતક આજિવિકાનો ત્યાગ કરીને પોતાનાં હથિયાર કોઇને આપવાં જોઇએ નહિ. અષ્ટમી અને ચતુર્દશીને દિવસે સ્ત્રીના દુધંટ સ્તનોને સ્પર્શ પણ ન કરવો અને ઉપવાસ કરીને એકાંતસ્થાનમાં વાસ કરવો, અથવા એકભુક્ત અને નીરસ આહાર કરવો જોઇએ. વળી દરેક પર્વના દિવસે **ઉપવાસ** અથવા કાંજીનો આહાર કરવો, તથા ધર્મધ્યાનપૂર્વક શ્રી જિનમંદિરમાં બેસીને પાપનો અંત લાવવો. એ સિવાય પાત્રદાન આપવું અર્થાત્ સમ, દમ, વ્રત, નિયમ વગેરેને પાળનારા સંયમી મુનિ ઉત્તમપાત્ર, સમ્યગ્દ્દષ્ટી શ્રાવક મધ્યમપાત્ર અને અવ્રત સમ્યકદ્દષ્ટી જઘન્ય પાત્ર એવા ત્રણ પ્રકારના **પાત્રને** આહાર, ઔષધ, શાસ્ત્ર અને અભયદાન એવાં **ચાર પ્રકારનું દાન** સત્કારપૂર્વક આપવું. આ પ્રમાણે દાન કરવાથી પુણ્યનો વધારો થશે, એ ઉપરાંત પંચકલ્યાણક **પ્રતિષ્ઠાદિ કાર્યોમાં દ્રવ્ય ખરચવું** અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયનું હમેશાં સ્મરણ કરવું. ત્રણ કાળ **સામાયિક** કરવું તે વખતે જિનવંદન કર્યા પછી રાગદ્વેષનો ત્યાગ કરીને સામ્યભાવ ધારણ કરવો. એ સામાયિકકર્મ પોતાના ઘરના એકાંતસ્થાનમાં અથવા જિનમંદિરના એકાંતસ્થાનમાં અથવા જિનપ્રતિમાંના આગલા ભાગમાં કાયોત્સર્ગે ઉભા રહીને કરવું યોગ્ય છે. વળી કુગુરૂ, કુદેવ અને કુધર્મથી પરાઙ્મુખ થઇને અંત સમયે સલ્લેખના મરણ કરવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૪ મું.

## કોટવાલની વિશેષ શંકાઓનું સમાધાન.

આ પ્રમાણે મુનિરાજનો ઉપદેશ સાંભળીને કોટવાલે કહ્યું-"મુનિરાજ! હમારા કુળમાં જીવોને મારવાનો પ્રથમથી રિવાજ છે, માટે એ જીવ વિના બીજું જે ધર્મસંબંધી વર્ણન આપે કર્યું તે મેં ગ્રહણ કર્યું છે. વળી હું નગરનો કોટવાલ છું, જેથી જીવોનો વધ કરવો, મારવા અને કેદ કરવા એ મારું મુખ્ય કર્તવ્ય છે, તેથી આ વ્રતનો વ્રતી હું થઇ શકતો નથી. મારા પિતા દાદા વગેરેના સમયથી એ જીવવધનો સંચાર થઇ રહેલ છે, જેથી મારે પણ તે પ્રમાણે કરવું જોઇએ, તેથી આ વ્રતને હું ગ્રહણ કરી શકતો નથી, પણ બીજા સઘળા ધર્મને ગ્રહણ કરું છું."

આ પ્રમાણે કોટવાલનું કહેવું સાંભળીને મુનિરાજે કહ્યું-"કોટવાલ! બહુ કહેવાથી શું ફાયદો? આ જો, તારી પાસે જે કૂકડા જોડું ઉભેલું છે, એણે જે પ્રમાણે સંસારભ્રમણ કરીને મહાન દુઃખ સહન કર્યાં છે, તે પ્રમાણે તારે પણ સહન કરવાં પડશે."

કોટવાલ૦-"હે મુનિ મહારાજ! આ કૂકડાના જોડાના ભવભ્રમણની હકિકતનું આપ વર્ણન કરો, કે જે સાંભળવાથી મને સંબોધન (ઉપદેશ) થાય."

## કૂકડા-કૂકડીના આગલા ભવની યાદ.

મુનિરાજ૦-"કોટવાલ! એના આગલા ભવોનું વર્ણન કહું છું તે ધ્યાન દઇને સાંભળ. મહારાજ યશોધર અને તેની માતા ચંદ્રમતિએ કુસંગતિના યોગથી કર્કશ ભાવ ઉત્પન્ન કરી કૂ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કૂકડાને મારીને કુળદેવીને બળીદાન આપ્યું. આ મિથ્યાત્વના યોગથી એ બન્ને જણુ પોતાનુ શરીર અને ધનનો નાશ કરીને મહા ભયભીત થતા ક્ષુધાતુર મોર અને કૂતરો થયા. ત્યાંથી મરીને નદીમાં મચ્છ અને સંશુમાર થયા, ત્યાંથી પ્રાણુ છોડીને બકરા બકરી થયા, તે પછી બકરો અને ભેંસ થયા, અને ત્યાંથી મરીને નવીન પૂચ્છના ગુચ્છા સહિત કૂકડા થયા, જે તારી પાસે ઉભેલા છે. "

આ પ્રમાણે મુનિરાજને મોંઢે કૂકડાના ભવભ્રમણનું વૃત્તાંત સંક્ષેપરૂપે સાંભળીને કોટવાલે સઘળા કુળધમનો ત્યાગ કરીને **શ્રાવકનાં વ્રત ગ્રહણ** કર્યાં, અને પછી મન વચન, કાયથી મુનિને ભાવસહિત **નમસ્કાર** કર્યા.

## यशोमतिद्वारा कूकडा-कूकडीनो घात.

**શ્રી ક્ષુલ્લક મહારાજ,** મારિદત્ત રાજાને કહેવા લાગ્યા– " રાજન્ ! જે વખતે શ્રી મુનિરાજે બન્ને કુકડાના ( હમારા ) ભવ. ભ્રમણનું વૃત્તાંત વર્ણવ્યું, **તે** સાંભળીને હમે બન્ને હર્ષપૂર્વક **જીવદયાનુ પ્રતિપાલન** કરી અપૂર્વ લાભના યોગથી અત્યંત સંતોષ પામ્યા અને ઉત્કંઠાપૂર્વક જેવો મધુર શબ્દ બોલ્યા કે તરતજ તેને સાંભળીને મૈથુનકર્મમાં લવલીન મારા પુત્ર યશોમતિએ ધનુષ બાણુ ચઢાવીને પોતાની સ્ત્રી (કુસુમાવળી)ને કહ્યું–" પ્રિયા ! આ વખતે શબ્દવેધી ધનુર્વેદ બતાવું છું ! " આ પ્રમાણે કહી રાજાએ **બાણુ** છોડયું, જેથી પાંજરામાં રહેલા બન્ને કૂકડાનું શરીર છેદાઇ જવાથી તેઓ (હમે બન્ને) પ્રાણ રહિત થઇ ગયા.

## कूकडा-कुकडीनो जीव कुसुमावळीना गर्भमां.

**રાજન્ !** તે તીક્ષ્ણ બાણુ વાગવાથી **હમે** બન્ને કૂકડા મરીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જન્માંતરના પુત્ર યશોમતિની કુસુમાવળી રાણીના ગર્ભાશયમાં ઉત્પન્ન થયા. પાપોની પરંપરાથી હું પોતાના પુત્રનો પુત્ર અને મારી માતા ચંદ્રમતી પોતાના પૌત્રની પુત્રી થઇ. આ પ્રમાણે નવ માસ વીત્યા બાદ મારો જીવ તો **અભયરૂચિકુમાર** નામનો પુત્ર અને મારી માતાનો જીવ **અભયમતિ** નામની પુત્રી થઈ.

**પૃથ્વીનાથ** ! હવે હમે બન્ને ભાઇબ્હેન કામની શક્તિ-સમાન રૂપલાવણ્યયુક્ત થતા ચંદ્રકળાની માફક મોટા થવા લાગ્યા. હમે બન્ને કળાગુણવડે પ્રવીણ પોતાની સૌજન્યતા અને વિનયગુણથી સઘળા કુંટુંબીઓનું મન હર્ષિત કરતા આનંદપૂર્વક કાળ વીતાવા લાગ્યા. કેટલાક દિવસ પછી હમારા પિતા યુવરાજપદનો ભાર અમારા મસ્તક ઉપર નાંખીને પોતે શિકાર કરવાને માટે પાંચસો કૂતરાં અને અનેક શસ્ત્રધારી સિપાઇઓને સાથે લઇને મોટા વનમાં ગયા. વનમાં જતાં રસ્તામાં રમણિક બાગમાં કઠિન તપસ્યાના તાપથી ક્ષીણશરીર અને કામદેવના વિદારક **સુદત્ત મુનિરાજને** એક ઝાડની નીચે પાસુક શિલા ઉપર બિરાજેલા જોયા.

## મુનિરાજના મેળાપથી રાજા યશોમતિને ક્રોધ.

મુનિરાજને જોઇ રાજા મનમાં વિચાર કરવા લાગ્યા કે-સિદ્ધિનો વિનાશક અને અપશુકનકારક સાધુ અહિંયાં કયાંથી આવ્યો ? બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણેથી જુદો આ સાધુ મારે હાથે મર્યા વિના કયાં જવાનો છે ? આ પ્રમાણે વિચાર કરી તે જન્માંતરના પુત્ર અને વર્તમાન પિતા યશોમતિએ **મુનિને મારવાને મોટા વિકાળ પાંચસો કૂતરા છોડયા**, જે કૂતરા એવા જણાતા હતા કે જાણે જાનવરોને મારવાના હથીઆરજ છે. તે કુતરાઓની વાંકી પૂંછડી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



યશોમતિ રાજાએ સુદત્તાચાર્ય મુનિને કરેલો ઉપસર્ગ.

[ જુઓ પાનું ૨૦૪ ]

( સોલાપુરનિવાસી શેઠ હરીભાઇ દેવકરણ ગાંધી તરફથી પ્રાપ્ત. )

'Jain Vijaya' Press—Surat.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાપીઓના ચિત્તસમાન, ઉભ હિંસારૂપ વૃક્ષના પલ્લવ સમાન અને નખ હિંસારૂપ ઝાડના અંકુરસમાન દેખાતાં હતાં. તે પાપી કૂતરાના સમૂહને છોડવામાં શિકારીઓ જરાપણ દયા કરતા નથી. એ ક્રૂર કુતરાઓ ભૂંકતા ઉછળતા શ્રી મુનિરાજના તપના પ્રભાવથી મુનિની પાસે જઇને તેના ચરણને નમસ્કાર કરીને વિનયપૂર્વક પાસે બેઠા.

## कल्याणमित्रनो उपदेश.

જ્યારે કૂતરાઓને છોડેલું નકામું ગયું ત્યારે રાજા યશોમતિ પોતે તરવાર લઇને મુનિને મારવાને તૈયાર થયો. તે વખતે **કલ્યાણમિત્ર** નામનો રાજશ્રેષ્ઠી કે જે મુનિરાજની પાસે ઉભેલો હતો તેણે રાજાને હાથ જોડીને કહ્યું–" રાજા મનુષ્યોનું દુઃખ દૂર કરનારા હોય છે, માટે જો રાજાજ વ્રતયુક્ત મુનિવરને મારશે, તો વિંધ્યાચળ પર્વત ઉપર રહેતા ભીલોની શું દશા થશે! એટલે વિંધ્યાચળ પર્વત ઉપર રહેતા ભીલો મુનિહત્યા કરવામાં પ્રવર્તે છે, પણ રાજા તો મુનિની રક્ષાજ કરે છે, અને જો રાજાજ મુનિહત્યા કરશે, તો પછી ભીલ લોકો કરે તેમાં શું નવાઇ? તે માટે હે પ્રજાપાળક! મુનિરાજની હત્યાથી નિવૃત્ત થઇને પવન, વરૂણ, વૈશ્રવનવડે સ્તુતિ કરવા યોગ્ય અને વિષયોથી વિરક્ત શ્રી મુનિરાજને નમસ્કાર કરવાજ યોગ્ય છે."

આ પ્રમાણે સાંભળી રાજાએ ક્રોધયુકત થઈ કહ્યું–"કલ્યાણમિત્ર! એ નગ્ન છે, સ્નાન રહિત છે અને એ અમંગળ તથા કાર્યનો વિનાશક છે, માટે એને માર્યા વિના કેમ છોડું? મારે યમરાજની આજ્ઞાનું પાલન કરવુંજ ઉત્તમ છે, અને તેને તમે કહો છો કે નમસ્કાર કરો, તે હું નમસ્કાર કેવી રીતે કરૂં કેમકે જે હણવા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચોગ્ય છે તેને વિનય કરવો વેદમાર્ગિયોને નીતિવિરૂદ્ધ છે, માટે એને જરૂર મારીશ.

**કલ્યાણમિત્ર**–શ્રીમાન્! જો નગ્નજ અમંગલ છે તો નગ્ન અને ધુળથી ભરેલા શરીરવાળા મહાદેવ તથા હાથમાં ત્રિશૂળ ધારણ કરતા નગ્નમૂર્તિ ક્ષેત્રપાળ પણ છે. એ સિવાય પગમાં ઘૂઘરા અને હાથમાં કડાં પહેરી ગધેડા ઉપર સવાર થઇ હાડકાંની માળા ધારણ કરે, અને હાડકાંના આભૂષણ પહેરી મનુષ્યોના માંસને ભક્ષણ કરવાવાળી એવી, તેમજ હાથમાં ખોપરીયુક્ત અને સ્મશાનમાં વાસ કરવાવાળી નગ્ન શરીર **યોગિની** (જોગણી) કેવી રીતે મંગળસ્વરૂપ થઇ શકે? કેમકે જે જીવદયાના બાધક અને હિંસાનું સ્થાન હોય, તે મંગળ હોઇ શકતા નથી. રાજન્! જીવદયાના પ્રતિપાળક, સંયમના ધારક, નગ્ન દિગંબર સાધુ અમંગળ નથી, પણ સાચા મંગળસ્વરૂપ એઓજ છે; કેમકે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ આભૂષણોના ધારક અને નગ્ન ભાવનાયુક્ત છે, **તેમને દૂષણ લગાડવું, તે મહા પાપના બંધનું કારણ છે.** પૃથ્વીપતિ! આપે સ્નાનરહિત મુનિની નિંદારૂપ વચન કહ્યાં, પણ યજ્ઞકર્મમાં સ્નાન કયાં છે? જેમ ખારાથી વસ્ત્ર મેલ રહિત થઇ જાય છે તેમ મળમૂત્રથી ભરેલા ઘડા સમાન **આ શરીર સ્નાન કરવાથી શુદ્ધ થતું નથી** કેમકે સ્નાન કરવાથી સુગંધાદિ લેપન અપવિત્ર અને પુષ્પમાલાદિ ધારણ કરવાથી દેહ પવિત્ર અને નિર્મળ થતું નથી, પણ **શરીરના સંયોગથી સુગંધાદિ વિલેપન અપવિત્ર થઈ જાય છે.** આ શરીર ક્રોધ, માન, માયા, લોભ અને મોહ વગેરેથી પૂર્ણ છે, અને જો કે સપ્તધાતુ ઉપધાતુમય અપવિત્ર છે, તોપણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપથી પવિત્ર થઈ જાય છે. દુર્દ્ધર તપના ધારક યોગિશ્વરોનું સર્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંગ પવિત્ર છે કેમકે તેમની લાળનો રસ અને શરીરનો મેલ પણ રોગીઓના રોગનો નાશ કરે છે.

**હે રાજન્!** જે તપસ્વીઓના પગની રજ પણ પાપરૂપી વેરીનો નાશ કરે છે, તેવા રૂષિઓને ઇર્ષારહિત પ્રણામ કરવાજ યોગ્ય છે, કેમકે તેવા મુનિઓના શરીરને તેમના તપના પ્રભાવથી સપ ડંસતા નથી તથા સિંહ વાઘ વગેરે દુષ્ટ જીવ પણ વિનયપૂર્વક પ્રણામ કરે છે. એ મુનિરાજ જો રોષયુક્ત થાય તો ઇંદ્ર પણ સ્વર્ગમાંથી ગમન કરે અને મેરૂ સહિત ત્રણ લોકને ઉલટાવી દે. **ત્રણલોકમાં એવો કયો બળવાન તેજસ્વી જીવ છે જે રિદ્ધિયુક્ત મુનિની સામે ટકી શકે? તે** મહાશક્તિના ધારક શ્રી મુનિરાજ પ્રણામ કરનારા ઉપર પ્રસન્ન પણ થતા નથી અને જે નિંદા કરે છે તેના ઉપર રોષ પણ કરતા નથી. શત્રુ મિત્ર બન્ને ઉપર સમભાવ રાખે છે એવા શાંતચિત્ત તપોનિધિ **મહામુનિના ઉપર તરવાર ઉગામવી શું યોગ્ય છે?** તે મહા મુનિશ્વર સઘળા પરિગ્રહ રહિત સઘળા જીવોના ઉપકારી છે, જેમનો પ્રભાવ શ્રાવકો સિવાય દેવો ઉપર પણ પડે છે.

**રાજન્!** આપ પણ પ્રત્યક્ષ જોઇ રહ્યા છો કે મહા ક્રૂરસ્વભાવી હિંસક **પાંચસો કૂતરા** શ્રી મુનિને મારવાને માટે આપે છોડયા, પરંતુ મુનિરાજના પ્રભાવથી તે સઘળા શાંતચિત્ત થઇને વિનયવાન શિષ્યની માફક મુનિના પગ આગળ **પૂંછડી હલાવતા બેઠા** છે, માટે હે રાજા! અજ્ઞાન અવસ્થા અને ક્રોધને મૂકી દઇને શ્રી મુનિરાજના ચરણોની વંદના કરો વગેરે કહીને કલ્યાણમિત્ર શેઠે નીચે પ્રમાણે મુનિની ઓળખાણ આપી—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## કલ્યાણમિત્રે મુનિની કરાવેલી ઓળખાણ.

ગુણોના સમુદ્રસમાન કલિંગ દેશના **રાજા સુદત્ત** કુસુમાલ ચોરના વધ-બંધનને જોઇને ઉદાસ થઇ પરમ યતિ થયા છે. જે વખતે કુસુમાલ ચોરને બાંધીને કોટવાલે રાજા સુદત્તની પાસે ઉભો કર્યો તે વખતે રાજકર્મચારી શ્રેષ્ટ બ્રાહ્મણે એ રાજાને સલાહ આપી કે-"સ્વામી ! આ અપરાધીને હાથ પગ અને માથું છેદવાની શિક્ષા કરવામાં આવે; આ સાંભળી રાજાને સંસારદેહ-ભોગથી વૈરાગ્ય ઉત્પન્ન થયો, જેથી તે રાજા જિવિત અને ધનની આશારૂપ ફાંસીને છેદીને તથા જીર્ણ તૃણવત્ રાજ્યને છોડી પરમ નિર્ગ્રંથ મુનિ થઇને પહાડના જંગલના વાસી થયા છે. આ પ્રમાણે કહી કલ્યાણમિત્ર શેઠે કહ્યું-"હે રાજા! સઘળો સંદેહ દૂર કરીને હાથ જોડી શ્રી મુનિરાજને પ્રણામ કરો."

## યશોમતિએ કરેલો પશ્ચાતાપ.

આ પ્રમાણે કલ્યાણમિત્રના કલ્યાણરૂપ અમૃતતુલ્ય વચન સાંભળી રાજા યશોમતિએ સઘળા જીવોમાં **મૈત્રીભાવ** ધારણ કરી મહા ભક્તિપૂર્વક શ્રી મુનિને નમસ્કાર કર્યા, ત્યારે શ્રી મુનિરાજે વાત્સલ્યપૂર્વક અમૃતતુલ્ય વચનોમાં કહ્યું-'**ધર્મવૃદ્ધિ થાઓ.**'

આ આશીર્વાદ સાંભળી રાજા પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ મુનિરાજ સુમેરૂસમાન અચલ, પૃથ્વીસમાન ક્ષમાવાન, સમુદ્રસમાન ગંભીર, સૂર્ય સમાન પ્રતાપી તથા ચંદ્રમાસમાન સૌમ્ય છે. વળી એ મુનિ સંયમના ધારક, જિનવરની ભક્તિમાં લવલીન, દયા અને ક્ષમારૂપી ભંડારથી જીવોની પ્રતિપાલના કરતા બેઠેલા છે. મેં પાપી કૃતઘ્ની દુષ્ટે આવા મહાત્માને મારવાનો સંકલ્પ કર્યો, તે અત્યંત અયોગ્ય કાર્ય થયું, **એ દુષ્ટ કર્તવ્યનું પ્રાયશ્ચિત્ત મારૂં મસ્તક છેદીને કરૂં?!**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

### રાજાના વિચારની મુનિરાજને ખબર.

આ પ્રમાણે વિચાર કરતા રાજાના મનની વાત જાણીને મુનિરાજે કહ્યું–" નરનાથ ! આ શું અશુભ ચિંતવન કરે છે ? શું ભ્રમરકુળ-સમાન કેશો સહિત **મસ્તક છેદવાથીજ પ્રાયશ્ચિત્ત થાય છે ?** **નહિ ! નહિ ! ! પણ પોતાની નિંદા અને પસ્તાવો કરવાથીજ પ્રાયશ્ચિત્ત થાય છે.**

**યશોમતિ૦**—" મહારાજ ! મારા મનની ગુપ્ત વાત આપે કેવી રીતે જાણી ? " આ સાંભળી પાસે ઉભેલા કલ્યાણમિત્રે કહ્યું–" રાજન્ ! આપના હૃદયની વાતને મુનિરાજે જાણી લીધી, તેમાં શું આશ્ચર્ય છે ! શ્રી કેવળી ભગવાન તો લોકાલોકસંબંધી ત્રિકાળવર્તી સઘળી ચરાચર વસ્તુઓને જરાવારમાં જાણી લે છે.

### યશોધર અને ચંદ્રમતિના જીવની ગતિ વિષે પૂછપરછ.

આ પ્રમાણે શેઠનું વચન સાંભળી રાજાએ મુનિને કહ્યું,–" મહારાજ ! હું એક વાત પૂછું છું તે આપ કૃપા કરીને વર્ણવો."

**મુનિરાજ૦**—" રાજા ! જે તારી ઇચ્છા હોય તે પૂછ, હું જે કંઇ જાણતો હોઇશ તે કહીશ. "

**યશોમતિ૦**—" મુનિરાજ ! મારા પિતા યશોધર પોતાની માતા ચંદ્રમતિસહિત મરણ પામીને ક્યાં ઉત્પન્ન થયા છે, તે કૃપા કરીને કહો."

**મુનિરાજ૦**–' રાજા ! તારા દાદા મહારાજ યશોઘે ને સફેદ વાળ જોઇ વૈરાગ્યભૂષિત થઇને તારા પિતા યશોધરને રાજ્યલક્ષ્મી સમર્પણ કરી, અને પછી પોતે સંયમના પ્રભાવથી સ્વર્ગમાં ગયા તે પછી યશોધર મહારાજે રાજ્યાસન ઉપર બેસી ન્યાયપૂર્વક પ્રજાપાલન કરવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દિવસ તમારી કુળદેવીને માટે યશોધર અને ચંદ્રમતિએ કૃત્રિમ કૂકડાનું **બળીદાન** આપ્યું, અને પછી પોતે ઝેરથી ભરેલું ભોજન કરી મરણ પ્રાપ્ત થઇને બન્ને માતા પુત્ર **કુતરો અને મોર** થયા. તે બન્ને તમારાજ ઘરમાં મોટા થયા પછી એક વખતે બન્ને વચ્ચે લઢાઇ થવાથી કૂતરાવડે મોરનું મરણ થયલું જોઇ તમે કૂતરાને માર્યો, પછી તારા પિતા યશોધરનો જીવ મોરની પર્યાય છોડી **નોળીઓ** થયો, અને તારી દાદીનો જીવ કૂતરાની પર્યાય છોડીને ભયાનક **સર્પ** થયો. ત્યાં પણ તેઓ બન્ને પરસ્પર યુદ્ધ કરીને મરણ પામ્યા. રાજન્ ! તે પછી તારી દાદીનો જીવ સર્પની પર્યાય છોડીને સિપ્રા નદીમાં **સંશ્રુમાર** થયો, જેને તારી કુબ્જિકા દાસીને મારવાના અપરાધથી તેં મરાવ્યો. અને તારા પિતાનો જીવ નોળીઆની પર્યાયમાંથી તેજ સિપ્રા નદીમાં મચ્છ થયો, જેને સંશ્રુમારની શોધ કરતી વખતે માછીઓએ પકડયો, અને તેને પકાવીને પછી વેદાભ્યાસી ભટ્ટોને ખવાડવામાં આવ્યો. આ પ્રમાણે સંશ્રુમાર અને મચ્છ મરણ પામ્યા. ત્યાર પછી તારી દાદીનો જીવ સંશ્રુમારની પર્યાયમાંથી વનમાં **બકરી** થઇ, અને તારા પિતાનો જીવ મચ્છની પર્યાયમાંથી તેજ બકરીનાં પેટથી **બકરો** થયો.

**રાજા !** સંસારની વિચિત્રતા જુઓ કે તે બકરો પોતાની માતા બકરીની સાથે સંભોગ કરીને ટોળાંના સ્વામી બકરાના શીંગડાથી મરણને પ્રાપ્ત થઇને **પોતાના વીર્યથી પોતાની માતાના પેટમાં ફરીથી બકરોજ** થયો. હવે એક દિવસ તું શિકારને માટે વનમાં ગયો હતો, ત્યાં કોઈ હરણ તને નહીં મળવાથી પાછો આવતો હતો, તેવામાં રસ્તામાં બકરી અને ટોળાંના સ્વામી બકરાનું મૈથુન જોઇ ક્રોધિષ્ટ થઇને તેં તેઓને ભાલાથી માર્યા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેથી બકરીના પેટમાંથી નીકળેલો બકરો તેં ભરવાડોને સોંપ્યો, જેઓએ તેનું પાલનપોષણ કર્યું. પેલી બકરી ત્યાંથી મરીને મોટી ભયાનક ભેંસ થઇ, તેને તારા સ્વારીના ઘોડાને માર્યો, જેથી તેં તેને જીવતીજ પકાવીને તેનું માંસ સઘળા બ્રાહ્મણોને ભોજન માટે આપ્યું. તે વખતે તારી માતા અમૃતામતિને પેલી ભેંસનું માંસ ભાવ્યું નહિ, જેથી રસોઇદારોએ તે બકરાનો પગ કાપી પકાવીને તારી માતાની તૃપ્તિ કરી, અને પછી **બકરાને મારી પિતૃઓના શ્રાદ્ધને માટે બ્રાહ્મણોને** આપ્યો. રાજન્! તું યાદ કર કે તેં તે બકરા અને ભેંસના કકડા કકડા કરીને શ્રાદ્ધપક્ષમાં બ્રાહ્મણોને ભોજન માટે આપ્યા હતા કે નહિ? તે બન્ને બકરો અને ભેંસ મરણ પામીને કૂકડાની જોડ થઇ, જેને તેં નંદનવનમાં બાણથી વીંધી નાંખ્યા જેથી મરીને તારી કુસુમાવળી રાણીના ગર્ભથી **અભયમતિ** નામની કન્યા અને **અભયરૂચિકુમાર** નામનો પુત્ર ઉત્પન્ન થયાં.

## अमृतादेविनो जीव छठ्ठा नर्कमां.

રાજન્! આ પ્રમાણે તારા પિતા યશોધર અને તારી દાદી ચંદ્રમતિ બન્ને મિથ્યાત્વના યોગથી સંસારભ્રમણ કરી પુન્યના યોગથી તારા પુત્ર પુત્રી થઇ તારા ઘરમાં રહે છે. તારી માતા અમૃતાદેવી નિશાચરી સમાન માંસભક્ષણ કરનારી, મોટા તપસ્વીઓની નિંદા કરવાવાળી; કુગુરૂ, કુદેવ અને કુધર્મને વંદના કરવાવાળીએ જીવતાં માછલાંને પકાવી બ્રાહ્મણોને ખવાડીને પછી પોતે ખાઇ મદીરાપાન કરી, યારો સાથે રમીને પોતાના પતિ અને સાસુને ઝેર દઇને માર્યા, જેથી મહા કષ્ટથી પીડિત થઇને આર્ત-રૌદ્ર ધ્યાનના યોગથી મરીને છઠ્ઠા નર્કમાં મહા દુઃખ સહન કરવાવાળી નારકી થઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે મૂર્ખ પુરૂષ શ્રી રૂષભદેવે કહેલા સત્ય ધર્મને નથી માનતો અને દુષ્કર્મ કરે છે તે નર્કના બિલમાં પડી ઘણું દુઃખ ભોગવે છે.

## प्रकरण १५ मुं.

### राजा यशोमतिने थयेलो पश्चाताप.

**શ્રી** અભયરૂચિકુમાર ક્ષુલ્લક મહારાજ મારિદત્ત રાજાને વળી કહેવા લાગ્યા,—"હે રાજન! સુદત્તાચાર્યને મોઢેથી મારા ભવ સંબંધી ચરિત્રને સાંભળીને યશોમતિ રાજાનું હૃદય કંપાયમાન થયું અને આંખમાંથી આંસુ વહેવા લાગ્યા, તે વખતે યશોમતિ મહારાજે મુનિરાજને પગે પડીને કહ્યું,—સ્વામી! જેણે મારા પિતાનો ઘાત કર્યો છે તે નક્કી નિર્દયી અને પાપી છે. હે કરૂણાસાગર! હું જલદીથી પાપશત્રુનો સંહાર કરી હવે પછી કોઇપણ જીવ સાથે વેર કરીશ નહિ. કેમકે મારા પિતા યશોધર અને દાદી ચંદ્રમતિએ એકજ વખત કૃત્રિમ કુકડાનું કુળદેવીને બળીદાન આપ્યું, જેથી તેઓએ સંસારભ્રમણ કરીને અસંખ્ય દુઃખો ભોગવ્યાં અને મારે હાથે અનેકવાર મરાવામાં આવ્યા.

મુનિરાજ! હું એવો મૂર્ખ થઇ ગયો કે મને એ વાતનું જરાપણ જ્ઞાન રહ્યું નહિ કે પોતાના પૂજ્ય પિતા અને દાદીનો વધ કેવી રીતે કરૂં. ખરેખર સત્યજ છે કે જીભ્યાલંપટી માંસભક્ષી બ્રાહ્મણોના મિથ્યા ઉપદેશથી અસંખ્ય લોકો નરકનિગોદના પાત્ર બની ગયા. જે ધર્મ રહિત પણ અધર્મયુક્ત શ્રાદ્ધલક્ષણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને યજ્ઞધર્મપ્રરૂપક શાસનમાં સર્વજ્ઞ નહિ એવા સંપ્રદાયમાં જીવદયારૂપ વિવેક કેવી રીતે થઈ શકે ? જે જે ધર્મમાં વનચર, નભચર અને જલચર જીવોનો વધ કરે, તેને ધર્મ કહે તેવા સંપ્રદાયમાં દયાનો લેશ પણ નથી, પરંતુ અજ્ઞાનતાથી પોતાના કુટુંબીઓનો પણ વધ કરવામાં આવે છે. મહારાજા મેં પણ વેદાભ્યાસીઓના ઉપદેશથી અનેક જીવોનો વધ કર્યો, પરંતુ પોતાના પિતા અને દાદીના જીવનો અનેકવાર ઘાત કર્યો તે જોવાને કોણ સમર્થ છે ?

## कल्याणमित्रद्वारा दीक्षानी मांगणी.

આ પ્રમાણે યશોમતિ મહારાજે મુનિરાજ આગળ પશ્ચાતાપરૂપ વચન કહીને પછી કલ્યાણમિત્ર શેઠને કહ્યું–" શેઠજી ! તમે મને મોટો ઉપકાર કર્યો. આપની સોબતથી હું મુનિહત્યાથી મુક્ત થઇને સંસારભ્રમણથી પણ રહિત થઇ જઇશ, અને તે માટે સઘળા પરિગ્રહોનો ત્યાગ કરીને પાણીપાત્ર આહાર કરીશ. હું આજથી સઘળા રાજ્યસુખનો ત્યાગ કરૂં છું. શેઠજી ! આપ મારી તરફથી મુનિને વિનંતી કરો કે મારા ઉપર પ્રસન્ન થઇને મને જિનદીક્ષા આપે. પ્રિયમિત્ર ! હું તો જિનદીક્ષા ગ્રહણ કરૂં છું, અને આપ નગરમાં જઇને સઘળા રાજકર્મચારીઓ અને નગરનિવાસીઓને ખબર કરો કે યશોમતિ રાજાએ જિનદીક્ષા ગ્રહણ કરીને **અભયરૂચિકુમારને** રાજ્યપદ આપ્યું છે અને સુકુમાર શરીરવાળી **અભયમતિ કુમારીને** અહિક્ષત નગરના રાજાના પુત્ર અરિદમનની સાથે પાણિગ્રહણ કરાવજો.

યશોમતિ મહારાજે આ પ્રમાણેની વાત કલ્યાણમિત્રને કહી કે તરતજ વીજળીની માફક એ વાત સઘળા નગરમાં પ્રસરી ગઇ એટલે રાજાના અંતઃપુરમાં પણ પહોંચી અને રાણીઓ વચ્ચે નીચે પ્રમાણે વાતો થવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## राणीओमां मांहोमांहे वातचीत.

**એક રાણી.**—" પ્રિય ભગિની ! આપણા ભર્ત્તારે તો આપણા સઘળાની સાથે સ્નેહ છોડી દીધો અને મુનિવ્રત ગ્રહણ કરી લીધું.-"

**બીજી રાણી**—"અરે મુગ્ધ ! આમ વિચિત્ર વાત શું કરે છે ? સ્વામી તો કામચરિત્રથી વિરકત થઇ ગયા."

**ત્રીજી રાણી.**–" પ્રિય સખી ! વસ્ત્રાભરણાદિ મંડન સાથે શું પ્રયોજન રહ્યું ? પ્રાણવલ્લભનું ચિત્ત તો તપસ્યામાંજ રંજિત થયું છે."

**ચોથી રાણી.**–અરે બાવલી ! હવે શું વાત કરે છે ? વિધાતાએ તો ઉલટુંજ કરી દીધું, એટલે પ્રાણનાથને સઘળી સ્ત્રીઓથી વિરકત કરીને મોક્ષરૂપી સ્ત્રીમાં આસકત ચિત્ત કરી દીધા છે. "

**પાંચમી રાણી.**–"અરે ! હવે કેશને શું સમારો છો ? પતિ તો પોતાના કેશને ઉખેડવામાં દત્તચિત્ત થઇને વનવાસી થયા છે. "

## राणीओनो हाहाकार.

આ પ્રમાણે વાતો કરતી રાણીઓ હાહાકાર કરવા લાગી. વળી કોઇ રાણી પોતાના કપાળમાં વિચિત્ર રચના કરતી હતી, તે ભર્તારની વાત સાંભળીને પોતાને માથે હાથ મુકી હાહાકાર કરવા લાગી–હા ! વિધાતા ! તેં આ શું વિપરીત કામ કર્યું ? કોઇ રાણી મણકાઓને સુતરમાં પોરવતી હતી તે પોતાના પ્રાણવલ્લભની વાત સાંભળી પોતાના મનરૂપી મણકાને મુનિના ગુણોમાં લગાડવા લાગી. વળી કોઇ રાણી પોતાના સ્વામીને દીક્ષા સન્મુખ થવાની સૂચના સાંભળીને એકદમ શિથિલ થઇ ગઇ. કોઇ રમણી પોતાના સ્વામીની વાત સાંભળી દુઃખથી વ્યાકુળ થતી આંસુની ધારાથી પોતાનું મુખ ધોતી ઘરમાં ફરીને વિલાપ કરવા લાગી–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પછી સઘળી રાણીઓ વિલાપ કરી મસ્તક અને છાતી કૂટતી નંદનવનમાં કે જ્યાં મુનિરાજની પાસે યશોમતિ મહારાજ જિનદીક્ષા લેવાને ઉદ્યમી હતા, ત્યાં ગઇ.

## यशोमति अने राणीओनो मेलाप.

તે સઘળી સ્ત્રીઓએ મહારાજ યશોમતિને આ પ્રમાણે પ્રાર્થના કરી– " સ્વામિ ! દૈવે લક્ષ્મીસુખનાઘાતક તપશ્ચરણ વડે આપને ઠગી લીધા. પ્રાણવલ્લભ ! આપ સ્વર્ગસુખને માટે તપશ્ચરણ કરો છો તો હમે સઘળી સ્ત્રીઓ અપ્સરા છિએ, સુંદર મનોહર મેહેલ વિમાનતુલ્ય છે અને પ્રિય સંગમ તેજ સુખ છે. એ સ્થળમાં આપને સ્વર્ગસુખથી કઇ વાતની કમી છે કે આપ વર્તમાનસુખનો તીરસ્કાર કરીને આગામી સુખની ઇચ્છા રાખી તપશ્ચરણનું કષ્ટ સહન કરો છો? આ પ્રમાણે ધૂર્ત સ્ત્રીઓએ અનેક પ્રકારની સ્નેહરૂપ યુક્તિથી યશોમતિને રોકવા પ્રયત્ન કર્યો, પરંતુ રાજાના મનમાં એક પણ વાત ઠસી નહિ, અને જિનદીક્ષામાં દત્તચિત્ત થઇને ઉભા રહ્યા.

## अभयरुचि अने अभयमति मुनिनी हजूरमां.

અભયરૂચિકુમાર ક્ષુલ્લક મારિદત્ત રાજાને વળી પણ કહેવા લાગ્યા–" રાજન્ ! મને અને મારી બ્હેન અભયમતિને એ સઘળી વાતની ખબર પડી કે તરતજ હમે બન્ને અનેક વાજીંત્રોના સમૂહથી વ્યાપ્ત મદોન્મત્ત હાથીઓ તથા ઉચ્ચ સ્વર કરતા પવન સમાન વેગવાળા ઘોડાઓ અને નગ્ન ખડ્ગ ધારણ કરેલા યોદ્ધાઓ તથા મનોરથ સમાન રથમાં બેઠેલા સુભટો અને રાજકર્મચારીઓ સહિત ચમર છત્રાદિ રાજ્યવિભૂતિ સાથે સુંદર પાલખીમાં બેસીને નંદનવનમાં મુનિરાજની પાસે પહોંચ્યા. ત્યાં હમે બંન્ને જણે યશોમતિ રાજાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સઘળા રાજ્ય પરિવાર, ધ્વજા અને ચમરથી રહિત તથા ચારિત્રરત્નને માટે હાથ ફેલાવી પૃથ્વીપર ઉભેલા સામાન્ય મનુષ્યના જેવા જોયા.

રાજન્! હમે બન્ને પણ ત્યાં બેસી ગયા અને પછી શ્રી મુનિરાજના મોંઢેથી અમારા **આગલા ભવની કથા** સાંભળી જેવું તેનું સ્મરણ થયું કે તરતજ હમે બન્ને **મૂર્ચ્છા** ખાઇને પૃથ્વી ઉપર પડયા. તે વખતે હમારી માતા કુસુમાવળી હમારા સ્નેહમાં મુગ્ધ થઇને વિલાપ કરવા લાગી. પછી તરતજ દાસીઓએ શીતોપચાર કરીને હમને બન્નેને સચેત કરવાથી હમે મુનિરાજને નમસ્કાર કરીને ઉભા રહ્યા."

## माता कुसुमावळीनुं पुत्र-पुत्रीने संबोधन.

નૃપવર ! તે વખતે મારી માતા કુસુમાવળી મને મુનિની પાસે ઉભેલો જોઇ મારો હાથ પકડી પોતાના ખોળાનાં બેસાડી મુખ ચુમતી કહેવા લાગી-"પ્રિય પુત્ર ! તું ઉદાસચિત્ત કેમ થઇ ગયો ? તું તો હમણા બાળક છે, તું એ વાતમાં શું સમજે ઉઠ; ઘેર ચાલ અને સુખથી રાજ્ય ભોગવ, વગેરે વચન કહેતી પોતાની છાતી કૂટતી વિલાપ કરવા લાગી. પછી વિહ્વલચિત્ત થઇ મૂર્ચ્છા ખાઇને જમીન ઉપર પડી, તે વખતે મેહેલની સઘળી રાણીઓએ અનેક પ્રકારે શીતોપચાર કરીને સમજાવી અને પ્રિય વાકય કહેવા લાગી-"હે ભગિનિ ! ઉઠ, ઉઠ, પ્રિય વચન બોલ, નાથના કહેલાં વચનોને ધારણ કરીને તેં મારા દુર્ભાગ્યનો તીરસ્કાર કરી સૌભાગ્ય આપ્યું, માટે વિલાપ કેમ કરે છે ? "

**બીજી રાણી**૦-"હે સખી ! શું શોચ કરે છે, તેં વસ્ત્રાભૂષણોથી ભૂષિત કરીને ભર્ત્તારની પાસે મોકલી હતી, તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો હવે તપશ્ચરણમાં તત્પર છે અને તું જો એમ કરશે તો મારી ખબર કોણ લેશ ?"

**ત્રીજી રાણી૦**–"ભગિની ! હવે શું શોચ કરે છે? હે કલ્યાણુરૂપી ! કરૂણારૂપી વ્રત ગ્રહણને માટે જતા પોતાના ભર્ત્તારનું અનુકરણ કર.

## वाळको प्रत्ये कुसुमावलीनी वातचीत.

પછી કુસુમાવળી મહારાણી પોતાના હૃદયમાં ચિંતવન કરવા લાગી-આ બન્ને બાળક મુનિનું વચન સાંભળીને મૂર્ચ્છા કેમ ખાઇ ગયા ? વગેરે વિચાર કરીને બોલી–" પ્રિય પુત્ર ! મુનિરાજ તો પોતાના સ્વચ્છ જ્ઞાનવડે જગતના સઘળા ચરાચર પદાર્થોને જાણે છે, પરંતુ તમે શું જાણ્યું અને જોયું કે મૂર્છિત થઇને પૃથ્વીપર શયન કરવા લાગ્યા?"

**અભયરૂચિકુમાર૦**–"માતુશ્રી ! હમે બન્નેએ મુનિને મોઢેથી હમારૂં ભવાંતર સાંભળ્યું, તેનું સ્મરણ કરીને હમે મૂર્છિત થઇ ગયા. કેમકે જ્ઞાની મુનિના વચન કદાપિ ખોટાં પડતાં નથી."

## आगला भवोनी याद.

**કુસુમાવળી૦**–"પ્રિયપુત્ર ! મુનિરાજે તારા ભવોનું વર્ણન કેવી રીતે કર્યું તે સાંભળવાની મને ઘણી ઉત્કંઠા થઇ રહી છે, માટે તે મને સંભળાવ."

**અભયરૂચિકુમાર૦**–"માતા ! હું ટૂંકાણમાં કહું છું તે સાંભળ. આગલા ભવોમાં હમે બન્ને રાજા યશોધર અને રાણી ચંદ્રમતિ હતા. તે ભવમાં હમે બન્નેએ લોટનો મરઘો બનાવીને દેવીને બળીદાન કર્યો હતો જેથી મિથ્યાકર્મના પ્રસાદથી મરણ પામીને હમે બન્ને મોર અને કૂતરો થયા. ત્યાંથી મરી જંગલમાં નોળીઓ અને સર્પ, ત્યાંથી સીપ્રા નદીમાં સૂંસિ, અને મચ્છ, ત્યાંથી બકરો અને ભેંસ, અને પછી ત્યાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મરીને છેલ્લાં કૂકડાની જોડી થયાં અને એ પર્યાયમાંથી મરીને તારા સ્વચ્છ ઉદરથી પુત્ર પુત્રી થયા, તે માટે હે વર્તમાન ભવની માતા! હે પૂર્વભવની પૂત્રવધુ! હવે તું મુનિરાજને પ્રણામ કર."

## કુમાર અભયરુચિને રાજ્યપ્રાપ્તિ.

આ પ્રમાણે કહેવાથી હમારી માતા રાજા યશોમતિ અને કલ્યાણમિત્ર શેઠ સહિત હમને લઇને નગરમાં પાછી આવી. ત્યાર પછી કલ્યાણમિત્ર શેઠે હમને કહ્યું-"અભયરુચિ કુમાર! તમારા પિતા યશોમતિ મહારાજ તો દીક્ષા ગ્રહણ કરવાને તૈયાર થયા છે, માટે હવે તમે સપ્તાંગ રાજ્યનું ન્યાયપૂર્વક પાલન કરો, અને કુટુંબીઓને તથા તમારી માતાને સંતોષિત કરો વગેરે."

શેઠનું આ પ્રમાણે કહેવું સાંભળીને અનેક ભવોનાં દુઃખથી ખેદિત મેં કહ્યું-"શ્રેષ્ઠિવર્ય! એ યશોમતિ પૂર્વ ભવમાં નેત્રાનંદદાયક મારો પુત્ર હતો અને એને મેંજ રાજ્યપદ આપ્યું હતું, અને હવે આ ભવમાં ચંદ્રમાસમાન મુખનો ધારક હું એનો પુત્ર થયો છું. શેઠજી! હવે આપજ કહો કે શું હું મારા હાથે આપેલું રાજ્ય પાછું ગ્રહણ કરૂં? હવે તો મોહપટલરૂપ સઘન વસ્ત્રથી વેષ્ટિત સ્નેહરૂપ પર્વતની ગુફાને ફોડીને તપોલક્ષ્મિનું સુખાવલોકન કરીશ."

કલ્યાણમિત્ર૦-"પ્રિયકુમાર! હમણાં તપશ્ચરણનો વખત નથી. આ સમયે તો આપે સૌથી પહેલાં રાજ્યવિદ્યાનું શિક્ષણ લેવું જરૂરનું છે કેમકે રાજ્યવિદ્યા વિના રાજ્યશાસન કરવું અઘરૂં છે, અને રાજ્ય-શાસન વિના સઘળી પ્રજા અન્યાય માર્ગે ચાલે છે, જેથી શ્રાવક-ધર્મ અને મુનિધર્મ બન્ને નષ્ટ થઇ જાય છે. કુમાર! જ્યારે જિનરાજે કહેલા બન્ને માર્ગ નષ્ટ થઇ જાય, તો રાજ્ય કુટુંબમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમે જન્મ લીધેલોજ વ્યર્થ થઇ ગયો, તે માટે રાજ્ય કરવું ઘણું જરૂરનું છે. રાજ્યકર્મને જાણવું. આન્વીક્ષિણી વિદ્યા, પોતાના દેહનું રક્ષણ અને મનુષ્યોમાં ધર્માધર્મની વિધિ, ત્રયીવિદ્યા, અર્થ અને અનર્થની પ્રવૃત્તિરૂપ જ્ઞાનવાર્તા વિદ્યા, સુનય અને કુનયને માર્ગે ચાલનારને માટે દંડનીતિ એવી ચારે રાજ્યવિદ્યાનું જ્ઞાન થવું પહેલું કર્તવ્યકર્મ છે."

આ સાંભળીને મેં કહ્યું૦–"વણિકશ્રેષ્ઠ! ક્ષમા, ઇંદ્રિયોનું દમન, સમભાવ, સત્ય અને નિર્મળ શૌચવડેજ જીવદયા પ્રતિપાદન કરવામાં આવે છે. વળી પૂર્ણ દયાના પાળક મુનિઓનો ધર્મ ગ્રહસ્થોથીજ ચાલે છે. મેં એ સઘળું નક્કી જાણી લીધું છે. વળી ઇંદ્ર, ધરણેંદ્ર, નરેંદ્ર અને ખગેંદ્રવડે પૂજિત શ્રી **સર્વજ્ઞ ભગવાને કહેલો જે ધર્મ છે તે પણ રાજયશાસન વિના નષ્ટ થઈ જાય છે.**"

**અભયરૂચિ કુમાર** ક્ષુલ્લક મારિદત્ત રાજાને વળી પણ કહેવા લાગ્યા.–"રાજન્! તે વખતે જો કે હું સંસારનાં દુઃખોથી અત્યંત ભયભીત હતો, તોપણ પિતાએ આપેલું પાપરૂપી રાજ્યને ગ્રહણ કરવું પડયું. મારા પિતાએ ઘણીજ શોભા અને ઉત્સવ સહિત મને રાજ્યગાદીએ બેસાડયો અને પછી મને અને મારી માતા વગેરે સઘળા કુંટુંબને દિલાસો આપીને મારા પિતાએ વનમાં જઇને શ્રી મુનિરાજને વિનયપૂર્વક નમસ્કાર કરી ભવભ્રમણનાશિની જિન દીક્ષા ગ્રહણ કરી. રાજન્! જે વખતે મારા પિતા યશોમતિએ તપ ગ્રહણ કર્યું, તે વખતે મેહેલમાંની રાણીઓએ પણ આર્જિકાનું વ્રત ગ્રહણ કર્યું.

## राजा यशोमतीनुं दीक्षाग्रहण.

યશોમતી મહારાજે દીક્ષા ગ્રહણ કરતી વખતે પોતાના હાથવડે કેશલોચ કર્યો અને વસ્ત્ર, આભૂષણ અને શસ્ત્ર વગેરે સઘળા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરિગ્રહનો ત્યાગ કર્યો. નૃપરાજ ! મારા પિતાએ ઋષિઓના ચારિત્રને ગ્રહણ કરી ઘોર વીર તપશ્ચરણનો આરંભ કર્યો. તે તપશ્ચરણ જન્મ મરણાદિ રોગોનું નાશક છે, તેને ધારણ કરી યશોમતિ મુનિરાજ રાગ, દ્વેષ, માન, મત્સર વગેરે ભાવોનો ત્યાગ તથા કર્મરૂપી ફાંસીનો નાશ કરવા માટે નિર્જન વન, સ્મશાનભૂમિ, પર્વત, ગુફા વગેરેમાં નિવાસ કરતા બેલા, તેલા, પક્ષ, માસોપવાસ વગેરે વ્રતો ધારણ કરવા લાગ્યા. વળી ગુણરૂપ મણિયોથી ભૂષિત હમારા પિતાએ ઘરના મોહને છોડી પોતાના મનને રોકી માયા, મિથ્યા અને નિદાન એવા ત્રણ શલ્યોનું ખંડન કરી પાંચે ઇંદ્રિયોને દંડિત કરી નિર્જીત કર્યું."

વળી ક્ષુલ્લક મહારાજ કહેવા લાગ્યા–"રાજન ! હમારા પિતા યશોમતિ તો ઉપર પ્રમાણે તપ કરી પોતાના કર્મોનો નાશ કરવા લાગ્યા અને હું સંસારથી ઉદાસ તો હતો, તોપણ પિતા અને કલ્યાણમિત્ર શેઠના આગ્રહને લીધે મેં રાજ્યકાર્યભાર ગ્રહણ કર્યો હતો, પરંતુ મારા પોતાના મનથી ઉદાસીનતાને કયાં સુધી રોકી શકું ? જેથી મેં પછી ઘણા વિનયથી મારા ભાઇઓને રાજ્યપદ સમર્પણ કર્યું અને ઉપશમભાવ સહિત સઘળા ગૃહ આરંભાદિ કાર્યોનો ત્યાગ કરી મેં અને મારી બ્હેન **અભયમતિ** બન્નેએ સંસારદેહભોગોથી વિરક્ત થઇને નિર્ગ્રંથ સાધુની પાસે જઇને નમસ્કાર કરીને પ્રાર્થના કરી- "સ્વામિ હમને જિનદીક્ષા આપો." આ પ્રમાણે હમારી પ્રાર્થનાને સાંભળી તે વીતરાગ ભાવના ધારક મુનિરાજ કહેવા લાગ્યા,–" હે વત્સ! હમણાં તો તમે ક્ષીણ શરીર કોમળ અંગના બાળક છો અને જિનદીક્ષા તો ઘણી અઘરી છે, એનો નિર્વાહ બાળકોથી થઇ શકતો નથી, તે માટે તમે બન્ને ઉત્તમ શ્રાવકનાં વ્રત ગ્રહણ કરો. હે પુત્ર ! તમે બન્ને ભાઇ બ્હેન હમણાં સંસારદેહભોગોથી વિરક્તચિત્ત છો, તેથી તમારૂં મન જિનદીક્ષા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગ્રહણ કરવામાં તત્પર થઇ રહ્યું છે, પણ તમે હમણાં સુકુમાર અલ્પ વયના બાળક છો, તે માટે મુનિરાજથી ઉતરતું ક્ષુલ્લકનું વ્રત ધારણ કરો. કુમાર ! જો કે તમારૂં મન મુનિવ્રત અંગીકાર કરવાને તત્પર છે, તોપણ પહેલાં આ ક્ષુલ્લક વ્રતનું સાધન કરો. એમાં પૂર્ણ સિદ્ધિ થઇ જાય પછી મુનિવ્રત ગ્રહણ કરજો, કે જેથી તમારી ઇચ્છા પૂર્ણ થઇ જશે."

## अभयरुचि अने अभयमती क्षुल्लकपदमां.

આ પ્રમાણે મુનિરાજનું કહેવું સાંભળી હમે બન્નેએ પૂછ્યું—"સ્વામી ! આપ કહી બતાવો કે એ ક્ષુલ્લક વ્રતમાં હમારે બન્ને જણે શું કાર્ય કરવું જોઇશે ?"

**મુનિરાજે કહ્યું૦**—"એ વ્રતમાં પ્રથમ ગુરૂસેવાપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરો, કે જેનાથી અન્ય મતોની મૂર્ખતાનો બોધ થવાથી સ્વમતમાં આસ્તા થશે અને ત્યારેજ સમ્યગ્દર્શનની દૃઢતા થશે. આ સમ્યક્ત્વની શુદ્ધતાને માટે આઠ મદ, શંકાદિક આઠ દોષ, છ અનાયતન અને ત્રણ મૂઢતા એવા **પચ્ચીસ દોષનું નિરાકરણ** કરો, કે જેથી સમ્યગ્દર્શન શુદ્ધ થઇને સંસારનો નાશ કરી મોક્ષ પ્રાપ્તિમાં યથાર્થ સહાયક થશે.

## क्षुल्लकनुं कर्तव्य.

**રાજન્ !** ઉપર પ્રમાણે મુનિનું કહેવું સાંભળીને મેં પૂછ્યું—"સ્વામી ! આપે જે કંઇ કહ્યું તે સઘળું સત્ય છે, પરંતુ એટલું કહેવાથી તૃપ્તિ ન થઇ, માટે એ કથનને ફરીથી વિસ્તારપૂર્વક સમજાવો."

**મુનિરાજે કહ્યું૦**—"હે વત્સ ! પ્રથમ આઠ મદનું વર્ણન કરૂં છું અર્થાત્ જ્ઞાન, પૂજા, કુલ, જાતિ, બળ, ઋદ્ધિ, તપ અને શરીર એવા **આઠ પ્રકારના મદ** આચાર્યોએ વર્ણવ્યા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર કહેલાં જ્ઞાનાદિકનો અહંકાર કરવો સમ્યગ્દર્શનને દૂષિત કરે છે, માટે જ્ઞાનાદિકનો મદ કરવો જોઇએ નહિ. એજ પ્રમાણે જિનવચનમાં સંદેહ કરવો તે શંકા. આ ભવ તથા પરલોક સંબંધી ભોગોની વાંછા તે કાંક્ષા, દુઃખી દરિદ્રી રોગ પીડિતને જોઇ ગાન કરવું, તે વિચિકિત્સા, દેવ શાસ્ત્ર અને ગુરુની સેવા વગેરેમાં મૂર્ખતા કરવી, તે મૂઢદ્રષ્ટિ, જે કાર્યથી જૈન શાસનની નિંદા થાય તે પ્રગટ કરવું તે અનુગ્રહણ, જે કાર્યથી અન્ય જીવ ધર્મથી ચ્યુત થઇ જાય તે આસ્થિતિકરણ, સ્વધર્મપ્રતિપાલકો સાથે સ્નેહ નહિ કરવો તે અવાત્સલ્ય અને જિનશાસનની પ્રભાવના ન કરવી તેને અપ્રભાવના કહે છે.

એ પ્રમાણે કુગુરૂ, કુદેવ અને કુધર્મ એવા ત્રણ, તથા કુગુરૂનો સેવક, કુદેવનો પૂજક અને કુધર્મનો ધારક એવાં ત્રણ મળી એ છએની પ્રશંસાવાચક શબ્દ કહેવો તેને છ **આનાયતન** કહે છે, તથા ધર્મ સમજી ગંગા વગેરે નદિયો, તળાવો અને સમુદ્રમાં સ્નાન કરવું, રેતી અને પત્થરોનો ઢગ કરવો, પર્વત ઉપરથી પડવું, અગ્નિમાં પ્રવેશ કરવો વગેરે મૂર્ખોની દેખાદેખીથી વિવેક વિના ગાડરીયા પ્રવાહની માફક કામ કરવું, તેને **લોકમૂઢતા** કહે છે તથા લાભની ઇચ્છાથી રાગી દ્વેષી દેવો એટલે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ, શીતલા વગેરે શુદ્ર દેવતા; પીર, પેગંબર વગેરેનું પૂજન કરવું તેને **દેવમૂઢતા** કહે છે. એજ પ્રમાણે પરિગ્રહ, આરંભ અને હિંસા સહિત સંસારચક્રમાં રહેનારા પાખંડી સાધુ તપસ્વીઓનો આદરસત્કાર ભક્તિ પૂજા કરવાં તેને ગુરૂમૂઢતા કહે છે.

એ પ્રમાણે પચ્ચીસ દોષોને ત્યાગવાથી સમ્યગ્દર્શન શુદ્ધ થાય છે અને એજ દેવ–શાસ્ત્ર–ગુરૂના તથા તત્વાર્થના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન નિઃશંકાદિ અંગોથી જ્યારે પૂર્ણ થાય ત્યારે નિર્મળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થાય છે, માટે હવે સમ્યક્ત્વના આઠ અંગોનું વર્ણન નીચે કરીએ છીએ.

## સમ્યક્ત્વના આઠ અંગોનું વર્ણન.

**નિશંકિત અંગ**—સર્વજ્ઞ વીતરાગકથિત તત્ત્વ (વસ્તુ)નું સ્વરૂપ આજ છે, એજ પ્રમાણે છે, બીજી રીતે નથી તથા બીજા પ્રકારે પણ નથી, એ પ્રમાણે જૈન માર્ગમાં પથ્થર સમાન શ્રદ્ધાનને નિઃશંકિત અંગ કહે છે.

**નિઃકાંક્ષિત અંગ**—કર્મોના પરવશરૂપ, નાશવાન્ દુઃખોથી પૂર્ણ પાપના બીજભૂત, અને અનિત્ય એવા સંસારિક સુખની વાંછા ન કરવી, તેને નિઃકાંક્ષિત અંગ કહે છે.

**નિર્વિચિકિત્સિત અંગ**—દુઃખી, દરિદ્રિ અને રોગથી પીડિત જીવોના શરીરને જોઇ ગ્લાનિ ન કરવી, તથા સ્વભાવથીજ અપવિત્ર પણ રત્નત્રયથી પવિત્ર ધર્માત્માઓના શરીરપર ઘૃણા ન કરવી, પણ ગુણોમાં પ્રીતિ ધારણ કરવી તેને નિર્વિચિકિત્સિત અંગ કહે છે.

**અમૂઢદૃષ્ટિ અંગ**—દુઃખોથી પૂર્ણ ખોટા માર્ગ તથા મિથ્યા માર્ગે ચાલનારા મિથ્યા દૃષ્ટિયોપર મનથી સમ્મત ન થવું, કાર્યથી સરાહના ન કરવી અને વચનવડે પ્રશંસા પણ ન કરવી, તેને અમૂઢદૃષ્ટિ અંગ કહે છે.

**ઉપગૂહન અંગ**—જૈન માર્ગ જો કે પવિત્ર છે, તોપણ મૂર્ખ માણસ તેની નિંદા કરે છે, માટે જે જૈન માર્ગની નિંદાને દૂર કરે, તે ઉપગૂહન અંગ છે અર્થાત્ જે જૈની પોતે નિંદિત કાર્ય ન કરે, તથા કેઇ ધર્માત્માથી કોઇ પ્રકારે કર્મોદયથી નિંદ્ય કાર્ય બની ગયું હોય, તેને ગુપ્ત રાખવું, પણ તેને પ્રકટ થવા નહિ દેવું તેજ ઉપગૂહન અંગ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**સ્થિતિકરણ અંગ**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી ચ્યુત થયલા કોઇ પ્રાણીઓને કોઇ ધર્માત્મા પુરૂષ પોતાના તન મન અને ધનથી તથા ઉત્તમ ઉપદેશવડે ધર્મમાં સ્થાપિત કરે, તેને સ્થિતિકરણ અંગ કહે છે..

**વાત્સલ્ય અંગ**—પોતાના સ્વધર્મી ભાઇઓનો સમીચીન ભાવો સહિત પણ છલકપટ રહિત યથાયોગ્ય આદરસત્કાર કરવો, તેને વાત્સલ્ય અંગ કહે છે.

**પ્રભાવના અંગ**—પોતાના જ્ઞાનોપદેશ, પૂજા, પ્રતિષ્ટા, તપશ્ચરણ વગેરે વડે તથા તન મન અને ધનથી અન્ય મતાવલંબીઓમાં જિનમતનો પ્રભાવ પ્રગટ કરવો, તેને પ્રભાવના અંગ કહે છે.

**હે વત્સ!** જે પ્રમાણે અક્ષર રહિત મંત્ર વિષની વેદનાને દૂર કરી શકતું નથી તે પ્રમાણે અંગહીન સમ્યગ્દર્શન પણ સંસારની પરીપાટીને છેદવામાં સમર્થ થતું નથી તે માટે અષ્ટાંગ સમ્યગ્દર્શનજ ધારણ કરવું યોગ્ય છે.

આ પ્રમાણે કથન કરી **મુનિરાજે વળી પણ કહ્યું**—"પરમતનો વિધ્વંસ કરવાવાળા સમ્યગ્દર્શનને પ્રથમ પોતાના હૃદયમાં ધારણ કરવું અને પછી સંસારસંબંધી પાપોને હરણ કરવાવાળું બાહ્યાભ્યંતર તપનું આચરણ કરવું. જે પ્રમાણે નાયક વિનાની સિપાઇઓની સેના શત્રુ સામે યુદ્ધ કરવામાં અસમર્થ થઈ જાય છે, તે પ્રમાણે એક **સમ્યગ્દર્શન વિના અનેક પ્રકારનું કઠીન તપશ્ચરણ પણ નિરર્થક છે.** એજ પ્રમાણે જેમ બી વિના વૃક્ષની ઉત્પત્તિ થતી નથી તેમ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને પૂર્ણ ફળની પ્રાપ્તિ થતી નથી. એ સમ્યક્ત્વ સમાન ત્રણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લોકમાં આ જીવનો કોઈ કલ્યાણકર્તા નથી. એજ પ્રમાણે મિથ્યાત્વ સમાન આ જીવનો કોઇ અકલ્યાણકર્તા નથી, માટે મિથ્યાત્વરૂપ વિષને છોડીને સમ્યક્‌ત્વરૂપ અમૃતનું પાન કરવું યોગ્ય છે. સમ્યગ્‌દર્શનને ધારણ કરવાથી જ્ઞાન પણ સમ્યગ્‌જ્ઞાન થઈ જાય છે તે માટે સમ્યગ્‌જ્ઞાનનું સ્વરૂપ સંક્ષેપમાં તને કહું છું તે સાંભળ-

## सम्यक्ज्ञाननुं स्वरूप.

જે પદાર્થોના સ્વરૂપને ન્યુનતારહિત તથા અધિકતારહિત અને વિપરીતતારહિત એટલે જેવું ને તેવું સંદેહ રહિત જાણે, તેને સમ્યક્-જ્ઞાન કહે છે. એ સમ્યક્‌જ્ઞાન સર્વજ્ઞ વીતરાગે કહેલા સ્યાદ્વાદયુક્ત શાસ્ત્રવડે ઉત્પન્ન થાય છે, અને તે જૈન શાસ્ત્ર પ્રથમાનુયોગ, કરણાનુ-યોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ એવા ચાર અનુયોગોમાં વિભક્ત થયલાં છે, માટે ઉપલા ચાર અનુયોગોનું સંક્ષેપ સ્વરૂપ સંભળાવું છું.

## चार अनुयोगोनुं स्वरूप.

**પ્રથમાનુયોગ**—જે પરમાર્થ વિષયના અથવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કહેવાવાળા હોય, એક પુરૂષના આશ્રય જેમાં કથન હોય તથા જેમાં ત્રેસઠ શલાકા પુરૂષનું ચરિત્ર કહેલું હોય અને જેમાં પુન્ય પાપના ફળનું વર્ણન હોય, જે રત્નત્રયનો ભંડાર હોય તે પ્રથમાનુયોગ છે.

**કરણાનુયોગ**—જેમાં લોક અલોકના સ્વરૂપનું વર્ણન હોય તથા જેમાં અવસર્પિણી ઉત્સર્પિણી કાળના આયુ કાય વગેરેનું વર્ણન હોય, જેમાં ચતુર્ગતિના જીવોના બંધ સત્ત ઉદય અને ઉદીર્ણા તથા સર્વ પ્રકારના જીવોના પરિણામોનું કથન હોય તે કરણાનુયોગ છે.

**ચરણાનુયોગ**—જે ગૃહસ્થ અને મુનિયોના ચારિત્રની ઉત્પત્તિ,-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૃદ્ધિ અને રક્ષાના અંગભૂત હોય, એટલે જેમાં ગૃહસ્થ ધર્મ અને મુનિ ધર્મની વિધિનું પૂર્ણ કથન હોય, તે ચરણાનુયોગ છે.

**દ્રવ્યાનુયોગ**—જે જીવ અજીવરૂપ તત્વોને તથા પુણ્ય, પાપ અને બંધમોક્ષને વિસ્તારપૂર્વક કહેવાવાળું હોય, તે દ્રવ્યાનુયોગ છે.

આ પ્રમાણે ચાર અનુયોગોના રહસ્યનો જ્ઞાતા સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાનને ધારણ કરે છે. હવે એ પછી સમ્યક્ચારિત્રનું સ્વરૂપ સંક્ષેપથી કહું છું તે એક ચિત્તથી સાંભળો.

## સમ્યક્ચારિત્રનું સ્વરૂપ.

જોકે મોહાંધકારના નાશથી સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થઇ જાય છે, તોપણ રાગ દ્વેષની નિવૃત્તિને માટે સમ્યક્જ્ઞાનીએ એકોદેશ તથા સર્વોદેશ પાંચ પાપોના ત્યાગરૂપ **વ્યવહારચારિત્રનું પાલન કરવું જરૂરનું** છે. જે પુરૂષને ધનાદિકની ઇચ્છા હોય તે રાજાની સેવા શા માટે કરશે ? અને જે ધનાદિકના ઇચ્છુક છે, તે રાજાની સેવા અવશ્ય કરશે. એજ પ્રમાણે જે પાંચ પાપોથી મુક્ત થવાના ઇચ્છુક છે, તે રાગદ્વેષની નિવૃત્તિ અવશ્ય કરશે, કેમકે **રાગદ્વેષના ત્યાગ વિના પાંચ પાપોનો ત્યાગ થતો નથી,** અને પાંચ પાપોના ત્યાગ વિના રાગદ્વેષ નિવૃત્તિરૂપ ચારિત્રનું પાલન થતું નથી એ માટે ઉપલા બન્નેના ત્યાગને ચારિત્ર કહે છે અને એનુંજ પાલન કરવું ઉચિત છે. એ પાંચ પાપના ત્યાગરૂપ ચારિત્રના **સકલ** અને **વિકલ** એવા બે ભેદ છે. પાંચ પાપોનો સર્વથા ત્યાગ, જેને મુનિધર્મ પણ કહે છે, તે **સકલ ચારિત્ર** છે, અને જેમાં એકોદેશ પાંચ પાપોનો ત્યાગ હોય, તેને ગ્રહસ્થ પ્રતિપાલન કરે છે **તે વિકલ ચારિત્ર** છે. એ વિકલ ચારિત્ર, **એટલે** જેમાં હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહની તૃષ્ણા એવા પાંચ પાપોના એકોદેશરૂપ ચારિત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રાવકધર્મ છે, તે અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત એવા ત્રણ ભેદ તથા એનાજ ઉત્તર ભેદ **પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત** એવા બાર ભેદરૂપ છે, તેમાં પહેલાં પાંચ અણુવ્રતોના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ.

જે હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, અને પરિગ્રહ એવા પાંચ પાપોથી વિરક્ત થવું તેને અણુવ્રત કહે છે, તેમાં પ્રથમ હિંસાના ત્યાગરૂપ પહેલા અહિંસા અણુવ્રતનું વર્ણન કરીએ છીએ.

## અહિંસા અણુવ્રત અને તેના અતીચાર.

જે મન વચન અને કાયના સંકલ્પથી તથા કૃત કારિત અને અનુમોદનાથી ત્રસ અર્થાત્ બેઇંદ્રિય, ત્રિઇંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય જીવોનો ઘાત કરતા નથી તે ક્રિયાને અહિંસા અણુવ્રત કહે છે. એને મલિન કરવાવાળા નીચે મુજબ **પાંચ અતિચાર** છે—છેદવું, બાંધવું, પીડા કરવી, મર્યાદાથી વધારે ભાર લાદવો, અને આહાર પાણીમાં ન્યૂનતા કરવી, એવા સ્થૂલ હિંસાના ત્યાગરૂપ અહિંસા અણુવ્રતના પાંચ અતીચાર છે.

## સત્ય અણુવ્રત અને તેના અતીચાર.

જે સ્થૂલ જુઠું પોતે પણ ન બોલે અને બીજા પાસે પણ ન બોલાવે તથા જે વચનથી કોઇને દુઃખ ઉપજે એવું યથાર્થ વચન પોતે પણ ન કહે અને બીજા પાસે પણ ન કહેવડાવે, તેને સત્પુરૂષ સ્થૂલ જૂઠ ત્યાગરૂપ **સત્ય અણુવ્રત** કહે છે. એના પણ પાંચ અતીચાર છે—મિથ્યા ઉપદેશ આપવો, કોઇની ગુપ્ત વાત પ્રગટ કરવી, ચુગલી અથવા નિંદા કરવી, જૂઠી વાતો લખવી, અને કોઇના ઘરેણાં રૂપીઆ વગેરે અનામત રાખ્યાં હોય અને તે લેતી વખતે ગણ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વામાં ભૂલથી ઓછાં વધારે માંગે, તો પોતાને યાદ છતાં પણ કહે કે આટલાંજ હતાં! લઈ જાઓ વગેરે કહેવું એવા પાંચ સત્ય અણુવ્રતના અતિચાર છે.

## अचौर्य अणुव्रत अने तेना अतीचार.

જે રાખેલું, પડી ગયેલું અને ભુલેલા પરદ્રવ્યને પોતે લેતો નથી તેમજ બીજાને પણ આપતો નથી, તે સ્થૂલ ચોરીથી વિરકત થવા રૂપ, અચૌર્ય અણુવ્રત છે.

ચોરીનો ઉપાય બનાવવો, ચોરીનું દ્રવ્ય લેવું, રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું (એટલે દાણચોરી કરવી), મોંઘી વસ્તુમાં હલકી વસ્તુ મેળવવી,, અને આપવા તોળવાના ગજ કાંટા વગેરે ઓછાં વધારે રાખવાં, એ અચૌર્ય અણુવ્રતના પાંચ અતીચાર છે.

## शीळव्रत अने तेना अतीचार.

જે પાપના ભયથી પરસ્ત્રી તરફ પોતે ગમન ન કરે અને બીજાને પણ ગમન ન કરાવે, તે પરસ્ત્રીત્યાગ અર્થાત્ સ્વદારસંતોષ નામે વ્રત છે.

બીજાનો વિવાહ કરાવવો, કામસેવનનાં અંગોથી જુદા અંગો વડે કામસેવન કરવું, ભુંડાં વચન બોલવાં, સ્વસ્ત્રીના સેવનમાં પણ અત્યંત તલ્લીન રહેવું અને વ્યભિચારીણી સ્ત્રીને ઘેર જવું તથા તેની સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ રાખવો, એવા પરસ્ત્રીત્યાગવ્રતના પાંચ અતીચાર છે.

## परिग्रहपरिमाणव्रत अने तेना अतीचार.

જે વર્તમાન ધન ધાન્યાદિ દશ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરીને તેનાથી વધારેની ઈચ્છા ન કરે, અને તેટલામાંજ સંતોષ માને, તે પરિગ્રહપરિમાણ અણુવ્રત છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખપ કરતાં વધારે ગાડી ઘોડા રાખવા, જરૂરી વસ્તુઓનો અતીશય સંગ્રહ કરવો. પારકાનો વૈભવ જોઇ આશ્ચર્ય થવું, બહુ લોભ રાખવો, અને પરિમાણથી વધારે બોજ લાદવો એવા પરિગ્રહ-પરિમાણ વ્રતના પાંચ અતીચાર છે.

**શ્રી મુનિરાજ** કહેવા લાગ્યા " હે રાજકુમાર! અતીચાર રહિત પાંચ અણુવ્રતોને ધારણ કરવાથી સ્વર્ગલોકની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ઉપલા પાંચ અણુવ્રતોને ધારણ કરનાર શ્રાવક **આઠ મૂળ-ગુણોને** ધારણ કરે છે. પંચ અણુવ્રતો સહિત મધ, માંસ અને મદિરાના ત્યાગને આઠ મૂળગુણ કહે છે.

કોઇ કોઇ આચાર્ય ઉમર, કઠુંમર, પીપર, વડ, અને પાકર ફળ એવા **પાંચ ઉદંબર** તથા મધ, માંસ અને મદિરા ત્રણ મકાર એવી આઠ વસ્તુઓના ત્યાગને આઠ મૂળગુણ કહે છે.

આ પ્રમાણે પાંચ અણુવ્રત અને આઠ મૂળગુણોનું વર્ણન કરી હવે ત્રણે ગુણવ્રતોનું સ્વરૂપ કહું છું. તેમાં પ્રથમ ગુણવ્રતનું સ્વરૂપ તને સંભળાવું છું.

## ગુણવ્રતનું સ્વરૂપ અને નામ.

ગુણોની વૃદ્ધિને માટે દિશાઓની તથા ભોગોપભોગની મર્યાદા અને અનર્થદંડના ત્યાગને ગુણવ્રત કહે છે. એ ગુણવ્રતના દિગવ્રત, ભોગોપભોગ પરિમાણ અને અનર્થદંડ ત્યાગ એવા ત્રણ પ્રકાર છે.

**દિગવ્રતનું સ્વરૂપ અને તેને ધારણ કરવાની મર્યાદા**—મરણ પર્યંત પાપની નિવૃત્તિને માટે દિશાઓનું પરિમાણ કરીને તેથી બહાર કદી જઇશ નહીં તેમજ કોઇ પ્રકારનો વ્યવહાર પણ કરીશ નહી, એવા સંકલ્પને **દિગ્વ્રત** કહે છે, તેમાં દશે દિશાઓના ત્યાગમાં મુખ્ય મુખ્ય સમુદ્ર, નદી, વન, પર્વત, દેશ, અને યોજન વગેરેની હદને મર્યાદા કહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## दिग्व्रतनुं फळ अने अतीचार.

દિગ્વ્રતને ધારણ કરવાવાળાને મર્યાદાથી બહાર સૂક્ષ્મ પાપની નિવૃત્તિ હોવાથી જે અણુવ્રત છે તેજ પાંચ મહાવ્રતની સમાન થઈ જાય છે.

અજ્ઞાન અથવા પ્રમાદથી ઉપરની તથા નીચેની તથા દિશા અને વિદિશાઓની મર્યાદાનું ઉલ્લંઘન કરવું, ક્ષેત્રની મર્યાદા વધારી લેવી અને કરેલી મર્યાદાને ભૂલી જવી, એ પ્રમાણે દિગ્વ્રતના પાંચ અતીચાર છે.

## अनर्थदंडनुं स्वरूप अने भेद.

પુર્વે કરેલી દિશાઓની મર્યાદાની અંદર કોઈ પ્રકારના પ્રયોજન વિના પાપરૂપ આચરણ કરવું તેને અનર્થદંડ કહે છે. એના પાપોપદેશ, હિંસાદાન, અપધ્યાન, દુઃશ્રુત અને પ્રમાદચર્યા એવા પાંચ પ્રકાર છે. હવે એના ભેદોનું વર્ણન કરીએ છીએ.

**પાપોપદેશ અનર્થદંડ**—જે વચનથી તિર્યંચોને દુઃખ થાય તથા જેથી વાણિજ્યહિંસા અને ઠગવિદ્યા વગેરેનો પ્રસંગ આવે, તે પાપોપદેશ અનર્થદંડ છે.

**હિંસાદાન અનર્થદંડ**—જે ફરસી, તલવાર, અગ્નિ, આયુધ, સાંકળ, દોરડું વગેરે હિંસાની ચીજો પોતાને ત્યાં રાખી બીજાઓના માંગવાથી આપવી તથા તેનો વ્યાપાર કરવો તેને હિંસાદાન અનર્થદંડ કહે છે.

**અપધ્યાન અનર્થદંડ**—ક્રોધ, માન, માયા અને લોભ તથા હાસ્યાદિવડે બીજા સ્ત્રીપુરૂષોનો નાશ વગેરેનું ચિંતવન અથવા આલોક પરલોક સંબંધી વિષયોની ઇચ્છા ની અભિલાષા વગેરે રૈ તથા આર્તધ્યાનરૂપ પરીણામોને અપધ્યાન નામે અનર્થદંડ કહે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**દુઃશ્રુતિ અનર્થદંડ**—આરંભ, પરિગ્રહ, સાહસ, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, મદ અને મદન વગેરેથી ચિત્તને કલેશિત કરવાવાળાં શાસ્ત્રોને સાંભળવા, તેને દુઃશ્રુતિ નામે અનર્થદંડ કહે છે.

**પ્રમાદચર્યા અનર્થદંડ**—પ્રયોજન વગર પૃથ્વી, જળ, અગ્નિ અને પવનનો આરંભ કરવો, વનસ્પતિ છેદવી, મુસાફરી કરવી અને બીજાને કરાવવી તેને પ્રમાદચર્યા અનર્થદંડ કહે છે.

ઉપલા પાંચ અનર્થદંડના ત્યાગને અનર્થદંડત્યાગ નામનું વ્રત જાણવું. હવે એ વ્રતનો ભંગ કરવાવાળા પાંચ અતીચારોને કહું છું.

## अनर्थदंडना पांच अतीचार.

રાગપૂર્વક હાસ્યમિશ્રિત નઠારાં વચન બોલવાં, કાર્યની કુચેષ્ટા કરવી, નકામો બકવાદ કરવો, ફોકટ ભોગોપભોગની સામગ્રી વધારવી, અને પ્રયોજનની તપાસ કર્યા વિનાજ અથવા પ્રયોજન રહિત અધિકતા સાથે મન, વચન અને કાયની પ્રવૃત્તિને વધારવી, એવા અનર્થદંડ વ્રતના પાંચ અતીચાર છે.

## भोगोपभोगपरिमाण व्रतनुं स्वरूप.

રાગાદિ ભાવોને ઘટાડવાને માટે પરિગ્રહ પરિમાણ વ્રતની મર્યાદામાં પણ પ્રયોજનભૂત ઇંદ્રિયોના વિષયોનું દરરોજ પ્રમાણ કરવું, તેને ભોગોપભોગપરિમાણવ્રત કહે છે.

ભોજન, વસ્ત્ર વગેરે પંચેંદ્રિય સંબંધી વિષયભોગ કરીને ફરી ત્યાગવા યોગ્ય હોય એટલે એકવાર ભોગવીને પછી ભોગવવામાં નહીં આવે તે ભોગ છે. અને જે એકવાર ભોગવીને ફરીથી પણ ભોગવવામાં આવે તે ઉપભોગ છે. જેમ જે ભોજન એકવાર ખાઈ લીધું તે ખાધેલું ફરી ભોગવવામાં નહિ આવે તે ભોગ છે, અને જે સ્ત્રી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસ્ત્ર, આભૂષણ વગેરેને એકવાર ભોગવી ફરીથી પણ ભોગવી શકે છે, જેથી તે ઉપભોગ છે.

શ્રી જિનેંદ્ર ભગવાનના ચરણોની શરણમાં આવવાવાળા મહાનુભાવોવડે ત્રસ જીવોની હિંસાના નિવારણ માટે મદ્ય માંસનો ત્યાગ કરવો, તથા પ્રમાદ દૂર કરવાને માટે મદિરાનો પણ ત્યાગ કરવો ઉચિત છે. જેમાં ફળ તો થોડું હોય અને ત્રસ જીવોની હિંસા વધારે હોય એવા કંદમૂળ, પુષ્પ તથા માખણ વગેરે સઘળી વસ્તુઓનો ત્યાગ કરવો યોગ્ય છે.

## વ્રતનું લક્ષણ.

જે અનિષ્ટ હોય તેને છોડે અને જે ઉત્તમ કુળને સેવન કરવાયોગ્ય હોય તેને પણ છોડે કેમકે યોગ્ય વિષયથી અભિપ્રાયપૂર્વક કરેલી વિરક્તતા તેજ વ્રતસંજ્ઞા છે. અર્થાત્ જે શરીરને નુકશાનકારક અથવા પોતાને અપ્રિય હોય, તેને તો આપણે પોતેજ સેવન કરતા નથી, તે માટે એના ત્યાગને વ્રત કહેવાય નહિ, તથા જે ગોમૂત્ર, મદ્ય, માંસ, મદિરા, કંદમૂળ, અનગળ પાણી, રાત્રિભોજન વગેરે અભક્ષ્ય વસ્તુ ઉત્તમ કુળવાળાને ગ્રહણ કરવા યોગ્યજ નથી તેથી એના ત્યાગને પણ વ્રત કહેતા નથી, પરંતુ જે ઉત્તમ સજ્જન પુરૂષોને સેવન કરવા યોગ્ય પંચેંદ્રિયના વિષયો છે કે જેને સેવન કરવામાં રાજ્ય અથવા પંચનો દંડ નથી, પોતાના પદસ્થની વિરૂદ્ધ નથી અને તે આપણને પ્રિય પણ છે, એવા યોગ્ય વિષયોના ત્યાગનેજ ખરી રીતે વ્રતસંજ્ઞા છે. એ સિવાયના બીજા પ્રકારના ત્યાગને વ્રત કહેતા નથી.

## યમ અને નિયમરૂપ વ્રતનું સ્વરૂપ.

ભોગ અને ઉપભોગના ત્યાગમાં નિયમ અને યમ એવા બે પ્રકારે ત્યાગનું વર્ણન કરવામાં આવેલું છે, તેમાં જે કાળની મર્યાદારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાગ છે, તે તો **નિયમ** છે અને જે હમેશને માટે ત્યાગ કરવામાં આવે છે તે **યમ** છે,

## नियम करवानी विधि.

ભોજન, સ્વારી, શયન, સ્થાન, પવિત્ર અંગમાં સુગંધ પુષ્પાદિ ધારણ કરવા, તાંબુલ, વસ્ત્ર, ભૂષણ, કામભોગ નૃત્યાદિ સહિત સંગીત અને સામાન્ય ગીત વગેરે વિષયોમાં એક ઘડી, પહોર, દિવસ, રાત્રિ, અઠવાડીયું, પખવાડીયું, મહીનો, બે મહીના છ મહીના અને વર્ષ એ પ્રમાણે કાળના વિભાગથી **મર્યાદારૂપ ત્યાગ કરવો** તેને **નિયમ** કહે છે.

## भोगापभोगव्रतना अतीचार.

વિષયરૂપી વિષયમાં આદર કરવો, આગળ ભોગવેલા વિષયોને યાદ રાખવા, હાલના વિષયોને ભોગવવામાં અત્યંત લાલસા રાખવી, ભવિષ્યમાં વિષયોની પ્રાપ્તિ માટે અતીશય તૃષ્ણા રાખવી અને વિષય નહિ ભોગવતા છતાં પણ વિષય ભોગવું છું એવો અનુભવ કરવો, એ પાંચ ભોગોપભોગપરિમાણ ગુણવ્રતના અતીચાર છે.

## चार शिक्षाव्रतनां नाम.

દેશાવકાશિક, સામાયિક, પ્રોષધોપવાસ અને વૈયાવૃત્ય એવા ચાર શિક્ષાવ્રત છે. હવે એનું જુદું જુદું સ્વરૂપ કહીએ છીએ.

## देशावकाशिक शिक्षाव्रत.

દિગ્વ્રતમાં પરિમાણ કરેલા વિશાળ દેશનો કાળના વિભાગથી દરરોજ ત્યાગ કરવો તે દેશાવકાશિક શિક્ષાવ્રત છે. જેમ પ્રથમ દિગવ્રતમાં દક્ષિણ દિશાનું પરિમાણ કર્યું હતું તેમાંથી કર્ણાટક દેશ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહારાષ્ટ્ર દેશ તથા એનાથી પણ ન્યૂન નગરાદિકનું દરરોજ પ્રમાણ કરવું તેને દેશાવકાશિક શિક્ષાવ્રત કહે છે.

## देशावकाशिक व्रतना काळनी मर्यादा तथा अतीचार.

ગણધરાદિક જ્ઞાની પુરૂષોએ દેશાવકાશિક વ્રતની એક વર્ષ, છ મહીના, બે મહીના, એક મહીનો, પખવાડીઉં અને નક્ષત્ર પર્યંત કાળની મર્યાદા વર્ણવી છે. આ દેશાવકાશિક વ્રતમાં પણ સીમાઓથી બહાર સ્થૂળસુક્ષ્મરૂપ પાંચે પાપોનો સારીરીતે ત્યાગ થવાથી આ વ્રતના વ્રતીદ્વારા પણ મહાવ્રત સધાયછે.

મર્યાદાની બહાર કોઇને મોકલવો, કોઇ પ્રકારનો અવાજ કરવો, મર્યાદાની બહારથી વસ્તુ મંગાવવી, પોતાનું રૂપ દેખાડીને ઇસારો કરવો અને કાંકરો પત્થર વગેરે ફેંકવું એવા દેશાવકાશિક વ્રતના પાંચ અતીચાર છે.

## सामायिक शिक्षाव्रत.

મન વચન અને કાય, તથા કૃત, કારિત અને અનુમોદનાથી મર્યાદા અને મર્યાદાની બહાર પણ કોઇ નીમેલા વખત સુધી પાંચે પાપોનો ત્યાગ કરવો, તેને સામાયિક શિક્ષાવ્રત કહે છે.

## सामायिकनी विधि.

સામાયિક કરતી વખતે ચોટલીને બાંધવી, મુઠી અથવા વસ્ત્ર બાંધવું, પલ્યંકાસન તથા કાયોત્સર્ગ ધારણ કરવું, તથા અંતરંગથી રાગ દ્વેષાદિકનો ત્યાગ કરવો જોઇએ.

## सामायिकना योग्य स्थान.

સર્વે પ્રકારના ઉપદ્રવોથી રહિત એટલે થંડી, ગરમી, ડાંસ, મચ્છર વગેરેની પીડાથી રહિત એકાંત જગ્યા કે જ્યાં સ્ત્રી, પુરૂષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નપુંસક, બાળક, વૃદ્ધ, જુવાન અને પશુ વગેરેનું આવાગમન ન હોય; નિર્જન વન, પર્વતનું શિખર, ગુફા, પોતાનું ઘર, ધર્મશાળા, સ્મશાન-ભૂમિ અને જિનચૈત્યાલય વગેરે નિર્જીવ ભૂમિમાં પ્રસન્ન ચિત્તથી સામાયિક કરવું. એ સિવાય કાયાદિ ચેષ્ટા અને મનોવ્યગ્રતાથી નિવૃત્તિ થયાથી મનના વિકલ્પોની વિશેષ નિવૃત્તિ કરીને દરરોજ અથવા ઉપવાસ અને એકાસણાને દિવસે ઉપલી વિધિથી સામાયિક કરવું. એ વિધિ પ્રમાણે કરેલું સામાયિક પાંચ મહાવ્રત પરિપૂર્ણ કરવાનું કારણ છે, માટે દરરોજ આળસ છોડીને એકાગ્ર ચિત્તથી નિયમ પ્રમાણે સામાયિક કરવું જોઇએ. એ સામાયિકમાં આરંભ સહિત સર્વે પ્રકારના પરિગ્રહો ન હોવાથી તે વખતે ગૃહસ્થને ઉપસર્ગપૂર્વક વસ્ત્રા-દિક સહિત પણ મુનીપણું થઇ જાય છે. સામાયિક કરતી વખતે મૌન ધારી અચલ યોગથી ઉભેલા શ્રાવકે શીત, ઉષ્ણ ડાંસ, મચ્છર, દુષ્ટનાં કુવચન વગેરે ઉપસર્ગોને પણ સહન કરવા જોઇએ.

## सामायिक करती वखते शुं विचार करवो जोईए ?

હું જો કે અકારણ, અનિત્ય અને દુઃખમયી સંસારમાં નિવાસ કરૂં છું, પરંતુ એ મારા આત્માથી જુદા છે, પણ એનાથી સુખમય જે મોક્ષ છે તે મારૂં નિજસ્વરૂપ છે, તેમાંજ સંલગ્ન થવું એ મારૂ પરમ કર્તવ્ય કર્મ છે, આ પ્રમાણેનો વિચાર સામાયિક કરતી વખતે મનમાં કરવો જોઇએ.

## सामायिकना अतीचार.

મન વચન અને કાયની વૃત્તિને ચલાયમાન કરવી, સામાયિકમાં અનાદર કરવો, અને સામાયિકનો સમય અને પાઠ ભૂલી જવો, એ સામાયિક વ્રતના પાંચ અતીચાર છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પ્રોષધોપવાસ શિક્ષાવ્રત.

આઠેમ અને ચૌદસને દિવસે વ્રતના વિધાનની વાંછાએથી ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તથા ધર્મધ્યાનપૂર્વક રહેવું, તેને પ્રોષધોપવાસ શિક્ષાવ્રત કહે છે.

## પ્રોષધોપવાસને દિવસે શું શું ત્યાગ કરવું જોઈએ ?

ઉપવાસને દિવસે હિંસાદિ પાંચ પાપોનો અને શૃંગાર, આરંભ, ગંધ, પુષ્પ તથા રાગાદિકની વૃદ્ધિના કારણથી ગીત નૃત્યાદિ, સ્નાન, અંજન, તેમજ સુંઘવાની વસ્તુનો પણ ત્યાગ કરવો જોઇએ.

## ઉપવાસના દિવસનું કર્તવ્ય.

ઉપવાસને દિવસે ઉપવાસનો ધારક પુરૂષ આળસ છોડીને અતિશય ઉત્કંઠિત થઇને ધર્મરૂપી અમૃતનું પાન કરે તથા બીજાને કરાવે તથા ધ્યાનાધ્યયનમાં તત્પર રહે.

## પ્રોષધ અને ઉપવાસનું સ્વરૂપ.

દાળ, ભાત વગેરે ભોજન, ઘી દૂધ વગેરે પીવા યોગ્ય પાન, લાડુ વગેરે ખાદ્ય અને રાબડી વગેરે લેહ્ય એવા ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તે ઉપવાસ છે. તથા જે એકવાર ભોજન કરી શકે છે તે **એક ભુક્તિ** એટલે પ્રોષધ, અને જે વ્રત ધારવાને દિવસે એકવાર ભોજનપૂર્વક ઉપવાસ કરીને પારણાને દિવસે એકાસણું કરે છે તે પ્રોષધોપવાસ કહેવાય છે.

## પ્રોષધોપવાસના અતીચાર.

જોયા શોધ્યા વગર પૂજાના ઉપકરણ ગ્રહણ કરવા, મળ મૂત્રાદિ નાંખવા, સંથારો નાંખવો, ઉપવાસમાં અનાદર કરવો અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોગ્ય ક્રિયાઓને ભૂલી જવી, એ પાંચ પ્રોષધોપવાસ વ્રતના અતીચાર છે.

## વૈયાવ્રત નામનું શિક્ષાવ્રત.

જેઓ સમ્યકત્વાદિ ગુણોના ભંડાર અને ઘર રહિત એવા તપસ્વીઓને વિધિ દ્રવ્યાદિ સંપદાથી ધર્મને માટે સામા ઉપકારની ઇચ્છારહિત દાન કરે છે તે વૈયાવ્રત નામનું શિક્ષાવ્રત છે. એ સિવાય ગુણોમાં અનુરાગ ધારણ કરી અધિક ગુણવાળા તથા સંયમી મુનિઓનું દુઃખ દૂર કરવાને માટે તેની સેવા ચાકરી વગેરે કરવાં તે પણ વૈયાવ્રત છે.

તથા શ્રદ્ધા, તુષ્ટિ, ભક્તિ, વિજ્ઞાન, અલુબ્ધતા, ક્ષમા અને સત્ત્વ એવા સાત ગુણ સહિત શુદ્ધ શ્રાવકે ખાંડવું, દળવું, ચુલો સળગાવવો, પાણી ભરવું અને કચરો કાઢવાના આરંભ રહિત મુનિ વગેરે શ્રેષ્ઠ પુરૂષોનું પડગાહન, ઉચ્ચ સ્થાન, પાદોદક, અર્ચન, પ્રણામ, મનશુદ્ધિ એમ નવધા ભક્તિપૂર્વક આદરસત્કાર કરવો, તેને દાન કહે છે.

## દાનનું ફળ અને દાનના ભેદ.

જે પ્રમાણે સ્વચ્છ પાણી લોહી વગેરેને ધોઈ શુદ્ધ કરી આપે છે; તે પ્રમાણે મુનિઓને શુદ્ધ અંતઃકરણથી આપેલું દાન પણ પાપોનો નાશ કરી આપે છે. એ સિવાય તપસ્વી મુનિઓને નમસ્કાર કરવાથી ઉચ્ચ ગોત્ર, દાન આપવાથી ઉત્તમ પ્રકારના ભોગ, ઉપાસના કરવાથી પ્રતિષ્ઠા, અને ભક્તિ કરવાથી સુંદર કીર્તિ પ્રાપ્ત થાય છે. સુપાત્રને આપેલું અલ્પ દાન પણ સમયાંતરમાં સ્વર્ગાદિ લક્ષ્મીને પ્રાપ્ત થાય છે. જેમકે વડનું નાનું સરખું બી ઉત્તમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભૂમિમાં પડવાથી કેવા મોટા વડની છાયા અને અસંખ્ય ફળ આપે છે તે પ્રમાણે સુપાત્ર અર્થે આપેલું અલ્પ દાન પણ મોટું ફળ આપે છે.

ચાર જ્ઞાનના ધારક શ્રી ગણધરાદિ આચાર્યોએ આહારદાન, ઔષધધાન, જ્ઞાનનું સાધન શાસ્ત્રદાન અને અભયદાન એવા ચાર પ્રકારનું દાન વર્ણવેલું છે.

## वैयाव्रतना भेदमां भगवाननी पूजा पण छे.

ઇચ્છિત ફળને આપવાવાળા અને કામદેવના બાણોને ભસ્મ કરવવાળા દેવોના દેવ શ્રી અહંત ભગવાનના ચરણોની પૂજા કરવાથી સઘળા દુઃખનો નાશ થઇને મનોવાંછિત કાર્યની સિદ્ધિ થાય છે, માટે દરરોજ શ્રી અહંત ભગવાનનું આદરપૂર્વક પૂજન કરવું યોગ્ય છે.

## वैयाव्रतना अतीचार.

દાન આપવાની વસ્તુને લીલાં પાંદડાથી ઢાંકવી, લીલા પાંદડામાં રાખવી; અનાદરથી દાન આપવું, દાનની વિધિને ભૂલી જવી અને ઇર્ષા બુદ્ધિથી દાન આપવું એ પાંચ વૈયાવ્રત શિક્ષાવ્રતના અતીચાર છે.

## श्रावकनी अगीयार प्रतिमा.

શ્રી મુનિરાજે કહ્યું૦–હે વત્સ! તને શ્રાવકના બાર વ્રતોનું સ્વરૂપ સંભળાવ્યું. હવે **અગીઆર પ્રતિમાનું સ્વરૂપ** પ્રતિપાદન કરૂં છું તેને એક ચિત્તથી સાંભળ, એમ કરવાથી તારૂં અપૂર્વ કલ્યાણ થશે. હે રાજકુમાર! શ્રી સર્વજ્ઞદેવે શ્રાવકોની અગીઆર પ્રતિમા વર્ણવેલી છે, જે પ્રતિમાઓને ધારણ કરવાથી પૂર્વે ધારણ કરેલા ગુણોની સાથે સાથે પોતાના ગુણોની વૃદ્ધિ થતી રહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## (१) दर्शन प्रतिमा.

જે સંસાર, દેહ અને ભોગોથી વિરક્ત થઇ પચ્ચીસ મલ દોષોથી રહિત અતિચાર વગર જેને સમ્યગદર્શન હોય, તથા સાચો માર્ગ ગ્રહણ કરવામાં તૈયાર હોય અને આઠ મૂળગુણોનો ધારક હોય તે દાર્શનિક એટલે દર્શન પ્રતિમાનો ધારી શ્રાવક થાય છે.

## (२) व्रत प्रतिमा.

જે નિઃશલ્ય થઇ અતીચાર રહિત પાંચ અણુવ્રત તથા ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતોને ધારણ કરે છે, તે વ્રત પ્રતિમાનો શ્રાવક માનવામાં આવે છે.

## (३) सामायिक प्रतिमा.

જે ચાર આવર્તોના ત્રિતય એટલે એક એક દિશામાં ત્રણ ત્રણ આર્વત એ પ્રમાણે ચારે દિશાઓ તરફ બાર આર્વત તથા ચાર પ્રમાણપૂર્વક કાયોત્સર્ગ સહિત, બાહ્યાભ્યંતર પરિગ્રહની ચિંતાથી રહિત, ખડ્ગાસન તથા પદ્માસનમાંથી ગમે તે આસન સહિત મન વચન કાયની શુદ્ધતાપૂર્વક પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સાયંકાળ એવા ત્રણ કાળમાં સામાયિક કરે છે, તે સામાયિક પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

## (४) प्रोषध प्रतिमा.

જે એક મહિનામાં ચાર પર્વો એટલે બે આઠમ અને બે ચૌદસના દિવસોએ પોતાની શક્તિને ન છુપાવીને શુભ ધ્યાનમાં તત્પર થઇ આદી અને અંતમાં પ્રોષધપૂર્વક સોળ પહોરનો ઉપવાસ ધારણ કરે છે તે પ્રોષધ પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## (૫) सचित्तत्याग प्रतिमा.

જે અગ્નિપર પાકયા વગરનું તથા ઝાડ ઉપર પાકયા વગરનું મૂળ, ફળ, શાક, શાખા, ગાંઠ, કંદ, પુષ્પ અને બીજનું ભક્ષણ નહી કરે તે દયામૂર્તિ સચિત્તત્યાગ પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

## (૬) रात्रिभुक्तित्याग प्रतिमा.

જે જીવોની દયામાં તત્પર થઇ રાત્રિની વખતે ચોખા, દાળ વગેરે અન્ન, અને દુધ પાણી વગેરે પાન, લાડુ વગેરે ખાદ્ય અને ચાટવા યોગ્ય રાબડી વગેરે લેહ્ય, એવા ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે છે તે રાત્રિભુક્તિત્યાગ નામની પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

## (૭) ब्रह्मचर्य प्रतिमा.

જે મળના બીજભૂત, મળને ઉત્પન્ન કરવાવાળા, મળપ્રવાહી, દુર્ગંધિયુક્ત અને લજ્જાજનક અંગને જોઇને કામસેવનથી હમેશને માટે વિરક્ત થઇ જાય છે, અર્થાત્ હમેશાં સ્ત્રી માત્રનો ત્યાગ કરે છે તે બ્રહ્મચર્ય પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

## (૮) आरंभत्याग प्रतिमा.

જે જીવદયાનો પાળક જીવ હિંસાને લીધે નોકરી, ખેતી અને વાણિજ્ય વગેરે વ્યાપારના આરંભથી વિરક્ત થાય છે, તે આરંભત્યાગ પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

## (૯) परिग्रहत्याग प्रतिमा.

જે બાહ્ય દશ દશ પ્રકારના પરિગ્રહમાં મમતાને છોડીને નિર્મમત્વમાં દત્તચિત્તં થઇ માયાદિ રહિત સંતોષવૃત્તિમાં નિમગ્ન છે, તે પરિગ્રહત્યાગપ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## (१०) अनुमतित्याग प्रतिमा.

જે દયાનિધિની અનુમતિ આરંભ, પરિગ્રહ અને લૌકિક કાર્યોમાં સમાનબુદ્ધિ ધારણ કરે છે તે અનુમતિત્યાગ પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે.

## (११) उत्कृष्ट श्रावक.

જે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને મુનિયોની માફક તપોવનમાં જઇને ગુરૂની પાસે વ્રત ધારણ કરીને તપશ્ચરણ કરતો ભિક્ષા ભોજન કરે છે, તે ખંડ વસ્ત્રનો ધારક ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય છે. આ અગીઆરમી પ્રતિમાના ઐલક અને ક્ષુલ્લક એવા બે ભેદ છે, તેમાં ક્ષુલ્લક તો સાડાત્રણ હાથ પ્રમાણ પિછોડી અને લંગોટી માત્ર પરિગ્રહ રાખે છે અને ઐલક ફક્ત લંગોટીજ રાખે છે. બીજી ક્રિયાઓ બન્નેની સરખી છે.

## क्षुल्लकव्रत धारण करवानी प्रेरणा.

શ્રી મુનિએ કહ્યું—" હે રાજકુમાર! આ ઐલકવૃત્તિ સુધી તો શ્રાવકજ છે, એનાથી આગળ મુનિવ્રત થાય છે. પણ એ ઐલક અને ક્ષુલ્લક પણ મુનિરાજના નાના ભાઇ છે. એ વ્રતને ધારણ કરવાથી મુનિવ્રતનું પાલન કરવું સહેલું છે, તે માટે તને આ ક્ષુલ્લકવ્રત ધારણ કરવાની પ્રેરણા કરૂં છું. સૌથી પહેલાં એ વાતનો વિચાર કરવો જોઇએ કે આ જીવનો પાપ તો શત્રુ છે અને ધર્મ મિત્ર છે, એવો વિચાર કરી જે શાસ્ત્રને જાણે છે તેજ શ્રેષ્ઠ જાણકાર થાય છે. જે પુરૂષને પોતાને નિર્દોષ, જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નોનો પેટારો બનાવવો હોય, તેણે ત્રણે જગતમાં પતિની માફક ઇચ્છા કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવી પુરૂષાર્થરૂપી સ્ત્રી પોતાની મેળે પ્રાપ્ત થઇ જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**પ્રિય અભયરૂચિ કુમાર!** હિંસાનંદ, મૃષાનંદ, ચાર્યાનંદ અને પરિગ્રહાનંદ એવા ચાર પ્રકાર **રૌદ્રધ્યાન**, ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, પીડા ચિંતવન અને નિદાનબંધ એવા ચાર પ્રકાર **આર્તધ્યાન**, એ પ્રમાણે નર્ક-તિર્યંચ ગતિના કારણ બન્ને ધ્યાનોનો ત્યાગ કરીને નિરંતર ધર્મધ્યાનમાં તત્પર રહેવું યોગ્ય છે. વળી કામદેવથી ન્હાસવાવાળી, સમભાવ કરવાવાળી, દુર્ગતિના ગમનથી નિવારણ કરવાવાળી, જગત ગુરૂની શિક્ષા અને ધર્મરૂપ વૃક્ષની વૃદ્ધિને માટે **બાર અનુપ્રેક્ષાનું** ચિંતવન કરવું યોગ્ય છે.

## द्वादश अनुप्रेक्षा (बार भावना) नुं स्वरूप.

**હે ભવ્ય જીવો!** આ અનુપ્રેક્ષા નામ માત્રથી જિનદેવે કહી છે, તેને જાણીને, મન વચન કાયની શુદ્ધતાપૂર્વક, જે પ્રમાણે આગળ કહીએ છીએ તે પ્રમાણે તેનું ચિંતવન કરો. બારભાવનાના નામ-૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિત્વ, ૭. આસ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોક, ૧૧. દુર્લભ, ૧૨. ધર્મ એ બાર અનુપ્રેક્ષા છે.

ઉપલી બાર ભાવનાઓનો ટૂંકાણ અર્થ નીચે પ્રમાણે છે-જે અસ્થિર છે તે અધ્રુવ અર્થાત્ અનિત્ય, જેમાં શરણ નહિ તે અશરણ, જે સાર રહિત અને જેમાં ભ્રમ હોય તે સંસાર, જે સઘળાથી જુદુ હોય તે અન્યત્વ, જેમાં શુચિપણું નથી તે અશુચિત્વ, જે વડે કર્મ આવે તે આસ્રવ, જે કર્મોના દ્વારને રોકે તે સંવર, જે ઉદય અનુદય કાળમાં કર્મ ક્ષય થાય તે નિર્જરા, જે ૭ દ્રવ્યનો સમુદાય છે તે લોક, જે બહુત કઠીનતાથી પ્રાપ્ત થાય તે દુર્લભ, અને જે સંસારથી ઉદ્ધાર કરીને મોક્ષસ્થાનમાં સ્થાપન કરે તે ધર્મ, આ પ્રમાણે સામાન્ય અર્થ છે. હવે એનો વિસ્તારથી અર્થ નીચે આપીએ છીએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## १ अनित्य भावना.

જે કંઇ ઉત્પન્ન થાય છે તેનો નિયમથી નાશ થાય છે, પરંતુ પરિણામસ્વરૂપવડે કંઇ પણ શાસ્વતા નથી અર્થાત્ સઘળી વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે. ત્યાં સામાન્ય તો દ્રવ્યરૂપ અને વિશેષ ગુણપર્યાયસ્વરૂપ છે. દ્રવ્યવડે વસ્તુ નિત્ય છે તથા દ્રવ્યનો આશ્રય હોવાથી ગુણ પણ નિત્ય છે, પણ પર્યાય અનિત્ય છે. એને પરિણામ પણ કહે છે. આ સંસારી જીવની પર્યાયબુદ્ધિ થઇ રહી છે, જેથી તેઓ પર્યાયને ઉત્પન્ન અને વિનાશ થતી જોઇ હર્ષ ખેદ કરે છે તથા તેને નિત્ય રાખવાને પણ ચાહે છે, પરંતુ આ અજ્ઞાનતાથી વ્યાકુલ થાય છે એ માટે તેણે આ અનુપ્રેક્ષાનું ચિંતવન કરવું ઉચિત છે.

આ પ્રમાણે વિચાર કરવો કે દ્રવ્યવડે તો શાસ્વતા આત્મ-દ્રવ્ય છું અને જે ઉત્પાદ વિનાશ થાય છે તે પર્યાયનો સ્વભાવ છે, એમાં હર્ષ ખેદ શા માટે કરવો ? કેમકે આ શરીર છે તે જીવ અને પુદ્ગળજનિત પર્યાય છે, ધન ધાન્યાદિક છે તે પુદ્ગળ પરમાણુઓના સ્કંધ પર્યાય છે, એનું મળવું છુટા પડવું નિયમપૂર્વક જરૂર થાય છે. એમાં જે સ્થિર બુદ્ધિ ધારણ કરે છે તે આ મોહજનિત ભાવ છે, તે માટે વસ્તુનું સ્વરૂપ જાણીને હર્ષખેદરૂપ ન થવું જોઇએ.

જે જન્મ છે તે મરણ સહિત છે, જુવાની છે તે વૃદ્ધાવસ્થા સહિત ઉત્પન્ન થાય છે અને આ જે લક્ષ્મી છે, તે વિનાશસહિત છે; આ પ્રમાણે સર્વે વસ્તુઓને ક્ષણભંગુર (વિનાશ સહિત) જ જાણો. જગતમાં જે અવસ્થા છે, તે સઘળી પ્રતિપક્ષી ભાવને માટેજ થઇ છે, પરંતુ આ પ્રાણી જ્યારે જન્મ થાય છે ત્યારે તેને સ્થિર માનીને હર્ષ કરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, જ્યારે મરણ થાય છે ત્યારે ગયો જાણીને શોક કરે છે. એજ પ્રમાણે ઇષ્ટની પ્રાપ્તિમાં હર્ષ અને અપ્રાપ્તિમાં ખેદ કરે છે. આ સઘળું અજ્ઞાનનુંજ માહાત્મ્ય છે માટે જ્ઞાની માણસોએ વસ્તુનું **સ્વરૂપ વિચાર કરીને સમભાવરૂપ રહેવુંજ યોગ્ય છે.**

લાવણ્યતા, તરૂણતા અને મનોહરતા વગેરે ગુણ આ શરીરમાં ચીરકાળ સૂધી નિવાસ કરતે, તો ઉત્તમ પુરૂષો આ પ્રતિપક્ષીભૂત, મનોહર મધ્યયુકત સંસારને ત્યાગવાનો ઉદ્યમ કદી પણ કરત નહિ. ઉત્તમ પુરૂષોએ સંસારનો ત્યાગ કર્યો છે તે આજ હેતુથી કે આ નાશવાન સંસારમાં જે કંઈપણ વસ્તુ છે તે સઘળી વિનાશિક છે, એવું જાણીને હે જ્ઞાની પુરૂષો ! કોઇ વસ્તુના ઉત્પાદમાં હર્ષ અને વિનાશમાં ખેદ કદાપિ ન કરો.

## (૨) अशरण भावना.

જે સંસારમાં દેવોના ઇન્દ્રોનો પણ વિનાશ થતો જોવામાં આવે છે, જ્યાં બ્રહ્મા, વિષ્ણુ મહેશ તથા તીર્થંકર, ચક્રવર્તિ વગેરે પદવી ધારક કાળના મુખમાં સપડાઇ ગયા, એવા આ સંસારમાં કોઇપણ જગ્યાએ કોઇનું પણ શરણ નથી.

જેમ જંગલમાં સિંહના પગતળે પડેલા હરણને કોઇપણ રાખવાવાળું નથી, તેમ આ સંસારમાંના પ્રાણીને કાળના મુખમાંથી છોડવવાને કોઇપણ સમર્થ નથી. આ મનુષ્ય સુખની ઇચ્છા કરે છે અને મરણથી ડરે છે, તે માટે દેવતાઓને શરણે જાય છે, વૈદ્યને ઘેર જાય છે, મંત્ર જંત્ર કરે છે, તોપણ ક્ષયકાળથી નિવૃત્તિ થતી નથી. જો મરણને પ્રાપ્ત થતા મનુષ્યને કોઇ દેવ, દાનવ, મંત્ર, તંત્ર વગેરે બચાવાવાળા હોય તોપછી આ મનુષ્ય અક્ષય થઇ જાય એટલે કોઈ મરેજ નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મૂઢ લોકો પોતે જીવવાને માટે રાગી દ્વેષી દેવતાઓની પૂજા કરે છે, બાધાઆખડીઓ લે છે તથા અનેક પ્રકારના મંત્ર યંત્ર તંત્ર વગેરે ઉપચાર કરે છે. એ સિવાય બીજા પણ અનેક મિથ્યાત્વ-સેવન કરે છે, પરંતુ વાસ્તવિક વિચાર કરવામાં આવે, તો એમ નિશ્ચિતજ થાય છે કે એવા દેવતાઓમાં કોઇપણ એવો નથી કે જે આ જીવને મરણથી બચાવી શકે. જો કોઈ પણ કોઇને મરણથી બચાવી શકતો હોય તો સંસારમાં કોઇ મરતેજ નહીં.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે મરણ થાય છે તે આયુનો ક્ષય થવાથીજ થાય છે, માટે આયુષને આપવાવાળો કોઇ છે નહિ. જો કોઇ આયુષનો દાતા હોત, તો તે પોતેજ પોતાની આયુ વધારી લેતે, પરંતુ એવો કોઇ છેજ નહિ, તે માટે કુદેવાદિકના પૂજનરૂપ મિથ્યાત્વ ભાવનો ત્યાગ કરીને, નિશ્ચય તો પોતાના સ્વભાવનું શરણ છે અને વ્યવહારમાં પંચ પરમેષ્ટીનું શરણ છે, માટે એનેજ ગ્રહણ કરવું ઉચિત છે.

## ( ૩ ) સંસાર ભાવના.

એકાંત વસ્તુસ્વરૂપના શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ અને ક્રોધ, માન, માયા અને લોભ એવા ચાર કષાયયુક્ત જીવને જે અનેક દેહમાં ભ્રમણ થાય છે તે સંસાર છે. તે એ પ્રમાણે કે એક શરીરને છોડી બીજા શરીરને ગ્રહણ કરે, ફરી ગ્રહણ કરી તેને પણ છોડે, અને બીજાને ગ્રહણ કરે, એ પ્રમાણે ફરી ફરી ગ્રહણ કરે અને છોડે તેજ સંસાર છે. એ સંસારમાં ચાર ગતિ છે તથા અનેક પ્રકારનાં દુઃખ છે, તેમાં પ્રથમ નર્કગતિનું દુઃખ બતાવીએ છીએ.

આ જીવ પાપના ઉદયથી નર્કમાં પેદા થાય છે, ત્યાં અનેક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાતના તથા પાંચ પ્રકારનાં ઉપમારહિત દુઃખોને સહન કરે છે. જે જીવોની હિંસા કરે છે, મિથ્યા ભાષણ કરે છે, ચોરીમાં તૈયાર હોય છે, પરસ્ત્રીને સેવે છે અને બહુ આરંભ તથા પરિગ્રહમાં આસક્ત રહે છે, તથા બહુ ક્રોધી, પ્રચુર માની, અતિ કપટી, મહા કઠોર ભાષી, પાપી, ચુગલીખોર, કૃપણ, દેવશાસ્ત્રગુરૂનો નિંદક, અધમ, દુર્બુદ્ધિ, કૃતઘ્ની, શોક અને દુઃખ કરવાવાળો જીવ, એ સઘળા મરીને નર્કમાં પડે છે અને ત્યાં છેદન, ભેદન, તાડન, મારન અને સૂળીરોહણ એવાં પાંચ પ્રકારના તથા અનેક પ્રકારનાં દુઃખોને સહન કરે છે ત્યાંથી નીકળીને અનેક ભેદરૂપ તિર્યંચ યોનિયોમાં ઉત્પન્ન થાય છે, ત્યાં પણ ગર્ભમાં દુઃખ ભોગવે છે તથા સન્મૂર્છન થઇને છેદનાદિકનું દુઃખ સહે છે.

પૂર્વોક્ત પાપકર્મોના ઉદયથી નર્કોની અસહ્ય વેદના ભોગવીને પછી અનેક પ્રકારે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે, ત્યાં નિગોદ રાશી, સ્થાવર કાય, તથા ત્રસપર્યાય ધારણ કરી જીવ્હાસંપટી મનુષ્ય તથા તિર્યંચનો ભક્ષ્ય બને છે, અથવા પરસ્પર એક બીજાનું ભક્ષણ કરતા શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, રોગ, બંધન વગેરે દુઃખો ભોગવે છે. એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારે તિર્યંચ યોનિયોમાં આ જીવ અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે, પછી ત્યાંથી નીકળીને લબ્ધ અપર્યાપ્ત મનુષ્ય થાય છે. તે પછી ગર્ભમાં પણ ઉત્પન્ન થાય, તો ત્યાં પણ એકઠા હાથપગ વગેરે અંગ તથા આંગળી વગેરે પ્રત્યંગ હોઇ દુઃખોને સહન કરે છે, પછી યોનિમાંથી નિકળી તીવ્ર દુઃખોમાં પડે છે.

ગર્ભમાંથી નીકળ્યાં પછી બાલ્યાવસ્થામાંજ જો માતપિતાનું મરણું થઈ જાય, તો બીજા પુરૂષોના જીઠણથી વૃદ્ધિગત થતો ભીખારી થઇને કાળ વ્યતિત કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ જીવ પાપોદયથી અસાતાવેદનીય, નીચ ગોત્ર, અશુભ નામ અને કુત્સિત આયુ એવા દુષ્કર્મને લીધે દુઃખોને ભોગવે છે, તો પણ ફરીને પાપજ કરે છે, પરંતુ પૂજા, દાન, વ્રત, તપ, અને ધ્યાન વગેરે લક્ષણયુક્ત પુણ્યકર્મ કરતો નથી, તે મોટું અજ્ઞાનજ છે,

ઉપર્યુક્ત પુણ્યશાળી જીવોને પણ ઇષ્ટવિયોગાદિ દુઃખ જોવામાં આવે છે. પુણ્યોદય સહિત પુરૂષને ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ દેખાય છે. જુઓ! અભિમાન સહિત ભરત ચક્રવર્તિ પણ લઘુ ભાઈ બાહુબળી વડે પરાજિત થયા. કોઈ એમ જાણતું હશે કે જેને વધારે પુણ્યનો ઉદય હોય છે, તે સર્વે પ્રકારથી સુખી છે, પરંતુ તેને કોઇ ઇષ્ટ વિયોગ અનિષ્ટ સંયોગ નહિ થતો હોય, પરંતુ એવું નથી કેમકે જુઓ, ભરત ચક્રવર્તિ સરખા ઉત્તમ પુરૂષ પણ જ્યારે નાના ભાઇ બાહુબળીને હાથે અપમાનિત થયા, તો પછી બીજા પુરૂષોની તો શું વાત છે?

આ સંસારમાં સઘળા પદાર્થો ભોગ્ય વસ્તુ છે, તેનો સંયોગ મોટા પુણ્યવાનોને પણ સર્વાંગ રૂપથી થતો નથી કેમકે એવું પુણ્ય નથી કે જેથી સઘળી મનવાંછિત વસ્તુની પ્રાપ્તિ થાય. સઘળી વસ્તુ મળવી અતિ દુર્લભ છે.

કોઇ મનુષ્યને તો સ્ત્રી હોતી નથી, કોઇને જો સ્ત્રી હોય તો પુત્રની પ્રાપ્તિ થતી નથી અને કોઇને પુત્રની પ્રાપ્તિ થઇ તો શરીરે રોગવાન હોય છે. કદાચ્ કોઇને નિરોગી શરીર હોય, તો ધનધાન્યાદિકની પ્રાપ્તિ નહીં, અને ધન ધાન્યાદિકની પણ પ્રાપ્તિ થઇ જાય, તો જલ્દીથી મરણ થઇ જાય છે.

આ મનુષ્યભવમાં કોઇને દુરાચારિણી સ્ત્રી છે, કોઇને વ્યસની પુત્રો છે, કોઇને શત્રુસમાન ભાઇ છે, અને કોઇને દુક્ષારિણી પુત્રી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય છે. કોઇનો તો ઉત્તમ પુત્ર મરી જાય છે, કોઇની પ્રિય સ્ત્રીનો વિનાશ થઇ જાય છે, અને કોઇનું ઘર કુટુંબ અગ્નિમાં બળી જાય છે.

આ પ્રમાણે મનુષ્યપર્યાયમાં અનેક પ્રકારનાં દુઃખોને સહન કરવાં છતાંપણ આ જીવ ધર્મમાં બુદ્ધિ લગાડતો નથી, પરંતુ પાપારંભ કરે છે. જે ધનવાન છે તે નિર્ધન થઇ જાય છે, એજ પ્રમાણે નિર્ધન છે તે ધનવાન થઇ જાય છે તથા જે રાજા છે તે સેવક થઇ જાય છે અને જે સેવક છે તે રાજા થઈ જાય છે. કર્મોદયના વશથી જે શત્રુ છે તે મિત્ર થઈ જાય છે અને જે મિત્ર છે તે શત્રુ થઇ જાય છે. આ સંસારનો સ્વભાવજ એવો છે. પુણ્યકર્મના ઉદયથી શત્રુ પણ મિત્ર થઇ જાય છે અને પાપોદયથી મિત્ર પણ શત્રુ થઇ જાય છે કેમકે **સંસારમાં કર્મ જ બળવાન છે.**

આ જીવ કોઇ પ્રકારના મહાન કષ્ટથી જો દેવપર્યાય પણ પામે, તો મહર્દ્ધિક દેવોની ઋદ્ધિ સંપદાને જોઇને માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે. મહર્ધિક દેવોને પણ ઋદ્ધિ અને દેવાંગનાઓના વિયોગરૂપ ઇષ્ટવિયોગથી દુઃખ થાય છે. જેને વિષયોને આધીન સુખ છે તેને તૃપ્તિ ક્યાં? કેમકે તૃષ્ણા હમેશાં વૃદ્ધિગત થતીજ રહે છે. શારીરિક દુઃખથી માનસિક દુઃખ પ્રબળ છે.

કોઇ જાણશે કે શરીર સંબંધી દુઃખ મોટું છે, અને મનનું દુઃખ થોડું છે, પરંતુ શારીરિક દુઃખથી માનસિક દુઃખ વધારે છે કેમકે માનસિક દુઃખ સહિત પુરૂષ બીજા બહુ વિષયો હોવા છતાં પણ દુઃખોત્પાદકજ દેખાય છે. આ વાત સત્યજ છે કેમકે જે વખતે કોઇપણ પ્રકારની માનસિક વ્યથા હોવાથી સઘળી વસ્તુ દુઃખરૂપજ દેખાય છે, એવા ઘોર દુઃખસાગર અસાર સંસારમાં જો નિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધ્યાનપૂર્વક વિચારવામાં આવે તો કોઇપણ જગ્યાએ સુખ નથી. ચતુર્ગતિરૂપ સંસારમાં ચારે ગતિઓ દુઃખરૂપ છે, સુખ તો લેશ માત્ર પણ નથી.

આ પ્રમાણે સંસારને દુઃખરૂપ જાણીને મોહનો ત્યાગ કરી પોતાના આત્માનું ધ્યાન કરો, કે જેથી ભ્રમણશીલ સંસારનો નાશ થઇ જાય.

दोहरो.-पंच परावर्तनमयी, दुःखरूप संसार ।
मिथ्या कर्म उदै यहै, भरमैं जीव अपार ॥

## (४) एकत्व भावना.

આ જીવ પોતે એકલોજ સર્વે દુઃખો ભોગવે છે, એની સહાયે કોઇપણ થતું નથી. લક્ષ્મી મેળવવાને માટે પોતે એકલો કર્મ કરે છે પરંતુ તે લક્ષ્મી તો તેના સઘળા કુટુંબપરીવાર વાપરે છે. જે એક જીવ ઉત્પન્ન થાય છે તેજ એક જીવ ગર્ભમાં શરીરને ગ્રહણ કરે છે, તેજ એક બાળક થાય છે, યુવાન થાય છે અને તેજ જીવ વૃદ્ધ અવસ્થાને પણ પ્રાપ્ત થાય છે એટલે એકજ જીવ અનેક પ્રકારની પર્યાયોમાં પ્રાપ્ત થઇ સંસારભ્રમણ કરે છે.

એકજ જીવ રોગી થાય છે, તેજ એક જીવ શોકવાન થઇ માનસિક દુઃખ ભોગવે છે, તેજ એક જીવ મરે છે અને તેજ એક રંક થઇ નર્કોનું દુઃખ સહે છે એટલે જીવ એકલોજ અનેક અવસ્થા ધારણ કરે છે.

એકજ જીવ પુણ્ય સંચય કરે છે, તેજ એક જીવ અનેક પ્રકારનાં દુઃખોને ભોગવે છે, તેજ એક જીવ કર્મની નિર્જરા કરે છે અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેજ એકલો મોક્ષને પ્રાપ્ત થાય છે અટલે એકજ જીવ પુણ્ય સંચય કરીને સ્વર્ગસુખનો અનુભવ કરતો મનુષ્યપર્યાય ધારણ કરી કર્મોનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત થાય છે.

આ જીવ અનેક દુઃખો પોતે એકલોજ સહન કરે છે, પરંતુ કુટુંબી માણસો તે દુઃખને ગ્રહણ કરવામાં જરાપણ સમર્થ થતા નથી, એવું જાણવા છતાં પણ આ જીવ કુટુંબીઓના સ્નેહને છોડતો નથી અને તેને માટે અનેક પ્રકારે પાપારંભ કરે છે. ખરેખર આ જીવનો સ્નેહી ધર્મજ છે.

આ જીવનો સ્નેહી ઉત્તમક્ષમાદી દશલક્ષણ ધર્મજ છે, કેમકે એજ ધર્મ જીવને સ્વર્ગની પ્રાપ્તિ કરાવે છે અને એજ ધર્મ સઘળા દુઃખોના નાશરૂપી મોક્ષ મેળવી આપે છે એટલે **ધર્મ સિવાય આ જીવને કોઈ પણ સહાય નથી.**

**હે ભવ્ય જીવો!** તમે આ જીવને શરીરથી સર્વે પ્રકારે જુદો જાણીને ઉદ્યમ કરો, કેમકે એ જાણવાથી બીજા સઘળા દ્રવ્ય ક્ષણમાત્રમાં તજવાયોગ્ય થઇ જાય છે એટલે જ્યારે પોતાનાં સ્વરૂપનું જ્ઞાન થઇ જશે એટલે તે સઘળા પર દ્રવ્ય કે જે આત્માથી જુદા છે તે સઘળા જણાઇ જશે, તે માટે સૌથી પ્રથમ પોતાના સ્વરૂપને જાણવાનો ઉદ્યમ કરવો જોઇએ.

**दोहरो—एक जीव पर जाय वहु, धारे स्वपर मिदान।**
**पर तजी आपा जानके, करो भव्य कल्यान॥**

## [५] अन्यत्व भावना.

આ જીવ સંસારમાં જે શરીરને ગ્રહણ કરે છે તે જુદું છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતા પણ કર્મયોગથી જુદી છે, સ્ત્રી છે તેપણ જુદી છે અને પ્રકટરૂપથી પુત્ર છે તે પણ જુદો છે.

જીવ સઘળી બાહ્ય વસ્તુઓને આત્મસ્વરૂપથી જો કે જુદી જાણે છે તથાપિ પ્રકટરૂપથી જાણવા છતાં પણ આ મૂર્ખ જીવ તેજ પદાર્થોમાં રાગ કરે છે, એ મોટી મૂર્ખતા છે. જે જીવ પોતાના સ્વરૂપથી દેહને જુદો જાણીને પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે તેનેજ આ અન્યત્વ ભાવના કાર્યભૂત છે એટલે જે દેહાદિક પરદ્રવ્યોને પોતાના આત્માથી જુદા જાણીને આત્મધ્યાનમાં નિમગ્ન થાય છે, તેનેજ અન્યત્વ ભાવના સફળભૂત છે.

दोहरोः—निज आतमतें भिन्नपर, जने जे नर दक्ष ।
निजमें रमे बमैं अपर, ते शिव लखैं प्रत्यक्ष ॥

## (६) अशुचि भावना.

**હે ભવ્ય જીવો!** સઘળી નિંદનીક વસ્તુઓનો ખજાનો, અનેક નિગોદાદિ જીવોનું ઘર, અત્યંત દુર્ગંધમય અને મળમૂત્રાદિનું સ્થાન એવું જે આ શરીર છે, તેને અપવિત્રજ જાણો, કેમકે એ શરીર બીજી સુગંધમય વસ્તુઓને પણ દુર્ગંધમય કરે છે. આ દેહને લગાડેલી ઉત્તમ પવિત્ર સરસ સુગંધ અને મનોહારી દ્રવ્ય પણ ઘૃણારૂપદ અત્યંત દુર્ગંધમય થઇ જાય છે.

ચંદન, કર્પૂર, કંકુ, કસ્તુરી વગેરે સુગંધમય વસ્તુ જ્યાંસૂધી શરીરને સ્પર્શ કરતી નથી ત્યાં સુધીજ પવિત્ર અને સુગંધમય છે, અને જ્યારે શરીરને લાગી જાય છે તે વખતે સર્વે અપવિત્ર થઇ જાય છે. ચંદન કર્પૂરાદિ તો શરીરના સ્પર્શથી, વસ્ત્રાભૂષણાદિ શરીરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધારણ કરવાથી અને રસયુક્ત ભોજન ભક્ષણ કરવાથી મલાદિ રૂપ થઇ જાય છે. હે ભવ્ય જીવો! આ મનુષ્યના શરીરને જે કર્મે અપવિત્ર બનાવ્યું છે તે એવી સંભાવના કરીને કે મનુષ્યને વૈરાગ્ય ઉત્પન્ન થવાને માટે નિર્મિત કર્યું છે, પરંતુ આ મનુષ્ય આ દેહમાં અનુરાગી થઈ જાય છે, માટે એનાથી વિશેષ બીજું કયું અજ્ઞાન છે?

આ પ્રમાણેના અશુદ્ધ શરીરને દેખવા છતાં પણ મનુષ્ય એમાં અનુરાગ કરે છે, અને એ મને કદિ પ્રાપ્ત થયુંજ નથી એવું માનીને આદરપૂર્વક શરીરની સેવા કરે છે, માટે આ પણ એક અજ્ઞાનનુંજ માહાત્મ્ય છે. આ દેહથી વિરક્ત થવાથીજ અશુચિ ભાવના થાય છે. જે પુરૂષ, સ્ત્રી પુત્રાદિ પર દેહમાં વિરક્ત થઇ પોતાના શરીરમાં પણ અનુરાગ કરતો નથી તેજ પુરૂષને અશુચિ ભાવના થાય છે. ફક્ત વિચાર માત્રથીજ ભાવનાની પ્રધાનતા થતી નથી, પણ દેહને અશુચિ વિચારતાં જો શરીરથી વૈરાગ્ય પ્રકટ થઇ જાય, તો તેજ અશુચિ ભાવના સત્ય છે.

दोहरो–स्वपर देहको अशुचि लखि, तजै तासु अनुराग।
ताके सांची भावना, सो कहिये बड़भाग ॥

### (૭) आस्रव भावना.

મન વચન અને કાયાનો યોગ તેજ આસ્રવ છે. તે યોગ જીવના પ્રદેશોનું ચંચલત્વવિશેષ છે તથા મોહના ઉદયથી મિથ્યાત્વ અને કષાય સહિત પણ છે તથા મોહના ઉદયથી રહિત પણ છે.

મન વચન અને કાયનું નિમિત્ત મળેથી જીવને પ્રદેશોનું જે ચલાચલ થવું તેજ યોગ છે, અને તેજ આસ્રવ છે. તે ગુણસ્થાનની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરિપાટીમાં સૂક્ષ્મસાંપરાય નામના દશમા ગુણસ્થાનપર્યંત તો મોહ-ના ઉદયરૂપ યથાસંભવ મિથ્યાત્વ અને કષાય સહિત જે થાય છે તે સાંપરાયિક આસ્ત્રવ છે, અને જે દશમા ગુણસ્થાનની ઉપરના સયોગ-કેવલી નામના તેરમા ગુણસ્થાનપર્યંત જે આસ્ત્રવ થાય છે, તે મોહના ઉદયથી રહિત છે. ફક્ત યોગવડેજ થાય છે તેને ઇર્યાપથ આસ્ત્રવ કહે છે. જે પુદ્ગળ વર્ગણા કર્મત્વરૂપ પરિણમે તે દ્રવ્યાસ્ત્રવ અને જે જીવના પ્રદેશ ચંચલ હોય તે ભાવાસ્ત્રાવ છે,

હે ભવ્ય ! તું એમ સમજી લે કે મોહકર્મના ઉદયથી જીવને જે પરિણામ થાય છે, તેજ આસ્ત્રવ છે, તે પરિણામ મિથ્યાત્વાદિ અનેક પ્રકારે છે.

કર્મબંધનું કારણ જે આસ્ત્રવ છે, તેના મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય અને યોગ એવા પાંચ પ્રકાર છે. તેમાં સ્થિતિ અનુ-ભાવરૂપ બંધનું કારણ મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ અને કષાય એ ચારજ છે, જે મોહકર્મના ઉદયથી થાય છે અને પાંચમો યોગ છે તે સમયમાત્ર બંધનું કારણ છે, પણ સ્થિતિ અને અનુભાવબંધનું કારણ નથી, તે માટે બંધના કારણમાં મુખ્યપણું નથી.

આ પ્રમાણે પ્રકટ રૂપથી જાણવા છતાં પણ જે જીવ તજવા યોગ્ય પરિણામોને છોડતો નથી, તેને સઘળા આસ્ત્રવોનું ચિંતવન નકામું છે.

આસ્ત્રવાનુપ્રેક્ષાનું ચિંતવન કરી પહેલાં તીવ્ર કષાયોને છોડે અને પછી શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતવન કરી સઘળા કષાયભાવોથી રહિત થાય, ત્યારે આ ચિંતવન કરવું સફળ છે, ફક્ત વાતો કર-વાથી સાર્થક થતું નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે પુરૂષ ઉપશમં પરિણામો ( વીતરાગ ભાવો ) માં લીન થઇ તેથા આ મિથ્યાત્વાદિ ભાવોને ત્યાગવાયોગ્ય જાણીને એ પૂર્વોક્ત મોહના ઉદયથી થએલા મિથ્યાત્વાદિ પરિણામોને છોડે છે તેનેજ આસ્રવાનુપ્રેક્ષાનું ચિંતવન થાય છે.

दोहरो:—आस्रव पंच प्रकारकूं, चितवै तजै विकार।
ते पावै निजरूपकूं, यहै भावना सार ॥

## (८) संवर भावना.

સમ્યક્ત્વ, દેશવ્રત, મહાવ્રત તથા કષાયોને જીતવા અને યોગોનો અભાવ એ સંવરના નામ છે.

આગળ મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય અને યોગ એવા પાંચ પ્રકારે આસ્રવનું વર્ણન કર્યું હતું તેને ક્રમપૂર્વક રોકવા તેજ સંવર છે અર્થાત્ ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વનો અભાવ થયો ત્યાં મિથ્યાત્વનો સંવર થયો, તથા દેશવ્રત ગુણસ્થાનમાં અવિરતનો એકોદેશ અભાવ થયો, અને પ્રમત્તગુણસ્થાનમાં સર્વો-દેશ અભાવ થયો, ત્યાં અવિરતનો સંવર થયો અને અપ્રમત્ત ગુણ-સ્થાનમાં પ્રમાદનો અભાવ થવાથી પ્રમાદનો સંવર થયો, અને અયોગીજિન નામના ગુણસ્થાનમાં સઘળા કષાયોનો અભાવ થયો, ત્યાં કષાયનો સંવર થયો. આ પ્રમાણે પાંચ પ્રકારના આસ્રવનો સંવર થયો.

જે પુરૂષ ઉપર પ્રમાણે સંવરના કારણોને જાણવા છતાં પણ તેનું આચરણ કરતો નથી તે દુઃખી થઇને ચિરકાળપર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે મુનિ ઇંદ્રિયોના વિષયોથી વિરકત થઇ મનોહર વિષયોથી આત્માને નિરંતર સંવરરૂપ કરે છે, તેને પ્રકટરૂપથી સંવર થાય છે. વળી મન અને ઇંદ્રિયોને વિષયોથી રોકીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમાડે છે, તેનેજ યથાર્થ સંવર થાય છે.

दोहरो–गुप्त समिति वृष भावना, जयन परीसह कार।
चारित धारै संग तजि, सो मुनि संवर धार॥

## (९) निर्जरा भावना.

જે નિદાન રહિત અને અહંકાર વિનાનો જ્ઞાની છે, તેને બાર પ્રકારના તપ અને અને વૈરાગ્યભાવનાથી નિર્જરા થાય છે.

જે જ્ઞાનપૂર્વક તપશ્ચરણ કરે છે, તેનેજ નિર્જરા થાય છે, પરંતુ અજ્ઞાન સહિત વિપર્યય તપથી હિંસાદિ પાપ થવાથી ઉલ્ટો કર્મનો બંધ થાય છે, તથા જે તપ કરતા અહંકાર તથા ક્રોધ કરે છે તેને તો નવીન કર્મ બંધાય છે. **અહંકારનો ત્યાગ કરવાથીજ નિર્જરા થાય** છે, અને જે તપશ્ચરણ કરતા આ લોક તથા પરલોક સંબંધી ખ્યાતિ, લાભ, પૂજા અને ઇંદ્રિયજનિત વિષયોની વાંછા કરે છે તેને કર્મનો બંધ અવશ્ય થાય છે. નિદાન રહિત તપશ્ચરણથીજ નિર્જરા થાય છે કેમકે જે સંસાર, દેહ ભોગોમાં આસક્ત થઇને તપ કરે છે, તેનો શુદ્ધ આશય ન હોવાથી નિર્જરા થતી નથી, પરંતુ **નિર્જરા તો વૈરાગ્યભાવનાથી થાય** છે.

## निर्जरानुं स्वरूप.

એ નિર્જરાના બે પ્રકાર છે. એક સ્વકાળ પ્રાપ્ત તે સવિપાક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિર્જરા, અને અકાળમાં તપશ્ચરણવડે કરેલી અવિપાક નિર્જરા છે, તેમાં સ્વકાળ પ્રાપ્ત પહેલી નિર્જરા તો ચારે ગતિના જીવોને થાય છે અને બીજી અવિપાક નિર્જરા તપવડે વ્રતીઓનેજ થાય છે.

જે મહાપુરૂષ પૂર્વોક્ત પ્રકારે નિર્જરાના કારણોમાં પ્રવર્તમાન થાય છે તેનેજ પુણ્યકર્મનો ભાગ વધે છે, અને તેનેજ ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્ત થાય છે.

दोहरोः—पूरव बांधे कर्म जे, धेरे तपोबल पाय ।
सो निर्जरा कहाय है, धारैं ते शिव जाय ॥

## (૧૦) લોક ભાવના.

સઘળા આકાશદ્રવ્યનું ક્ષેત્ર અનંતપ્રદેશી છે. તેના મધ્યમાં રહેલો લોક છદ્રવ્યના સમુદાયરૂપ રહેલો છે. તે કોઇનો કરેલો નથી તથા હરી હર વગેરેનો ધારણ કરેલો પણ નથી.

અન્યમતાવલંબી એમ કહે છે કે આ લોકની રચના બ્રહ્માએ કરી છે, નારાયણ રક્ષા કરે છે, અને મહાદેવ સંહાર કરે છે તથા શેષનાગ પોતાના મસ્તકપર ધારણ કરી રહ્યા છે, અને જ્યારે આ લોકનો પ્રલય થઇ જાય છે ત્યારે સઘળું શૂન્ય થઇ જાય છે. પછી બ્રહ્મની સત્તાથી ફરી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે વગેરે કલ્પિત કથનનો આ સૂત્રથી નિષેધ થાય છે કેમકે આ કોઇની કરેલી કોઇથી પણ સંહારિત થતી નથી, જેવી છે તેવીજ અનાદિનિધન એટલે આદિ અંત રહિત સર્વજ્ઞદેવે જોયલી છે.

## લોકનું સ્વરૂપ.

જીવાદિ અષ્ટ દ્રવ્યોના પરસ્પર એક ક્ષેત્રાવગાહરૂપ જે અવસ્થાન તે લોક છે અને જે દ્રવ્ય છે તે નિત્ય છે, એજ હેતુથી લોક પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિત્યજ છે એમ માનવું યોગ્ય છે. દ્રવ્યોના સમુદાયનેજ લોક કહે છે, માટે દ્રવ્યોની નિત્યતાથી લોકની નિત્યતા સિદ્ધ થાય છે.

લોકની પૂર્વ અને પશ્ચિમ દિશામાં મૂળમાં સાતરાજૂ વિસ્તાર છે, તથા મધ્યમાં એક રાજૂનો વિસ્તાર, ઉપર બ્રહ્મ સ્વર્ગના અંતપર્યંત પાંચ રાજૂનો વિસ્તાર છે. અને લોકના અંતમાં એક રાજૂનો વિસ્તાર છે. આલોક નીચેના ભાગમાં પૂર્વ પશ્ચિમ સાત રાજૂ ચોડો ત્યાંથી ક્રમપૂર્વક ઘટતાં મધ્યલોકમાં એક રાજૂ ચોડો પછી બ્રહ્મસ્વર્ગ પર્યંત વૃદ્ધિ થતા પાંચ રાજૂ ચોડો અને અંતમાં એક રાજૂ ચોડો છે. આ પ્રમાણે દોઢ મૃદંગ ઉભું કરવાથી જે આકાર થાય છે, તેજ આકાર લોકનો છે.

આલોક ઉત્તર દક્ષિણ સઘળે સાત રાજૂનો વિસ્તાર છે તથા ઉંચો ચૌદ રાજૂ છે અને સઘળો લોક સાત રાજૂનો વિસ્તારમાં છે. અને ઘનાકાર ફેલાવવાથી ૩૪૩ રાજૂપ્રમાણ થાય છે.

लोकाकार विचारके, सिद्ध स्वरूप चितारि ।
राग विरोध विडारिकें, आतमरूप संभारि ॥
आतमरूप संवारी, मोक्षपुर वसो सदाही ।
आधि व्याधि जर मरन आदि दुःख, होहुं न कदाही ॥
श्री गुरु शिक्षा धारि टारि, अभिमान कुशोका ।
मन थिर कारन यह विचारि निजरूप सु लोका ॥१॥

## ( ११ ) बोधिदुर्लभ भावना.

આ જીવ અનાદિ કાળથી અનંતકાળ પર્યંત તો નિત્ય નિગોદમાં રહ્યો, ત્યાં એક શરીરમાં અનંતાનંત જીવોનો આહાર શ્વાસો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્વાસ જીવન મરણ સમાન છે. એક શ્વાસનો અરાઢમો ભાગ માત્ર આયુ છે, ત્યાંથી નીકળીને જો કદાપિ પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને **વનસ્પતિ પર્યાય** મળે, તો તે અત્યંત દુર્લભ છે.

ત્યાં **પૃથ્વીકાયાદિ** પર્યાયોમાં બાદર તથા સૂક્ષ્મ શરીરોમાં અસંખ્યાત કાળ પર્યંત ભ્રમણ કરે છે, ત્યાંથી નીકળી **ત્રસપણું** પામવું ચિંતામણી રત્નસમાન અતિ દુર્લભ છે. સ્થાવર પર્યાયમાંથી નીકળીને જો કદાચ ત્રસપર્યાય ધારણ કરે, ત્યાં પણ **વિકલત્રય** અર્થાત્ બેઇંદ્રિય, ત્રિઇંદ્રિય, ચૌઇંદ્રિય થાય, ત્યાં કોટીપૂર્વપર્યંત રહે, પછી ત્યાંથી નીકળી પંચેંદ્રિયપણું પામવું અતિ દુર્લભ છે. વિકલત્રયથી નીકળી જો પંચેંદ્રિય પણ થાય, તો અસૈની (મનરહિત) થાય, ત્યાં આપાપરનો ભેદ જાણતા નથી, અને જો કદાચિત **સૈની પંચેંદ્રિય** પણ થાય તો રૌદ્ર પરિણામી બિલાડો, સર્પ, સિંહ, મચ્છ વગેરે **તિર્યંચ** થાય.

બહુ તીવ્ર પરિણામી તિર્યંચ તીવ્ર અશુભ લેશ્યાથી ભયાનક અને દુઃખદાયક નર્કમાં પડે છે, ત્યાં પણ શારીરિક અને માનસિક એવા બે પ્રકારનાં પ્રચુર દુઃખને ભોગવે છે. તે નર્કમાંથી નીકળીને ફરી પણ પાપરૂપ તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે, ત્યાં પણ આ જીવ અનેક પ્રકારે અનંત દુઃખોને સહન કરે છે.

તિર્યંચ યોનિમાંથી નીકળીને ચતુષ્પથમાં પડેલા રત્નની માફક **મનુષ્યપર્યાય** અતિ દુર્લભ છે, પરંતુ એવી મનુષ્યપર્યાયમાં પણ **મ્લેચ્છ** થઇને આ જીવ પાપ ઉપાર્જન કરે છે. ઘણા કષ્ટથી જો મનુષ્ય પર્યાય પણ મળી અને જો તે મ્લેચ્છ કુળમાં ઉત્પન્ન થયો. તો મિથ્યાદૃષ્ટિ અભક્ષ્યભક્ષિયોની સંગતિથી પાપ ઉપાર્જન કરી ફરી કુગતિમાં પડીને અસંખ્ય દુઃખોનો પાત્ર બને છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી જો મનુષ્યપર્યાય પણ મળે અને આર્યક્ષેત્રમાં જન્મ પણ થાય, તોપણ **ઉત્તમ કુળમાં** જન્મ થવો અતિ દુર્લભ છે. અને જો ઉત્તમ કુળની પ્રાપ્તિ થઇ જાય તો ધનહીન થાય, ત્યાં કોઇપણ પ્રકારનું સારૂં કાય કરી શકશે નહીં, પણ પાપ ઉપાર્જનજ કરી ફરી કુયોનિયોમાં ભ્રમણ કરશે.

અને જો ધનસહિત પણ થાય, તો **ઇંદ્રિયોની પરિપૂર્ણતા** હોવી તેનાથી વધારે દુર્લભ છે. અને જો ઇંદ્રિયોની પણ પૂર્ણતા થઈ જાય, તો રોગ સહિત શરીર થાય, જેથી ત્યાં કાંઇ સુકૃત કરી શકશે નહિ અથવા કદાચિત **નિરોગ** પણ થાય તો **ચિરંજીવની** પ્રાપ્તિ દુર્લભ છે, અને જો ચિરકાળપર્યંત જિવિત પણ રહે, તો **ઉત્તમપરિણામી** થવું અતિ દુર્લભ છે. જો કદાચિત ઉત્તમ પરિણામી પણ થાય, તોપણ **સાધુ પુરૂષોની** સંગતિ મળવી દુર્લભ છે, અને જો સાધુસંસર્ગ પણ મળી જાય તો **સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે.** જો સમ્યગદર્શન પણ મેળવે તો આ જીવ ચારિત્રને ગ્રહણ કરતો નથી અને જો ચારિત્રને પણ ગ્રહણ કરી લે તો તેને નિર્દોષ પાળવામાં અસમર્થ થાય છે. વળી જો આ જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને પણ પ્રાપ્ત થઇ જાય, પરંતુ જો તીવ્ર કષાય કરે તો તે રત્નત્રયનો નાશ કરી ફરી દુર્ગતિમાં ગમન કરે છે.

**હે ભવ્ય!** સમુદ્રમાં પડેલા રત્નની માફક આ મનુષ્યપણું અત્યંત દુર્લભ છે, એવો નિશ્ચય કરી મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ કરો. જે પ્રમાણે ઘણા કષ્ટથી મળેલા ચિંતામણી રત્નને સમુદ્રમાં ફેંકીદે તેની ફરી પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે તે પ્રમાણે અતિ કષ્ટથી પ્રાપ્ત થયેલી મનુષ્યપર્યાય તેમાં પણ રત્નત્રયને પ્રાપ્ત થઇને જો મિથ્યાત્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને કષાયનું સેવન કરે, તો મનુષ્યપર્યાય અતિ દુર્લભ થઇ જશે-એવો નિશ્ચય કરીને મિથ્યાત્વ અને કષાયને છોડી દો.

અથવા મનુષ્યપર્યાયના શુભ પરિણામોથી જો દેવ પણ થઈ જાય, તો કોઈ પણ પ્રકારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો થઇ જાય, પરંતુ તેને તપશ્ચરણ, દેશવ્રત, શીલવ્રત, જરાપણ ન મળે. દેવપર્યાયમાં ચોથા ગુણસ્થાનસુધીજ એ થાય, જેથી જો કદાચિત શુભ પરિણામોથી દેવગતિ પણ મળે અને મહાન કષ્ટથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો થઇ જાય પરંતુ સકલચારિત્ર (મુનિધર્મ) અને દેશ ચારિત્ર (શ્રાવક ધર્મ) તથા બ્રહ્મચર્યની પ્રાપ્તિ કદાપિ ન થાય, કેમકે દેવોમાં પંચમ ગુણસ્થાનનો અભાવ છે, અને વ્રતાદિની પ્રાપ્તિ પંચમ ગુણસ્થાનમાંજ થાય છે, માટે દેવોમાં પંચમ ગુણસ્થાન ન હોવાથી વ્રત શીલ વગેરે પણ તેનાથી થતા નથી.

હે ભવ્ય! આ મનુષ્ય ગતિમાંજ તપનું આચરણ, સઘળાં મહાવ્રત, ધ્યાન, અને નિર્વાણની પ્રાપ્તિ થાય છે,

ઉપર કહ્યા પ્રમાણે અતિ દુર્લભ આ મનુષ્યપર્યાયને પ્રાપ્ત થઈને જે વિષયોમાં રમણ કરે છે, તે દિવ્ય અમૂલ્યરત્નને પ્રાપ્ત કરીને ફરીને રાખને માટે તેને બાળી નાંખે છે. અતિ કઠિનતાથી પ્રાપ્ત થતું આ મનુષ્યપર્યાય અમુલ્ય રત્નસમાન છે. તેને વિષયોને માટે ફોકટ ખોઇ દેવી ઉચિત નથી.

એ સઘળા એકથી એક દુર્લભ છે, તેમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ રત્નત્રય અત્યંત દુર્લભ છે, એમ જાણીને હે ભવ્યો આ સંસારમાં ઉપલાં ત્રણે રત્નોનો આદર કરો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

थांहि निगोद चिर निकासि खेद सहि धरनि तरुनि बहु।
पवन बोद जल अगिनी गोद लहि जरन मरन सहु ॥
लट गिंडोल उटकन मकोड़ तन भमर भ्रमण कर।
जल विलोल पशु तन सुकोल नभचर सर उरपर ॥
फिर नरक पात अति कष्ट सहि, कष्ट कष्ट नरतन महत।
तह पाय रत्नत्रय चिग तजे, ते दुर्लभ अवसर लहत ॥

## (૧૨) ધર્મ ભાવના.

આ લોકમાં જીવદ્રવ્ય અનંતાનંત છે, તેનાથી અનંતાનંત ગુણ પુદ્ગલ દ્રવ્ય છે, એક એક આકાશ, ધર્મ અને અધર્મ દ્રવ્ય છે. અસંખ્યાત કાલાણુ દ્રવ્ય છે, અને લોકથી જુદો અનંતપ્રદેશી આકાશ દ્રવ્ય છે, તે અલોક છે. એ પ્રમાણે સઘળા દ્રવ્યોના અતીત કાળ, અનંત સમયરૂપ તથા આગામી કાળ તેનાથી પણ અનંત ગુણારૂપ અને વર્તમાન કાળ એ પ્રમાણે સઘળા કાળો સમયવર્તી એક એક દ્રવ્યના અનંત અનંત પર્યાય છે તે સઘળા દ્રવ્ય અને પર્યાયો યુગપત્ એક સમયમાં પ્રત્યક્ષ, સ્પષ્ટ, જુદા જુદા, યથાવત્ જેવા છે તેવાજ જાણવા, એવું જેનું જ્ઞાન છે તેજ સર્વજ્ઞ અને તેજ દેવ છે, એના સિવાય બીજાને સર્વજ્ઞ કહેવા તદન ખોટું છે.

અહીંયા આ કથન કરવાની મતલબ એવી છે કે, જે ધર્મ સ્વરૂપ કહેવામાં આવશે, તે યથાર્થ સ્વરૂપ ઇંદ્રિયગોચર નથી, પણ અતીંદ્રિય છે, જેનું ફળ સ્વર્ગ અને મોક્ષ છે, તે પણ અતીંદ્રિય છે, અને સર્વજ્ઞ વિના બીજા છદ્મસ્થોનું ઇંદ્રિયજનિત જ્ઞાન પરોક્ષ છે, તે માટે જે અતીંદ્રિય પદાર્થ છે, તે એના જ્ઞાનગોચર નથી, એ કારણથી જે પોતાના અતીંદ્રિય જ્ઞાનવડે સઘળા ચરાચર પદાર્થોને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેખે-જાણે છે તે ધર્મ અને અધર્મના ફળને પણ જાણશે. એ હેતુથી ધર્મનું સ્વરૂપ સર્વજ્ઞકથિત વચનોવડેજ પ્રમાણભૂત છે પરંતુ બીજા છદ્મસ્થ (અલ્પજ્ઞ) કથિત પ્રમાણભૂત નથી અને જે સર્વજ્ઞની પરંપરાથી કહે, તે પણ પ્રમાણિક છે, તે માટે ધર્મના સ્વરૂપના કથનની શરૂઆતમાં પહેલાં સર્વજ્ઞનું કથન કર્યું છે.

## ધર્મનું સામાન્ય સ્વરૂપ.

સામાન્ય પ્રકારથી ધર્મના બે પ્રકાર છે-એક **વ્યવહાર** અને બીજો **નિશ્ચય.** તેમાં વ્યવહાર ધર્મમાં પ્રથમ **જીવદયા** ધર્મ છે, એ દયાગત ધર્મ ગૃહસ્થ અને મુનિયોના ભેદથી બે પ્રકારે છે એટલે ગૃહસ્થ ધર્મમાં એકોદેશ દયાનું પાલન થાય છે અને મુનિધર્મમાં સર્વોદેશ દયાનું પ્રતિપાલન થાય છે, તથા સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન, અને સમ્યગ્‌ચારિત્ર એવા ત્રણ **રત્નત્રય** રૂપ તથા ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એવા **દશ પ્રકારના ધર્મ** છે. આ સઘળો વ્યવહાર ધર્મ છે અને જે મોહથી ઉત્પન્ન થયેલા વિકલ્પોના સમૂહોથી રહિત, વચન અને અંગથી વર્જિત એવી શુદ્ધ આનંદમય આત્માની પરણુતિ ! તે **નિશ્ચય ધર્મ** છે.

દેવને નિમિત્તે તથા ગુરૂઓના કાર્યોમાં જે હિંસાનો આરંભ છે તે શુભ નથી, કેમકે જે હિંસા છે તેજ પાપ માનેલું છે, માટે મુખ્ય **દયાજ ધર્મ** છે. અન્ય મતાવલંબી હિંસામાં ધર્મને સ્થાપન કરે છે તેમાં **મીમાંસક** તો યજ્ઞમાં પશુઓનો હવન કરીને તેનું શુભ ફળ કહે છે. **બૌદ્ધ** મતવાળા માંસ વગેરેના આહારને પણ શુભ કહે છે તથા દેવીઓના ઉપાસક બકરા વગેરે પશુઓનો નાશ કરી દેવીઓને ચઢાવે છે અને તેનું ફળ પણ શુભજ બતાવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે દેવ શાસ્ત્ર ગુરૂને નિમિત્તે હિંસા કરે છે, તે શુભ નથી કેમકે ધર્મમાં દયા મુખ્ય છે એ સિવાય એમ પણ જાણવું કે જે પૂજા, પ્રતિષ્ટા, જિનાલય બનાવવું, સંઘ, યાત્રા, ધર્મશાળા; બનાવવી વગેરે સઘળાં કાર્ય ગ્રહસ્થોના છે, તે તે મુનિરાજ પોતે ન કરે, અને બીજા પાસે ન કરાવે, અને તેને અનુમોદન પણ ન આપે કેમકે એ કાર્ય ગૃહસ્થોના છે. જે પ્રમાણે શાસ્ત્રમાં એનું વિધાન બતાવેલું છે તે પ્રમાણે ગૃહસ્થ કરે, અને જો ગૃહસ્થ એના વિષે મુનિરાજને પ્રશ્ન કરે તો શ્રી મુનિરાજ પણ શાસ્ત્રોકત વિધિ અનુસાર ઉપલા કાર્ય કરવાને તેમને જણાવે. આ પ્રમાણે કરવાથી તે કાર્ય સંબંધી હિંસાદોષ તો ગૃહસ્થોનેજ લાગે છે. પરંતુ ઉપલા કાર્યોમાં જે જે શ્રદ્ધાન, ભકિત અને ધર્મની પ્રભાવના થાય તે સંબંધી જે પુણ્ય ઉત્પન્ન થાય તેના ભાગી મુનિરાજ પણ થશે; કેમકે હિંસા ગૃહસ્થોની છે, તેથી હિંસા સંબંધી દોષ ગૃહસ્થો ઉપરજ છે, અને ગૃહસ્થ પણ જો હિંસારૂપ અભિપ્રાય કરે તો તે અશુભજ છે. જો પૂજા પ્રતિષ્ઠા વગેરે યત્નપૂર્વક કરે તોપણ તે કાર્યમાં જે હિંસા થાય તે ટળી શકતી નથી. જૈન સિદ્ધાંતમાં પણ એવું વાકય કહ્યું છે કે **"सावद्यलेशो बहु पुन्यराशिः" જેમાં પાપ થોડું હોય અને પુન્ય વિશેષ હોય તે કાર્ય ગૃહસ્થોએ કરવું યોગ્ય છે,** માટે ગૃહસ્થો પણ જેમાં લાભ વિશેષ હોય અને નુકશાન થોડું હોય એવું કાર્ય જરૂર કરે, પણ આ રીત મુનિઓની નથી, એ હેતુથી મુનિરાજ હિંસાના ફળથી રહિત છે.

દેવ અને ગુરૂઓને નિમિત્તે હિંસાનો આરંભજ જો ધર્મ માનવામાં આવે તો હિંસારહિત ધર્મ જે ભગવાને વર્ણવ્યો છે તે મિથ્યા થઇ જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

धर्म करत संसार सुख, धर्म करत निर्वाण।
धर्मपंथ साधन विना, नर तिर्यंच समान ॥

# प्रकरण १६ मुं.

## अभयरुचि क्षुल्लक पदमां.

શ્રી અભયરૂચિકુમાર ક્ષુલ્લક મારિદત્ત રાજાને કહેવા લાગ્યા–"રાજન્ ! શ્રી સુદત્તાચાર્યે ઉપર્યુક્ત બાર ભાવનાઓનું વર્ણન કર્યા પછી મને કહ્યું કે–હે વત્સ ! મેં જેવું આચરણ બતાવ્યું તે પ્રમાણે તું કર, એટલે તું ક્ષુલ્લક વૃત્તિ ધારણ કર, કેમકે મુનિવ્રત ધારણ કરવાને તું અસમર્થ થઇ જશે.

રાજન્ ! તે વખતે આચાર્યની આજ્ઞા મુજબ મેં સંસારસમુદ્ર પાર કરવાને જહાજ સમાન ક્ષુલ્લકવ્રત અંગીકાર કર્યું અને બીજા સઘળા વસ્ત્રાભરણોનો ત્યાગ કરીને એક સફેદ વસ્ત્ર અને લંગોટી માત્ર ગ્રહણ કર્યાં, તથાં માથાના કેશોનો હાથેથી લોચ કરીને પીંછી અને કમંડળ ધારણ કર્યાં.

તે પછી મદનો ત્યાગ કરીને મહારાજ યશોમતિ અને કુસુમાવળીએ મુનિ અને આર્જિકાના વ્રત ગ્રહણ કર્યાં.

તે શ્રી સુદત્તાચાર્ય ગુરૂ, જેમણે સર્વજ્ઞદેવ કથિત તપશ્ચરણ કરવામાં પોતાનું મન પૂર્ણ સ્થાપન કર્યું તથા જેમણે કામદેવરૂપ શત્રુનો નાશ કર્યો, તે ગુરુવર્ય પોતાના ધ્યાનમાં એ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તલ્લિન થયા કે ધ્યાનસ્થ વખતે જેમના પરસેવાને સર્પો પોતાની જી-ભથી ચાટે છે. તે મુનિનાયક તપના યોગથી એવા કૃશશરીર છે કે જેનાં હાડકાંપાંસળાં પોતાની મેળે કટકટાદિ શબ્દ કરે છે, જેમના ઉત્તમ તેજમૂર્તિ શરીરમાં સઘળી પાંસળી અને નસ દેખાય છે, અને તે તપસ્વી તપશ્ચરણ કરતા જગતના જીવોને અભય પ્રદાન કરે છે.

રાજન્ ! તે મુનિરાજ શીતકાળમાં રાત્રિસમયે નદી અથવા સરોવરના કિનારા ઉપર ધ્યાનસ્થ રહે છે, તે દયા પ્રતિપાળક મુનિરા-જ ! ઉન્હાળામાં પર્વતોના શિખર ઉપર તથા મરૂ ભૂમિ કે જ્યાં છાયાનું નામ પણ નહિ એવા નિર્જનસ્થાનમાં તે ગુરૂવર્ય પોતાના આત્માના ધ્યાનમાં તલ્લિન થાય છે, ત્યાં જેમને જરાપણ કષ્ટ થતું નથી, તે ગુ-ણુનિધિ ! ચોમાસામાં કે જ્યાં એક તરફ મેઘ ગર્જના કરે છે, વીજ-ળી ચમકારા મારે છે એવા સમયમાં તે મુનિરાજ વૃક્ષની નીચે પોતાના ધ્યાનમાં મગ્ન થાય છે.

તે સમદર્શી મહામુનિ ! સ્પર્શ ઇંદ્રિના આઠ પ્રકારના વિષયમાં સમભાવ ધારણ કરતા હતા તથા સ્વર્ગ અને મોક્ષના માર્ગને પ્રકટ બતાવતા, માયા મિથ્યા અને નિદાન એ પ્રમાણે ત્રણ શલ્યોનું નિરા-કરણ કરતા, પોતાના જ્ઞાનરૂપી અંકુશથી આઠ મદરૂપ મદોન્મત્ત હાથીને મદરહિત કરતા, અને માન અને અપમાનમાં સમભાવ ધારણ કરતા, શરીરથી નિસ્પૃહ થઇ ધ્યાનમાં તલ્લીન થાય છે.

તે ધ્યાનના ભંડાર ! વૃક્ષોની છાયા, પર્વતોની ગુફા અને સ્મશાન-ભૂમિમાં નિવાસ કરતા રાત્રિને સમયે ધનુષ, દંડ, મૃતક અને શય્યા એ પ્રમાણે કઠીન આસનોમાં થોડી નિદ્રા લઇને રાત્રિ વીતાવે છે; તથા દિવસમાં પણ ગોદુહાસન, વજ્રાસન, પદ્માસન, વીરાસન, ગજસુંડાસન વગેરે અનેક આસનોથી ધ્યાનમાં લીન થાય છે. વળી તે મહા મુનિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહીનો પંદર દિવસના ઉપવાસ ધારણ કરતા દીર્ઘ રોમાવલી સહિત, પોતાના મન વચન અને કાયને વશમાં લાવીને આત્માના ધ્યાનમાં ધ્યાનસ્થ થતા તથા પ્રસ્વેદ અને રજાદિ વડે લિપ્ત શરીર ધારણ કરતા પૃથ્વી સમાન ક્ષમાવાન, સુમેરૂ સમાન ધીર, આર્ત, રૌદ્ર એવા બે કુધ્યાનોથી રહિત, મમત્વ વર્જિત હમારા ગુરૂ સુદત્તાચાર્ય પૃથ્વી ઉપર પ્રમાદ રહિત જીવોની દયાયુક્ત ભ્રમણ કરતા આ નગરના બાગમાં આવેલા છે, અને તેજ યતિપતિની સાથે હમે પણ આવેલા છીએ અને શ્રી ગુરૂની આજ્ઞા પ્રમાણે ગુરૂના ચરણકમળોની વંદના કરી ફરવા નીકળેલા છિએ.

તપશ્ચરણ કરતા તથા જિન ભગવાનનું સ્મરણ કરતા હમે બન્ને માર્ગમાંથી જતા હતા કે હમને બન્ને ભાઈ વ્હેનને સિપાઇઓએ પકડી આ દેવીગૃહમાં હાજર કીધા.

**શ્રી અભયરૂચિકુમાર ક્ષુલ્લક** મારિદત્ત રાજાને કહેવા લાગ્યા—' હે રાજન્ ! આપના સિપાઇઓએ હમને બન્નેને અહીંયા લાવી આપની સન્મુખ ઉભા કીધા તે પછી જ્યારે આપે હમારૂં ચરિત્ર પૂછ્યું ત્યારે હમે હમારા કૃતકર્મવડે સંસારના પરિભ્રમણરૂપ સઘળું વૃત્તાંત આપને સંભળાવ્યું, હવે આપને જેમ રૂચે તેમ કરો.

## प्रकरण १७ मुं.

### मारिदत्त अने चंडीका सत्य धर्ममां तत्पर.

**ગ્રં**થકર્તા કહે છે કે ઉપર પ્રમાણે ક્ષુલ્લક મહારાજનું સઘ[ળું] જીવનચરિત્ર સાંભળીને મારિદત્ત રાજા અને ચ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ડીકાદેવી બન્ને જણુ સંસારથી ઉદાસચિત્ત થઇ ગયા, અને પ્રથમ સઘળા પશુઓના યુગલોનો ભોગ આપવાનો જે આરંભ કર્યો હતો તેનો નિષેધ કરી સત્ય ધર્મમાં તત્પર થયા અને પોતાના હૃદયમાં ચિંતવન કરવા લાગ્યા કે, આ લોકમાં પવિત્ર અને પ્રધાન બાળ યુગલ પૂજનિક છે તથા 'मस्तकोपरि तिष्टते चूडामणि' રત્નની માફક વંદનીક છે.

## बळीदाननी हिंसादि सामग्रीनो नाश.

આ પ્રમાણે ચિંતવન કરી મારિદત્ત રાજા, ચંડીકાદેવી, અને તેના ઉપાસક ભૈરવાનંદ વગેરે વસાઘૃતથી આદ્રિત, રસવાન માંસ-દિગંત વ્યાપ્ત રૂધિર, તથા અસ્થિ માંસ નસા જાલથી વ્યાપ્ત પણ મસ્તક રહિત કબંધ અને તેની સઘળી સામગ્રી મદ્યપાત્ર વગેરે કે જે ચંડીકાના મંદિરમાં બળીદાન માટે લાવવામાં આવી હતી તે સઘળી ફેંકી દઇને તે કાર્યથી વિમુક્ત થયા.

## वननी सुंदरता.

તે પછી રાજાએ કર્મચારિયોને બોલાવીને કહ્યું કે તમે જલ્દી જઇને ઉપવનને સુશોભિત કરો. રાજાની આજ્ઞા થયેથી સઘળા કર્મચારિયોએ તરતજ નિર્મળ વનમાં જઇને મુક્તાફળોની જાળી તથા રેશમી કપડાના મંડપ અને રત્નજડિત ચંદરવા વગેરેથી તે વનને એવું સુશોભિત કર્યું કે જાણે બીજું સ્વર્ગવિમાનજ સ્વર્ગની લક્ષ્મીને છોડીને પૃથ્વી ઉપર આવ્યું છે.

સઘળું વન શોભાયમાન કરીને કર્મચારીયોએ રાજાની પાસે જઇને કહ્યું,-"મહારાજ ! આપની આજ્ઞાનુસાર સઘળું વન શોભાયુક્ત થઇ ગયું છે. કર્મચારિયોનું આ પ્રમાણે કહેવું સાંભળીને ચંડિકા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવી કે જે દૂરપારૂપથી ઉભી હતી તે પ્રગટ થઇને મહારાજા મારિદત્તને કહેવા લાગી—"રાજન્! જો કે આપના કર્મચારિયોએ ઉપવનને શૃંગારિત કર્યું છે, તોપણ હું તેને શ્રી ક્ષુલ્લક મહારાજના વિનાશ યોગ્ય તપોવન બનાવીશ."

## તપોવનમાં ક્ષુલ્લકયુગલનો આદર.

રાજાએ કહ્યું-માતુશ્રી! જેમ આપની અભિલાષા હોય તેમ કરો. આ પ્રમાણે રાજાની આજ્ઞા લઇને ચંડિકાદેવીએ પોતાના અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશત્વ અને વશિત્વ એવા આઠ ગુણોવડે તે વનને વધારે શોભિત કર્યું, અને પછી અભયરૂચિકુમાર ક્ષુલ્લક અને અભયમતિ ક્ષુલ્લકી તથા રાજા મારિદત્ત અને ભૈરવાનંદને મહોત્સવપૂર્વક તપોવનમાં સાથે લઇ ગઇ અને ત્યાં દેવોપુનિત સિંહાસન ઉપર ક્ષુલ્લક યુગલને બિરાજમાન કરીને પછી પોતે પ્રગટ થઇ શ્રી ક્ષુલ્લક મહારાજની સામે ઉભી રહી.

તે ચંડમારી દેવી કે જે પહેલાં અસ્થિ, માંસ, રૂધિર વગેરેથી સર્વાંગ વ્યાપ્ત હતી, તથા મનુષ્યોના હાડકાંની માળા કંઠમાં ધારણ કરેલી મહા ભયાનક મૂર્તિ હતી તે શ્રી ક્ષુલ્લક મહારાજના ઉપદેશને શ્રવણ કરી પોતાના અસલી દેખાવમાં આવીને સઘળા હિંસાદિ કર્મનો ત્યાગ કરી સૌમ્યવદન થઇ ગઇ. તે મનોહરા સર્વાંગ સુંદર દેવોપુનીત વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત જૈન માર્ગમાં લીન થઇ હિંસા માર્ગનો ત્યાગ કરતી, અને પૂર્વે એકઠાં કરેલાં જીવોના યુગલો ઉપર દયાપૂર્વક વાત્સલ્ય ધારણ કરતી શ્રી ક્ષુલ્લક મહારાજની સામે ઉભી રહી.

## ક્ષુલ્લક મહારાજનો ચંડમારીને ઉપદેશ.

એ પછી ગુરૂનાં ચરણોને નમસ્કાર કરીને ચંડમારીદેવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



ચંડીકાદેવી પ્રત્યક્ષ થઇ પ્રણામ કરીને ક્ષુલ્લક મહારાજનું પૂજન કરે છે. [ જુઓ પાનું ૧૬૮ ]

( સોલાપુરનિવાસી શેઠ હરીભાઇ દેવકરણ ગાંધી તરફથી પ્રાપ્ત. )

'Jain Vijaya' Press—Surat.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહેવા લાગી,–" સ્વામી ! આપ ફક્ત કૃત્રિમ કૂકડાને મારવાથી સઘન ભવવનમાં ભટકયા, તો મેં અસંખ્ય જીવોને પોતાની માયાથી ભક્ષણ કર્યાં અને રૂધિરના સમુદ્રમાં સ્નાન કર્યું, માટે હું એ પાપથી શી રીતે મુકત થઇશ ? હે દયાનિધિ ! ભેંસ, બળદ વગેરે જીવોનું હિંસાજનિત પાતક જ્યાંસુધી મને ગ્રાસીભૂત ન કરે ત્યાંસુધી આપ મારી રક્ષા કરો. હે દેવ ! હું પૂર્વે કરેલાં તીવ્ર પાપથી મુકત થવાના પ્રાયશ્ચિત્તરૂપ તીવ્ર તપનું આચરણ કરીશ, કે જેથી જીવવધથી ઉત્પન્ન થએલી હિંસાનું પાપ નાશ પામે.

આ પ્રમાણે પાપથી કંપિત દેવીના વિનયપૂર્વક વચન સાંભળીને ક્ષુલ્લક મહારાજ કહેવા લાગ્યા–"હે દેવી ! ઉત્પાદ શય્યાથી ઉત્પન્ન થયેલા સપ્ત ધાતુ ઉપધાતુ રહિત શરીરના ધારક, વાત, પીત અને કફજનિત રોગોથી વિમુકત, સારરૂપ શબ્દ અને મનના મૈથુન સહિત તથા કામ રહિત તથા એક એક હાથથી અનેક ધનુષ પ્રમાણ દેહના ધારક દશ હજાર વર્ષથી તેત્રીસ સાગરપર્યંત આયુના ભોકતા **વ્યંતરદેવોને** સર્વાર્થસિદ્ધિના અહિમેંદ્ર પર્યંત, એ પ્રમાણે સઘળા દેવોમાં તપશ્ચરણ નથી, કેમકે **દેવોને ઉત્કૃષ્ટ ચાર સ્થાન** થાય છે, જેથી અવ્રત પર્યંત રહે છે એટલે સમ્યગ્દર્શન તો થઇ જાય છે, પરંતુ શ્રાવકના વ્રત પણ કે જે દેશવ્રત નામના પાંચમા ગુણસ્થાનમાં થાય છે, તે જો ન થાય તો મુનિવ્રત કે જે પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનમાં થાય છે તે કેવીરીતે થઇ શકે ?

હે દેવી ! આ ચતુર્ગતિરૂપ સંસારમાં બીજા પણ અસંખ્ય જીવ એવા છે કે તેઓ તપશ્ચરણ ગ્રહણ કરી શકતા નથી.

**ચંડમારીએ** કહ્યું–સ્વામિ ! જો તેનું કથન મને સંભળાવો તો કૃપા થશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**ક્ષુલ્લક મહારાજે** કહ્યું–પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને પવનકાય એ પ્રમાણે આહાર, શરીર, ઇંદ્રિય અને શ્વાસોશ્વાસ એ પ્રમાણે ચાર પ્રાણધારક જ્ઞાન રહિત એકેંદ્રિય જીવોથી દીક્ષા ગ્રહણ થતી નથી. ઉપલા પાંચ સ્થાવરો સિવાય પોરા, ચેળ, વગેરે બે ઇંદ્રિ, કીડી વગેરે ત્રીઇંદ્રિય અને ભ્રમર વગેરે ચૌઇંદ્રિય, એજ પ્રમાણે વિકલત્રય જીવોથી પણ દીક્ષા ગ્રહણ થતી નથી. એજ પ્રમાણે અસૈની પંચેંદ્રિય તથા સૈની પંચેદ્રિય તિર્યંચોમાં પણ દીક્ષા ધારણ થતી નથી, પરંતુ એટલું અવશ્ય છે કે જે પંચેંદ્રિય સૌમ્ય સ્વભાવી **તિર્યંચ છે તેને પંચમ ગુણસ્થાન થવાથી શ્રાવકના વ્રત થાય તો થઈ શકે છે,** પરંતુ મુનિવ્રત થઇ શકતું નથી. મુનિવ્રત તો ફક્ત મનુષ્યપર્યાયમાંજ થાય છે.

**હે દેવી !** મનુષ્યોમાં પણ જે પારકાને ઠગવામાં તૈયાર, બીજાની વધારે ચીજ લેવી, અને પોતાની ઓછી આપવી, જૂઠી સાક્ષી આપવી, પરજીવોના ઘાતમાં કઠોર પરીણામી, માયાચારી, અતિશય ક્રોધી, સપ્ત વ્યસનને સેવવાવાળો, હલવાઇનો વ્યાપાર, લોઢા પીતલનો વ્યાપાર, લાખ, સાકર, અનાજ વગેરેનો વ્યાપાર કરવાવાળાને પણ જિનદીક્ષા ન થાય.

**હે સુકોમળા !** રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા અને મહાતમપ્રભા, એવી **નરકની સાત પૃથ્વીના** નારકિયોમાં તપશ્ચરણ થઇ શકતું નથી. ફક્ત ઉપલા નારકિયોને સમ્યગ્દર્શન થઇ જાય છે.

પળી તિર્યંચોમાં પણ જે સર્પ, નોળીયો, ઘોડા, ભેંસ, હાથી વગેરે **સ્થલચર**, અને માછલી, મગર વગેરે **જલચર**, અને ગીધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાગડો, ઘૂવડ, વગેરે **નભચર** જીવોને પણ જિનદીક્ષા થઇ શકતી નથી. હા ! જો કોઇ મહાત્માનો ઉપદેશ મળી જાય અને **કાળલબ્ધિ** પાસે આવી જાય તો સમ્યગ્દર્શન તથા શ્રાવકનાં વ્રત થઈ શકે છે.

**હે દેવકામિની !** મનુષ્યોમાં પણ સ્ત્રી, બાળક, વૃદ્ધ, મુનિઘાતક, પરસ્ત્રીલંપટ, મદ્ય માંસ મધુના લંપટી, જુગારી, વેશ્યાસક્ત, જૈનધર્મના નિંદક, ચોર, કર્મી, શિકારી, નિર્દયપરિણામી, બીજાને લઢાવનારો, બીજાના ધન ઐશ્વર્યને જોઇ ઝુરવાવાળો ઇત્યાદિ જેટલા નિર્દય પરિણામી હિંસાના વ્યાપારમાં મગ્ન રહેવાવાળા છે **તે**મને પણ મુનિવ્રત થઇ શકતું નથી. હા, જ્યારે તેઓ સદ્ઉપદેશથી પૂર્વકર્મનો ત્યાગ કરીદે, ત્યારે અવસ્ય થઇ શકે છે.

**દેવી !** જો કે સઘળી પર્યાયોમાં **મનુષ્યપર્યાય ઉત્તમ** છે કેમકે મોક્ષનો ઉપાય એ પર્યાય સિવાય બીજામાં નથી, પરંતુ જે મૂર્ખ મોક્ષનાં સાધનોથી અજાણ થઇને વિષયમાં લંપટી થતો હિંસાદિક કર્મમાં પ્રવૃત્તમાન થાય છે, તે મોટા રૌરવ નર્કમાં પડે છે. ત્યાં માનસિક દુઃખ તો છેજ પરંતુ ક્ષેત્રજનિત અને અસુરકુમારોવડે પરસ્પર લડવાથી ત્રીજા નર્ક પર્યંત અતિ ત્રાસિત થાય છે. એ નારકી અત્યંત પરિગ્રહ ધારવાથી, અને નર્કની પૃથ્વીમાં વિહાર કરવાથી અનંત દુઃખોના પાત્ર થાય છે, કે જ્યાં આંખના પલકારા જેટલો વખત પણ સુખ નથી.

**નર્કના નારકીઓ** પરસ્પર શસ્ત્રપ્રહાર કરતાં, કંપિત શરીર થતા એક બીજાના ટૂકડા ટૂકડા કરે છે તોપણ પારાની માફક પાછા મળી જાય છે, એ સિવાય નારકીઓનું શરીર તરવારથી કાપવામાં આવે, ત્રિશૂળથી છેદવામાં આવે, ઘાણીમાં પીલવામાં આવે, તોપણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આયુ પૂર્ણ થયા વિના નાશ પામતા નથી. સાતે ભૂમિયે વડે કરેલા અંતરયુક્ત ચોર્યાસી લાખ બીલોના ઉદરમાં પ્રાપ્ત થયેલા નારકીઓમાં જિનદીક્ષા નથી, તેમજ પર જન્મનાં વૈરાનુબંધના બળથી જાણવાવાળા તથા શરીરને વિક્રિયાથી ઉત્પન્ન કરેલા આયુધોથી પરસ્પર યુદ્ધ કરવાવાળા નારકિયોમાં મુનિવ્રત નથી. નિત્ય રૌદ્ર પરિણામી સંહારકર્તા સાત પ્રકારના નારકિયોમાં જિનદીક્ષા થતી નથી. એજ પ્રમાણે અનેક સુખોના આસ્વાદક અને અનુપમ ક્રીડામાં રત એવા દેવોમાં પણ જિનદીક્ષા થતી નથી.

એ સિવાય કલ્પવૃક્ષોથી ઉત્પન્ન થયેલા, અનેક પ્રકારના પદાર્થોને સેવવાવાળા અને મરણ કરીને દેવગતિમાં જવાવાળા ભોગભૂમિ અથવા મનુષ્યોમાં પણ તપશ્ચરણ થતું નથી. તથા જે મિથ્યામતી અને તેના ભક્ત કુચારિત્રી, તાપસી, ભેષી, કુપાત્ર દાનના દાતા, વિપરીત કણ પલ્લવ સમાન મુખના ધારક, કુભોગ ભૂમિના મનુષ્ય તથા આઠસો પચાસ મ્લેચ્છખંડના મનુષ્યોમાં પણ **તપશ્ચરણ** નથી. જંબુદ્વીપ, ધાતકીખંડદ્વીપ અને પુષ્કરાર્દ્ધ એ પ્રમાણે અઢાઇદ્વીપના અંતીમ જીવોમાં એકસો સત્તર કર્મભૂમિયોના મનુષ્યોમાં જોકે જિનદીક્ષા અને મોક્ષનો સદ્ભાવ છે, તોપણ નિમ્નલિખિત ક્રિયા વગર મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

જે પુરૂષ ઉપરોક્ત કર્મભૂમિયોમાં ઉત્પન્ન થઇને શ્રી ગુરૂને નમસ્કાર કરી ગર્વ અને કુટિલ ભાવો તજી પંચેંદ્રિયજનિત સુખને તૃણ સમાન ગણી તપશ્ચરણ કરે છે તે મુનિપુંગવ થોડા દિવસમાંજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ એવી **ચાર આરાધનાઓનું** ફળ-અવિચળ કેવળજ્ઞાનને પ્રાપ્ત થઇ જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવ અને નારકિયોમાં સમ્યક્ત્વ તો થઈ જાય છે, પરંતુ તે ભવમાં તપશ્ચરણ થતું નથી. એજ પ્રમાણે ભોગભૂમિના મનુષ્યોમાં સમ્યગ્દર્શન થાય છે પરંતુ જિનદીક્ષા થતી નથી. તિર્યંચોમાં સમ્યગ્દર્શન અને શ્રાવકના વ્રત પણ થાય છે પરંતુ તપશ્ચરણ થતું નથી. અને કર્મભૂમિના મનુષ્યોમાં સઘળા વ્રત થાય છે, કેમકે **મહાવ્રતરૂપી ભાર ન સહન કરવામાં મનુષ્યજ સમર્થ છે.**

## चंडिकानी क्षुल्लक महाराजने प्रार्थना.

આ પ્રમાણે શ્રી મુનિરાજના ઉપદેશને શ્રવણ કરી સંસારનાં દુઃખોથી ભયભીત થઇને તે ચંડિકાદેવી સમ્યગ્દર્શન ધારણ કરી શ્રી ક્ષુલ્લક મહારાજને નમસ્કાર કરીને સુમધુર વાણીથી કહેવા લાગી—"હે નાથ! આપે મને ચતુર્ગતિરૂપ અત્યંત ભયાનક ઘોર સંસારસમુદ્રમાં પડતી તારી છે. હે સ્વામિ! આપ દેવોના દેવ અને જૈનસિદ્ધાંતના પૂર્ણ જાણકાર છો, જેથી આપ મારા સ્વામી છો, અને હું આપના ચરણોની દાસી છું. સ્વામી! આપે કહ્યું કે દેવપર્યાયમાં તપશ્ચરણ નથી, તે તો ઠીકજ છે પરંતુ કહો કે મારે હવે શું કરવું જોઇએ? આપ કૃપા કરી તે કહીને મને સંતોષિત કરો."

ક્ષુલ્લક૦—"જે પુરૂષના શરીરમાં ઘા અથવા ગુમડું નથી હોતું, તેના ઉપર માખી બેસતી નથી, એજ પ્રમાણે જે સર્વે વસ્તુથી નિર્મમત્વ રાખે છે, તે કોઇનું આપેલું ગ્રહણ કરતો નથી."

ચંડિકા૦—હે ગુણરત્નભંડાર! આપે સંક્ષેપમાત્ર વર્ણન કર્યું તે હું પૂર્ણ રીતે સમજી ગઇ છું, આપની આજ્ઞાનુસારજ કરીશ.

ક્ષુલ્લક૦—હે દેવી! જો તું મારા વચન પ્રમાણે પરોપકારપૂર્વક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવદયામાં તત્પર રહેશે અને જિન વચનો ઉપર શ્રદ્ધાન રાખશે તથા ધર્માત્માઓની રક્ષા કરશે તો જરૂર તારૂં કલ્યાણ થશે.

## राजाने चंडिकानो आदेश.

આ પ્રમાણે ક્ષુલ્લક મહારાજનાં વચનોથી સંતુષ્ટમાન થતી ચંડિકાદેવીએ મહારાજના ચરણોને ફરી ફરી નમસ્કાર કરીને તેમની આજ્ઞા શિરોધારણ કરી, અને શ્રી ગુરૂરાજની સમક્ષ રાજાને કહેવા લાગી—"હે રાજન્! આજ સુધી જે થયું તે થયું પરંતુ હવે આજથી કોઇ જીવની બીલકુલ હિંસા કરવી નહીં. પૃથ્વીનાથ! આજથી આપના સઘળા રાજ્યમાં એ વાતનો ઢંઢેરો પીટાવી દેવો જોઇએ કે સઘળી પ્રજા સૌમ્યભાવ ધારણ કરી રૌદ્રભાવને ત્યાગો અર્થાત્ જે પુરૂષ સ્ત્રી બાળક અને વૃદ્ધ વનમાં, ઉપવનમાં અથવા પોતાના ઘરમાં કે દેવીના મંદિરમાં સાક્ષાત્ પશુની અથવા કૃત્રિમ પશુની દેવતાઓને નિમિત્તે હિંસા કરશે, તેનો હું ઘર કુટુંબસહિત નાશ કરીશ."

આ પ્રમાણે ચંડિકાદેવીના આદેશપૂર્ણ વચન સાંભળીને મારિદત્ત રાજા કહેવા લાગ્યા—"માતુશ્રી! આપની આજ્ઞા થતાં પહેલાંજ શ્રી ક્ષુલ્લક મહારાજના ઉપદેશથી મારૂં હૃદય જીવહિંસાથી સકંપ થઇ ગયું હતું, કેમકે ક્ષુલ્લક મહારાજે તો યશોધરના ભવમાં કૃત્રિમ કુકડોજ કુળદેવીને અર્પણ કર્યો હતો, તે પાપથી એમણે સંસારમાં જે પરિભ્રમણ કર્યું તેનું ચરિત્રજ હૃદયવિદારક છે. હે ચંડિકા! એવો કોણ પાષાણહૃદયનો હશે કે જે શ્રી ગુરૂનું ભવાંતર સાંભળી જીવહિંસાથી ભયભીત ન થાય? મેં ભૈરવાનંદની આજ્ઞા પ્રમાણે અનેક જીવોના યુગલ એકઠા કર્યાં, તેનાથી મારૂં હૃદય ભયથી સકંપ થઈ રહ્યું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમાં વળી આપની આજ્ઞા થઇ, માટે હવે તો અવશ્યજ મારા રાજ્યમાં જીવહિંસા થવા દઈશ નહીં.

## चंडिकानुं अदृश्य थवुं अने मारिदत्त राजानुं क्षुल्लक प्रत्ये निवेदन.

આ પ્રમાણે મારિદત્ત રાજાને આજ્ઞા કરીને અને શ્રી મુનિરાજને નમસ્કાર કરીને શ્રી ગુરૂની આજ્ઞાનુસાર ચંડિકાદેવી અદૃશ્ય થઇને પોતાને સ્થાને ચાલી ગઇ. તે પછી પોતાના ગુણોની નિંદા કરતો મારિદત્ત રાજા પોતાના હૃદયમાં શુદ્ધ બુદ્ધના ધ્યાનમાં રત અને દિગ્ગજ સમાન ગતિના ધારક શ્રી ક્ષુલ્લક મહારાજના ચરણોને નમસ્કાર કરી કહેવા લાગ્યો— "સ્વામી ! આપે પોતાની માતાના આગ્રહથી કૃત્રિમ કૂકડાનો ઘાત કરી તેને કુળદેવતાને અર્પણ કર્યો, તે પાપથી આપ સંસારવનમાં આટલું ભમ્યા અને એટલું દુઃખ ભોગવ્યું કે જેનો પારાવાર નથી, અને મેં જે અનેક જીવોના યુગલોનો ઘાત કર્યો કે જેને જોવાથી વજ્ર હૃદય પણ દયામયી થઇ જાય, પરંતુ મારા હૃદયમાં જરાપણ દયા ન આવી.

## जिनदीक्षा माटे मारिदत्त राजानी मांगणी.

"હે નાથ ! ઉપરોક્ત પાપકર્મથી નારકી જીવોના રણથી વ્યાપ્ત અંધકારમય નારકિઓના કોલાહલ શબ્દથી પૂર્ણ અને મહા રૌરવ નર્કમાં પડીને દુઃસહ વેદનાનો પાત્ર બનીશ. હે ગુણરત્નાકર ! ઉપલા પાપની શાંતિને માટે સઘળા પાપોની નિવૃત્તિ કરવાવાળી નિર્ગ્રંથ વૃત્તિનુંજ આચરણ કરીશ, કેમકે જ્યાંસુધી નિર્જન વન, ગિરી, ગુફા વગેરેમાં નિવાસ કરી દિગંબરી વૃત્તિ ધારણ કરી પાણીપાત્ર આહાર ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરૂં ત્યાંસુધી સંસારરૂપી દૃઢ પાસથી મુક્ત થવું કષ્ટસાધ્યજ નહીં પરંતુ અસંભવ છે માટે આપ મને જિનદિક્ષા આપીને કૃતાર્થ કરો."

આ પ્રમાણે રાજાનું કથન સાંભળીને ક્ષુલ્લક મહારાજે કહ્યું,–" રાજન્! આપનો વિચાર ઘણો ઉત્તમ છે પરંતુ હું પોતે મહાવ્રતનો ધારક મુનિરાજ નથી, જેથી હું આપને દીક્ષા આપી શકતો નથી. એ સિવાય એવો પણ એક નિયમ અને આચારવ્યવહાર છે કે જો પોતાના ગુરૂ નજીકમાં હોય તો પોતે કોઇને દીક્ષા ન આપે, અને જો કદાચ હઠ કરીને આપે તો તે પાપીઓની પંક્તિમાં ગણાય, તે માટે હું તમને મારા ગુરૂ શ્રી સુદત્તાચાર્યની પાસે લઇ જાઉં છું, તે આપને દીક્ષા આપશે.

## मारिदत्त राजा सुदत्ताचार्यनी हजूरमां.

આ પ્રમાણે ક્ષુલ્લક મહારાજનું કહેવું સાંભળીને રાજા આશ્ચર્યયુક્ત થઇ પોતાના હૃદયમાં વિચારવા લાગ્યો–" આહા! જગતમાં તપસ્યા સમાન કોઇ મોટું નથી, કેમકે સઘળા મનુષ્યોમાં હું પૂજ્ય, મારાથી પૂજ્ય ચંડિકાદેવી, તથા દેવીના ગુરૂ ક્ષુલ્લક મહારાજ, અને ક્ષુલ્લક મહારાજના પણ ગુરૂ સુદત્તાચાર્ય છે. આ સઘળો તપનો મહિમા છે.

આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરી ફરી વિનયપૂર્વક હાથ જોડી રાજાએ ક્ષુલ્લક મહારાજને કહ્યું–" ધર્મરત્ન ભંડાર સ્વામિ! આપના ગુરૂ ક્યાં છે? આપ મને તેમની પાસે લઇ ચાલો, હું આવવાને તૈયાર છું." પછી ક્ષુલ્લક મહારાજ રાજાને સુદત્તાચાર્યની પાસે લઇ ગયા. તે શ્રી સુદત્તાચાર્ય મહામુનિ! અવધિજ્ઞાન નેત્રના ધારક; દેવ મનુષ્યોથી પૂજ્ય, આઠ મદોને નિર્મદ કરી મોહમલ્લને જીતી તે તપમાં બેઠેલા દયાનિધિ દિગંબરાચાર્ય દશ ધર્મને ધારણ કરતા પોતાના આત્માના ધ્યાનમાં મગ્ન છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવા મહા તપસ્વી આચાર્યની પાસે જઇને ક્ષુલ્લક મહારાજ અને મારિદત્ત રાજાએ જગતપૂજ્ય ગુરૂના ચરણોની વંદના કરી અને મસ્તક નમાવીને શ્રી ગુરૂની પાસે બેઠા. પછી શ્રી ગુરૂ સુદત્તાચાર્યે રાજાને ધર્મવૃદ્ધિ આપી, જેને રાજાએ સંતુષ્ટ મનથી ગ્રહણ કરી.

તે પછી રાજાએ હર્ષિત થઇ ગુરૂને નમસ્કાર કરી કહ્યું—"સ્વામી! મને આપનું ભવાંતર સાંભળવાની ઇચ્છા છે, તથા આ મસ્તક નીચું કરી **ગોવર્ધનશેઠ** બેઠા છે, એમના ભવોની કથા, મારા સંસારભ્રમણની કથા, આ શાંતચિત્ત થયેલા ભૈરવાનંદનું ચરિત્ર, ચંડમારી દેવીના ભવોનું વૃત્તાંત, તથા ગુણપૂર્ણ પ્રધાન પુરૂષ યશોધર રાજા, ચંદ્રવદની ચંદ્રમતિ રાણી તથા મહા અવગુણોની ખાણ દુશ્ચારિણી પાપિષ્ટા **અમૃતમતિ**, જગતપ્રસિદ્ધ વિનયગુણયુક્ત યશોમતિ રાજા અને લજ્જાવતિ વિનયવતિ કુસુમકુમારી એ સઘળાનું ભવાંતર આપ કૃપા કરીને કહો, કે જેથી અમારો સંશય દૂર થાય. એ સિવાય ઘોડાના ભવનું પણ વર્ણન કરો."

**શ્રી સુદત્તાચાર્યે કહ્યું**—"રાજન્! જો તારી એવીજ ઇચ્છા છે તો હું કહું છું, તું ચિત્ત રાખીને સાંભળ કે જેથી તારા હૃદયનો સંશયતિમિર નાશ થઇને જ્ઞાનસૂર્યનો પ્રકાશ થઇ જાય."

# પ્રકરણ ૧૮ મું.

## મુનિ, રાજા વગેરેના ભવાંતરનું કથન.

**શ્રી** આચાર્ય૦—"રાજન્! ઉત્તમ રિદ્ધિયુકત પ્રસિદ્ધ ગંધર્વ નામનો દેશ છે અને તે દેશમાં અંધગિરી નામનો શોભાયમાન પર્વત છે. તે પર્વતની ઉપર ધનકણ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વડે પૂર્ણ ઘરોની હાર અને શુભાચારી મનુષ્યોના નિવાસયુક્ત **ગંધર્વપુર** નામની નગરી છે. તેમાં રાજમાર્ગનો જાણકાર **વૈદર્ભ** નામનો રાજા થયો, તે રાજા અસદૃશ્ય દાન અને ભોગોથી ચિન્હિત શરીરનો-ધારક, શત્રુ વર્ગના બળનો ઘાતક, અને રાજનીતિમાં નિપુણ ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતો હતો. એ રાજાને **વિંધ્યશ્રી** નામની અતિ મનોહર પ્રતિવ્રતા સ્ત્રી હતી, જેની રૂપસંપદાને જોઇને દેવાંગના પણ લજ્જિત થતી હતી. તે વિંધ્યશ્રી રાણીની કૂખે કામદેવસમાન અનુપમ રૂપનો ધારક **ગંધર્વસેન** નામનો પુત્ર ઉત્પન્ન થયો તથા અતિ કોમળ અને ક્ષીણ શરીરને ધારણ કરવાવાળી ઉત્તમ લક્ષણો-યુક્ત **ગંધશ્રી** નામની પુત્રી ઉત્પન્ન થઇ. આ પુત્ર-પુત્રીનું મનોહર જોડું એવું ભાસતું હતું કે જાણે વિધાતાએ પોતે તેનું લાલન પાલન કરી જગત્‌માં ઉત્તમ રૂપલાવણ્યયુક્ત કર્યું છે. તે જોડું જેવું રૂપવાન હતું તેવુંજ સ્વભાવે કરી સૌમ્ય અને મધુર વચનોવડે લોકોનું મન રંજન કરતું હતું. વળી તે જોડું પોતાની બાળલીલાથી સઘળા પુરજન અને પરિજનને પ્રિય હતું, જેનો વિદ્યાભ્યાસ સુરીતિઓનો બોધક અને જ્ઞાનવૃદ્ધિનું મુખ્ય કારણ હતું."

"તે માનને રચવાવાળો સજ્જન પુરૂપરૂપ કમળોનો દિવાકર, દુષ્ટ-જનરૂપ ગજરાજને સિંહસમાન અને દીર્ઘજીવી રાજા પોતાની પુત્રીને પુત્રસમાન ગણતો રાજ્ય ભોગવતો હતો. હવે આ રાજાનો વિદ્યાવિ-શારદ, રાજ્ય કારભાર ચલાવવામાં ચતુર **રામ** નામનો **મંત્રી** હતો, જેને **રૂપલાવણ્યગુણવિશિષ્ટા** પતિવ્રતા અને પોતાના પતિની અનુગામિની **ચંદ્રલેખા** નામની પ્રિય સ્ત્રી હતી. એ ચંદ્રલેખાને પેટથી ઉત્પન્ન થયેલો દોષ-ગર્વભયરહિત, રૂપગુણનો પાત્ર, શત્રુઓનો નાશક **જિતશત્રુ** નામનો પુત્ર પૃથ્વીપર પ્રસિદ્ધ હતો. તે જિતશત્રુનો

P.P. Ac. Gunratnasuri M.S.     Jun Gun Aaradhak Trust

ભીમ નામનો નાનો ભાઈ પાપકર્મમાં ચતુર, ભીમસમાન બળવાન અને કપટચાતુર્યતામાં નિપુણ હતો."

શ્રી સુદત્તાચાર્ય મારિદત્ત રાજાને કહેવા લાગ્યા—" રાજન્ ! તે વૈદર્ભ નામનો રાજા પોતાની ચાતુર્યતા અને ન્યાયપરાયણતાપૂર્વક રાજ્ય કરતો કાળ વ્યતીત કરવા લાગ્યો, એવામાં એક દિવસ સખીયોની સાથે ક્રીડા કરતી ગંધર્વશ્રી નામની પોતાની પુત્રીને યૌવનારૂઢ જોઈ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે પુત્રી વિવાહયોગ્ય થઇ છે જેથી એને માટે કોઇ વર ઢૂંઢવો જોઇએ. એવો વિચાર કરી પોતાની પ્રિય સ્ત્રી વિંધ્યશ્રીને કહ્યું—પ્રિયા ! આજ પુત્રીને જોઇને મને તેના વિવાહની ચિંતા ઉત્પન્ન થઈ છે. જેવી રૂપવતી ગુણવતી અને રૂપલાવણ્યયુક્ત આપણી પુત્રી છે તેવોજ વર પણ હોવો જોઇએ.

વિંધ્યશ્રી૦—" પ્રાણનાથ ! આપનું કહેવું સાચું છે, પણ હું તો પુત્રીનો જન્મ અને પાલનપોષણની અધિકારીણી છું અને કન્યાનો વિવાહ અને યોગ્ય વરની શોધ કરવી આપના અધિકારમાં છે, માટે આપજ યોગ્ય વરની શોધ કરો. "

રાજા૦—" પ્રિયે ! તમારૂં કહેવું સત્ય છે, પરંતુ તમને પૂછી લેવું તે પણ ઉચિતજ છે."

આ પ્રમાણે રાણી સાથે વાતચીત કરી રાજાએ દ્વારપાળને બોલાવી મંત્રીમંડળને ભેગા કર્યા અને કહ્યું—હે મંત્રીઓ ! આજે પોતાની સખિયો સાથે ક્રીડા કરતી પુત્રીને જોઇને તેના વિવાહની ચિંતા ઉત્પન્ન થઇ છે, માટે તમે યોગ્ય વર અર્થાત્ જેવી કન્યા છે તેવોજ વરની શોધ કરો. "

રામમંત્રી૦—" પૃથ્વીનાથ ! આપની આજ્ઞા શિરોધારણ કરૂં છું. જો કે પ્રતાપી રાજાઓના અનેક પુત્રો છે તથાપિ પુત્રીના યોગ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વર દેખાતો નથી કેમકે નીતિશાસ્ત્રમાં સપ્ત ગુણયુક્ત વર કહ્યો છે. ઉત્તમ કુળ, સુંદર લોકપ્રિય સ્વભાવ, નીરોગ શરીર, પૂર્ણ આયુ, લૌકિક અને પારમાર્થિક વિદ્યા, યોગ્ય ધન અને સ્વામિત્વ એ પ્રમાણે સાત ગુણોની પરીક્ષા લેવી, પછી તો કન્યાનું ભાગ્ય છે. સ્વામી ! ઉપર પ્રમાણે ગુણવિશિષ્ટ રાજપુત્ર મારી નજરમાં આવતા નથી, કેમકે બહુ શોધ કર્યા છતાંપણ કોઇ જગ્યાએ કુળ છે, તો બીજા ગુણ નહીં, વગેરે કોઇમાં પણ સાત ગુણ પુરા જોવામાં આવતા નથી, તે માટે મારી સમ્મતિ તો એવી છે કે પુત્રી પોતેજ યોગ્ય વરને જોઇને તેના કંઠમાં વરમાળા નાંખે, તો ઘણું ઉત્તમ થશે, કેમકે ગંધશ્રી પુત્રી પોતે સામુદ્રિકાદિ અનેક શાસ્ત્રોની જાણકાર છે, તેજ યોગ્ય વરને વરે, તો ઉત્તમ છે."

રાજા૦—"તો શું સ્વયંવર મંડપ બનાવવો પડશે ?"

મંત્રી૦—"મહારાજ ! જરૂર તેમ કરવું પડશે અને સઘળા રાજપુત્રોને આમંત્રણ આપવું પડશે."

આ પ્રમાણે રાજમંત્રીનું કહેવું સાંભળીને રાજાએ બીજા મંત્રીઓની સલાહ માંગી, તો તે સઘળાઓએ પણ એવીજ સલાહ આપી, જેથી મહારાજ વૈદર્ભે સઘળા મંત્રીઓની સંમતિથી **સ્વયંવર** કરવાની મંત્રીઓને આજ્ઞા આપી કે જલ્દીથી સ્વયંવરમંડપ તૈયાર કરો, અને સઘળા રાજપુત્રોને આમંત્રણપત્ર મોકલી દો.

બુદ્ધિશાળી મંત્રીઓએ સ્વયંવરને માટે અત્યુત્તમ અનેક સ્થંભોનો મોટો મંડપ તૈયાર કરી રાજપુત્રોને બેસવાને માટે રમણિક મનોરંજક સ્થાન નિર્માણ કર્યાં અને પછી અનેક દેશોના પધારેલ રાજપુત્રોનું સ્વાગત ઘણીજ ઉત્તમ રીતે કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પછી જ્યારે સઘળા રાજકુમાર પોતપોતાના વસ્ત્રાભૂષણોથી સજ્જિત થઇને મંડપમાં બેઠા ત્યારે રાજપુત્રી ગંધશ્રીએ પોતાની સખીયો સહિત સ્વયંવરમંડપમાં આવીને સઘળા રાજકુમારોપર નજર કરી, તે વખતે વૃદ્ધ ખોજાએ સઘળા કુમારોના નામ, કુળ, ગુણ, સ્થાન, પરાક્રમ વગેરેનું વર્ણન કર્યું, પરંતુ રાજપુત્રીના હૃદયમાં એકપણ રાજપુત્રે પ્રવેશ ન કર્યો, પણ રામ નામના મંત્રીનો પુત્ર **જિતશત્રુ** કે જે ખરેખરો જિતશત્રુજ હતો તેના કંઠમાં **વરમાળા** નાંખી, જે જોઇને સઘળા ન્યાયવાન રાજાઓએ ધન્ય! ધન્ય! વાહ! વાહ! ની ગર્જના કરી, અને પછી વિધિપૂર્વક **પાણીગ્રહણ** થયું અને ઘણી ધામધુમ સહિત વિવાહનું કાર્ય સમાપ્ત થયું.

આ પ્રમાણે જિતશત્રુ રાજપુત્રી સાથે લગ્ન કરી તેની સાથે સુખપૂર્વક મનોરંજક ક્રીડા કરતો કાળ વ્યતીત કરવા લાગ્યો.

કેટલેક વખત પછી એક દિવસે વૈદર્ભ મહારાજ શિકારને માટે અનેક શિકારી, અનેક શસ્ત્રધારી સીપાઇઓ અને હિંસક જાનવરો સહિત વનમાં ગયા. ત્યાં એક હરણનાં જોડાંને ચરતા જોઇ બાણ માર્યું, જેથી તે હરણ અને હરણી બન્ને આ આપત્તિ જોઇને ત્યાંથી દોડ્યા, પરંતુ દોડીને જાય શું કે રાજાએ પણ તેની પાછળ ઘોડો દોડાવીને બાણ છોડયું, જેથી હરણી બાણથી વીંધાઇને જમીન ઉપર પડી.

એ પ્રાણ રહિત હરણીને શીકારીઓએ ઉઠાવીને ચાલવા માંડયું. તે પછી જીવતા રહેલા હરણે જ્યારે પોતાની સ્ત્રી હરણીને ન જોઇ, ત્યારે બાવરો બની રસ્તો ભૂલીને પોકાર કરતો આમતેમ રખડવા લાગ્યો. એ હરણ પોતાની પત્નીના વિરહમાં વ્યાકુળ એવો અંધ થઇ ગયો કે પોતાના પ્રાણનો પણ ડર રહ્યો નહીં, પરંતુ દોડતો પડતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શબ્દ કરતો અને આંખમાંથી આંસુ પાડતો મરેલી હરણીની નજીક આવ્યો.

એ સમયે હરણની શોકપૂર્ણ અવસ્થા જોઇ રાજાનું હૃદય દયાથી ભરાયું અને પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યો–હા શોક ! હું ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત, શારીરિક ક્રિયામાં લંપટ અજ્ઞાની થઈ આટલા વખત સુધી ધર્મ અધર્મ તથા તેનું ફળ સુખદુઃખથી અજ્ઞાનજ રહ્યો. હા ! મેં વિષયોમાં સુખ માની કોઇપણ પ્રકારનો પરોપકાર ન કર્યો, પણ નિરપરાધી જીવોની હિંસા કરી ઉલટું પાપ બાંધ્યું. હવે મારે સઘળાં પાપકર્મોનો ત્યાગ કરી ધર્મસેવન કરવુંજ ઉચિત છે કેમકે એ વિષયોને સેવન કરવાથી કલ્પકાળમાં પણ તૃપ્તિ નહી થાય. એ સિવાય એ વિષય હાલ તરત તો ઉત્તમ જણાય છે પરંતુ આખરે અતિ વિષમ અને નર્કમાં લઇ જનારા છે.

આ પ્રમાણે સંસાર, દેહ અને ભોગોથી વિરકત થઇ રાજા પોતાને ઘેર જઇને સઘળા રાજમંડળને એકઠા કરી પોતાના વૈરાગ્યની સૂચના કરવા લાગ્યો.

જો કે સઘળા રાજકર્મચારી વગેરેએ રાજાના વૈરાગ્યથી શોકાતુર થઇને રાજાને દીક્ષાથી નિવૃત્તિ કરવાને માટે અનેક પ્રકારના પડયંત્ર રચ્યા, પરંતુ વૈરાગ્યવિભૂષિત રાજાએ કોઇપણ પ્રકારે ન રોકાતાં પોતાના પ્રિયપુત્ર ગંધર્વસેનને રાજ્ય સોંપી પોતે તપોવનમાં જઈ જૈનાચાર્યની પાસે જિનદીક્ષા ગ્રહણ કરી.

તે સમયે મહારાણી વિંધ્યશ્રીએ પણ આર્જિકાઓની પાસે સઘળા પરિગ્રહનો ત્યાગ કરી, ફકત એક સફેદ સાડી ધારણ કરી ભગવતના યશને પ્રકાશિત કરતી આર્જિકાનાં વ્રત ગ્રહણ કર્યાં.

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

તે વૈદર્ભ મહારાજ સઘળા વસ્ત્રાભૂષણાદિ પરિગ્રહનો ત્યાગ કરી પરમ દિગંબરી દીક્ષા ધારણ કરી, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી રત્નથી અલંકૃત થઈ દિશારૂપી વસ્ત્રને ધારણ કરીને મહામુનિ થયા. એમના મહામુનિ થયા પછી ગંધર્વસેન કુમાર શત્રુઓના માનને મર્દન કરવાવાળો રાજ્યાસન ઉપર બેઠો, અને હાથી ઘોડા રથ વગેરે રાજ્યરિદ્ધિયુક્ત ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરવાલાગ્યો.

એક સમયે એ ગંધર્વસેન રાજા પોતાની સેનાસહિત યત્નપૂર્વક પવિત્ર અને નિર્મળચિત્તે પોતાના પિતા વૈદર્ભ મુનિરાજની પાસે ગયો; આ વખતે મુનિ સન્યાસમાં બેઠેલા હતા. જે વખતે મુનિએ ગંધર્વસેનને ચતુરંગ સેનાસહિત પૂર્ણ તેજયુક્ત જોયો તે વખતે પોતે પોતાના મનમાં નિદાન કર્યું કે હું નિજ વ્રતના પ્રભાવથી આવાજ પ્રકારની રિદ્ધિનો ધારક થાઉં.

**શ્રી ગ્રંથકર્તા કહે છે કે**–હા! ધિક્ ! એ નિદાનબંધને, કે અમુલ્ય રત્નને ભૂસામાં આપી દીધું, જે તપના પ્રભાવથી ઇંદ્રાદિ પદ તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે એવા મહાન ફળદાયક વ્રતનાં ફળને જરામાત્ર વિભૂતિના લોભમાં વેચી નાંખ્યું !!

પછી તે મિથ્યાત્વથી દૂષિત વૈદર્ભરૂપી આયુને અંતે મરીને ઉર્જયની નગરીમાં યશોધર રાજાને ત્યાં **યશોર્ધ** નામનો પુત્ર ઉત્પન્ન થયો. તે યશોર્ધ પોતાના યશથી સઘળા દિગ્મંડલને પૂરિત કરતો સમુદ્રાંત પૃથ્વીના સ્વામિત્વનું રાજ્યપદ પોતે ધારણ કરી રહેવા લાગ્યો.

વળી વૈદર્ભની રાણી વિંધ્યશ્રી જે આર્જિકા થઇ હતી તે ભગવાનના ચરણ કમળ પોતાના હૃદયમાં ધારણ કરી, તપશ્ચરણ કરી શરીરનું શોષણ કરતી અને મિથ્યાત્વના ઉદયથી ગંગાદિ નદીઓમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તીર્થ માની સ્નાન કરતી! અંતસમયે મરણ પામીને અર્જિતાંગના રાજાને ઘેર **ચંદ્રમતિ** નામની પુત્રી થઇ. એ ચંદ્રમતિ સ્વભાવની ભોળી અને બુદ્ધિવડે મંદ હતી, તેને યશોર્ધ રાજાએ પરણી, જેની કુક્ષાથી **યશોધર** નામનો પુત્રરત્ન ઉત્પન્ન થયો.

તે યશોર્ધ મહારાજ પોતાના પરીવારના પોષણમાં કલ્પવૃક્ષ તુલ્ય થયા. એક સમયે જ્યારે યશોર્ધ મહારાજને વૈરાગ્ય ઉત્પન્ન થયું ત્યારે યશોધરને સઘળું રાજ્ય સોંપી દીક્ષા લીધી, અને સઘળા પરીવાર અને શરીરપરથી મોહ છોડીને દ્વાદશવિધિ તપ કરી અંત સમયે સમાધિમરણ કરી છઠ્ઠા બ્રહ્મોત્તર નામના સ્વર્ગમાં મોટી રિદ્ધિના ધારક દેવ થયા.

વળી મહારાજ વૈદર્ભની ગંધશ્રી નામની પુત્રી કે જે મંત્રીના પુત્ર જિતશત્રુની સાથે પરણેલી હતી તે પાપકર્મના ઉદયથી પોતાના દિયેર ભીમ ઉપર આસકત થઇ છુપી રીતે ભોગમાં લવલીન થઇ. એક દિવસે જિતશત્રુએ ગુપ્તરીતે પોતાની સ્ત્રી ગંધશ્રીનું કુત્સિત કર્મ જોઇ લીધું. જેવું એણે પોતાની સ્ત્રીનું ખોટું કર્મ જોઇ લીધું કે તત્કાળ સ્ત્રીઓના ચરિત્ર અને સંસારદેહભોગથી વિરકત થઇ તપોવનમાં જઇને દિગંબરાચાર્ય પાસે જિનદીક્ષા લીધી, અને તપશ્ચરણ કરી અંતસમયે સમાધિમરણ સાધી ચંદ્રમતિ (રાજા વૈદર્ભની રાણી વિંધ્યશ્રીનો જીવ) ના ગર્ભથી યશોધર નામનો પુત્ર થયો હતો તેજ રાજા યશોધર યશોર્ધના પછી રાજ્યશાસન કરતો ન્યાયપૂર્વક પ્રજાપાલન કરવા લાગ્યો.

જિતશત્રુની માતા પોતાની પુત્રવધૂના વ્યભિચારને લીધે જિતશત્રુને વૈરાગ્ય થવું સાંભળી પોતાના ભર્તાર રામસહિત બ્રહ્મચર્ય ગ્રહણ કરીને અંતે સમાધિમરણ કરી દૃઢ બ્રહ્મચર્યના પ્રભાવથી તે બન્ને જણા વિજયાર્દ્ધગિરી ઉપર ઉત્પન્ન થયાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને રાજા વૈદર્ભનો પુત્ર જે **ગંધર્વસેન** હતો, તે પણ ગંધ-શ્રીના કુકર્મ સાંભળી સ્ત્રીઓના કુત્સિત કર્મની નિંદા કરતો જૈનમતની શિક્ષા ગ્રહણ કરી અનશનાદિ વ્રતનું આચરણ કરી નિદાન સહિત મરણ પામીને તું **મારિદત્ત** થયો, માટે હવે તું પોતાના આત્માનું સ્વરૂપ જાણીને આત્મકલ્યાણ કર.

હે રાજન્ મારિદત્ત ! જન, ધન અને ધાન્યવડે પૂર્ણ ગુણે ભરેલું અને રમણિક એવા મિથુલાપુરીનું બીજું કથાંતર શ્રવણ કર.

## મિથુલાપુરીનું કથાંતર.

મિથુલાપુરી નામની નગરીમાં ગુણોના સમુહથી શોભાયમાન, સમ્યક્ત્વ રત્નથી વિભૂષિત વ્રતદાનરૂપ કાર્ય અને શ્રુતના અર્થનો ધારક **જિનદત્ત** નામનો શ્રાવક શેઠ ઘણો પૈસાવાળો હતો. હવે રાજા યશોધરનો **ઘોડો** કે જે જળ પીતી વખતે ભેંસના મારવાથી મરણ પામ્યો હતો તે જિનદત્તની ગાયના પેટથી **બળદ** ઉત્પન્ન થયો. કાળાં-તરમાં એક દિવસ જ્યારે તે બળદ મરણ પામ્યો ત્યારે જિનદત્તશેઠે તેને પાંચ ણમોકારમંત્ર સંભળાવ્યા, તે વખતે સંસારનાં દુઃખોથી તપ્ત બળદે પણ ધ્યાનપૂર્વક ણમોકારમંત્ર સાંભળ્યા કે જેના ફળથી—હે રાજન્ મારિદત્ત ! તારી રૂખમણી રાણીના શ્રેષ્ટ ગર્ભથી પૃથ્વીવલયમાં પ્રતાપધારી અને શત્રુઓના માનનો મર્દક **રીપુમર્દન** નામનો પુત્ર થયો.

રાજમંત્રીનો **નાનો પુત્ર** કે જે પોતાની ભાભી ગંધશ્રી સાથે વ્યભિચારકર્મ સેવન કરતો હતો તે પાપકર્મના યોગથી સંસારસમુ-દ્રમાં પતન કરી પાપીષ્ટ **કુબડો** થયો. અને કુટીલચિત્તા **ગંધશ્રી** વ્યભિચારરૂપ કુત્સિત કર્મથી મરણ પામીને વિમલવાહન રાજાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણીના ગર્ભથી **અમૃતમતિ** નામની પુત્રી થઇ, જેનું યૌવનારંભમાં દૈવયોગથી યશોધર મહારાજ સાથે પાણીગ્રહણ થયું.

રાજન્! તે અમૃતમતિ કે જે પૂર્વ ભવમાં ગંધશ્રી હતી તેણે પૂર્વના સંસ્કારથી ભીમનો જીવ કે જે કુબડો થયો હતો તેની સાથે ફરીથી વ્યભિચારસેવન કર્યું.

હવે તને યશોમતિ અને અભયરૂચિકુમારની વાર્તા સંભળાવું છું.

રામમંત્રી કે જે મરણ પામીને વિજયાર્દ્ધગીરી ઉપર ઉત્પન્ન થયો હતો તે મહા પ્રતાપનો ધારક થઇ બ્રહ્મચર્યપૂર્વક અણુવ્રતોનું પાલન કરી શુભ કર્મના યોગથી સમાધિમરણ કરી **યશોધર** મહારાજની રાણીના ગર્ભથી **યશોમતિ** નામનો વીરપુત્ર થયો. વળી રામમંત્રીની સ્ત્રી જિતશત્રુની માતા કે જે બ્રહ્મચર્યના પ્રભાવથી વિજયાર્દ્ધગીરીપર **ચંદ્રલેખા** નામની વિદ્યાધરી થઇ હતી, તે ધર્મસેવન કરી અંત સમયે સમાધિમરણ કરી યશોમતિની રાણી **કુસુમાવળી** થઇ હતી, તે સઘળી વિદ્યાઓમાં નિપુણ બન્ને કુળને શોભાવતી સુખપૂર્વક રહેતી હતી.

આ પ્રમાણે મુનિરાજનાં વચન સાંભળી રાજા મારિદત્તે મુનિરાજને નમસ્કાર કરી પૂછ્યું—"સ્વામી! તે સંશયતિમિરભાસ્કર ભેંસે રાજાના ઘોડાને જળ પીતી વખતે શા કારણથી માર્યો?"

**મુનિરાજ બોલ્યા૦**—"રાજન્! પ્રાણી પૂર્વ વૈરના યોગથી એક બીજાનો ઘાત કરે છે, પૂર્વભવના રોષરૂપ અગ્નિમાં ભસ્મ થાય છે, એ પ્રમાણે એ બન્નેમાં પૂર્વભવનું વેર હતું એટલે આગલા ભવમાં ઘોડાના જીવે ભેંસના જીવનો ઘાત કર્યો હતો, તે પૂર્વના વેરને લીધે ભેંસે ઘોડાનો નાશ કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**પૃથ્વીપાળ!** જ્ઞાની માણસો એજ કારણથી કોઇ જીવ સાથે વેર કરતા નથી, કેમકે જે એકવાર કોઇનો ઘાત કરે છે તે બીજા જન્મમાં, તેનાવડેજ પોતાનો ઘાત કરાવે છે.

**રાજન્!** બળદના જીવને શેઠે ણમોકારમંત્ર સંભળાવ્યો હતો. તેના પ્રભાવથી તે તારી સ્ત્રીના ગર્ભમાં રહ્યો. તે સમયાંતરે જન્મ લઇને યૌવનારંભમાં સૂર્યસમાન પ્રતાપી રાજા થઇને પૃથ્વીનો પાળક થયો. રાજન્! તે તારો પુત્ર ચિરકાળ પર્યંત રાજપાલન કરી ભગવાન સર્વજ્ઞ વીતરાગના માર્ગનો મુસાફર બનીને **ચિત્રાંગદ** નામનો ધારક મહાયોગી તારા આપેલા રાજ્યનો ત્યાગ કરી ભગવતી દીક્ષા ગ્રહણ કરી નદી સરોવરોનું અવગાહન કરતો પૃથ્વી ઉપર ભ્રમણ કરી તારા નગરમાં શ્રેષ્ઠ દેવીગ્રહમાં આવ્યો અને ત્યાં તપ કરતો પોતાના મનમાં એવી વાંછા કરવા લાગ્યો કે હું તપના પ્રભાવથી આ દેવીના જેવી વિભૂતિને પ્રાપ્ત થાઉં.

**રાજન્!** તે મિથ્યાદષ્ટિએ નિદાનવડે અમૂલ્ય રત્નને કોડીમાં વેચી નાંખ્યું એટલે મરીને મિથ્યાત્વના યોગથી સ્ત્રીની પર્યાયમાં **ચંડમારી દેવી** થઇ અને તારી માતાનો જીવ સંસારમાં ભ્રમણ કરી મિથ્યાત્વના યોગથી **ભૈરવાનંદ** થયો કે જેને તેં પ્રણામ કર્યા અને જેની આજ્ઞાથી તેં દેવીના બળીદાન માટે અનેક જીવોનાં યુગલ ભેગાં કર્યાં.

હવે આ ભૈરવાનંદ કે જે અધોમુખ કરી કરૂણારસથી પૂરિત બેઠેલો છે તે મરણ પામીને **કલ્પવાસીદેવ** થશે.

**રાજન્!** આ ઉજ્જયિની નગરીનો **યશોબંધ** નામનો રાજા હતો, જે ષટ્દર્શન (મત)નો ભક્ત હતો, તેણે અનેક કુદેવોના મઠ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બનાવી મૂર્તિ સ્થાપન કરી, અનેક તળાવ અને વાવો બનાવી, અનેક ધર્મશાળાઓ બનાવી, જેમાં હજારો તાપસીઓને ભોજન વગેરે આપી તૃપ્ત કર્યા તથા ઉંચી ધ્વજા અને શિખરોમંડિત રત્નજડિત જિનરાજના મંદિરોની ઉત્તમ પ્રકારથી પ્રતિષ્ટા પણ કરાવી, જૈન સાધુઓને આહારદાન પણ આપ્યું, અને દુઃખી જીવોને ઔષધ, આહારાદિ દાન પણ કર્યું અને અનેક પ્રકારની ભોગક્રિયા કરતો ચિરકાળપર્યંત રાજ્ય કરી મરણ સમયે મિશ્રભાવના યોગથી મરણ પામીને કલિંગ દેશના સ્વામી ભગદત્તની સ્ત્રીથી **સુદત્ત** નામનો હું પુત્ર ઉત્પન્ન થયો. પછી હું મોટો થઇ રાજ્ય ચલાવવા લાગ્યો. એક દિવસ કોટવાળે એક દૃઢ બંધનયુક્ત ચોરને લાવી મારી સામે ઉભો કર્યો અને નમ્ર થઇને કહેવા લાગ્યો કે, મહારાજ ! આજે આ ચોરને બહુ પ્રયત્નથી પકડયો છે, આપ એને યોગ્ય દંડ આપવાની આજ્ઞા આપો.

**રાજાએ (મેં)** કહ્યું—"હાલ આ ચોરને અંધારી કોટડીમાં પુરો, પછી વિચાર કરીને એને સજા કરવામાં આવશે" મારી આ પ્રમાણે આજ્ઞા થવાથી કોટવાળ ચોરને લઇને ગયો.

**શ્રી સુદત્તાચાર્ય** કહેવા લાગ્યા—" રાજન્ ! પછી મેં મારી પાસે બેઠેલા વિદ્વાન બ્રાહ્મણોને પૂછયું કે, આ દુષ્ટ ચોરને શું સજા કરવી જોઇએ ? "

**એક બ્રાહ્મણઃ**—મહારાજ ! એ ચોરને પ્રથમ પગ કાન નાક છેદીને પછી એનું મસ્તક છેદવું જોઇએ.

**બીજો બ્રાહ્મણઃ**—પૃથ્વીનાથ ! જો કે આ ચોરને એ દંડ ઉચિત છે, તોપણ એમ કરવાથી આપ પાપના ભાગી અવશ્ય થશો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે એ **પાપથી મુક્ત થવાના પ્રાયશ્ચિત્તનો પ્રથમ** વિચાર **કરી લેવો જોઇએ.**

**ત્રીજો બ્રાહ્મણ૦**—મહારાજ! જોકે એનું કહેવું સત્ય છે, પરંતુ રાજનીતિમાં એવો વિચાર કરવામાં આવતો નથી કેમકે જો એના અપરાધ પ્રમાણે સજા ન કરવામાં આવે, તોપણ આપ પાપના ભાગી થશો કેમકે અપરાધીને દંડ આપવો રાજનીતિ અનુસાર રાજાનો ધર્મ છે અને જો અપરાધયોગ્ય દંડ નહીં કરવામાં આવશે તો સઘળી પ્રજા અન્યાયથી ચાલવા માંડશે.

આ પ્રમાણે વિદ્વાન બ્રાહ્મણોની વાત સાંભળી હું (સુદત્ત) મારા મનમાં વિચાર કરવા લાગ્યો કે, આહા! આ સંસારમાં જેમ કરીએ તેમાં પાપ છે, જો દંડ કરીએ છીએ તો પાપ અને જો છોડી દઇએ છીએ તોપણ પાપ છે, તે માટે **સઘળા પાપોની જડ આ રાજ્યજ છે, માટે આ રાજયને જીર્ણ તૃણની માફક ત્યાગ કરી દિગંબરી દીક્ષા ધારણ કરૂં.**

આ પ્રમાણે વિચાર કરી મેં સઘળું રાજ્ય અને કુટુંબ સાથે મમત છોડી નિર્જન વનમાં સઘળા પરિગ્રહનો ત્યાગ કરી જિનેશ્વરી દીક્ષા ધારણ કરી. પછી તીર્થક્ષેત્રોમાં ફરી સંઘ સહિત અનેકવાર આ નગરમાં આવ્યો.

**સુદત્તાચાર્ય** કહે છે કે હું આ વખતમાં અહિંયાં ચાર પ્રકારના સંઘ-મુનિ, આર્જિકા, શ્રાવક અને શ્રાવિકાસહિત તીવ્ર તપશ્ચરણ કરતો તૃણ અને કાંચનને સમાન માનતો તેમજ શત્રુ-મિત્રને સમાન ગણતો આવ્યો.

ઉજ્જયિની નગરીમાં **યશોધર** રાજાનો મંત્રી ગુણસિંધુ નામનો હતો, જેણે મનુષ્યોને શાંતિ ઉત્પન્ન કરી, પોતાનું મંત્રીપદ **નાગદત્ત**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નામના પુત્રને આપ્યું અને પોતે પરિગ્રહનો ત્યાગ કરી સમભાવ સહિત ઘરમાં રહ્યો. તે શુભ ભાવવડેયુક્ત શુભ પરિણામથી વિચરતો હતો તે પછી તે શરીરનો ત્યાગ કરી શ્રીપતી નામના વણીકને ઘેર ગોવર્ધન નામનો પુત્ર થયો. આ પુત્ર ગોવર્ધન જે ગુણોવડે શોભાયમાન, સમ્યક્ત્વવાન, દેદિપ્યમાન, લલાટયુકત, કરૂણા વિષે તત્પર, પરોપકારી તેમજ યશોમતિ રાજાને સંબોધન કરવાવાળો હતો. આ સઘળું વૃત્તાંત સાંભળી આનંદ અને શોકવડે આચ્છાદિત થએલા એવા મારિદત્તે વિનંતિ કરી–" હે સાધુ ! સંબોધ કરો, હે પ્રભુ, જે આપ છો તે ધર્મ લાભ છે, આપ પ્રસન્ન થઇને મને દીક્ષા આપો, હું તપશ્ચરણ કરીશ અને શિક્ષાનું પાલન કરીશ.

એ પછી જીત્યા છે કષાય જેણે એવા પાંત્રીસ રાજાઓ સહિત મારિદત્ત રાજા નિર્ગ્રંથ દીક્ષા લઇ શોભાયમાન થયા. પછી ભૈરવાનંદે પ્રણામ કરીને કહ્યું—" હે સ્વામિ! મને પણ દીક્ષા આપો."

મુનિએ કહ્યું—"તને દીક્ષા આપવી યોગ્ય નથી કારણકે તારા હાથમાં ૭ આંગળી છે, માટે તું અણુવ્રતનું પાલન કર; તારૂં આયુષ્ય અલ્પ દેખાય છે." આ સાંભળી ભૈરવાનંદે **સન્યાસ** ગ્રહણ કર્યું, અને બાવીસ દિવસ સુધી ચાર પ્રકારના સર્વે આહારનો ત્યાગ કરી અંતે સમાધિમરણ કરી **ત્રીજા સ્વર્ગ** વિષે દેવ થયો.

વળી **અભયરૂચિ** ક્ષુલ્લકે ક્ષુલ્લકપણાનો ત્યાગ કરી ત્યાંજ તેજ વખતે **ઋષિપણું** અંગીકાર કર્યું અને કામદેવને ધ્યાનના પ્રભાવથી રોકયો અને પાંચે ઇંદ્રિયોના વિષયને રોકયા. વળી અભયમતિ પણ વિરક્તભાવી થઇ અને કુસુમાવળીએ પણ આર્જિકાનું ચારિત્ર અંગીકાર કરી નિર્ગ્રંથ માર્ગને ગ્રહણ કર્યો અને એ બન્નેએ મન વિષે ચાર પ્રકારની આરાધના આરાધી, બાર પ્રકારનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તપ કરી પંદર દિવસનો સન્યાસ અને સમાધિમરણ સાધી બન્ને જણ પ્રાણ ત્યાગી બીજા **ઈશાન સ્વર્ગમાં** દેવ થયા. તે વખતે તરતજ સેંકડો દેવો એમની સેવા કરવા લાગ્યા તથા સમ્યકત્વના પ્રભાવથી સ્ત્રીલીંગ છેદી દેવ થઇ વિમાન સંબંધી અનેક ક્રીડા કરવા લાગ્યા. ત્યાં એ બન્ને દેવ જિનમંદિરોમાં અકૃત્રિમ પ્રતિમાઓની વંદના કરવા લાગ્યા. આ જિનમંદિરો જગત વિષે ઉત્તમ છે અને સમ્યકત્વ કરી સ્વર્ગ મોક્ષને પ્રાપ્ત કરાવનારા છે અને સમ્યકત્વવડે નિશ્ચય સુખજ થાય છે.

તે દેવીના વનમાં **મુનિ સુદત્તાચાર્ય** સિદ્ધગિરિ પર્વત ઉપર રહી સંસારની અનિત્ય ભાવનાનું ચિંતવન કરતા સત્ય આરાધનાને આરાધન કરી અને એકચિત્ત થઇ સત્યાર્થપણાવડે સાત તત્વોને જાણી સન્યાસ ધારણ કરી સમાધિથી યુક્ત **સાતમા સ્વર્ગમાં** પ્રાપ્ત થયા, અને **યશોમતિ રાજા**, કલ્યાણમિત્ર શેઠ, **અભયરૂચિકુમાર, મારિદત્ત, ગોવર્ધન શેઠ, અભયમતિ** વગેરે ભવ્ય દુર્નયનો નાશ કરવાને માટે તપનું આચરણ કરી અને સન્યાસ ધારણ કરી **સ્વર્ગમાં** પ્રાપ્ત થયા.

સમાપ્ત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ગંજાવર લાભ.

આખા હિંદુસ્થાનમાં માત્ર 'દિગં[illegible] ... એવું નિયમિત માસિક પત્ર છે કે જે પો[illegible] ... રૂા ૧-૧૨-૦ માં દર વર્ષે વીર નિર્વાણ [illegible] ... અંક, જૈન પંચાંગ તથા લગભગ ૨) ની [illegible] ... પુસ્તકો લઈને ભેટ આપે છે. આવો ગંજાવર ઘેર બેઠાં લેવો હોય તો તરતજ ગ્રાહક થાઓ.

મેનેજર-"દિગંબર જૈન" ચંદાવાડી-સુરત

# પુસ્તકો અને પવિત્ર કેશર

હિંદી તેમજ ગુજરાતી ભાષાનાં સર્વે પ્રકારનાં દિ. જૈન પુસ્તકો તથા દહેરાસરોમાં વાપરવા યોગ્ય પવિત્ર કાશ્મીરી કેશર મળવાનું જાણીતું સ્થળ-

મેનેજર-દિગંબર જૈન પુસ્તકાલય-સુ[illegible]


---


Printed by *Moolchand Kasondas Kapadia* at the *"Jain Vijaya"* Printing Press, Khapatia chakla, Laxminarayan's Wadi-SURAT.

Published by Moolchand Kasandas Kapadia, Manager "Sasti Jain Granthmala" from Khapatia chakla, Chandawadi-SURAT.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust